
યાત્રી
શ્રી કેવલમુનિ

# શ્રી લક્ષ્મી પુસ્તક ભંડારનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| જિંદગીનો આનંદ | ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી | ૧૨-૫૦ |
| જીવનનો ઝંકાર | ,, | ૯-૦૦ |
| સફળ જીવન | ,, | ૭-૫૦ |
| પુણ્યનો પ્રભાવ | ,, | ૨૫-૦૦ |
| બુદ્ધિનો ચમત્કાર | ,, | ૨૩-૦૦ |
| નારી નરથી આગળ | ,, | ૨૫-૦૦ |
| મહાસતી મદનરેખા | ,, | ૨૫-૦૦ |
| રાજકુમાર મહાબલ | ,, | ૨૫-૦૦ |
| સતી પદ્મિની | ,, | ૩૦-૦૦ |
| વીર અંબડ | ,, | ૩૦-૦૦ |
| કર્મરેખા | ,, | ૩૦-૦૦ |
| માનભંગ | ,, | ૩૦-૦૦ |
| વીરાંગદ-સુમિત્ર | | ૩૦-૦૦ |
| બોલતાં ચિત્રો | શ્રી દેવેન્દ્રમુનિશાસ્ત્રી | ૩-૫૦ |
| ભગવાન મહાવીર એક અનુશીલન | ,, | ૪૦-૦૦ |
| ચિંતનની ચાંદની | ,, | ૭-૫૦ |
| અતીતનાં અજવાળાં | ,, | ૧૧-૫૦ |
| શ્રી જૈનતત્વ પ્રકાશ | આચાર્ય આનંદ ઋષિજી | ૭૦-૦૦ |
| તરંગવતી | શ્રી કેવલ મુનિજી | કી. ૨૩-૭૫ |
| સુવર્ણકંકણ | ,, | કી. ૩૨-૫૦ |
| જીવનમાં સ્વર્ગ અને નરક ૧-૨ | લે. મુ. નેમિચંદ્રજી | ૪૦-૦૦ |
| ભ. મહાવીરનું જીવન અને દર્શન | ી રાજેન્દ્ર મુનિ | ૩-૦૦ |

# યાત્રી

—શ્રી કેવલ મુનિ

શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

પ્રકાશક :

પૂનમચંદ ધનરાજભાઈ કોઠારી,
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર,
ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫

કિંમત રૂ. ૭૦-૦૦

મુદ્રક :

રાધિકા ટાઈપ સેટીંગ વર્ક્સ,
૨૫૯, સુથારવાસ, નવી સિવિલ હોસ્પિટલ સામે,
જહાંગીરપુરા, અમદાવાદ-૧૬.

# પ્રકાશકીય

માનવ મન પ્રેમનું ભૂખ્યું છે. પણ એ પ્રેમમાં સંયમ, સૌંદર્યમાં સભ્યતા, શીલ અને સદાચારની મર્યાદા પણ છે. જ્યાં સુધી આપણે આ મર્યાદાનું મહત્ત્વ નહીં સમજીએ, ત્યાં સુધી સમાજમાં સદાચારનો વિકાસ નહીં થઈ શકે. જીવનમાં પશુતા અને દાનવતા ચાલુ જ રહેશે.

માનવ માનસના ગહન અનુભવી શ્રી કેવલ મુનિજી મહારાજે આવી અનેક સુંદર, રોચક અને બોધપ્રદ નવલકથાઓ લખી છે. પ્રસ્તુત 'યાત્રી' પણ સ્વસ્થ મનોરંજન અને ચરિત્રનું ઉદાત્તીકરણ કરનારી નવલકથા છે.

તેમની આ નવલકથા ગુજરાતી સાહિત્યમાં પ્રગટ કરવાની અનુમતિ આપવા બદલ પૂજ્ય ગુરુદેવ કવિરત્ન શ્રી કેવલ મુનિજીનો હું અત્યંત આભાર માનું છું.

આવા સાહિત્યનું ગુજરાતીમાં ભાષાંતર થાય અને ગુજરાતની જનતા તેનો લાભ લઈ શકે તે હેતુથી ગુજરાતીમાં આ પુસ્તક રજૂ કરતાં આનંદ અનુભવું છું.

મારા સ્નેહી **શ્રી ચન્દ્રકાન્ત અમીનને** આ ગુજરાતી અનુવાદનું કામ સોંપવામાં આવ્યું અને તેમણે સહર્ષ ઉમંગથી ત્વરિત અનુવાદ કરી આપ્યો તે બદલ **શ્રી ચન્દ્રકાન્તભાઈ અમીનનો** પણ આભાર માનું છું.

મુનિજીનું સમગ્ર સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં પ્રકાશન કરવાની યોજના છે, તેમાંનું આ બીજું પુસ્તક પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. ગુજરાતની જનતા આ સાહિત્યને આવકારશે એવી અપેક્ષા સાથે.

ધનરાજભાઈ કોઠારી

# 'યાત્રી' ની યાત્રા–કથા

'યાત્રી' ઇતિહાસ પ્રસિદ્ધ ધનકુમારની કથા છે. જેનું પુણ્ય, પુરૂષાર્થ, બુદ્ધિબળ, કૌશલ અને બીજાના સુખ માટે પોતાની સુખ-સગવડોનો ત્યાગ કરવાની ઉદારતા, અનુપમેય છે. તેનું જીવન એક સાચી યાત્રા છે, તેની યાત્રા–એક રોચક કથા છે, અને તેની કથા જીવન અને જગતનો એક સનાતન સત્ય, ધ્રુવ આદર્શ છે.

જીવન એક યાત્રા છે, માણસ એક યાત્રી છે. સંસાર યાત્રા-પથ છે. માણસ ક્યાંક કોઈ નગરમાં પોતાનું ઘર બનાવીને રહેવા લાગે છે. સ્થિર થઈ જાય છે. છતાં પણ તેની યાત્રા ચાલતી જ રહે છે. ક્યારેક બહારથી અંદર, ક્યારેક વાંકા મુશ્કેલ માર્ગ પર, ક્યારેક સરળ માર્ગ પર. ક્યારેક તે મખમલી કોમલ માર્ગ પર–સુખની શીતળ છાયામાં સીધી યાત્રા કરે છે, તો ક્યારેક કાંકરાવાળા માર્ગ પર દુઃખના તેજ તાપમાં તેને ચાલવું પડે છે. કોઇની યાત્રા નાની હોય છે, કોઈની લાંબી. યાત્રી, યાત્રામાર્ગ અને ગંતવ્યમાં તફાવત હોવા છતાં પણ જીવ માત્ર યાત્રી છે, અનંત કાળથી તેઓ યાત્રા કરતા આવ્યા છે.

જે યાત્રા મંજિલ તરફ આગળ વધે છે, તે યાત્રા છે, બાકી તો ભટકવાનું છે. વાસ્તવમાં યાત્રા એ છે જે મંજિલ પર પહોંચાડે, એવી મંજિલ પર, જ્યાંથી આગળ કોઈ માર્ગ ન હોય, કોઈ ગંતવ્ય ન હોય, જ્યાંથી પાછા ફરવાની પણ જરૂર ના પડે—

અપુણરાવિત્તી યદ્દગત્વા ન નિવર્તન્તે । એ યાત્રા સફળ યાત્રા છે અને તે સાચો યાત્રી છે, જે માર્ગની મુશ્કેલીઓથી ગભરાય નહીં, રસ્તાની મોજમજામાં લલચાય નહીં, કોઇ પણ જાતના રાગ–રોષ કે ચીડ વિના માર્ગ પર ચાલતો રહે, અવિચલ; અડગ વિશ્વાસ સાથે અને મંજિલને નજીક ને નજીક કરતો રહે. અંતે એક દિવસ મંજિલ પ્રાપ્ત કરી લે.

ધનકુમાર એક એવો જ યાત્રી લૌકિક રીતે પણ સફળ રહી અને આધ્યાત્મિક દૃષ્ટિએ પણ, જેણે જીવનનાં સમસ્ત શિખરો સર કર્યાં, સમસ્ત ગંભીર બાબતોમાં સફળ રહ્યો, જીવન રત્નની દરેક સમસ્યાને ચમકાવી, સંસારની દરેક માયા–મમતાની વાસ્તવિકતાને પારખી અને દરેક વાસ્તવિક–તાની પાછળ છુપાયેલા ભ્રમને તોડયો. તે સત્યનો હિમાયતી હતો, પ્રેમનો પુજારી હતો. તેણે ભાઇઓના ઇર્ષ્યાગ્નિમાં પોતાના સુખના ચંદનને આપીને પ્રેમની સુવાસ ફેલાવી ભ્રાતૃ પ્રેમ, કૌટુંબિક સૌમ્યતા, ભાભીઓને માન અને માતા–પિતાનું ગૌરવ–આ નાજુક કૌટુંબિક પ્રસંગોએ તેને નવો દૃષ્ટિકોણ આપ્યો, આદર્શનો નવો પ્રકાશ આપ્યો. વૈભવ તેના પગમાં આળોટવા લાગ્યો, લક્ષ્મી તેની દાસી બની, કીર્તિ કામિનીની જેમ તેની સાથે જ રહી, પણ તે તેને કાયમ ઠોકર મારતો રહ્યો, જાતને છુપાવતો રહ્યો, કીર્તિ–લક્ષ્મી તેને શોધતાં રહ્યાં.

'પ્રેમ, સ્નેહ અને શાંતિ માટે ધન્નાએ ઘણી વખત ગૃહ–ત્યાગ કર્યો, રાજ–સંમાનને ઠોકરે માર્યું, વિશાળ

વૈભવ અને અધિકારોને લાત મારીને ચુપચાપ એક અજાણ્યા માર્ગ પર નીકળી પડચો. પૂર્વ-પુણ્યોએ તેને સાથ આપ્યો, પુરૂષાર્થ અને પ્રતિભાની તીક્ષ્ણ ધારે કાંટાને છોલી-છોલીને ફૂલ બનાવી દીધાં. તેના સાહસે માટીને સ્પર્શ કર્યો તો માટી સોનું બની ગઈ અને નિસ્પૃહતાએ સોનાના ઢગલાને પણ માટી સમજીને છોડી દીધા. ધનકુમારનું આવું અદ્ભુત ચરિત્ર હતું. 'પદે પદે નિધાનાનિ યોજને રસ કૂપિકા'-ની ઉકિત આવા ભાગ્યશાળી પુરૂષો માટે જ કહેવાઈ હશે.

ધનકુમારનું જીવન પાણીમાં કમળની જેમ હતું. અપાર યશ, વૈભવ, પ્રતિષ્ઠા, સુખ, મનોનુકૂળ સુંદરીઓ બધું જ પ્રાપ્ત હતું તેને, પણ, તે તેમ ..ગયો નહીં, તેને કાદવ માન્યો અને પોતાનું મન કમળની જેમ કાયમ તેનાથી નિર્લેપ, અનાસકત રાખ્યું. એટલા માટે તો આઠ-આઠ સુંદરીઓના હાસ્ય-વિલાસનો માદકતા વચ્ચે પણ તે સજાગ-સચેતન રહ્યો અને વાણીની એક ચોટથી ઉભો થઇ ગયો, બધાં બંધનોને એવી રીતે તોડી નાખ્યાં જેમ હાથી કમળ તંતુઓને એક ઝટકામાં ચૂર-ચૂર કરી નાખે છે. 'લગી શબ્દ કી ચોટ' વાળું કથન તેના જીવન-ગગનનું સૌથી અધિક ચમકનારૂં નક્ષત્ર છે. સુભદ્રાએ મજાકમાં વાણીનો ઘા કર્યો, પણ ધનકુમારનો તો બસ આત્મા જ જાગી ગયો અને આલિંગન માટે આતુર અનિંદ્ય સુંદરી રમણીઓને કહી દીધું-'બસ, આજથી તમે સૌ મારી બહેનો છો. હું

તમારો ભાઈ છું.' ઉન્મત્ત શૃંગારનો લાલ રંગ અચાનક વૈરાગ્યના પીળા રંગમાં ભળીને સુંદર કેસરી છબીમાં બદલાઇ ગયો. ભોગી ધન્ના યોગી બની ગયો. એટલા માટે તો કહ્યું છે—

**તેજી નૈ લાગે વચન જ્યૂ તાજણો સૂરાં ન લાગે બોલ !**

પાણીદાર ઘોડાને ચાબુક અને જાણકાર ખાનદાન **માણસને બોલ.**

ધનકુમાર જીવનનો સાચો કલાકાર હતો- યશ, વૈભવ, કીર્તિ અને લક્ષ્મી-કમાવાની કળા, ભોગવવાની કળા અને ત્યાગ કરવાની કળા, ત્રણે કળાઓ તેના જીવનમાં ચમકે છે. ભોગ અને ત્યાગ-આ બંને તેનાં અદ્ભુત હતાં. પુણ્ય અને પુરૂષાર્થ બંને પ્રબળ હતાં. એટલા માટે તો આજે પચીસ સો વર્ષથી વધુ સમય વીતી જવા છતાં પણ ધન્નાની રોચક કથા સાંભળતાં સાંભળતાં શ્રોતાઓ વિભોર બની જાય છે, ઠેકાણે-ઠેકાણે 'ધન્ના શાલિભદ્ર'ની કથા સાંભળવામાં આવે છે, દિવાળીના દિવસે જ્યારે વેપારી નવું ખાતું શરુ કરે છે ત્યારે તેમાં લાલ અક્ષરે લખે- 'ધન્ના શાલિભદ્રકી ઋદ્ધિ સિદ્ધિ' આજે પણ કોઈ માણસ અભિમાનથી વાત કરે ત્યારે *લોકો કહે છે- 'આવ્યો છે મોટો ધન્ના શેઠ!'* કહેવાનું તાત્પર્ય એ છે કે ધન્ના આજે પણ ગૌરવનું, વૈભવનું પ્રતીષ્ઠાનું પ્રતીક છે. સમૃદ્ધિનું સૂચક છે.

જન કથા સાહિત્યમાં ધનકુમારનું ચરિત્ર અત્યંત

વ્યાપક રીતે વિસ્તારથી લખવામાં આવ્યું છે, ભૂતકાળથી અત્યાર સુધી લગભગ ૫૦ રચનાઓ ધન્ના શાલિભદ્ર પર રચવામાં આવી છે. પ્રાકૃત, સંસ્કૃત અને અપભ્રંશ ભાષામાં જ લગભગ ૨૦ થી અધિક કાવ્ય, નાટક, ચમ્પૂચરિત્ર વિગેરે રચનાઓનો ઉલ્લેખ જોવા મળે છે.*ગુજરાતીમાં પ્રાચીન રાજસ્થાનીમાં અને વર્તમાન હિન્દી ભાષામાં પણ 'ધન્ના શાલિભદ્ર'ના જીવન પર વીસ રચનાઓ ઉપલબ્ધ છે. તેનો અર્થ એ થયો કે 'ધન્ના-શાલિભદ્ર'નું રોચક, સરસ અને બોધદાયક ચરિત્ર જૈન જગતના લેખકો અને વાચકોને અત્યંત પ્રિય રહ્યું છે.

સ્વ. ગુરૂદેવ જૈન દિવાકર શ્રી ચોથમલજી મહારાજે ધન્નાની સ-રસ કથાને સરળ પદ્યમાં રચી છે. તેમની ભાષા અત્યંત સરળ, પ્રવાહી અને રચના સામાન્ય લોકો માટે સુબોધ તથા સમૂહમાં ગાવા યોગ્ય છે. સાધુ-સતીઓ મોટે ભાગે વ્યાખ્યાનમાં તેનું વાચન કરે છે. તે કૃતિ અત્યંત ઉપયોગી છે. હિન્દીના પ્રસિદ્ધ નવલકથાકાર શ્રી રાંગેય રાઘવે પણ 'પક્ષી અને આકાશ' નામથી ધનકુમારની કથાને પોતાની રીતે લખી છે, પણ નવલકથાનું રૂપ આપવા માટે તેમણે કેટલાક ઐતિહાસિક અને પરંપરા પુષ્ટ પ્રસંગોને બદલી કાઢયા છે, અભયકુમારની માતાનું જ નામ જૈન કથાથી વિપરીત લખ્યું છે. અસ્તુ.

ઘણાં વર્ષોથી ધનકુમારની વાર્તાને આજની ભાષામા લખવાની મારી ઇચ્છા હતી બે વર્ષ પહેલા આ કામ પણ

---

* જૈન સાહિત્યનો બૃહદ ઇતિહાસ, ભાગ ૬ પૃષ્ઠ ૧૬૮

પૂરું થઈ ગયું. પરંતુ વચમાં 'શ્રી જૈન દિવાકર જન્મ-શતાબ્દી'ના ઉત્સવોનું આયોજન અને સ્મૃતિ-ગ્રંથ જેવા વિશાળ ગ્રંથ જેવા વિશાળ ગ્રંથનું કામ હાથમાં લેવાથી આ નવલકથા લખેલી પડી રહી. આ વખતે હિમાલય પ્રદેશની યાત્રા વખતે ત્યાંના પ્રાકૃતિક, શીતળ, સુંદર વાતાવરણમાં ફરીથી તેનું નિરીક્ષણ કર્યું, પરિષ્કાર પરિવર્તન અને પરિવર્ધન કરી કરીને એક નવું રૂપ આપ્યું.

આજના રાજનૈતિક તથા સામાજિક સંદર્ભમાં ધન-કુમારની વાર્તા એક નવો સંકેત આપે છે. ગૃહકલેશને, ભ્રાતૃદ્વેષને શાન્ત કરવા માટે તેનો વારંવારનો ત્યાગ, વૈભવનો જ નહીં, મળેલા અધિકારો, મંત્રીપદ જેવા સર્વાધિક પ્રતિષ્ઠિત પદને પણ ત્યાગીને અજ્ઞાત વાસમાં જતા રહેવું, આ બધું આપણને ત્યાગનો આદર્શ શિખવે છે. આજે જ્યારે એક કુટુંબની જ નહીં, પણ સમાજ અને રાષ્ટ્રની સમૃદ્ધિ, શાંતિ, પ્રતિષ્ઠા અને સ્વતંત્રતા જોખમમાં મુકાઇ છે, ત્યારે તુચ્છ સ્વાર્થો અને પદને વળગી રહીને તેને માટે લડવું-ઝગડવું અને રાષ્ટ્રહિતને એક બાજુ મૂકી દેવું કેટલું વિપરીત છે! કેટલું તિરસ્કૃત આચરણ છે આ!

શબ્દની એક સાધારણ ચોટથી જ ધન્નાનો સર્વસ્વનો ત્યાગ, આજે નગારાના ઊંટ બનેલા નાગરિકો અને રાજ-નીતિજ્ઞો માટે પડકાર છે.

અંતમાં મારા ચિર સહયોગી આત્મપ્રિય બંધુ શ્રી

ચન્દજી સુરાના 'સરસ'ના સુંદર સહકાર અને સ્નેહપૂર્ણ વ્યવહારને યાદ કરી લઉં છું. જેના સંપાદનથી મારા વિચાર અને વાણી સાહિત્યનો લલિત આકાર ધારણ કરે છે. આશા છે કે તેમનો સહયોગ ભવિષ્યમાં પણ આ રીતે મળતો રહેશે.

અને હવે હું મારા વાચકો પાસે આશા રાખું છું કે તેઓ કથાને માત્ર સમય પસાર કરવાના મનોરંજન માટે જ ન વાંચે, પણ વાંચીને સમય અને શકિતનો સદુપયોગ કરવાની ભાવના રાખે. તો જ લેખક, સંપાદક અને પ્રકાશકના મની સાર્થકતા સિદ્ધ થશે.

—કેવલ મુનિ

યાત્રી

*

# ૧

દીવાની ધ્રૂજતી જ્યોતના ઝાંખા પ્રકાશમાં દાસી કિરણ કોદાળી વડે ખોદી રહી છે. તે શેઠ ધનસારના નવજાત પુત્રની નાળ દાટવા માટે વાડીના પાછળના ભાગમાં આવી છે. નાળ દાટવા માટે ખાડો ખોદી રહી છે. થોડીક જ વારમાં તે થાકી ગઈ.

કોદાળી એક તરફ મૂકી અને ખાડામાં નજર કરી જોઈ. હજુ તો અર્ધો હાથ ઉંડો ખાડો પણ ખોદી શકી નથી. અત્યંત કઠણ જમીન લાગે છે, જલદી ખોદાતી નથી. તેણે કપાળ પરનો પરસેવો લૂછી કાઢ્યો, કોદાળી ઉઠાવી અને ફરી ખોદવા લાગી ખટ, ખટ, ખટ.

અચાનક જ ખન્ન...અ...અ...અવાજ થયો. કોદાળીની ધાર કોઈ ધાતુ સાથે અથડાઈ. કિરણને આતુરતા થઈ. દીવો ઉપાડીને ધ્યાનથી જોયું. ધાતુના ગોળ આકારના ટુકડા જેવું હતું. તેણે વધુ ખોદકામ કર્યું.

તેને કળશ દેખાવા લાગ્યો. આજુ બાજુની માટી હટાવી અને પછી કળશનું ઢાંકણ ખોલવાનો પ્રયત્ન કરવા

લાગી. ઘણી બધી મહેનત બાદ ઢાંકણ ખુલ્યું તો સોનામહોર-ની ચમકથી તેની આંખો અંજાઈ ગઈ. દીવાના ઝાંખા પ્રકાશમાં પણ સોનાની પીળી ચમક પોતાનું તેજ ફેલાવતી હતી. કિરણ આંખ ફાડીને જોતી જ રહી. સોનામહોરની ચમક તેની આંખ સામે ટકરાતી હતી. તેના મગજમાં સોનાની જબરી અસર પડી. તે વિચારવા લાગી :

'ઓહ્ ! આટલું બધું ધન ! મારા નસીબે જ નીકળ્યું લાગે છે. આટલા ધનથી તો હું મારું આખું જીવન સુખેથી પસાર કરી શકું.'

તેણે પૂર્વ દિશામાં જોયું તો ક્ષિતિજમાં લાલાશ દેખાતી હતી, જાણે બાળકના જન્મની ખુશીમાં પૂર્વ દિશાનાં પર્વત શિખરો પર કોઈએ કંકુનો છંટકાવ કર્યો હોય, જાણે સોનું ચમકી રહ્યું હોય !

કિરણે સોનામહોરથી ભરેલા કળશને ઉઠાવવા માટે હાથ લંબાવ્યો. પણ સોનામહોરને અડકતાં જ તે ધ્રૂજી ગઈ. તેના શરીરમાં ઠંડીની કંપારી આવી ગઈ. તેને મુનિની વાણી યાદ આવી ગઈ.

થોડા સમય પહેલાંની જ વાત છે, શેઠાણી શીલવતી તેને એક વખત મુનિનો બોધ સાંભળવા પોતાની સાથે લઈ ગઈ હતી. મુનિએ પોતાના પ્રવચનમાં માનવીય અસમાનતાનું મુખ્ય કારણ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે બધા માનવ

સરખા નથી હોતા. કોઈ ગરીબ હોય છે, કોઈ પૈસાદાર, કોઈ રોગી, કોઈ નીરોગી, કોઈ નિર્બળ, કોઈ બળવાન, કોઈ સ્વામી અને કોઈ દાસ.

આ અસમાનતાનું કારણ પૂર્વ જન્મમાં કરેલાં શુભ-અશુભ કર્મ છે. જે અશુભ કામ કરે છે, તે હલકી યોનિમાં જન્મ ધારણ કરે છે, દાસ બને છે. અને પુણ્યશાળી માણસ જ્યાં પગ મૂકે છે, ત્યાં ભંડાર મેળવે છે. લક્ષ્મી તો પુણ્યની દાસી છે, તે પુણ્યશાળીની પાછળ પાછળ આવે છે.

'તો આ બાળક જ ધનને પોતાની સાથે લાવ્યો છે. તેના જ નસીબનું છે, આ ધન.' કિરણે વિચાર કર્યો.

તેના ખરાબ ભાવ દબાઈ ગયા. મહાન ત્યાગી સંતના ઉપદેશે તેને જાગૃત કરી દીધી. સોનામહોરના કળશને ત્યાં જ રાખીને કિરણ ઝડપથી શેઠ ધનસારને બોલાવવા માટે ગઈ.

શેઠ ધનસાર પ્રતિષ્ઠાનપુરના આગેવાન શેઠ હતા. તેમની નીતિમત્તા, વેપારકુશળતા, પ્રામાણિકતા, સત્યવાદિતા અને ધર્મ-પ્રેમને કારણે નગરના શેઠિયાઓમાં તેમનું માનનીય સ્થાન હતું. એટલે સુધી કે નગરનરેશ જિતશત્રુ પણ તેમને ખૂબ માન આપતા હતા અને રાજદરબારમાં ઊંચું સ્થાન આપતા હતા. તેમની પત્ની શીલવતી સ્ત્રીઓને યોગ્ય ગુણોનો ભંડાર હતી. તેમને બીજા પણ ત્રણ પુત્રો હતા–મોટો ધનદત્ત, વચેટ ધનદેવ અને નાનો ધનચન્દ્ર. આ ત્રણ પુત્રો પછી શેઠ ધનસારને

હવે ચોથો પુત્ર થયો છે.

આ વખતે શેઠ પોતાના બહારના બેઠક-ખંડમાં બેઠા-બેઠા વધામણીઓ સ્વીકારી રહ્યા હતા. નગરના બધા જ આગેવાન માણસો તેમને વધામણી આપવા આવ્યા હતા.

શેઠ સોનાના સુખાસન પર બેઠા હતા. તેમની આજુબાજુ અનેક સુશોભિત માણસો હાજર હતા. બધા અરસ-પરસ વાતો કરી રહ્યા હતા. નોકર-ચાકરો હુકમની રાહ જોતા ઉભા હતા.

તે જ વખતે કિરણે બેઠક-ખંડમાં પ્રવેશ કર્યો. આવા મોટા-મોટા માણસો વચ્ચે તેની બોલવાની હિંમત ન ચાલી. તે એક તરફ ઊભી રહી.

કિરણના પ્રવેશથી શેઠની નજર તેના પર પડી. તેની આંખમાં આતુરતા જોઈને શેઠ સમજી ગયા કે કોઈ જરૂરી કામ હોવું જોઈએ. તેમણે પૂછ્યું—

'બોલ કિરણ, શી વાત છે?'

'અહીં આવો માલિક.' કહીને કિરણે આંખથી જ નજીક આવવાનો સંકેત કર્યો.

હાજર માણસોને 'હમણાં આવું છું', ત્યાં સુધી તમે લોકો વાતચીત કરો.' કહીને શેઠ ઉઠયા અને કિરણ પાસે આવ્યા. કિરણ આગળ-આગળ વાડી તરફ જવા લાગી. થોડે દૂર સુધી તો શેઠ પાછળ-પાછળ ચાલતા રહ્યા, પણ પછી બોલ્યા—

'કયાં લઈ જાય છે? પાછળ વાડીમાં શું છે? કંઈક

કહે તો ખરી.'

'કહેવાની વાત નથી, બતાવવાની વાત છે, માલિક ! તમે આવો તો ખરા.' કિરણે ચાલતાં-ચાલતાં જ કહ્યું.

શેઠ આગળ કંઈ કહે તે પહેલાં જ કિરણ ખોદેલા ખાડા પાસે આવીને ઊભી રહી. શેઠ આવ્યા એટલે સોનામહોરથી ભરેલા કળશ તરફ નજર કરીને તે બોલી.

'માલિક ! આ તમારૂં ધન છે, તે સંભાળો.' શેઠ ધનસાર ધનથી ભરેલા કળશ જોઈને તો ચમકી જ ગયા. તેમણે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું :

'અત્યંત નવાઈની વાત છે, કિરણ ! તું ખૂબ નસીબદાર છે.'

'નસીબદાર શાની ? માલિક ! હું તો તમારી દાસી છું.'

શેઠ સુશ્રાવક હતા. બીજાની લાગણીઓને ધ્યાનમાં રાખનાર હતા. તેમને એવું લાગ્યું કે જાણે કિરણના આ શબ્દોમાં તેના હૃદયની વેદના છુપાયેલી છે. તેઓ બોલ્યા :

'કિરણ ! તું દાસી જ નથી, કંઈક વિશેષ પણ છે. મારા ત્રણે પુત્રોનો ઉછેર તારા જ હાથે થયો છે. આ પણ તારા જ હાથે મોટો થવાનો છે. તું મારા પુત્રોની આયા છે. મેં તને કદાપિ દાસી ગણી નથી. મેં તારૂં હંમેશાં યોગ્ય માન જાળવ્યું છે.'

'તમારી કૃપા છે માલિક ! તમારા આ ગુણોને કારણે તો હું આ ઘરને મારૂં જ ઘર માનું છું. હું પૂર્ણ રીતે સંતુષ્ટ અને ખુશ છું. પણ આ ધન તમારૂં છે, તમારી ભૂમિમાં

નીકળ્યું છે, માટે તમે જ તેને સંભાળી લો.'

'આ ધન મારૂં કેવી રીતે? મેં ક્યારેય એને દાટયું નથી અને જો મારૂં જ હોત તો મને અત્યાર સુધી મળ્યું ન હોત? એ ધન તું જ લઈ લે, તારી મહેનતથી જ ખુશ થઈને ધરતીએ આ ધન તને આપ્યું છે.'

કિરણ થોડી વાર સુધી વિચાર કરતી રહી. પછી બોલી–

'માલિક! આ ધન મારી મહેનતનું ફળ નથી. પહેલાં પણ ત્રણે પુત્રોની નાળ દાટવા માટે મેં જ ખાડા કર્યા હતા. તે વખતે તો કંઈ જ નીકળ્યું ન હતું. કાંકરા ને પથ્થર જ નીકળ્યા હતા.'

શેઠને પણ ત્રણે મોટા પુત્રોના જન્મપ્રસંગ યાદ આવી ગયા. એ ત્રણેના જન્મ સમયે તેમને ખૂબ નુકશાન થયું હતું. વચેટ પુત્ર ધનદેવના જન્મ વખતે તો એટલી ભયંકર ખોટ આવી હતી કે, તેમને તો એમ જ લાગ્યું હતું કે તેમનો વેપાર જ બેસી જશે. અત્યંત મુશ્કેલીથી તેમણે પોતાની સ્થિતિ જાળવી રાખી હતી.

માલિકને વિચારમાં પડી ગયેલા જોઈને કિરણ બોલી.

'હું કહું આ ધન કોનું છે?'

'હા, કહે.'

'આ ધન નવા જન્મેલા બાળકનું છે. તે જ તેને પોતાની સાથે લઈને આવ્યો છે. તેનાં પૂર્વજન્મનાં પુણ્યોનું આ ફળ છે.'

આ વાતને સાંભળીને શેઠ આશ્ચર્યથી કિરણના મુખ સામે જોઈ રહ્યા. કિરણે કહ્યું—

'તે દિવસે મુનિરાજ પણ કહેતા હતા કે આ ધરતી તો વસુંધરા છે. એમાં તો ડગલે ને પગલે ભંડાર ભરેલા છે. પણ તે નસીબદારને જ મળે છે. પુણ્યશાળી માણસ જ્યાં પણ પગ મૂકે છે, ત્યાં સોનાનાં કમળ ખીલી ઉઠે છે.'

'સાચી વાત છે તારી કિરણ! પણ તને ક્યાંથી આવું જ્ઞાન? આટલી નિર્લોભતા? નવાઇની વાત છે. તારી જગ્યાએ બીજું કોઈ હોત તો...'

'આ બધી મુનિરાજની મહેરબાની છે. તેમના પ્રવચનનો પ્રભાવ છે.' કિરણે સ્વાભાવિકતાથી કહ્યું.

ધનસાર ચૂપ થઈ ગયા. તેઓ કંઈ પણ બોલી શક્યા નહીં. તેઓ સમજી ગયા કે કિરણે મુનિનો ઉપદેશ ફક્ત સાંભળ્યો જ નથી, હૃદયમાં ધારણ પણ કર્યો છે. તેમના હૃદયમાં કિરણ માટેનું માન વધી ગયું.

સોનામહોરથી ભરેલો કળશ કાઢવામાં આવ્યો તો તેની નીચે બીજો કળશ દેખાયો, પછી ત્રીજો અને ચોથો એમ ચાર કળશ નીકળ્યા. શેઠ ધનસારે કિરણનો પાલવ સોનામહોરથી ભરી દીધો.

બાળકના નસીબે પ્રાપ્ત થયેલા ધનને બધા હાજર રહેલા મહાનુભાવોએ જોયું. આખા નગરમાં ચર્ચા થવા લાગી.

શેઠ ધનસારે પુત્ર-જન્મની ખુશાલીમાં બહુ મોટો ભોજન-સમારંભ કર્યો અને યાચકોને ખુલ્લા હાથે દાન આપ્યું. દાસ-દાસીઓને પણ ખૂબ પુરસ્કાર મળ્યો.

બારમા દિવસે જ્યોતિષીઓએ બાળકનું નામ ધનકુમાર રાખ્યું. શેઠ ધનકુમારે હસીને કિરણને પૂછ્યું :

'કિરણ ! આ બાળકનું લાડકું નામ શું રાખીશ ?'

'ધન્ના ! માલિક ! હું તો એને 'ધન્ના' જ કહીશ.'

'અને તું ?' ધનસારે પોતાની પત્ની શીલવતીને પૂછ્યું.

'હું શું કહું નાથ ? મારું તો જીવન જ ધન્ય થઈ ગયું તેના આવવાથી. મારું સ્વપ્ન ફળ્યું. ઘરમાં કલ્પવૃક્ષ જ આવી ગયું છે. તેની શીતળ છાયામાં આપણે બધાં સુખી રહીશું.'

'હા દેવી ! તેના ગર્ભમાં આવતા પહેલાં તેં આપણા આંગણામાં કલ્પવૃક્ષ જોયું હતું. આપણો આ પુત્ર જીવતું-જાગતું કલ્પવૃક્ષ જ છે.' શેઠ ધનસારે પણ પોતાની લાગણી પ્રગટ કરી.

કિરણની દેખભાળ નીચે ધન્નો મોટો થવા લાગ્યો. શેઠની ઇચ્છા હતી કે બાળક બધા દેશના રીત-રિવાજથી પરિચિત થાય, તેથી તેમણે અઢાર દેશોની અઢાર આયાઓ રાખી લીધી.

મોટા પુત્ર ધનદેવનો અભ્યાસ શરૂ થઈ ગયો. તે પછી

જેમ જેમ બીજા પુત્રો ભણવા યોગ્ય ઉંમરના થતા ગયા તેમ તેમ શેઠે તેમના અભ્યાસની પણ વ્યવસ્થા કરી.

ધનકુમારના અભ્યાસની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી. તે બુદ્ધિશાળી હતો. તેણે ટૂંકા ગાળામાં જ પુરૂષને યોગ્ય ઘણી બધી કળાઓ શીખી લીધી. જ્યોતિષ, ગીત, નીતિ, શુકન શાસ્ત્ર, પશુ-પક્ષીઓની ભાષા-બોલી અને તેમનો હેતુ સમજવામાં કુશળતા મેળવી લીધી. તેણે વ્યવહાર-નીતિમાં વિશેષ હોશિયારી મેળવી લીધી.

સૌથી વધારે તો તેણે ધર્મનું શિક્ષણ મેળવ્યું અને હૃદયંગમ કર્યું. કારણ કે નીતિકારોના અભિપ્રાય પ્રમાણે તો આત્મ-વિવેક વિના બધી વિદ્યાઓ અને કળાઓ ફીકી છે, જેમ બધા મસાલા હોવા છતાં મીઠા વિના શાક ફીકું હોય છે તેમ.

ધનદત્ત, ધનદેવ અને ધન્ચન્દ્ર પોતાનો વિદ્યાભ્યાસ પહેલાં જ પૂરો કરી ચૂકયા હતા. તે ત્રણેનાં લગ્ન પણ થઈ ગયાં હતાં. ધનદત્તની પત્નીનું નામ ધનશ્રી, ધનદેવની પત્નીનું નામ ધનદેવી અને ધનચન્દ્રની પત્નીનું નામ ધનચન્દ્રા હતું. આ ત્રણેમાં પણ એકતા હતી.

ત્રણે મોટા પુત્રોએ વેપારની જવાબદારી સંભાળી લીધી હતી, પણ હજુ શેઠ ધનસાર સંપૂર્ણ રીતે વેપારની જવાબ-દારીમાંથી મુકત થયા ન હતા. હજુ પણ તેમનો મોટા ભાગનો સમય વેપારનાં કામમાં જ જતો હતો. કારણ કે

ત્રણે પુત્રોને વેપારમાં લાભને બદલે નુકસાન જ વધારે મળતું હતું.

તેઓ વેપારની કળામાં કુશળ ન હતા. અથવા એમ પણ બના શકે કે તેમનું નસીબ તેમને અનુકૂળ ન હતું. જયારે શેઠાણી શીલવતીની સ્થિતિ જુદી જ હતી. ઘર કામની તમામ જવાબદારી વહુઓએ સંભાળી લીધી હતી. તે હવે તો ધર્મધ્યાનમાં જ વધુ સમય પસાર કરતી હતી.

## ૨

જીવનમાં પ્રેમ અને દ્વેષનાં બી ઘર કે કુટુંબમાંથી જ ઉત્પન્ન થાય છે. પછી ધીમે ધીમે સમાજમાં તેનો વિસ્તાર થાય છે. ગુણ જો માણસની કીર્તિ ફેલાવે છે, તો સાથે-સાથે ઈર્ષ્યા પણ લાવે છે.

ધન્ના યુવાન થતાં જ તેના ગુણની સુવાસ આખા પ્રતિષ્ઠાનપુરમાં ફેલાવા લાગી. પોતાનાં ચારિત્ર્ય અને ગુણોથી ધન્ના બધા નગરજનોના ગળાનો હાર બની ગયો.

વૃદ્ધ માણસો તેના પર વાત્સલ્ય દર્શાવતા હતા, તો સરખી ઉંમરના પ્રેમ-મૈત્રીની વર્ષા કરતા. ધન્ના આખા નગરમાં સૌને પ્રિય હતો. લોકોની મુંઝવણોને તે પોતાની કુશાગ્ર બુદ્ધિથી તરત જ ઉકેલી આપતો.

તેના ગુણોનાં વખાણ જ્યારે શેઠ ધનસારને સાંભળવા મળતાં ત્યારે તે ખૂબ આનંદ અનુભવતા. પોતાના યોગ્ય અને ભાગ્યશાળી પુત્રનાં વખાણ સાંભળીને તેમની છાતી ગર્વથી ગજ-ગજ ફૂલતી.

ધન્નાના ગુણોને કારણે તે તેને વધુ ચાહતા હતા. ધન્નાની ત્રણે ભાભીઓ પણ પોતાના દિયર પર ખૂબ ખુશ હતી. તેઓ પોતાના પતિઓ આગળ પણ ધન્નાનાં વખાણ કર્યા કરતી. પિતા ધનસાર પણ ધન્નાનાં વખાણ અને તેના ગુણ-શીલનાં વખાણ કરતા રહેતા.

આ ચારે તરફનાં વખાણને કારણે તેના ત્રણે ભાઈઓ લઘુતાગ્રંથિથી પીડાવા લાગ્યા. તેઓ એવું સમજવા લાગ્યા કે જાણે તેમની ઊપેક્ષા થઈ રહી છે અને ધન્નાને કારણ વિના જ વધુ પડતો પ્યાર મળી રહ્યો છે.

લઘુતાની લાગણીને કારણે તેમનામાં ઈર્ષ્યાનો ઉદ્ભવ થયો. તેઓ ધન્નાને જોઇને સળગી ઉઠતા. જ્યારે પણ ત્રણે ભાઈ એકલા બેસતા ત્યારે ધન્નાની જ ચર્ચા નીકળતી. બધા એક અવાજે કહેતા.

'પિતાજી પક્ષપાત કરે છે. તેઓ ધન્નાને વધુ પ્રેમ કરે છે અને આપણને ઓછો.'

ત્રણે ભાઈઓના દિલમાં રોષ વધતો ગયો. એક દિવસ ત્રણે ભાઈ સંપીને વહેલી સવારે જ પિતા ધનસાર સામે જઈને ઉભા રહ્યા. શેઠે ત્રણે સામે જોયું. તેમની આંખો ગ્લાનિ અને ઈર્ષ્યાને કારણે નિસ્તેજ બની ગઈ હતી. ધનસારે પૂછ્યું–

'શું વાત છે?'

ધનદત્ત બોલ્યો :

'શું અમે ત્રણ તમારા દીકરા નથી ? ફક્ત ધન્નો એકલો જ તમારો દીકરો છે ? તમે હમેશાં ધન્નાનો જ પક્ષપાત કરો છો. તમારો આ પક્ષપાત તો હવે અમને ખટકવા લાગ્યો છે.'

ધનદત્તની વાત સાંભળીને ધનસાર ગંભીર બની ગયા. તેમણે પોતાના બીજા બંને પુત્રોને પણ પૂછ્યું, જે ચૂપચાપ ઉભા હતા.

'શું તમને બંનેને પણ મારો વ્યવહાર પક્ષપાતથી ભરેલો લાગે છે ?'

ધનદેવે જવાબ આપ્યો.

'એમાં પૂછવા જેવું શું છે, પિતાજી ? તમારો વ્યવહાર પક્ષપાતથી ભરેલો છે જ. અમે ત્રણે વેપાર કરીને ધન મેળવીએ છીએ અને ધન્નો બેઠાં-બેઠાં ખાય છે. કોઈ વખત દુકાન પર તો જતો પણ નથી. કાં તો વીણા વગાડયા કરે છે, કાં તો પછી નગરમાં જઈને આમ તેમ તોફાન-મસ્તી કર્યા કરે છે. અમે મેળવીએ છીએ અને તે ગુમાવે છે. છતાં પણ તમારો તેના પર વધુ પ્યાર છે.'

ધનસાર સમજી ગયા કે ત્રણે પુત્રોને ધનસાર તરફ ઈર્ષ્યા છે. તેમને પોતાના પર કરવામાં આવેલો પક્ષપાતનો આક્ષેપ પણ અત્યંત ખૂંચ્યો. છતાં પણ તેમણે શાન્ત અવાજે કહ્યું :

'કુટુંબના સહિયારા વેપારમાં બધા કુટુંબીઓનું નસીબ

જોડાયેલું હોય છે. તમે લોકો જે પણ કમાણી કરો છો, તેમાં ધન્નાનું પણ ભાગ્ય છે. તેના ભાગ્યને કારણે વેપારમાં વિશેષ લાભ થાય છે.'

'પ્રયત્ન કર્યા વિના ભાગ્ય કંઈ પણ આપતું નથી. ધન્ના વેપારમાં મદદ જ નથી કરતો, પછી તેના ભાગ્યથી લાભ કેવી રીતે વધી જાય ?' ધનદેવે તર્ક રજૂ કર્યો.

'તારી ભૂલ થાય છે, ધનદેવ ! પ્રબળ ભાગ્યશાળીનું ભાગ્ય તો કંઇ પણ કર્યા વિના જ ફળ આપે છે. ધન્નાનો જ્યારે જન્મ થયો હતો ત્યારે સોનામહોરથી ભરેલા ચાર કળશ નીકળ્યા હતા...'

'રહેવા દો પિતાજી ! એ પ્રસંગની વાત જ ના કરશો.' ધનદેવે વચમાં જ અટકાવીને કહ્યું.

'કેમ, શું હું જૂઠું કહી રહ્યો છું ? શું કળશ નીકળવાની વાત સાચી નથી ? હજુ તો નગરમાં અનેક એવા પ્રતિષ્ઠિત માણસો સાક્ષી છે જેમણે તે ધન નજરે જોયું છે.' ધનસારે આવેશમાં આવીને કહ્યું.

'અને નગરના જ લોકો કહે છે કે તે વખતે તમે જ આ મનોકલ્પિત કથાનો નગરમાં પ્રચાર કર્યો હતો. તે પણ ફક્ત એટલા માટે કે તમે ધન્નાને ભાગ્યશાળી સાબિત કરી શકો.' ધનદેવે ગુસ્સામાં આવીને કહ્યું.

આ તો પિતા પર સીધો અને કડવો આક્ષેપ હતો. શેઠ ધનસાર ધ્રૂજી ઉઠ્યા. તેઓ સમજી ગયા કે ત્રણે ભાઈ-

ઓના હૃદયમાં ધન્ના માટે ભયંકર ઈર્ષ્યા છે. તેઓ એટલા અવિવેકી થઇ ગયા છે કે પિતા પર આક્ષેપ મૂકવાનું પણ ચૂકયા નથી. આવેશમાં આવીને શેઠ બોલ્યા :

'તો તમે મારા પર કલંક લગાવો છો ?'

'કલંકની વાત જ નથી પિતાજી !' ધનદત્તે કહ્યું— 'ધન્ના અત્યંત ભાગ્યશાળી છે, આ વાત સાંભળી સાંભળીને તો અમારા કાન પાકી ગયા છે. તેને ભાગ્યશાળી કહીને અમારું અપમાન કરો છો. એ અમારાથી સહન નથી થતું.'

'તો તમે શું ઈચ્છો છો ? શું હું તેની ટીકા કરું ?'

'ટીકા નહીં', તમે અમને ચારેને પોતપોતાના ભાગ્યની પરીક્ષા કરવાની તક આપો. થોડું-થોડું ધન આપીને દરેકને જુદો વેપાર કરવાની આજ્ઞા આપો. જે વધારે લાભ મેળવશે, તે ભાગ્યશાળી ગણાશે.' ધનદત્તે કહ્યું.

'કંઇ વાંધો નહીં', તમે ભાગ્ય-પરીક્ષા જ કરવા માગો છો તો તે પણ થઈ જશે, પણ યાદ રાખજો કે તમારી ઇર્ષ્યા જ તમને બરબાદ કરી નાખશે, સળગાવી દેશે.'

આટલું કહીને શેઠે દાસી દ્વારા ધન્નાને બોલાવડાવ્યો. ધન્ના આવ્યો. તેણે તેના પિતા અને ત્રણે ભાઈઓને પ્રણામ કર્યા. પછી પિતાને નમ્રતાથી પૂછ્યું :

'શી આજ્ઞા છે, પિતાજી ?'

ધનસાર પોતાના નાના પુત્રના વિવેક વર્તનથી ખૂબ પ્રભાવિત થયા. તેમણે પોતાના ત્રણે મોટા પુત્રોને ફરી એક

વખત સમજાવવાનો પ્રયત્ન કર્યો—

'બેટા ! જુઓ, તમારો નાનો ભાઇ કેવો વિનયી છે. તમારે તો તેના પ્રત્યે પ્રેમ જ રાખવો જોઇએ. આ ભાગ્ય-પરીક્ષાના વિષ-ચક્રમાં ના પડો. શા માટે ઘરમાં ઝગડાનાં બી રોપો છો ?'

ધનદત્તે જવાબ આપ્યો :

'પિતાજી ! ભાગ્ય-પરીક્ષામાં ખોટું શું છે ? તેનાથી ઘરમાં ઝગડો પણ નહીં થાય. ફક્ત એટલું જ થશે કે તેનાથી તમારો ભ્રમ તૂટી જશે અને બધાને જ ખબર પડી જશે કે કોણ ભાગ્યશાળી છે અને કોણ કમનસીબ છે.'

ધનસાર સમજી ગયા કે પુત્રો ભાગ્ય-પરીક્ષા વિના માનવાના નથી. તેમણે પણ વાત આગળ નહીં વધારવામાં જ હિત માન્યુ. તેમણે વિચાર્યું :

'ભાગ્ય-પરીક્ષા પછી કદાચ તેમની ઈર્ષ્યા દૂર થઇ જાય અને બધા હળી-મળીને પ્રેમથી રહે.'

તેમણે શેઠાણી શીલવતીને પણ બોલાવી લીધી અને તેને પુત્રોની ઇચ્છા જણાવી. શેઠાણીને સાક્ષી તરીકે રાખીને તેમણે ચારે પુત્રોને ત્રીસ-ત્રીસ ભાર સોનામહોર આપીને કહ્યું :

'તમે ચારે આ સોનું લઇ જાઓ અને અલગ-અલગ વેપાર કરો. મારું મૂળ ધન મને પાછું આપજો અને નફામાંથી એક દિવસ કુટુંબને ભોજન કરાવજો. જેનું ભોજન

બધાથી ઉત્તમ હશે, તે નસીબદાર ગણાશે.'

ત્રણે પુત્રો પિતાના આ નિર્ણયથી ખૂબ ખુશ થઇ ગયા. તેઓ આવી જ ઈચ્છા ધરાવતા હતા. ફક્ત ધન્ના ગંભીર રહ્યો.

ચારે પુત્રોએ પિતાને પ્રણામ કર્યા અને સોનું લઈ ને નીકળી પડયા.

# ૩

ધનદત્ત, ધનદેવ અને ધનચન્દ્ર એ ત્રણે ભાઈઓને પિતાનો વેપાર સંભાળતાં–સંભાળતાં એવું મિથ્યાભિમાન થઈ ગયું હતું કે તેઓ કુશળ વેપારી છે, તેઓ જ મહેનત કરીને ધન મેળવે છે. તેથી જ તેમણે ભાગ્ય–પરીક્ષાના કુચક્રની રચના કરી હતી.

તેઓ માનતા હતા કે ધન્ના કંઈ પણ કમાણી કરી શકશે નહીં, ઉપરથી મૂળ ધન પણ ગુમાવી દેશે, કારણ કે તેને વેપારનો કોઈ અનુભવ નથી અને તેઓ તો અનુભવી છે. તેથી તેઓ પોતાને ભાગ્યશાળી સાબિત કરીને ધન્નાને હલકો પાડી શકશે. પણ તેઓ ભૂલી ગયા હતા કે 'ભાગ્યં ફલતિ સર્વત્ર ન ચ વિદ્યા ન ચ પૌરૂષમ્ !'

ત્રણે ભાઈઓ ત્રીસ-ત્રીસ ભાર સોનું લઈને વેપારમાં પ્રવૃત્ત થયા. પહેલા દિવસે મોટા ભાઈએ અલગ વેપાર કર્યો, પણ પેલી લોકોક્તિ સાચી પડી–

'કર્મહીન ખેતી કરૈ, બળદ મરૈ યા સૂખા પરૈ !'

લાભની વાત તો એક બાજુ રહી, મૂળમા પણ ઘટ

પડી. બહુ થોડું ધન બાકી રહ્યું. ધનદત્ત અત્યંત નિરાશ થઈ ગયો, પણ કુટુંબના માણસોને ભોજન તો આપવાનું જ હતું, તેથી તે તો સવારમાં જ બધાને નિમંત્રણ આપી આવ્યો હતો.

અભિમાનમાં ફૂલાઈને તે લાંબી-પહોળી બડાઈઓ મારી આવ્યો હતો. તેથી બાકી રહેલા ધનમાંથી તે અડદનું તેલ તથા ઘેંસ વિગેરેનું ભોજન જ આપી શકયો. કુટુંબના માણસોએ ભોજન તો કર્યું પણ ઈચ્છા વિના જ, તેમનું મુખ બગડી ગયું.

બીજા દિવસે ધનદેવની પણ આ જ દશા થઇ અને ત્રીજા દિવસે ધનચન્દ્રનો પ્રયત્ન પણ નિષ્ફળ થઇ ગયો. તે બંને પણ મૂળ ધન ગુમાવી બેઠા અને એવું જ અખાદ્ય ભોજન આપી શકયા. ત્રીજા દિવસે તો કોઈ ભોજન કરવા બેઠું જ નહીં. નોકર-ચાકરોએ પણ કહી દીધું કે આવું ભોજન અમે કરી શકીશું નહીં. કુટુંબના માણસો તો ભોજન છોડીને ચાલ્યા જ ગયા હતા.

ચોથા દિવસે ધન્ના કુટુંબના માણસોને આમંત્રણ આપવા ગયો તો બધા તે ટાળવા લાગ્યા. ત્રણ દિવસના ભોજનનો તેમને કડવો અનુભવ હતો. ધન્નાના અત્યધિક આગ્રહ અને વિનમ્ર શબ્દોથી પ્રભાવિત થઈને જ તેમણે નિમંત્રણનો સ્વીકાર કર્યો.

કુટુંબીજનોને નિમંત્રણ આપીને ધન્ના પોતાની ભવન-

વાડીમાં જઈને બેઠો અને વિચારવા લાગ્યો—

'ક્યો વેપાર કરું ? મને તો કોઈ વેપારનો અનુભવ જ નથી. જો નફો ન થાય અને સારું ભોજન ના આપી શકું તો મારી જોડે પિતાજીની પણ મશ્કરી થશે. કુટુંબનાં માણસો કટાક્ષ કરશે. પિતાનું અપમાન કેવી રીતે સહી શકીશ ? કપરી કસોટીની આ પળ છે, પણ સફળ તો થવું જ છે.'

હિંમત કરીને તે ઉભો થયો અને બજાર તરફ ચાલવા લાગ્યો. બજારમાં પહોંચીને આમ-તેમ નજર નાખતો ફરવા લાગ્યો. આજે તે ચિંતિત હતો. તેને ચિંતિત જોઇને તેના મિત્ર મણિદાસે પૂછ્યું :

'કહે તો ખરો ધન્ના ? આજે કેમ આટલો બધો ચિંતિત છે ? શું મુશ્કેલી આવી છે ?'

'કંઈ નહીં મિત્ર. એમ જ..'

'એમ જ શું ? કહે તો ખરો. મુશ્કેલીના સમયે મિત્ર જ કામ ના આવે તો મિત્રતા શાની ?'

મણિદાસે ખૂબ આગ્રહ કર્યો એટલે ધન્નાએ પોતાની તકલીફ જણાવી. મણિદાસે ઉકેલ બતાવ્યો—

'ચિંતા ના કરીશ મિત્ર ! હું તને ધન આપીશ. તેનાથી વેપાર કરજે. સાંજે મારું મૂળ ધન મને પાછું આપજે અને નફામાંથી કુટુંબીઓને ઉત્તમ ભોજન ખવડાવજે.'

'ના મિત્ર ! એ તો પિતાજી અને મોટાભાઈઓનો વિશ્વાસઘાત કર્યો કહેવાય. પરીક્ષાનો અર્થ જ એ છે કે આપવામાં આવેલાં થોડાં સાધનોથી જ એટલે કે ત્રીસ ભાર સોનાથી જ મારા કૌશલ્યની તાકાત વડે સફળ થવું.' ધન્નાએ મિત્રની મદદને નકારતાં કહ્યું.

મણિદાસે બીજો ઉકેલ બતાવ્યો :

'તો પછી એમ કર. એક વેપારી સિંગારદાન લાવ્યો છે. તે છે તો પિત્તળનાં પણ તેના પર સોનાનો ઢોળ ચડાવેલો છે. તે ખરીદી લે. હજુ આ વાતની ખબર બીજા કોઇને પડી નથી. શોખીન અને ધનવાન સ્ત્રીઓ તેને સોનાનું સમજીને ખરીદી લેશે. તને ભરપૂર લાભ થશે.'

'તું પણ ઠીક ઉપાય બતાવી રહ્યો છે મણિદાસ ! આ તો વેપાર કહેવાય કે દગો ? હું તો પ્રામાણિકતાથી જ વેપાર કરવા માગું છું.' ધન્નાએ કટાક્ષમાં જવાબ આપીને મિત્રના એ ઉપાયને પણ સ્વીકાર્યો નહીં.

મણિદાસ નવો ઉપાય વિચારવા લાગ્યો. ચાલતાં-ચાલતાં કાપડ-બજાર આવી ગયું. અહીં શેઠ ઇશ્વરદત્તની દુકાન હતી. મણિદાસે કહ્યું :

'મિત્ર ! મારે ઈશ્વરદત્ત જોડે થોડી વેપાર અંગેની વાત કરવી છે. પહેલાં તેની દુકાન પર જઇએ. તે પછી તારી મૂંઝવણનો પણ કોઈ ઉપાય શોધી કાઢીશું.'

એટલામાં ઈશ્વરદત્તની દુકાન આવી ગઈ. તે અત્યારે

ગાદી પર બેઠા-બેઠા એકલા જ કોઈ પત્ર વાંચી રહ્યા હતા. પત્ર કાપડ પર લખાયેલો હતો અને તેની બંને બાજુએ લાકડીઓ લગાવેલી હતી.

તેમણે મણિદાસને જોયો એટણે પત્ર લપેટીને બગલમાં દબાવી દીધો અને મણિદાસનું સ્વાગત કરતાં કહ્યું :

'આવો મણિદાસ, બેસો.'

મણિદાસ બેઠો. તેની સાથે ધનદાસ પણ બેઠો. મણિદાસે પૂછ્યુ —

'શેઠજી ! અમારો માલ ક્યારે મળશે ?'

'કાલે લઈ જજો.'

'ત્રણ-ચાર દિવસથી તમે દરરોજ કાલ-કાલ કહી રહ્યા છો. આમ શી રીતે ચાલે ?'

'ભાઈ ! મને પણ મારી શાખની ચિન્તા છે. કાલે જરૂર માલ લઈ જજો. તમે એકલા જ નહીં, બીજા પણ કેટલાક વેપારીઓને માલ આપવાનો છે, બધાને આવતી કાલે તો જરૂર આપી દઈશ.'

'આવતી કાલે તો ચોકકસ આપજો, શેઠજી ! વેપારમાં વચન જ મહત્વનું છ. જો વચન જ નહીં રહે તો....'

'હું જાણું છું, મણિદાસ ! આવતી કાલે માલ જરૂર મળી જશે.'

ઈશ્વરદત્ત પાસેથી આશ્વાસન મેળવીને મણિદાસે ઉઠતાં-ઉઠતાં ધન્નાને કહ્યું :

'મિત્ર ! તું અહીં જ બેસ. હું હમણાં જ એક-બે વેપારીઓ સાથે વાત કરીને આવું છું.'

મણિદાસ ચાલ્યો ગયો. ધન્ના ત્યાં જ બેસી રહ્યો. મણિદાસના ગયા પછી શેઠ ઇશ્વરદત્ત પત્રને ફરીથી વાંચવા લાગ્યા. સફેદ રેશમ પર ઘેરી કાળી શાહીથી લખેલા અક્ષર પાછળ પણ સહેજ-સહેજ ઉપસેલા હતા. સાથે-સાથે પાછળથી આવતા પ્રકાશે તેને વાંચવા યોગ્ય બનાવી દીધો હતો. ધન્નાની નજર પત્રના અક્ષરો પર સ્થિર થઈ. તે ઉંધા અક્ષરોને જ વાંચવા લાગ્યો. પત્રમાં લખ્યું હતું-

શેઠ ઇશ્વરદત્ત !

જય જિનેન્દ્ર !

બાદ જણાવવાનું કે અમારું વહાણ લુંટાઇ ગયું છે. અમે તો મોટા સંકટમાં આવી પડયા છીએ. અમારી સાથે બીજું પણ એક વહાણ લુંટાઇ ગયું છે.

પણ ભરૂચના સૌવીર નામના એક વેપારીનું વહાણ બચી ગયું છે. તેના વહાણમાં પણ એ જ માલ છે, જે અમારા વહાણમાં હતો. પરંતુ તેને એક તકલીફ છે. તેની પાસેનું રોકડ ધન ખલાસ થઈ ગયું છે. જે દિવસે અમારો સેવક તમારી પાસે પત્ર લઈને આવી પહોંચશે તેના બીજા દિવસે તે વહાણ પણ જરૂર આવી પહોંચશે.

મારું માનો તો તમે તેના પાસેથી સોદો કરીને માલ લઈ લો અને વેપારીઓને તે માલ આપીને તમારા

વચનનું પાલન કરો. અમારી ધારણા છે કે સોદો સસ્તામાં પતી જશે.'

ધન્ના પત્ર મોકલનાર વેપારીનું નામ વાંચી શકે તે પહેલાં જ ઈશ્વરદત્તે પત્ર લપેટી લીધો અને ધીમો ગણ-ગણાટ કર્યો.

'તો આજે જ મને માલ મળી જશે.'

એટલામા મણિદાસ આવી ગયો. ધન્ના ઉઠીને તેની સાથે ચાલવા લાગ્યો. થોડે દૂર સુધી બંને સાથે-સાથે ચાલ્યા. પછી ધન્નાએ કહ્યું :

'અચ્છા મિત્ર ! હવે હું જઉં'

અને આ પ્રમાણે કહીને તે ઘેર આવીને ઘોડા પર સવાર થયો અને ઘેરથી નીકળી પડયો. તે સીધો નગરના ઉત્તરદ્વાર તરફ ગયો અને એક ઝાડ નીચે બેસી ગયો. તેણે મનમાં ને મનમાં યોજના ઘડી કાઢી હતી–

'ઈશ્વરદત્ત તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ આ માલ ખરીદશે જ, તેને તો શાખનો પ્રશ્ન છે. એ ખરીદે તેના પહેલાં જ હું સોદો કરી નાખું તો વચ્ચેનો નફો મને મળી જશે.'

આ યોજનાને અમલમાં મૂકવા માટે તે નગરની બહાર આવ્યો હતો. થોડો સમય પ્રતીક્ષા કરી હશે એટ-લામાં જ વહાણની ધજાઓ ચમકવા લાગી. તે ઉઠયો અને વહાણ તરફ ચાલી નીકળ્યો. વહાણવટી સૌવીર પણ થોડી વારમાં આવી પહોંચ્યો. ધન્નાએ અત્યંત ગંભીર અને રહસ્ય-

મય રીતે કહ્યું

'ભરૂચના વહાણવટી સૌવીર ! આવો તમારૂં સ્વાગત કરું છું. મને દુઃખ છે કે તમે સંકટમાં છો.'

સૌવીર તો જોતો જ રહ્યો. તે કંઇ જવાબ આપી શક્યો નહીં. ધન્નાએ જ ફરીથી કહ્યું :

'તમારી સાથેનાં બે વહાણ લુંટાઇ ગયાં પણ તમે કોઈ પણ રીતે બચી ગયા.'

'હા, સાચી વાત છે, પણ તમે છો કોણ ? તમને કેવી રીતે આ બધી વાતની ખબર પડી ?' સૌવીરે ચકિત બનીને પૂછ્યું.

'મને એ પણ ખબર છે કે તમારું ધન ખલાસ થઇ ગયું છે.'

'પણ તમને આ બધી ખબર કેવી રીતે પડી ?' સૌવીરનું આશ્ચર્ય વધી ગયું.

'એ ના પૂછશો વહાણવટી ! ઘણી બધી આવી છીપી ઘટનાઓ અને વાતોનું જ્ઞાન વિશેષ શકિતઓ દ્વારા થઈ જાય છે. તમારા આ સંકટના સમયે મદદ કરવાની પ્રેરણા પણ મને એ વિશિષ્ટ શકિત દ્વારા જ થઇ છે અને એટલા માટે જ તમને શોધતો અહીં આવ્યો છું.'

'વિશિષ્ટ શકિત' નો અર્થ સૌવીરે દૈવી શકિત ગણ્યો. જ્યારે ધન્નાનો કહેવાનો અર્થ વિશેષ યોગ્યતા અને કુશળતા હતો. વહાણવટી સૌવીર પૂરેપૂરો પ્રભાવિત થઇ ગયો–

'તમે તો દેવદૂત બનીને જ આવ્યા છો.'

'દેવદૂત નહીં, હું તો એક સાધારણ માણસ છું. તમારું ધન ખલાસ થઈ ગયું છે તે લાચારીનો લાભ પ્રતિષ્ઠાનપુરના વેપારીઓ ઉઠાવશે અને તમારે તમારો માલ સસ્તામાં, નુકશાન વેઠીને વેચવો પડશે. હું ઇચ્છું છું કે તમે તમારા માલની યોગ્ય કિંમત જણાવીને સોદો પાકો કરી લો. બોલો, ભાઇ સૌવીર ! કેટલામાં વેચશો ?'

આ શબ્દોથી તો સૌવીર વિશેષ પ્રભાવિત થઈ ગયો. કૃતજ્ઞતા બતાવતાં તે બોલ્યો-

'તમે તો મને સંકટમાંથી બચાવી લીધો મિત્ર ! પણ સોદો કરતા પહેલાં માલ તો જોઈ લો.'

'માલને શું જોવાનો માલિક જોવાય છે. તમે મને કિંમત જણાવો.'

'ત્રીસ લાખ સોનામહોર આપી દો.' સૌવીરે અચકાઇને કંઈક સંકોચ સાથે કહ્યું.

સૌવીરની કહેવાની રીત પરથી ધન્ના સમજી ગયો કે આ માણસ માલની કિંમત વધારે માગી રહ્યો છે. હજુ આ કિંમતમાં કંઈક ઘટાડો થવાની શકયતા છે. તે બોલ્યો-

'ભાઈ વહાણવટી ! મને વેપારનો કોઇ અનુભવ નથી. તમે જાતે જ એવી કિંમત બતાવી દો જેનાથી તમને નુકશાન ના જાય અને મને પણ કંઇક મળી જાય.'

સૌવીર તેનાથી પ્રભાવિત તો હતો જ, વળી તે તેને

પોતાનો ઉપકારી પણ માની રહ્યો હતો. તેથી બોલ્યો–

'પચીસ લાખ સોનામહોરથી ઓછી કિંમતે તો માલ કોઈ પણ સંજોગોમાં નહીં આપું. આ કિંમતમાં મને ઘણો થોડો લાભ થશે, લોટમાં મીઠા જેટલો.'

'જેવી તમારી ઈચ્છા. તો આપણો સોદો પાકો, બરાબર ?'

'હા, બિલકુલ પાકો.'

'આ રાખો વાયદાની બા'નાની રકમ !' કહીને ધન્નાએ ત્રીસ ભાર સોનાનો ટુકડો સૌવીરને આપી દીધો. સૌવીરે તે સોનું પોતાની પાસે રાખી લીધું. ધન્નાએ કહ્યું–

'હવે તમે નિશ્ચિંત બનીને ભોજન બતાવો અને ખાઈ લો. સાંજ સુધીમાં તમારો આ બધો માલ ઉપાડી લેવામાં આવશે અને તે સમયે જ નહીં, પણ તે પહેલા જ તમારી એક એક પાઈ ચૂકવી દેવામાં આવશે.'

'મને તમારા પર પૂરેપૂરો વિશ્વાસ છે, ઉપકારી !' કહીને સાર્થવાહ સૌવીરે પોતાના માણસોને ત્યાં જ રોકવાનો આદેશ આપી દીધો. બધા ભોજન બનાવવામાં અને ખાવામાં પ્રવૃત્ત થઈ ગયા.

આ તરફ શેઠ ઇશ્વરદત્ત મોડે સુધી સૌવીરના આવવાની રાહ જોતો રહ્યો. તેનો વિચાર હતો કે જ્યારે સૌવીર તેની દુકાન પર આવશે. ત્યારે તેની લાચારીનો લાભ ઉઠાવીને માલ અર્ધી પોણી કિંમતે ખરીદી લઇશ.

જ્યારે બીજો પ્રહર પણ પૂરો થવા આવ્યો ત્યારે તેને ચિંતા થઈ. નોકરને જોવા મોકલ્યો કે વહાણ હજુ સુધી આવ્યું કે નહીં. સેવકે જણાવ્યું કે વહાણ આવી ગયું છે અને બધા લોકો નિશ્ચિંત રીતે ભોજન કરીને આરામ કરી રહ્યા છે.

ઈશ્વરદત્ત એકદમ ચમકી ગયો. જેનું ધન પૂરું થઈ ગયું હોય તે નિશ્ચિંત રીતે આરામ કેવી રીતે કરી શકે ? તેથી તે મુનિમને સાથે લઈને વહાણવટી સૌવીર પાસે આવ્યો. વાતચીત શરૂ થઈ તો સૌવીરે કહ્યું :

'શેઠજી ! માલ તો બધો જ વેચાઈ ગયો.'

'કોણે ખરીદી લીધો ?' ઇશ્વરદત્તે આશ્ચર્યથી પૂછ્યું તો સૌવીરે ધન્ના તરફ આંગળી કરી. ઈશ્વરદત્ત ધન્નાને ઓળખી ગયા. તેની પાસે આવીને બોલ્યા :

'શ્રેષ્ઠિપુત્ર ! આ માલ પર તો મારી આબરુનો આધાર છે. જો કાલે હું વેપારીઓનો માલ નહીં આપી શકું તો બજારમાં મારી આબરુ ખતમ થઈ જશે. તમે આ માલ મને આપી દો. તમે આ માલને શું કરશો ?'

'કરવાનું શું ? વેચીશ.'

'તો મને જ વેચી દો. મને તેની ખૂબ જરૂર છે.' શેઠ ઈશ્વરદત્તના અવાજમાં લાચારી આવી ગઈ.

ત્યાં સુધીમાં સૌવીર પણ પણ તેમની પાસે આવી ગયો. ધન્નાએ કહ્યું–

'શેઠજી ! મને તો વેપાર અને ભાવતાલનો કોઈ અનુભવ નથી. તમે એમની સાથે જ વાત કરી લો. એમને જેટલો યોગ્ય લાગશે તેટલો લાભ મને અપાવશે.'

સૌવીર અને ઈશ્વરદત્ત વચ્ચે ભાવ-તાલ થયો. ઘણા વાદવિવાદ પછી છવ્વીસ લાખ સોનામહોરમાં સોદો નકકી થયો. નફાની એક લાખ સોનામહોર ધન્નાને એ જ સમયે શેઠ ઈશ્વરદત્તે આપી અને તેનું ત્રીસ ભાર સોનું સૌવીરે પાછું આપી દીધું.

આ હતું ઈશ્વરદત્તના લોભ અને આળસનું ફળ. અર્ધી પોણી કિંમતમાં માલ ખરીદી લેવાની તેની યોજના ઉંધી વળી ગઈ. કિંમત તો યોગ્ય આપવી જ પડી અને ઉપરથી એક લાખ સોનામહોરનો નફો ધન્નાને આપવો પડયો તે જુદો.

ધન્ના પોતાને ઘેર આવ્યો અને સંપૂર્ણ ધન પિતાના ચરણોમાં મૂકી દીધું. પિતા ધનસાર ચકિત થઈ ગયા. તેમણે આશ્ચર્યથી પૂછયું :

'આટલું બધું ધન ! કેવી રીતે મળ્યું બેટા ?'

ધન્નાએ આખો પ્રસંગ કહી સંભળાવ્યો. ખુશ થઈને પિતાએ પુત્રને છાતી સરસો ચાંપી દીધો. શેઠ ધનસારે પોતાના ત્રણે પુત્રો અને પત્ની શીલવતીને પણ બોલાવી લીધાં. ત્રણે વહુઓ પણ આવી ગઈ. એક લાખ સોનામહોર જોઇને બધાની આંખો તો ફાટી જ ગઈ. પિતાએ પુત્રનાં

વખાણ કરતાં કહ્યું—

'આ તો ફક્ત એક જ દિવસની કમાણી છે મારા બેટાની !'

માતા શીલવતીએ પણ પુત્રને હૃદય સાથે ચાંપીને કહ્યું :

'ધન્ના ! આજે મારું પુત્રવતી થવું સાર્થક થયું. ખરેખર તું મારા ઘરમાં કલ્પવૃક્ષ જ છે. તારી શીતળ છાયામાં અમે બધાં સુખી થઇશું.'

પોતાનાં વખાણથી શરમાઇને ધન્નાએ વિનમ્ર વાણીમાં કહ્યું :

'પિતાજી ! આ તો તમારા, માતાજીના, ભાઇઓના અને ભાભીઓના આશીર્વાદનું સુફળ છે....'

પિતાએ ત્રણે પુત્રોને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'બેટા ! ઈર્ષ્યાને કારણે જ તમે તમારું મૂળ ધન પણ ગુમાવી બેઠા અને શુભ આશયને કારણે જ ધન્નો આટલો નફો મેળવી શકયો. જુઓ છો ને, તે કેટલો વિનયી છે ! હજુ પણ તમે ઇર્ષ્યા છોડીને સંપથી રહો. તો લક્ષ્મી તમારા ચરણમાં આળોટશે.'

પુત્રોએ પિતાના શબ્દો સાંભળ્યા, પણ સ્વીકાર્યા નહીં. તેમની ઇર્ષ્યા જેમની તેમ જ રહી.

ધન્નાએ પિતાને કહ્યું.

'પિતાજી ! જો તમે મારી વિનંતી સ્વીકારો તો કહું.'

'કહે બેટા ! તારી વિનંતીનો સ્વીકાર કેમ ના કરું ?'

'ભોજનનો ખર્ચ કરતાં જે બચે, તેમાંથી મારી પ્રેમાળ ભાભીઓ માટે ઘરેણાં બનાવી દેજો.'

'કેટલો ત્યાગી છે તું !' કહીને પિતાએ ફરી એક વખત આનંદથી પુત્રને ગળે લગાવ્યો.

ભાભીઓ તો ધન્નાની આ પ્રેમ-ભેટથી અત્યંત ખુશ થઈ ગઇ. તેમણે પોતાનો આનંદ વ્યકત કરતાં કહ્યું :

'દિયરજી ! તમે તો કુલભૂષણ છો. તમારા જેવા દિયર મેળવીને અમે તો ધન્ય બની ગઇ.'

ત્રીજો પ્રહર વીતી ગયો હતો. ધન્ના પોતાનાં વખાણથી શરમાઇ રહ્યો હતો. તે એ પણ જોઇ રહ્યો હતો કે જેમ-જેમ તેનાં વખાણ થતાં હતાં, તેમ-તેમ ત્રણે ભાઇઓની ઇર્ષ્યા વધતી જતી હતી. આ પરિસ્થિતિને ટાળવા માટે તે બોલ્યો-

'પિતાજી ! મને આજ્ઞા આપો. મારે ભોજનની વ્યવસ્થા પણ કરવાની છે.'

'અરે, તારે એકલાને શા માટે, આપણે બધાએ કરવાની છે.' કહીને ધનસાર ઉભા થઇ ગયા.

ભોજનની વ્યવસ્થા થઇ ગઇ. ભોજન એટલું સ્વાદિષ્ટ અને સુરુચિપૂર્ણ બન્યું હતું કે ખાનારા આંગળાં કરડવા લાગ્યા. તદુપરાંત ધનકુમારની વિનમ્ર અને મધુર વાણી :

'આપે અમારા પર અત્યંત કૃપા કરી કે અહીં પધા-

રીને અમારી ઝુંપડીને પાવન કરી.'

આ વાણીની મધુરતાથી ભોજનનો સ્વાદ અનેકગણો વધી ગયો. બધા લોકો ધન્ય-ધન્ય કહેવા લાગ્યા. બધાએ એક અવાજે ધનકુમારનાં વખાણ કર્યાં.

આ વખાણથી ઘરનાં, કુટુંબનાં અને જ્ઞાતિનાં બધાં ખુશ હતાં, ફકત ધનદત્ત, ધનદેવ અને ધનચન્દ્ર ત્રણે ભાઈઓ જ ઇર્ષ્યાના અગ્નિમાં બળી રહ્યા હતા.

# ૪

બધા અગ્નિમાં ઇર્ષ્યાનો અગ્નિ સૌથી વધુ ભયંકર છે. તે માણસના સદાશયતાનો અને ગુણ ગ્રાહકતાનો નાશ કરી નાખે છે. માણસ બીજાના ગુણોને પણ દોષ જ સમજે છે.

ધનદત્ત, ધનદેવ અને ધનચન્દ્ર ત્રણે ભાઈઓને પણ ધન્નામાં અવગુણ જ અવગુણ દેખાતા હતા. તેણે પોતે કમાણી કરેલા ધનમાંથી ભાભીઓને રત્નનાં આભૂષણ ભેટ આપ્યાં તો ભાઇઓએ તેને પણ પોતાનું અપમાન ગણ્યું. તેઓ પોત-પોતાની પત્નીઓ આગળ ધન્નાની નિંદા કર્યા કરતા. જ્યારે પોતાના દિયરની નિંદા સાંભળીને ત્રણે ભાભીઓ હેરાન થઈ ગઇ, થાકી ગઈ, ત્યારે તેમણે પોત-પોતાના પતિઓને કહ્યું—

'તમે તો નકામો દિયરજી પર દ્વેષ રાખો છો. તેઓ તો કેટલા વિનમ્ર અને ત્યાગી છે. એક દિવસની કમાણી-માંથી જ દિયરજીએ અમને એવાં ઘરેણાં કરાવ્યાં છે કે, તમે તો જીવનભરની કમાણીમાંથી પણ આપી શક્યા નથી.

'તેઓ તો તમને પિતાતુલ્ય માનીને તમારો આદર

કરે છે અને તમે તો બસ આખો દિવસ તેમની નિંદા જ કર્યા કરો છો.'

'તેની નમ્રતામાં તો બહુ મોટું કપટ છુપાયેલું છે. અમે તેને સારી રીતે જાણીએ છીએ. તમને શી ખબર પડે ? તમે ચૂપ રહો.'

આ રીતે પતિઓએ ધમકાવીને પત્નીઓને ચૂપ કરી દીધી.

ધન્નાની સફળતાએ ત્રણે ભાઈઓના ઈર્ષ્યાગ્નિમાં પાણીનું નહીં, પણ ઘીનું કામ કર્યું હતું. તેઓ વધારે જોરથી સળગી ઉઠયા.

ત્રણેએ મંત્રણા કરી અને પિતા પાસે જઈ પહોંચ્યા. પિતા ધનસાર તેમના ચહેરા જોઇને જ સમજી ગયા કે આ લોકો ફરીથી ઘરની શાંતિનો ભંગ કરવા આવ્યા છે. છતાં પણ તેમણે શાંત અવાજે પૂછયું–

'કહો બેટા ! શી વાત છે ?'

'પિતાજી ! અમારી ઇચ્છા છે કે ફરી એક વખત અમને ભાગ્ય–પરીક્ષાની તક મળવી જોઇએ.'

'કેમ, આ એક વખતની પરીક્ષાથી સંતોષ નથી થયો ?'

'સંતોષની તો વાત જ નથી પિતાજી ! ધન્નાએ કર્યું એ તો કંઈ વેપાર છે ? તેણે તો અંધારામાં તીર માર્યું અને નિશાન લાગી ગયું. એ તો દુસ્સાહસ હતું, વેપાર

નહીં. શેઠ ઇશ્વરદત્ત તે સમયે ના પહોંચી ગયા હોત તો આબરુ સાચવીને રહેવાનું પણ મુશ્કેલ બની જાત. તે માલની કિંમત પચીસ લાખ સોનામહોર ધન્નો ક્યાંથી લાવીને પેલા વેપારીને આપત ?' ધનદેવે પોતાનો અસંતોષ પ્રગટ કર્યો.

પિતા ધનસાર બોલ્યા.

'ભલે તમે એને કંઈ જ ના ગણો, પણ હું તેની યોગ્યતા, કુશળતા અને ભાગ્યની પ્રબળતા જ માનું છું. જો ધન્ના તે વેપારીનો માલ પચીસ લાખ સોનામહોરમાં ખરીદત નહીં તો ઈશ્વરદત્ત વીસ લાખ સોનામહોરમાં બધો જ માલ ખરીદી લઇને સૌવીરના નાણાંની અછતનો ગેરલાભ ઉઠાવત. ધન્નાએ સૌવીર સાર્થવાહ પાસે જ માલની કિંમત નક્કી કરાવી, ખોટી રીતે દબાવીને ઓછી કિંમતે માલ વેચવા માટે તેને લાચાર નહોતો કર્યો. તમે ધન્નાના આ ઉદાર દૃષ્ટિકોણને કેમ જોતા નથી ?'

'જો એમ જ હોય તો ફરી એક વખત પરીક્ષા લઈ જુઓ.' ધનદત્તે કહ્યું.

'કંઈ વાંધો નહીં', તમારી આ ઇચ્છા પણ પૂરી કરીશ. પહેલાં મારી એક વાત સાંભળી લો. હું એક વખત યાત્રા કરવા ગયો હતો. તે વખતે એક શ્રાવિકાએ મને આ પ્રસંગ સંભળાવ્યો હતો. તમે પણ સાંભળો અને તેમાંથી કંઇક બોધપાઠ ગ્રહણ કરો.'

આ પ્રમાણે કહીને ધનસાર પુત્રોને શ્રાવિકાના જીવનમાં બનેલો પ્રસંગ સંભળાવવા લાગ્યા.

એક વખત એક જ્ઞાની, ધ્યાની શ્રમણ ભિક્ષા માટે તે શ્રાવિકાને ઘેર આવ્યા. તે ઉઠી અને ઠંડા (કાચા) પાણીથી જ હાથ ધોઈને તેમને માટે આહાર લાવી અને ભક્તિ-ભાવથી આપવા લાગી. પણ મુનિ તે લીધા વિના જ ચાલ્યા ગયા.

શ્રાવિકાને પોતાની ભૂલ ખબર પડી. તે હૃદયમાં પશ્ચાત્તાપ કરવા લાગી. એટલામાં જ બીજા મુનિ આવ્યા. શ્રાવિકાએ તેમને પણ ભક્તિભાવથી આહાર આપ્યો. તેમણે તે સ્વીકારી લીધો. શ્રાવિકાએ તેમને પૂછ્યું.

'હમણાં જ એક મુનિ આવ્યા હતા, પણ મારી એક ભૂલને કારણે આહાર સ્વીકાર્યા વિના જ પાછા જતા રહ્યા. શું...?'

મુનિ બોલ્યા :

'તે સંત ઉગ્ર તપસ્વી અને ઉચ્ચ કોટિના સાધક છે, સાક્ષાત્ સૂર્ય છે. અને હું તો તેમની સરખામણીમાં આગિયો છું. તે હિમાલય જેવા ઉચ્ચ, સાગર સમાન ગંભીર, ચંદ્રમા જેવા સૌમ્ય અને મેરૂની જેમ અડગ છે. તેઓ જે ઉચ્ચ ભૂમિકા પર પહોંચી ગયા છે, તે ભૂમિકા પર પહોંચવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું. મારી અને તેમની સરખામણી કેવી ?'

આ રીતે પહેલા મુનિનાં વખાણ કરીને બીજા મુનિ આહાર લઈને ચાલ્યા ગયા. શ્રાવિકા તેમની ગુણગ્રાહકતા જોઈને ગળગળી થઈ ગઈ.

એટલામાં ત્રીજા મુનિ આવ્યા. શ્રાવિકાએ તેમને પણ માનપૂર્વક ભોજન આપ્યું અને પહેલાંના બે મુનિઓનીવાત કહીને પૂછ્યું કે એ બેમાંથી કયા મુનિ શ્રેષ્ઠ છે ?'

ત્રીજા મુનિએ કહ્યું–

'સાચી વાત તો એ છે શ્રાવિકે ! કે એ બંનેમાંથી સાચા અર્થમાં કોઈ મુનિ જ નથી, પછી શ્રેષ્ઠતાની વાત તો આવે જ ક્યાંથી ?

'પહેલો મુનિ તો કપટી અને ધૂર્ત છે. તે આ રીતે લોકો પર પોતાના ત્યાગનો પ્રભાવ જમાવે છે.

'બીજો મુનિ ઠગ છે. તે આ રીતે પહેલા મુનિનાં વખાણ કરીને તારા જેવી ભલી-ભોળી શ્રાવિકાઓને ઠગે છે. હું તો કોઈનાં વખાણ કરી શકતો નથી. ખારૂં ખાવું અને ખરૂં બોલવું એ મારો સ્વભાવ છે.'

શ્રાવિકાએ તે મુનિને વિદાય કરી દીધા અને તારવણી કાઢી. પહેલા મુનિ ગુણવાન હતા, બીજા ગુણગ્રાહી હતા અને ત્રીજા ઇર્ષ્યાળુ હતા.'

આ પ્રસંગ સંભળાવીને ધનસારે પોતાના પુત્રોને સમજાવ્યા.

'બેટા ! તમે પણ ગુણવાન અને ગુણગ્રાહક બનો.

ઇર્ષ્યાથી કંઈ પ્રાપ્ત થતું નથી. તેને છોડો અને સુખેથી હળી-મળીને રહો.'

પણ પિતાની આ શિખામણની પુત્રો પર કોઈ અસર થઈ નહીં. તેમણે તો પોતાની હઠ પકડી જ રાખી. પિતા સમજી ગયા કે આ લોકો કોઈ પણ રીતે માનવાના નથી. તેમણે ધન્નાને પણ બોલાવી લીધો અને ચારે પુત્રોને સાઠ-સાઠ ભાર સોનું આપીને કહ્યું.

'તમે ચારે પોત-પોતાની બુદ્ધિ, યોગ્યતા અને કુશળતાથી વેપાર કરો. નફામાંથી કુટુંબીઓને ભોજન કરાવજો અને મારું મૂળ ધન પાછું આપજો.'

ચારે ભાઈ સોનું લઈને ચાલ્યા ગયા. ત્રણ ભાઈ એક તરફ અને એકલો ધન્ના એક તરફ.

ત્રણે ભાઈઓએ વિચાર કર્યો :

'આ વખતે તો પિતાજીએ વેપાર માટે પહેલાં કરતાં બમણું ધન આપ્યું છે. ત્રીસ ભાર સોનાના નફામાંથી આપણે સારું ભોજન કરાવી શકયા નહીં, પણ આ સાઠ ભાર સોનાના નફાથી તો સારું ભોજન કરાવી જ શકીશું.'

પૂરેપૂરો વિચાર કરીને ત્રણે ભાઈઓએ સહિયારો વેપાર કરવાનું નક્કી કર્યું. નિર્ણય પ્રમાણે ત્રણે બજારમાં ગયા અને ૧૮૦ ભાર સોનાની સહિયારી મૂડીથી માલ ખરીદી લીધો. તેમણે વિચાર્યું-

'આ વેચીને સારો નફો મેળવીશું.'

નસીબની જ વાત હતી. તેમણે માલની ખરીદી કરી તે પછી થોડા સમયમાં જ બજારમાં સમાચાર ફેલાઈ ગયા કે બહારથી બહુ મોટા પ્રમાણમાં એ જ માલ લઈને એક વેપારી આવવાનો છે.

પરિણામે માલની કિંમત અત્યંત ઘટી ગઈ. ત્રણેને માલ ખોટ ખાઈને વેચવો પડયો. બધાએ ધારણા રાખી હતી તે પ્રમાણે જ કુટુંબીજનોને લૂખો-સૂકો રોટલો જ ખવડાવી શકયા, તે પણ ગાંઠનું તમામ ધન ગુમાવી દઇને.

આ તરફ ધન્નો વિચારતો હતો. તે સમજી ગયો હતો કે મારી સફળતા જ ભાઈઓની ઈર્ષ્યાનું કારણ છે. જો હું કોઈ પણ રીતે નિષ્ફળ જઉં તો ભાઈઓનો ઈર્ષ્યાગ્નિ ઠંડો પડી જશે. ધન્નાએ ફરીથી વિચાર કર્યો—

'તેનાથી શાંતિ નહીં થાય, પણ અશાંતિ વધશે. ભાઈઓને જે ટેવ પડી ગઇ છે, તે જવાની તો નથી જ. મારે મારી વિદ્યા અને કુશળતાથી મારા ભાગ્યને ચમકાવવું જ જોઇએ.'

આવો વિચાર કરતાં-કરતાં તે ઢોર બજારમાં જઈ પહોંચ્યો. ત્યાં બધા પ્રકારનાં ઢોર વેચાતાં હતાં. પશુલક્ષણ શાસ્ત્રના જાણકાર ધન્નાને એક ઘેટો ગમી ગયો.

ઘેટાનાં લક્ષણ બતાવી રહ્યાં હતાં કે તે કાયમ વિજેતા બનશે, કદાપિ હારશે નહીં. તેણે તે ઘેટો ખરીદી લીધો. તેને ઘેટો ખરીદતો જોઇને બીજા ખરીદનારા હસીને કટાક્ષ

કરવા લાગ્યા-

'અરે, હવે આ શ્રેષ્ઠિપુત્ર પણ ભરવાડ બનશે. પોતાની કુળ-મર્યાદાથી ઉંધું વર્તન કરશે.'

ધન્નાએ કોઈની તરફ ધ્યાન નહીં આપતાં આગળ ચાલવા માંડયું.

નજીકમાં જ એક બાગ હતો. બાગમાં ઘણા માણસોની ભીડ જામી હતી આજે ઢોર-બજારનો દિવસ હતો. અનેક લોકો એવા પણ હતા કે જે પશુઓનું યુદ્ધ કરાવીને જ કમાણી કરી લેતા હતા.

બગીચામાં જાત-જાતનાં પશુયુદ્ધ થઈ રહ્યાં હતાં-કયાંક સાંઢ-યુદ્ધ, તો કયાંક કૂકડા યુદ્ધ અને કયાંક ઘેટા યુદ્ધ. બોલી થઇ રહી હતી. હાર-જીત થતી હતી. લોકો તમાશો જોતા હતા.

રાજા જિતશત્રુના યુવાન પુત્ર અરિમર્દનને પણ ઘેટાની સાઠમારીનો અત્યંત શોખ હતો. તેનો પોતાનો ઘેટો હતો. અત્યારે તે એક પરદેશી માણસના ઘેટા સાથે પોતાનો ઘેટો લડાવી રહ્યો હતો. સૌથી વધારે ભીડ ત્યાં હતી.

ધન્ના પણ પોતાનો ઘેટો લઇને ત્યાં આવી પહોંચ્યો અને તમાશો જોવા લાગ્યો. એક લાખ સોનામહોરનો દાવ લાગેલો હતો. બંને પોત-પોતાના ઘેટાઓને ઉત્સાહિત કરી રહ્યા હતા અને દર્શકો તેનો આનંદ લઈ રહ્યા હતા.

અચાનક જ પરદેશી માણસના ઘેટાએ રાજકુમારના

ઘેટાને એક એવી ટક્કર મારી કે તે પડી ગયો. ટક્કર જોરદાર હતી. રાજકુમારનો ઘેટો મેદાન છોડીને દૂર જઇને ઉભો રહ્યો. રાજકુમારે ખૂબ પુચકાર્યો, ઉત્સાહિત કર્યો, પણ તે પાછો ના આવ્યો. રાજકુમાર દાવ હારી ગયો.

તેને એક લાખ સોનામહોરની થેલી પરદેશીને આપવી પડી.

પરદેશી માણસે મજાક કરી–

'રાજકુમાર! શું જોઈને એ મડિયલ ઘેટાને બોલાવો છો? આ નગરના પણીમાં જ એ તાકાત નથી કે મારા ઘેટા સાથે ટક્કર લે.'

અને તે પોતાના ઘેટાની પીઠ પર વહાલથી હાથ ફેરવવા લાગ્યો.

મજાક અત્યંત ભયંકર હતી અને સમગ્ર નગરને લાગુ પડતી હતી. આખા નગરની તાકાતને પડકાર ફેંકવામાં આવ્યો હતો.

જો કે ધનકુમાર અહિંસક હતો, પશુની સાઠમારીને તે ખૂબ ખરાબ ગણતો હતો, પણ તે આ મજાકને સહન કરી શકયો નહીં. રાજકુમાર પાસે જઇને તે બોલ્યો–

'રાજકુમાર! આપ નિરાશ ના થશો. મારા ઘેટા પર દાવ લગાવો. તમારી જીત સુનિશ્ચિત છે.'

રાજકુમાર અરિમર્દને ધન્ના તરફ જોયું. આ હારની પળે તેને એક સહારો મળી ગયો. બે લાખ સોનામહોરનો

દાવ લગાવીને તેણે ધન્નાના ઘેટાને મેદાનમાં છોડી મૂકયો.

પરદેશી મેષપાલક તો પોતાના ઘેટાની સફળતાથી છાતી ફૂલાવીને જ ઉભો હતો. તેણે પણ દાવ સ્વીકારી લીધો અને પોતાનો ઘેટો મેદાનમાં છોડી મૂકયો. તેને વિશ્વાસ હતો કે આ બાજી પણ તે જીતશે.

બંને ઘેટા લડવા લાગ્યા. થોડી જ વારમાં પાસું પલટાઈ ગયું. તાળીઓના ગડગડાટથી મેદાન ગાજી ઉઠયું. અરિમર્દનનો ચહેરો ખીલી ઉઠયો અને પરદેશીનું મુખ ઉદાસ થઇ ગયું. તેણે નિરાશ નજરે પોતાના હારેલા ઘેટા તરફ જોયું અને બે લાખ સોનામહોરની થેલી રાજકુમારના હાથમાં મૂકી દીધી.

ધન્નાને છાતી સરસો ચાંપીને અરિમર્દન બોલ્યો-

'યુવક ! આજથી તમે મારા મિત્ર છો. આ વખતે તમે મારી આબરુ બચાવી છે.'

'નસીબદાર છું યુવરાજ ! તમે તમારી પ્રજાના એક સામાન્ય યુવકને મિત્ર બનાવી દીધો.' ધન્નાએ પોતાનો આનંદ વ્યકત કરતાં કહ્યું.

'મારી પ્રજા ! કોણ છો તમે ? તમારી ઓળખાણ તો આપો-'

'હું શેઠ ધનસારનો પુત્ર છું. માતા—પિતા પ્યારથી ધન્નો કહે છે અને નગરવાસી ધનકુમાર.' ધન્નાએ પોતાની ઓળખાણ આપી.

'મેં તમારું નામ તો ખૂબ સાંભળ્યું હતું, પરિચય

આજે થયો. મિત્ર! આ સોનામહોર તમારી જ છે. તમારા ઘેટાએ જીતી છે. તે તમે લઇ લો.' રાજકુમારે સોનામહોરની થેલી ધન્નાને આપતાં કહ્યું :

'ના યુવરાજ ! મારે એ કંઇ ના જોઇએ.' ધન્નાએ નકાર કર્યો.

'ના મિત્ર ! એ તો લેવી જ પડશે. એના પર તમારો જ અધિકાર છે.'

યુવરાજનો આગ્રહ ધન્નાને માનવો પડયો. તેણે સોનામહોરની થેલી લઈ લીધી.

તે પછી યુવરાજે કહ્યું :

'મિત્ર ! તમારો ઘેટો તો ઘણો સારો છે. ખરેખર જાતવંત અને હિંમતવાળું પશુ છે. આ મને આપી દો.'

'તમે લઈ જાઓ. મારે માટે તો એ બેકાર છે.'

'મિત્ર ! મારો ઘેટો તો હારી ગયો પણ તમારા ઘેટાએ આજે મારી આબરૂ સાચવી લીધી. આવા સારા ઘેટાને તમે બેકાર ગણો છો ?'

'વણિકપુત્રને ઘેટાની જરૂર હોતી નથી.' કહીને ધન્નાએ ઘેટો રાજકુમારને આપી દીધો.

ઘેટો લઇને રાજકુમારે પૂછ્યું :

'મિત્ર ! એક વાત તો જણાવો કે તમે આ ઘેટાને શું ખવડાવો છો ? એને કેવી રીતે રાખો છો તે એ આટલો બધો શકિતશાળી છે ? જ્યારે આટલો બધો માલ ખવડાવ્યો તથા સારી રીતે રાખવા છતાં પણ મારો ઘેટો નબળો

પડયો. આજે તે હારી ગયો અને તમારો ઘેટો જીતી ગયો. આ તફાવત કેવી રીતે પડયો ?'

ધન્નાએ જણાવ્યું:

'યુવરાજ! તમારા અને મારા ઘેટામાં એટલો જ તફાવત છે કે જેટલો પાળેલા સિંહ અને જંગલી સિંહમાં હોય છે. સુખ-સગવડમાં ઉછરેલાં પ્રાણી અને સંઘર્ષ-સંકટની છાયામાં ઉછરેલાં પ્રાણીઓ વચ્ચે ખૂબ તફાવત હોય છે.

'તમારો ઘેટો સુખમાં ઉછર્યો છે. તે સંઘર્ષ કરી શકે નહીં,જ્યારે મારો ઘેટો જંગલી પશુઓ વચ્ચે ઉછર્યો છે. તેને સંઘર્ષ કરવાની આદત પડેલી છે.'

'તો શું આ તમારો પાલતુ ઘેટો નથી ?'

'ના, મેં હમણાં જ તેને ઢોર-બજારમાંથી ખરીદ્યો હતો.'

રાજપુત્ર અરિમર્દનને આ બનાવથી એક શિખામણ મળી ગઇ કે જીવનનું ઘડતર સંઘર્ષો અને સંકટોમાં જ થાય છે. તેણે કહ્યું-

'મિત્ર! તમે તો મને એક નવો બોધપાઠ શિખવાડયો-સંઘર્ષમાં જીવનનું ઘડતર કરવાનો. એની ખુશાલીમાં તમે કંઈક માગો.'

'મને કોઈ વસ્તુની જરૂર નથી.'

'ભલે જરૂર ના હોય, પણ મિત્રની ભેટ તરીકે કંઈક તો માગો જ.'

અરિમર્દને ખૂબ આગ્રહ કર્યો ત્યારે થોડી વાર વિચાર

કરીને ધન્નાએ કહ્યું–

'આપી શકશો તમે ?'

'વચન આપું છું. માગશો તો જીવ પણ આપીશ. તમારા જેવા મિત્રોને કશું જ અદેય નથી.' યુવરાજે વચન આપી દીધું.

'તો યુવરાજ ! તમે આ જુગારની હિંસાત્મક રમત બંધ કરો. આ સંઘર્ષમાં પશુઓને દુઃખ અને પીડા થવાને કારણે આ હિંસા છે અને દાવ લગાવવાને કારણે તે જુગાર તો છે જ. તમારે તો તમારું આચરણ એવું રાખવું જોઈએ જેમાંથી પ્રજા પ્રેરણા લઈ શકે.' ધન્નાએ મિત્રને સન્માર્ગે લાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'ઠીક ભાઈ! આજથી આ વ્યસન છોડી દીધું.' કહીને રાજકુમાર ફરી એક વખત ધન્નાને ભેટી પડયો. બંને મિત્રો થોડે દૂર સુધી સાથે-સાથે ચાલ્યા. અને પછી પોત-પોતાના રહેઠાણ તરફ વળી ગયા.

ઘેર પહોંચીને ધન્નાએ સમગ્ર ધન પિતાને ચરણે મૂકી દીધું અને સંપૂર્ણ પ્રસંગ કહી સંભળાવ્યો. સાથે સાથે એ પણ જણાવ્યુ કે રાજકુમારે કાયમ માટે એ જુગારના વ્યસનને છોડી દીધું. પિતા ગળગળા થઈ ગયા. તે ધન્નાને ગળે લગાવીને બોલ્યા–

'મારા ઘરના કલ્પવૃક્ષ! તું ધન જ નહીં, ધર્મની પણ કમાણી કરી લાવે છે. રાજકુમારને સારી પ્રેરણા આપીને તેં

આખા રાજ્ય પર ઉપકાર કર્યો છે. તારા ગુણનાં વખાણ કયા મુખે કરું ?'

એટલામાં શેઠાણી શીલવતી પણ આવી ગયાં. તેમણે આ વાત સાંભળી તો તે પણ ખુશ થઈ ગયાં, આનંદના અતિરેકમાં તે બોલી ઉઠયાં–

'ખરેખર જ મારી કૂખ ધન્ય થઈ ગઈ.'

ધન્નાના ધનમાંથી કુટુંબીજનોને જ નહીં. નગરના સન્માન્ય માણસોને પણ ભોજન કરાવવામાં આવ્યું. ધનકુમારના સદ્‌ગુણોથી પ્રભાવિત થઇને બધા ધન્ય–ધન્ય બોલી ઉઠયા.

ફકત ધન્નાના ત્રણ મોટા ભાઈ જ સળગી રહ્યા હતા, બાકીના બધા ખુશ હતા.

# ૫

રાજા જિતશત્રુને જ્યારે ખબર પડી કે ધનસાર શેઠના પુત્ર ધનકુમારની પ્રેરણાથી રાજકુમારનું વ્યસન છૂટી ગયું, ત્યારે તેમને ખૂબ આનંદ થયો. સાથે સાથે આવા ઉપકારીને મળવા માટેની આતુરતા પણ થઇ.

તેમણે ધનકુમારને લાવવા માટે પોતાનો અંગત રથ મોકલ્યો. ધન્ના રાજ-દરબારમાં આવી પહોંચ્યો. રાજાએ પોતાની પાસે જ બેસાડીને તેને માન આપ્યું. કૃતજ્ઞતા પ્રગટ કરતાં તેમણે કહ્યું :

'ધનકુમાર ! હું તમારો ખૂબ આભારી છું. તમે રાજકુમારને સદ્‌પ્રેરણા આપીને સાચા મિત્ર તરીકેની ફરજ નિભાવી છે. અને અહેસાનનો બદલો તો હું કેવી રીતે ચૂકવી શકું ? ફકત એટલું જ કહી શકું છું કે તમે મારા પુત્ર કરતાં પણ અધિક પ્રિય છો.'

'જ્યારે હું તમને પ્રિય છું અને તમે મને તમારા પુત્ર કરતાં પણ વધુ પ્યાર કરો છો ત્યારે અહેસાન કેવો, મહા-

રાજ ?' ધનકુમારે વિનમ્ર રીતે કહ્યું.

આ તર્કથી રાજા જિતશત્રુ પ્રભાવિત થઈ ગયા. તેઓ સમજી ગયા કે ધનકુમાર ધર્મનિષ્ઠ જ નહીં, વિચક્ષણ પ્રતિભાશાળી પણ છે. તે ખુશ થઈને બોલ્યા–

'તમે તો મને નિરુત્તર જ કરી દીધો. હવે તમે દરરોજ રાજદરબારમાં આવો અને રાજકાર્યમાં મદદ કરતા રહો. મારો વિશ્વાસ છે કે તમારી મદદથી મારી ઘણી સમસ્યાઓ સહેલાઇથી ઉકલી જશે અને રાજકુમાર પર પણ સારા સંસ્કાર પડશે.'

'હું ક્યાંથી એને લાયક મહારાજ ! છતાં પણ મસ્તક નમાવીને હું આપની આજ્ઞાનો સ્વીકાર કરું છું. તમારા પારસ-સ્પર્શથી મારા જેવું લોખંડ પણ સોનું બની જશે.'

ધનકુમારની આ વિનયભરી વાણીએ મહારાજ જિત-શત્રુનું હૃદય જ જીતી લીધું. ધન્નાથી તેઓ એટલા બધા પ્રભાવિત થઇ ગયા કે રાજદરબાર પૂરો થતાં તેઓ પોતે દરવાજા સુધી તેને વિદાય કરવા આવ્યા અને દરરોજ આવવાનો આગ્રહ કરીને પોતાના રથમાં જ બેસાડીને મોકલ્યો.

ધનકુમાર કોઈક જ વખત રાજદરબારમાં જતો અને પોતાની બુદ્ધિથી ગૂઢ સમસ્યાઓ તથા અટપટા વિવાદનો પણ ઉકેલ આપી દેતો. રાજા પણ તેની સલાહ લેતા રહેતા.

હવે ધન્નાનું નામ આખા નગરમાં ફેલાઈ ગયું. લોકો

તેના સદ્ગુણોની ચર્ચા કરતા રહેતા. આખા નગરમાં એવો કોઇ પણ નહોતો જે ધનકુમારનું નામ ન જાણતો હોય.

ધનકુમારની આ વધતી જતી કીર્તિથી તેના ત્રણે મોટા ભાઇઓનો ઈર્ષ્યાગ્નિ વધુ જોરથી સળગી ઉઠયો. તેઓ કોઇ ને કોઇ રીતે તેને હલકો પાડવાની ઇચ્છા ધરાવતા હતા. તેઓ કોઈ એવું કામ કરવાની ઈચ્છા રાખતા હતા કે જેનાથી ધન્નાનું માન અપમાનમાં ફેરવાઇ જાય. માતા પિતા પણ તેમનો તિરસ્કાર કરવા લાગ્યા. ધન્નાના મોટા ભાઇઓને કોઇ ઉપાય મળ્યો નહીં એટલે છેવટે તેઓ પોતાના પિતા પાસે આવીને બોલ્યા.

'પિતાજી! તમારા વધારે પડતા લાડ-પ્યાર અને પ્રશંસાનું પરિણામ હવે તમારી સામે આવવાનું જ છે.'

'કેમ શું થયું!' પિતા ધનસારે ચમકીને પૂછ્યું.

'ધન્નાએ જુગારી રાજપુત્ર અરિમર્દન સાથે મૈત્રી બાંધી છે, તે પણ જુગાર રમવા લાગ્યો છે અને તેના આ નિન્દનીય આચરણથી તમારી ઉજ્જવળ કીર્તિમાં કલંક લાગશે.'

ખડખડાટ હસી પડયા ધનસાર. ત્રણે પુત્રો મૂઢ બનીને જોઇ રહ્યા. હાસ્ય રોકીને શેઠ બોલ્યા :

'તમને તો ધન્નાના ગુણ પણ અવગુણ દેખાય છે. અરે મૂર્ખાઓ! યુવરાજને જુગારનું વ્યસન હતું, પણ હવે નથી. ધન્નાએ તેનું જુગારનું વ્યસન કયારનું છોડાવી દીધું છે. જે બીજાને જુગાર રમતો અટકાવે છે, તે પોતે કેવી રીતે રમી

શકે ? છે ને હસવા જેવી વાત! મને તમારી બુદ્ધિની દયા આવે છે. એક ચિત્તો વેપાર તો કરી શકતા નથી અને નકામા ધન્નાના જ દોષ જોયા કરો છો. જાઓ, વેપાર સંભાળો. કંઇક કમાણી કરો.'

'હા, અમે પણ નિશ્ચય કર્યો છે કે અમે વેપાર કરીશું અને બતાવી દઇશું કે અમે કેટલું કમાઇ શકીએ છીએ. તમારાં વારંવારનાં ટોણાં સાંભળી–સાંભળીને અમે હેરાન થઈ ગયા છીએ.' ધનદત્તે આવેશમાં આવીને કહ્યું.

'હું તમને ટોણાં મારું છું કે તમારા હિતની વાત કરું છું ? બે વખત નિષ્ફળ જવા છતાં પણ તમારી બુદ્ધિ ઠેકાણે ના આવી ?'

'પિતાજી ! એ તો અકસ્માત હતો કે અમે નિષ્ફળ ગયા અને ધન્નો સફળ થઈ ગયો. વારંવાર એવા સંયોગ નથી મળ્યા કરતા કે ધન્ના સફળ જ થતો રહે.

'દરેક વખત ઈશ્વરદત્ત જેવા વેપારીઓને દગો પણ કરી શકાતો નથી અને નથી દરેક વખતે ઘેટા યુદ્ધની બાજી જીતી શકાતી. આ વખતે ખબર પડી જશે કે કોણ કેટલા પાણીમાં છે.' ધનદેવે કહ્યું.

'તો ફરી ત્રીજી વખત ભાગ્ય–પરીક્ષાનો કીડો સળવળ્યો છે તમારા મનમાં ?'

'તેમાં અયોગ્ય પણ શું છે ?' ધનચન્દ્ર બોલ્યો.

શેઠ ધનસાર સમજી ગયા કે પુત્રો ભાગ્ય-પરીક્ષા વિના માનશે નહીં. તેમણે આવેશમાં આવીને કહ્યું :

'હા, અયોગ્ય તો કશું પણ નથી અને આ વખતે તો તમે એવી રીતે આવ્યા છો જાણે આસમાનના તારા તોડી લાવશો. હું તમારા લોકોની યોગ્યતા સારી રીતે જાણું છું, અનુભવી ચૂકયો પણ છું.'

'આ વખતે તો તક આપી જુઓ.' ત્રણે પુત્રોએ એક અવાજે કહ્યું.

'ઠીક છે, તક આપીશ. પણ આ અંતિમ તક હશે.'

'અમને મંજુર છે.' ત્રણેએ સ્વીકૃતિ આપી દીધી.

પિતાએ ધન્નાને પણ બોલાવડાવ્યો. પુત્રોની ઈચ્છા જણાવીને કહ્યું-

'ધન્ના ! તારે એક વધુ પરીક્ષા આપવી પડશે. કારણ કે તે વિના તારા ભાઇઓને ચેન નહીં પડે.'

ધન્નાએ નમ્રતાથી કહ્યું :

'આપની આજ્ઞા શિરોધાર્ય છે, પિતાજી ! પણ વારંવારની પરીક્ષા વ્યર્થ ઝગડાનું મૂળ બને છે. ભવિષ્યમાં કોઈ પરીક્ષા ના લેશો.

'હા બેટા ! એ તો હું પહેલાં જ કહી ચૂકયો છું કે ભવિષ્યમાં કોઈ પરીક્ષા થશે નહીં.'

આ પ્રમાણે કહીને ધનસારે ચારે પુત્રોને સો-સો ભાર સોનું આપી દીધું. સાથે-સાથે મેળવેલા નફામાંથી એક-એક

દિવસ કુટુંબીજનોને ભોજન કરાવવાની શરત પણ લગાવી દીધી.

ચારે પુત્રો ચાલ્યા ગયા. ધન્ના તો પોતાના ઓરડામાં જઈને બેઠો, પણ ત્રણેભાઈ ભેગા મળીને યોજના બનાવવા લાગ્યા. પૂરતો વિચાર–વિનિમય, તર્ક–વિર્તક અને બજારની સ્થિતિ જોઈને તેમણે ત્રણેએ ભેગા મળીને સહિયારું કાપડ ખરીદવાનો નિશ્ચય કરી લીધો. તેમને આ વેપારમાં સારો લાભ થવાની ખાતરી હતી.

યોજના પ્રમાણે જ ત્રણેએ ત્રણસો ભાર સોનાનું કાપડ ખરીદ્યું અને મજૂરના માથા પર પોટલું મૂકાવીને બજારમાં જઈને બેઠા.

ઘણી વાર સુધી તેઓ બેસી રહ્યા, પણ કોઈ ખરીદનાર જ આવ્યો નહીં. ત્રણે કંટાળી ગયા. છેવટે ધનચન્દ્ર બોલ્યો :

'ભાઇ ! તમે બે તો અહીં છો જ, ત્યાં સુધી હું બજારની રુખ જોતો આવું.'

'હા, હા, જો કોઈ ગ્રાહક મળે તો ઝડપી લેજો.' બંને ભાઈઓએ કહ્યું અને જવાની સ્વીકૃતિ આપી.

ધનચન્દ્ર થોડીવાર સુધી તો બજારમાં આમ તેમ ફરતો રહ્યો. તેને કોઈ ગ્રાહક મળ્યો નહીં, પણ એક જગ્યાએ નટનો ખેલ થઈ રહ્યો હતો. તે એ ખેલ જોવા ઉભો રહ્યો અને એમાં જ મગ્ન બની ગયો. પાછા ફરવાનો તેને ખ્યાલ જ ના રહ્યો.

થોડીવાર પછી ધનદત્ત ઉઠયો. થોડા સમય માટે આમ

તેમ ફર્યો. તેને તરસ લાગી હતી. તરસ મિટાવવા માટે તેણે ભાંગનો છલોછલ ભરેલો લોટો પીધો અને પાછો ફર્યો.

ત્યાં સુધીમાં ધનદેવને શૌચ જવા માટે અદમ્ય ઈચ્છા થઈ ગઈ. તેણે ધનદત્તને કહ્યું–

'ભાઈ ! મારા પેટમાં કંઈક ગરબડ થઈ ગઈ છે. હું શૌચ જઈ આવું ત્યાં સુધી તમે અહીં જ બેસી રહેજો.'

એમ કહીને ધનદેવ જતો રહ્યો. ધનદત્તને ભાંગનો બરાબર નશો ચડયો. તે બેભાન થઈ ગયો. આ તરફ ગઠિયાઓને તો તક મળી ગઈ. તેઓએ કાપડનું પોટલું ઉઠાવીને ચાલતી પકડી. ધનદત્તને કંઈ ખબર જ ના પડી.

ધનદેવ પેટની ચૂંક મટાડીને પાછો ફર્યો ત્યારે તેણે જોયું કે ધનદત્ત બેભાન છે અને કાપડનું પોટલું ગાયબ થઈ ગયું છે. તેણે ધનદત્તને ઢંઢોળ્યો અને પૂછ્યું :

'તમે સૂઈ રહ્યા છો ? પોટલું ક્યાં ગયું ?'

ધનદત્તે તો કંઈ સાંભળ્યું જ નહીં. તે સૂતો હોત તો જાગી જાત, પણ તે તો ભાંગના નશામાં ચકચૂર હતો. ધનદેવે જોરથી ચીસ પાડી :

'શું થઈ ગયું છે તમને ? મારી વાતનો જવાબ પણ આપતા નથી ?'

ધનદેવની ચીસ સાંભળીને ધનચન્દ્ર પણ આવી ગયો. તે પણ બૂમો પાડવા લાગ્યો. આ અવાજથી ધનદત્તનો નશો

-જતો રહ્યો. નશો દૂર થતાં તે પણ ઉત્તેજિત થઈ ગયો.

ત્રણે અંદર-અંદર તેતર-હોલાંની જેમ લડવા લાગ્યા. લડે પણ ક્યાં સુધી? ત્રણે ભાઈઓ તું-તું, હું-હું કરીને ચૂપ થઈ ગયા અને ભયંકર નિરાશામાં માથું પકડીને બેસી ગયા.

સાંજે ત્રણ ભાઈ ઉદાસ મુખે પિતા સામે આવીને ઉભા રહ્યા. પિતાએ ખિજાઇ ને કહ્યું :

'ધિક્કાર છે તમને! વારંવાર હારી જાઓ છો, છતાં તમારી જિદ છોડતા નથી. ધન્નાની ઈર્ષ્યા જ કર્યા કરો છો.'

ત્રણે માથું નમાવીને સાંભળી રહ્યા અને પછી ચાલ્યા ગયા. શેઠ ધનસાર પોતાના ત્રણે પુત્રોની કુટિલતા અને ઈર્ષ્યા જોઈને નિસાસો નાખીને બેસી રહ્યા.

આ તરફ ધન્ના વિચારતો હતો કે કેવો વેપાર કરું જેનાથી પિતાની પ્રતિષ્ઠા વધી જાય અને ત્રણે ભાઇ પિતાને કંઇ કહી ના શકે. આ મૂંઝવણમાં તે બજાર તરફ જઇ રહ્યો હતો. તેણે જોયું.

એક જગ્યાએ ટોળું ભેગું થયું હતું. લોકો કંઇક વાતો કરી રહ્યા છે. તે પણ ટોળામાં જઇને ઉભો રહ્યો અને વાતો સાંભળવા લાગ્યો. એક વૃદ્ધ પુરુષ ચાર યુવાનોને દિલાસો આપી રહ્યો હતો.

'ભાઇ! હવે શાન્ત થઇ જાઓ. પિતા તો બધાના મરી જાય છે. તમારા પિતા તો વૃદ્ધાવસ્થામાં મરી ગયા છે.

નાનાં-નાનાં બાળકોને છોડીને પણ તેમનાં બાપ મરી જાય છે તો તેમને પણ સહન કરવું પડે છે.'

'હા, સહન તો એ કરશે જ, પણ તેમના પિતા વિચિત્ર હતા. તેઓ તેમની પાછળ કંઈ મૂકી ગયા નથી.' બીજાએ સહાનુભૂતિ દર્શાવી.

'અરે, એવું શી રીતે બની શકે ? શ્રીધર તો ઘણા મોટા શેઠ હતા. તેમની પાસે ધન ના હોય તે અશક્ય છે.' ત્રીજાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'એમાં નવાઇ પામવા જેવું કંઈ નથી. તેમના પિતા કંજૂસ જ નહીં, ધૂની પણ હતા. ખૂબ મોહ હતો તેમને તેમના પલંગ પર. મરતા સુધી તેમણે પલંગ છોડયો નથી. એ પલંગ તેઓ પરદેશથી બનાવડાવીને લાવ્યા હતા. એટલે સુધી કે મરતી વખતે એવી ઇચ્છા પ્રગટ કરતા ગયા કે મને પલંગ સાથે જ બાળી મૂકજો.' ચોથાએ મરનારની ધૂન જણાવી.

'પલંગ પણ ખૂબ વિચિત્ર હતો. કેટલા મોટા-મોટા પાયા હતા ?'

'તો તો પછી મરનારની ઈચ્છા પૂરી કરવા તેને પલંગ સહિત બાળ્યો હશે ને ?' પાંચમાએ આતુરતા પ્રગટ કરી.

'ક્યાંથી થાય ? તેની એ છેલ્લી ઇચ્છા પણ પૂરી ના થઈ શકી. સ્મશાનનો ચાંડાલ આડો આવ્યો. તેણે કહ્યું : નિયમ પ્રમાણે પલંગ પર મારો અધિકાર છે. અને હવે તે લાટી-બજારના એક ખૂણામાં પલંગ વેચવા બેઠો છે.'

ધન્ના લોકોની આ ટીકા સાંભળતો હતો. સાથે-સાથે તેનું મગજ પણ તેજીથી કામ કરતુ હતું. તે સમજી ગયો કે કંજૂસ શેઠનું તમામ ધન પલંગના પાયામાં છુપાયેલું હશે. તે ઝડપથી પગ ઉપાડીને લાટી-બજારમાં જઈ પહોંચ્યો.

ચાંડાલ આવતા-જતા લોકોને પલંગ ખરીદવાની વિનંતી કરી રહ્યો હતો, પણ બધા જ નાક-મોં મચકોડીને ચાલ્યા જતા. તે કહેતા-

'મરેલા માણુસનો પલંગ કોઈ મૂર્ખ માણુસ હોય તે જ ખરીદે.'

ચાંડાલ નિરાશ થઈ જતો. ધન્ના ચાંડાલ પાસે જઈ પહોંચ્યો અને કહ્યું :

'શી કિંમત છે, આ પલંગની ?'

ચાંડાલે ધન્નાને પગથી માથા સુધી જોઇ લીધો અને કહ્યું.

'મજાક શા માટે કરો છો, શેઠજી ! તમે આ પલંગને નથી ખરીદવાના.'

'એવી શું વાત છે ? શું તારે વેચવાની ઈચ્છા નથી ?'

'વેચવાની ઈચ્છા તો છે પણ....'

'પણ શું', તમે એની કિંમત જણાવો.'

'દસ ભાર સોનું આપી દો.' ચાંડાલે ડરતાં-ડરતાં કિંમત જણાવી.

'કંઈ ઓછું નહીં કરો ?' ધન્નાએ ભાવતાલ એટલા

માટે કર્યો કે જેથી ચાંડાલ પોતાની વાતમાં ફરી ન જાય.

ધન્નાને ભાવતાલ કરતો જોઈને બીજા શેઠ ભેગા થઈ ગયા. તેઓ બોલ્યા–

'ધનકુમાર ! આ પલંગ તમારે યોગ્ય નથી. આના પર એક કંજૂસ શેઠે પોતાનો જીવ છોડયો છે. મરેલા માણસની કોઈ પણ વસ્તુ ઘરમાં લઇ જવી તે યોગ્ય નથી, કુલ–પરંપરાની વિરુદ્ધ છે.'

'પણ હું એવી પરંપરા અને રૂઢિચુસ્તતાને માનતો નથી. જે ઝાડના લાકડામાંથી બનેલા પલંગ અને બીજી વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ છીએ, તે ઝાડ પર પણ અનેક પક્ષીઓ તથા જંતુઓએ પોતાનો પ્રાણ–ત્યાગ કર્યો હોય છે. શ્રીફળ વિગેરે તો પોતે જ જીવોનું કલેવર જ છે, જેને આપણે શુભ ગાનીએ છીએ. તો પછી આ પલંગમાં જ શાનો દોષ છે ?' ધન્નાએ કહ્યું.

તેના તર્કયુકત જવાબને સાંભળીને બધા ચૂપ થઇ ગયા. ધન્નાએ દસ ભાર સોનામાં પલંગ ખરીદી લીધો અને એક હલકી જ્ઞાતિના મજૂર પાસે માથા પર મૂકાવીને ઘેર લઈ આવ્યો.

જેવો મજૂરે માથા પરથી પલંગ ઉતાર્યો કે તરત જ ધનદત્ત, ધનદેવ અને ધનચન્દ્ર ત્રણે ભાઈઓએ બૂમાબૂમ કરી મૂકી. ત્રણે ભાઇઓ જોર–જોરથી ચીસો પાડવા લાગ્યા :

'આ ચાંડાલ પાસેથો ખરીદેલો પલંગ છે. અમે તે

આપણા ઘરમાં રાખવા દેવાના નથી. આપણુ તો ઘર છે, કોઈ સ્મશાન નથી કે મડદાંના પલંગ અહીં રાખવામાં આવે.'

પુત્રોની બૂમાબૂમ સાંભળીને શેઠ ધનસાર બહાર ધસી આવ્યા. તેમની પાછળ-પાછળ શેઠાણી શીલવતી પણ આવી ગઈ અને ત્રણે વહુઓ પણ આવી ગઈ. ત્રણે ભાઇઓ બધાને આ પલંગ બતાવી-બતાવીને કહેતા.

'જુઓ પિતાજી ! જુઓ મા ! અને તમે જુઓ તમારા લાડકા દિયરની ભાભીઓ ! જુઓ આ ધન્નાનાં કારસ્તાન ! મડદાનો પલંગ ખરીદી લાવ્યો છે. ઘરને સ્મશાન બનાવી દેવા માગે છે. તેની અક્કલ પર પથરા પડી ગયા છે...'

શેઠ ધનસાર મોટેથી બોલ્યા.

'તમે આટલી બધી બૂમો શા માટે પાડો છો ? તે ખરીદી લાવ્યો છે, તો કંઈક વિચાર કરીને જ ખરીદી લાવ્યો હશે. પહેલાં શાન્તિથી પૂછો તો ખરા કે તેણે આ પલંગમાં એવું તે શું જોયું કે તે ખરીદી લીધો ?'

ધનદેવે ગુસ્સે થઇને કહ્યું-

'તમને તો ધન્નાના દરેક કામમાં સારી વાત જ દેખાય છે. પણ હું આ પલંગને ઘરમાં રહેવા દેવાનો નથી.'

બીજા બંનેએ તેમાં સંમતિ આપતાં જણાવ્યું.

'બિલકુલ સાચી વાત. આ પલંગને અત્યારે જ તોડી-ફોડીને ફેંકી દો. જોઈએ તો ખરા કે ધન્નો આપણને

શું કરી લેવાનો છે ?'

ધન્ના ચૂપચાપ ઉભો-ઉભો હસતો રહ્યો. તેણે ભાઇઓને રોકયા પણ નહીં અને એક શબ્દ પણ કહ્યો નહીં. પિતા ધનસાર તેના હાસ્યને જોઈ રહ્યા હતા અને સમજતા હતા કે નકકી આ પલંગમાં કોઈ રહસ્ય હોવું જોઇએ, નહીં તો ધન્ના એ ખરીદે નહીં. મા અને ભાભીઓ અવાક્ બનીને જોઇ રહ્યાં હતાં.

ત્રણે ભાઈ એક સાથે આગળ વધ્યા અને તેમણે પલંગને ઉપાડીને જમીન પર પછાડયો. એક વખત, બે વખત, ચાર-પાંચ વખત પછાડવાથી પલંગના સાંધા હાલી ગયા. પાટિયાં અને પાયા જુદા થઇ ગયા.

આવેશમાં આવીને ત્રણેએ પાયા ઉઠાવ્યા અને પથ્થર સાથે ફાડ્યા. પાયા તૂટી ગયા, પણ તેમાંથી રત્નોનો ભંડાર નીકળીને આમ-તેમ વિખરાઈ ગયો. બધાની આંખો પહોળી થઈ ગઇ. રત્નોનો પ્રકાશ ચારે તરફ ઝગમગવા લાગ્યો.

ધનકુમારે તૂટેલા પાયા અને પાટિયાં ઘરની બહાર નાખી દીધાં.

આ ત્રીજી અને અંતિમ ભાગ્ય-પરીક્ષામાં પણ ધન્ના જ વિજયી થયો અને ત્રણે ભાઇઓ હારી ગયા. પરંતુ તે ત્રણેએ હજુ પણ ઈર્ષ્યા છોડી નહીં, ગુણગ્રાહક ના બન્યા.

ઈર્ષ્યાની આગમાં બળતા-શેકાતા જ રહ્યા.

આ પ્રસંગથી ધન્નાની કીર્તિમાં વિશેષ વધારો થયો. આખું નગર તેની પ્રશંસાનાં ગીત ગાવા લાગ્યું. તેની અસાધારણ બુદ્ધિની ચર્ચા મહારાજ જિતશત્રુના સાંભળવામાં પણ આવી. તેમણે મનમાં ને મનમાં જ ધન્નાની બુદ્ધિનો ઉપયોગ રાજ્યની ઉન્નતિ માટે કરવાનો નિશ્ચય કરી લીધો.

## ૬

બીજા દિનસે ધન્ના પ્રાતઃકાળની ધાર્મિક ક્રિયાઓ સામાયિક વિગેરે પછી સવારનો નાસ્તો લઈને પરવાર્યો જ હતો, ત્યાં તો મહારાજ જિતશત્રુનો અંગત રથ દરવાજા પર આવીને ઉભો રહ્યો. સેવકે મસ્તક નમાવીને કહ્યું.

'શ્રેષ્ઠિપુત્ર ! મહારાજે તમને અત્યારે જ બોલાવ્યા છે.'

ધન્ના રાજમહેલમાં પહોંચ્યો. મહારાજ તે વખતે મહેલના સાતમા માળે એકાંત ઓરડામાં બેઠા-બેઠા તેની રાહ જોઈ રહ્યા હતા.

ધન્નાએ ઓરડામાં પ્રવેશ કરીને પ્રણામ કર્યા તો તેનું સ્વાગત કરતાં સ્નેહપૂર્ણ અવાજે મહારાજે કહ્યું :

'આવો ધનકુમાર ! અહીં બેસો.'

અને નજીકમાં જ પડેલા સુખાસન તરફ ઈશારો કર્યો.

બેસીને ધન્નાએ પૂછ્યું.

'શી આજ્ઞા છે, મહારાજ ?'

આજ્ઞા નહીં, સમસ્યા છે. તમારી મદદની જરૂર છે.'

ધન્ના મૌન રહીને મહારાજના મુખ તરફ જોવા લાગ્યો. મહારાજ જ ફરીથી બોલ્યા :

'ધનકુમાર ! રાજ્યનું નાણા-તંત્ર બગડી રહ્યું છે. ખજાનો ખાલી થતો જાય છે. કરની આવક દિવસે દિવસે ઘટતી જાય છે. કોણ જાણે કેમ પણ વેપારીઓ કર થોડો આપે છે. પરદેશી વેપારીઓનું પણ આવવાનું ઓછું થઈ ગયું છે. હું કડક બનવા નથી માગતો. તમે એવો ઉપાય બતાવો કે જેનાથી રાજ્યની આવક વધે અને દેશની ઉન્નતિનાં કાર્યો થઈ શકે.'

ધન્ના થોડી વાર સુધી વિચાર કરતો રહ્યો, પછી બોલ્યો–

'મહારાજ ! કરવૃદ્ધિ અને પરદેશી વેપારીઓને આકર્ષવાનું એક જ સાધન છે– વેપારીઓની સલામતી. આપણા દેશની સરહદો સલામત નથી. વેપારીઓ લુંટાય છે. જો વેપારીઓની સલામતીની યોગ્ય વ્યવસ્થા હશે તો તેઓ અહીં આવશે અને તેઓ ખુશ થઈને તમને કર આપશે. તેનાથી રાજ્યનો ખજાનો ભરાઈ જશે અને દેશની ઉન્નતિનાં કાર્યો થઇ શકશે.'

'તમારું સૂચન તો બરાબર છે. પણ સલામતી માટે લશ્કર વધારવું પડશે. તેને માટે ધન જોઇએ. રાજ્યના ખજાનાની સ્થિતિ એવી નથી કે લશ્કર વધારી શકાય. તેમાં પણ મુશ્કેલી તો ધનની જ રહે છે.'

બંને થોડી વાર સુધી વિચારતા રહ્યા. પછી રાજા બોલ્યા.

'ધનકુમાર! એવો કોઈ ઉપાય બતાવો કે જેનાથી પહેલાં આવક વધી જાય. આવક વધશે તો નાણું-તંત્ર સ્થિર થઇ જશે. શું એવું ના થઈ શકે કે વેપારીઓ અગાઉથી કર આપીને મને મદદરૂપ થાય ?'

'થઈ શકે, મહારાજ! પ્રજાવત્સલ રાજા માટે વેપારીઓના ખજાના કાયમ માટે ખુલ્લા રહે છે. પણ હું અત્યારથી કોઈ આશ્વાસન આપી શકું નહીં. પહેલાં હું મુખ્ય શેઠિયાઓની ઇચ્છા જાણી લઉં, પછી તમે એ સૌને બોલાવીને તમારી તકલીફ જણાવજો....'

'બિલકુલ બરાબર છે. તમે ચર્ચા કરીને શેઠિયાઓની ઇચ્છા જાણીને મને જલદી જણાવી દો.'

ધન્ના ઉભો થયો. પ્રણામ કરીને ચાલવા લાગ્યો તો મહેલના દરવાજા સુધી તેને વળાવવા મહારાજ પોતે આવ્યા. તેમણે રથમાં બેસીને જવાનો આગ્રહ કર્યો તો ધન્નાએ વિનમ્ર શબ્દોથી નકારીને કહ્યું :

'ના મહારાજ! હું પગે ચાલીને જ જઇશ. મારે વેપારીઓ સાથે વાતો પણ કરવી છે. તમારો રથ મોટાઈનું પ્રતીક છે, એટલે વેપારીઓ સાથે ખુલ્લા દિલે વાતો ના થઇ શકે.'

મહારાજ ચૂપ થઈ ગયા. ધન્ના પગે ચાલીને જ ગયો.

રાજમાર્ગ પસાર કરીને તે વણિક શેરી તરફ વળ્યો. એક વિશાળ ભવન આગળ ભીડ જમા થઇ રહી હતી. કર્મચારીઓ લોકોને દૂર કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પણ લોકો જવાનું નામ દેતા ન હતા.

વહેંચણીનો ઝગડો ચાલી રહ્યો હતો અને તે પણ કરોડપતિ શેઠના પુત્રો વચ્ચે. આવો તમાશો જોવાની તક કોણ જવા દે? આવા પ્રસંગ ક્યાં રોજ–રોજ આવે છે?

ધન્ના પણ ભીડમાં દાખલ થઈ ગયો. તેણે જોયું કે તું–તું, હું–હું રેતી માટે થઈ રહ્યું છે. બીજા પણ કેટલાક વેપારીઓ ઉભા હતા, પણ રેતના ઝગડાનો નિકાલ આવતો ન હતો. ધન્નાએ એક શેઠને પૂછ્યું :

'આ રેતીની શી વાત છે?'

તે શેઠ ધનકુમારને તરત ઓળખી ગયો અને બોલ્યો.

'વાત તો શાની, ધનકુમાર! આ તો વાતનું વતેસર થઇ રહ્યું છે. વલ્લભ શેઠ પણ વિચિત્ર હતા. કેટલીય કોઠીઓ રેતી ભરી રાખી છે. તેમનું કુટુંબ સાત પેઢીથી કરોડપતિ છે, પણ કોણ જાણે તેમને રેતી પર શો ભાવ હતો કે તેને કાળજીથી સાચવી રાખી છે.

'તેમના મૃત્યુ પછી ત્રણ પેઢીઓ સુધી તો સહિયારું ચાલ્યું, ત્યાં સુધી કોઈ ઝગડો ન હતો. પણ હવે વહેંચણી થઈ રહી છે.

'બાકીનું બધું તો સહી–સલામત વહેંચાઈ ગયું, પણ

આ રેતીની તકલીફ છે. કોઠાર તો બધા જ ખાલી કરાવીને પોતાના અધિકારમાં લેવા માગે છે, પણ આ રેતીને ફેંકાવવાની મજૂરી આપવા કોઈ તૈયાર નથી.'

'પણ વલ્લભ શેઠે કંઇક વિચાર કરીને જ રેતી ભરી હશે ને ?' ધન્નાએ કહ્યું.

ત્યાં સુધીમાં વલ્લભ શેઠના પ્રપૌત્રો પણ આવી ગયા. તેઓએ કહ્યું :

'કોણ જાણે તેમણે શું વિચાર્યું હતું ? અમારા ધારવા પ્રમાણે તો તેઓ ધૂની જ હતા. તમે પોતે જ આવીને જોઇ લો. નકામી જ રેતી ભરેલી છે.'

ધન્નાએ રેતી જોઈ. તે સમજી ગયો કે આ તેજુન્તરી રેત છે. તેમાંથી સોનું બને છે. તે આવો વિચાર કરતો હતો, ત્યાં જ વલ્લભ શેઠના પ્રપૌત્રોએ કહ્યું–

'તમે પણ મૂંઝવણમાં પડી ગયા ને. નકામી રેતીને કોઠારમાં ભરી રાખી છે. ફેંકાવી દેવામાં આવે તો કોઠાર ખાલી થઈ જાય અને કશા ઉપયોગમાં આવે.'

ધન્ના સમજી ગયો કે આ લોકો રેતીના ગુણને જાણતા નથી. તેણે પૂછ્યું :

'તો તમારે માટે આ તદ્દન નકામી છે ?'

'અરે ભાઈ ! રેતી હોય છે જ શા કામની ?' શેઠના પ્રપૌત્રોએ મોં બગાડીને કહ્યું.

'તો તમે લોકો એ મને વેચી દો.'

'એમાં શું વેચવાનું ? તમે એમ જ લઈ જાઓ. અમારા કોઠાર તો ખાલી થાય.'

'ના, કિંમત આપ્યા વિના કોઈની પાસેથી તણખલું પણ લેવું જોઈએ નહીં.'

'તો તમને ઠીક લાગે તે આપી દો.

'ના, કિંમત તો તમે જ જણાવો.'

'આવી રેતીથી પાંચ કોઠાર ભરેલા છે. તમે માનતા નથી તો દસ ભાર સોનું આપી દો.'

'બરાબર, હું હમણાં જ ગાડાં મોકલું છું. તમે લોકો રેતી ભરવા દેજો.'

ધન્નાએ સોદો પાકો કરી દીધો. શેઠના પ્રપૌત્રોએ આભાર વ્યક્ત કરતાં કહ્યું-

'ધનકુમારજી ! તમે અમારી બહુ મોટી મૂંઝવણ ઉકેલી કાઢી.'

ગાડાં દ્વારા મંગાવેલી રેતી જયારે ધનસાર શેઠના કોઠારોમાં ભરાવા લાગી ત્યારે ધનદત્ત, ધનદેવ અને ધનચન્દ્રએ ફરીથી પિતાને ફરિયાદ કરી

'પિતાજી ! ધન્નાને હવે આ નવી ધૂન લાગી છે. કોઠારોમાં રેતી-માટી ભરાવી રહ્યો છે. પછી આપણે આપણો માલ કયાં ભરીશું ?'

'બેટા ! મહેલના વીસે-વીસ કોઠાર આમ જ ખાલી

પડી રહ્યા છે. પાંચ કોઠારમાં તે રેતી ભરે તો પણ શું થયું? બાકીના કોઠારમાં તમે સારો-સારો માલ ભરાવજો.'

આમ કહીને પિતાએ પુત્રોને ચૂપ કરી દીધા. પુત્રો પણ ચૂપ થઇ ગયા. તેઓ જાણતા જ હતા કે પિતા તો ધન્નાનો જ પક્ષ લેશે.

બીજા દિવસે જ રાજદરબારમાં એક વેપારી આવ્યો. તેણે રાજાને કહ્યું-

'રાજન્! મારે તેજુન્તરી રેતીની જરૂર છે, તેના વિના મારી પ્રયોગશાળા બંધ પડી છે. હું અનેક દેશોમાં જઇ આવ્યો, પરંતુ મને ક્યાંય પણ તેજુન્તરી રેતી મળી નહીં. મોટી આશા લઇને હું તમારા નગરમાં આવ્યો છું. તમારા રાજ્યમાં તો સાત સાત પેઢીના કરોડપતિઓ રહે છે. અહીં તો જરૂર મળી જવી જ જોઈએ.'

રાજા જિતશત્રુએ પણ તેજુન્તરી રેતીનું નામ પહેલી જ વાર સાંભળ્યું હતું. પણ પોતાનું અજ્ઞાન પ્રગટ કરીને તે વેપારની નજરમાં પોતાની જાતને નીચી દર્શાવવા માગતા ન હતા, તેથી કહ્યું-

'શેઠ! તમે મહેમાનગૃહમાં આરામ કરો. હું નગરમાં ઢંઢેરો પિટાવું છું. મને વિશ્વાસ છે કે, તમારે નિરાશ નહીં થવું પડે.'

પરદેશી વેપારી મહેમાન-ગૃહમાં રોકાઇ ગયો. રાજાએ ઢંઢેરો પિટાવ્યો. ત્રણ દિવસ પસાર થઇ ગયા, પણ તેજુ-

ન્તરી રેતી આપનાર કોઈ શેઠ આવ્યો નહીં. રાજાને ચિંતા થઇ. તેમણે તરત જ પોતાના અંગત ખંડમાં ધન્નાને બોલાવડાવ્યો અને પોતાની મૂંઝવણ કહી.

'ધનકુમાર! નગરની પ્રતિષ્ઠાનો સવાલ છે. જો પરદેશી વેપારીને તેજુન્તરી રેત નહીં મળે તો તે બધી જગ્યાએ રાજ્યની બદનામી કરતો ફરશે...'

'મહારાજ, એમ નહીં થાય.' ધન્નાએ વચમાં જ વાત કાપી નાખીને કહ્યું.

'તો કંઈક વ્યવસ્થા કરો.'

'સમજી લો કે થઇ ગઈ.'

રાજા જિતશત્રુ મુંઝાયા અને બોલ્યા

'વાતની ગંભીરતાને સમજો, ધનકુમાર મજાક છોડો.'

'મજાક નથી કરતો મહારાજ! સાચી વાત કહું છું. તેજુન્તરી રેતની ચિંતા તમે ના કરશો. વેપારીને રેત મળી જશે.'

'તેનો અર્થ તો એવો થયો કે તમારી પાસે રેત છે.'

'તમારું અનુમાન સાચું છે.'

'તો પછી પહેલાં તમે જાતે જ મારી પાસે કેમ ના આવ્યા? વેપારી શું વિચારતો હશે? અત્યાર સુધી શા માટે તેને રેત ના વેચી?'

'તેનું કારણ હતું મહારાજ! તમે ધીરજથી સમગ્ર વાત સાંભળો.'

'બતાવો, શું કારણ હતું ?'

ધન્ના કહેવા લાગ્યો-

'ચાર દિવસ પહેલાં જ્યારે હું આપને મળીને ઘેર જતો હતો ત્યારે વણિક શેરી તરફ ગયો હતો. ત્યાં શેઠ વલ્લભના પ્રપૌત્રો વચ્ચે મિલકતની વહેંચણી થઇ રહી હતી.

'તેના પાંચ કોઠારમાં તેજુન્તરી રેત ભરેલી હતી. તે લોકોને આ રેતના ગુણની ખબર ન હતી, તેથી તેને બહાર ફેંકાવી દેવાનો વિચાર કરી રહ્યા હતા.

'મેં તે રેત ખરીદી લીધી. ત્રણ દિવસ સુધી એક સોનીની મદદથી હું થોડી રેતમાંથી સોનું બનાવવાનો પ્રયોગ કરતો રહ્યો.'

ધન્નાએ આગળ કહ્યું-

'મહારાજ ! મારો પ્રયોગ આજે રાતે જ સફળ થયો છે. હવે મેં જાણી લીધું છે કે કેટલી રેત અને કેટલી મહેનત તથા ખર્ચની મદદથી કેટલું સોનું બની શકે છે.

'ગઇ કાલ સુધી હું પોતે જ રેતની કિંમત જાણતો ન હતો. આજે મને તેની કિંમત ખબર પડી ગઇ છે.

'જો મને રેત વેચવામાં નફો મળશે તો હું રેત જરૂર વેચીશ, નહીં તો સોનું બનાવીને વેચીશ. મને તો વધુ લાભ થાય એ કામ કરવામાં જ રસ છે.'

રાજાએ હસીને કહ્યું-

'વણિક છો ને, એટલે લાભ પહેલો જુઓ છો.'

'એ તો મારો જાતિગત સ્વભાવ છે. એને કેવી રીતે છોડી શકું ?' આમ કહીને ધન્ના પણ હસવા લાગ્યો.

રાજા જિતશત્રુ ગંભીર બનીને બોલ્યા.

'ઓહો, હવે હું સમજ્યો કે તે વેપારી રેત માટે કેમ આટલાં ફાંફાં મારે છે. તેજુન્તરી રેતમાંથી સોનું નાકળે છે ?'

'હા મહારાજ ! એ જ એનું મહત્ત્વ અને ગુણ છે, જે કોઈ વિરલા જ જાણે છે.'

'તો હવે શું વિચાર છે, એ વેપારીને રેત વેચશો કે નહીં ?'

'શા માટે ના વેચું ? વેચીશ, અને તે પણ ભરપૂર કિંમત લઈને.'

'બરાબર, પણ આજે રાજદરબારમાં યોગ્ય સમયે આવી જજો.'

રાજાની ચિંતા દૂર થઈ. ધન્ના પોતાને ઘેર ગયો. યોગ્ય સમયે ધન્ના રાજદરબારમાં આવી પહોંચ્યો. તે પોતાના નિશ્ચિત સ્થાન પર બેઠો. વેપારી આવ્યો એટલે રાજાએ તેને કહ્યું

'શેઠ તમારે મારા નગરમાંથી નિરાશ બનીને પાછા ફરવું નહીં પડે. તમે ધનકુમાર સાથે વાત કરી લો.'

ધનકુમાર અને પરદેશી વેપારી બંને વચ્ચે વાતચીત થઈ. વેપારીએ કિંમત આપીને બધી જ રેત ખરીદી લીધી

અને તે રાજા જિતશત્રુના સંપૂર્ણ શેઠ સમાજનાં તથા પ્રતિષ્ઠાનપુરના વખાણ કરતો કરતો ચાલ્યો ગયો.

પરદેશી વેપારી પાસેથી મળેલું બધું ધન રાજાને અર્પણ કરતાં ધન્નાએ કહ્યું

'મહારાજ! આ ધનને રાજખજાનામાં જમા કરાવી દો.'

'પણ આ ધન તો તમારું છે, તમે કમાણી કરેલું છે.'

ધન્નાએ કહ્યું-

'મહારાજ! ધનનો સાચો ઉપયોગ જન-કલ્યાણમાં છે, સંગ્રહ કરવામાં નહીં. આ ધનને હું શું કરીશ ? તમે આ ધનથી પ્રજાહિતનાં કામ કરજો.'

'પણ હું તમારા દ્વારા કમાણી કરેલ સંપૂર્ણ ધન કેવી રીતે લઈ શકું ? ફકત દશમો ભાગ લેવું યોગ્ય છે.'

'તેને મારી તુચ્છ ભેટ સમજીને સ્વીકારી લો.'

હવે રાજા લાચાર થઈ ગયા. તેમને બધું ધન સ્વીકારવું જ પડ્યું. ગળગળા અવાજે તેમણે કહ્યું—

'ધનકુમાર ! ધન્ય છે તમને ! તમારો ત્યાગ અનુપમ છે. તમારા જેવો ત્યાગી પુરૂષ મેં જીવનમાં પહેલી વખત જોયો છે. ધન્ય છે તમારાં માતા-પિતાને.'

અને રાજાની સાથે બધા જ દરબારીઓ ધન્ય ધન્ય બોલી ઉઠયા. રાજા જિતશત્રુએ પોતાની ઈચ્છા પ્રગટ કરી.

'સભાસદ ભાઈઓ ! ધનકુમાર નર નહીં નર રત્ન છે.

આપણા દેશની શોભા છે. મારી ઈચ્છા છે કે તેમને નગર-શેઠની પદવી પર બેસાડીને આપણા દરબારની શોભા વધારું.'

'ધનકુમાર આ પદ માટે સર્વથા યોગ્ય છે. તેમના વિલક્ષણ અને અનુપમ ત્યાગથી અમે બધા પ્રભાવિત છીએ. અમે ઈચ્છીએ છીએ કે મહારાજ પોતાની ઈચ્છાને તરત જ અમલમાં મૂકે.' બધા દરબારીઓ આનંદથી બોલી ઉઠયા.

બધાની સંમતિ મળી ગઈ. ધન્નાએ તો કહ્યું પણ ખરું :

'મહારાજ ! મારાથી વધુ ઉંમરવાળા, અધિક અનુભવી અને વિશેષ સંપત્તિવાળા શેઠિયાઓ આપણા નગરમાં મોજુદ છે. તેમનામાંથી જ કોઇને આ પદ પર સુશોભિત કરવામાં આવે.'

પણ ધન્નાની વાત કોણ સાંભળે ? આખી સભાના અવાજ સામે તેનો નમ્ર વિરોધ દબાઈ ગયો.

તરત જ શેઠ ધનસારને બોલાવવામાં આવ્યા. અને તેમની સમક્ષ ધન્નાને નગરશેઠની પદવી પર અભિષિક્ત કરવામાં આવ્યો.

પિતા પોતાના પુત્રની આવી પ્રગતિથી ગળગળા થઇ ગયા. પુત્રએ પિતાના ચરણ-સ્પર્શ કર્યા તો પિતા તેને ભેટી પડયા અને હર્ષ તથા પ્રેમથી મિશ્રિત આંસુઓથી તેનો અભિષેક કરવા લાગ્યા.

નગરના રાજા જિતશત્રુ સહિત બધા દરબારીઓએ ધન્ય ધન્ય કહીને શેઠ ધનસારનું માન વધાર્યું અને આનંદ પ્રગટ કરતાં મહારાજે કહ્યું–

'શેઠ ! આખું નગર તમારું ઋણી છે કે તમે આવું નરરત્ન આપ્યું.'

વિદાય કરતી વખતે મહારાજે જાતે પોતાના હાથનો ટેકો આપીને રથમાં ધન્ના અને તેના પિતા ધનસારને બેસાડયા અને થોડે દૂર સુધી રથ સાથે પગે ચાલવા લાગ્યા.

આ રીતે પ્રજાવત્સલ રાજાએ પ્રજાહિત માટે ત્યાગ કરનાર ધન્નાને સમ્માન આપ્યું. તેના અનુપમ ત્યાગ માટે આ માન હતું.

નગરશેઠનાં ચિન્હોથી શોભતો ધન્ના રથમાં બેસીને જ્યારે પોતાને ઘેર પહોંચ્યો ત્યારે માતા શીલવતી, ધન્નાની ત્રણે ભાભીઓ તેના પર વારી ગઈ. તેમના આનંદની સીમા ન રહી. તેમણે ખૂબ પ્રેમથી ધન્નાનાં ઓવરણાં લીધાં. માતા પોતાના સૌભાગ્યને વખાણવા લાગી અને ભાભીઓ તો તેને જોતાં જ ધરાતી ન હતી.

ત્યાગ સર્વત્ર માન પામે છે. નગરના બધા લોકો ધન્નાને માન આપવા લાગ્યા. તે જ્યાં જતો ત્યાં લોકો તેને માન આપવા લાગ્યા.

પણ બીજાના દોષ જ જોવાની ટેવવાળા લોકો કોઈને કોઇ દોષ શોધી જ કાઢે છે. માળીની જેમ તેઓ વિષ્ટા–ગંદકીમાં જ લપટાય છે.

ધનદત્ત, ધનદેવ અને ધનચંદ્ર ત્રણે ભાઈઓએ પણ ધન્નાને દોષી ઠરાવવા માટે એક વાત શોધી જ કાઢી. તેઓ પિતા પાસે આવીને બોલ્યા—

'પિતાજી! તમે તો તમારા લાડકા બેટાને નગરશેઠ બનેલો જોઈને આનંદ મનાવો છો, પણ તમને નગરના કશા સમાચાર મળ્યા છે? લોકો કેવી-કેવી વાતો કરે છે?'

'શું કહે છે લોકો?' પિતાએ પૂછ્યું.

'લોકો કહે છે કે 'ધન્નાએ નગરશેઠનું પદ લઈને પોતાનું અભિમાન જ પ્રગટ કર્યું છે. આટલી નાની ઉંમરમાં આ પદ લેવું તેને માટે શોભાસ્પદ નથી. બીજું બધું તો ઠીક છે, પરંતુ ધનસારે પણ કંઇ કહ્યું નહીં. પિતા હોવા છતાં પણ પુત્ર આટલું મોટું પદ લે તે સર્વથા અયોગ્ય છે.' આવી આવી વાતો કરીને લોકો આપણા કુળની ખૂબ બદનામી કરી રહ્યા છે.'

પૂત્રોની વાત સાંભળીને પિતાએ પોતાનું માથું કૂટયું. તેઓ દુ:ખી થઈને બોલ્યા—

'ઈર્ષ્યાળુઓ! કોઇ કશું જ કહેતું નથી, આ તો તમારી ઈર્ષ્યા જ બોલી રહી છે. હું તો તમને સમજાવી સમજાવીને થાકી ગયો, છતાં તમારામાં સમજણ ના આવી. પથ્થર પર પણ દોરડાનાં નિશાન પડી જાય છે, તેપણ લાંબે ગાળે ઘસાય છે, પણ તમે તો એવા કઠોર પથ્થર છો કે તમારા પર મારી કોઇ વાતની અસર પડતી નથી.

'ભવિષ્યમાં ધન્ના બાબતમાં તમે લોકો મને કંઈ પણ કહેશો નહીં. હું પણ તમને કંઈ કહેવાનો નથી. તમને ફાવે તેમ કરો, પણ એટલું ધ્યાન રાખજો જેવું કરશો, તેવું પામશો. તમારી ઈર્ષ્યા એક દિવસ તમને ક્યાંયના રહેવા દેશે નહીં.'

પિતાનાં વચનમાંથી ત્રણે ઇર્ષ્યાળુ ભાઈઓએ એક જ વાત પકડી કે 'તમને ફાવે તેમ કરો, હું તમને કંઇ કહે-વાનો નથી.' તેનો અર્થ તેમણે એવો ઘટાવ્યો કે પિતાએ તેમને ફાવે તે કરવાની સ્વતંત્રતા આપી દીધી. ત્રણે ખુશ થઈને ચાલ્યા ગયા.

ધન્ના એ ત્રણેની આંખમાં એટલો બધો ખટકવા લાગ્યો હતો કે તેઓ તેને એક પળ માટે પણ સહન કરી શકતા ન હતા. ધન્નાને હલકો પાડવા માટે તેમણે જેટલા પ્રયત્ન કર્યા, એટલો જ તે ઊંચો ચડતો ગયો, સાથે-સાથે તેની પ્રગતિથી તેમની ઇર્ષ્યા પણ વધતી જ ગઇ.

હવે તો ધન્ના યુવરાજ અરિમર્દનનો મિત્ર અને મહારાજનો પ્રિય હતો. તેની વિરૂદ્ધ તેઓ કંઇ પણ કરી શકતા ન હતા. ત્રણ-ત્રણ વખત ભાગ્ય-પરીક્ષા કરવામાં આવી, તેમાં પણ તેઓ નિષ્ફળ થઇ ચૂકયા હતા.

તેથી બધી બાજુથી નિરાશ થઈને બીજો કોઇ ઉપાય ન દેખાતાં તેઓ ત્રણે એક રાત્રે એકાંત ઓરડામાં બેઠા અને કોઇ પણ રીતે ધન્નાને ખતમ કરી નાખવાનો ઉપાય

વિચારવા લાગ્યા.

તેઓએ ખૂબ ચર્ચા-વિચારણા કરી અને છેવટે નિર્ણય કરી લીધો કે 'મોકો મળતાં જ ધન્નાને યમલોક પહોંચાડી દેવો.'

દિવાલને પણ કાન હોય છે. ત્રણે ભાઇ સમજતા હતા કે તેમની આ ગુપ્ત મંત્રણા અને આ કપટજાળના સમાચાર કોઈને ખબર પડશે નહીં અને તેઓ તેમની યોજનામાં સફળ થઇ જશે, પણ તેમની અર્ધાંગિનીઓ જ તેમાં બાધક બની ગઈ.

ધનશ્રીને જ્યારે ખબર પડી કે ત્રણે ભાઈ એકાંત ઓરડામાં ઘણા સમયથી બેસીને કંઈક ગુસપુસ કરી રહ્યા છે, ત્યારે તેને કંઈક રંધાઈ રહ્યું છે એમ લાગ્યું. તેથી તેણે દિવાલની બહારની બાજુ કાન લગાવીને સાંભળવાનો પ્રયત્ન કર્યો.

ધન્નાના વધનું ષડયન્ત્ર સાંભળીને તેનાં રોમે-રોમ ધ્રૂજી ઉઠયાં. તેણે આ વાત પોતાની દેરાણીઓને જણાવી તો તે પણ સ્તબ્ધ બની ગઈ. એક વાર તો તેમની આંખો સામે અંધકાર છવાઈ ગયો. પછી બોલી-

'આ તો અત્યંત ખરાબ કહેવાય.'

'ખરાબ જ નહીં', પણ આખા કુટુંબ પર સંકટ આવી પડશે. દિયરજી રાજાના અત્યંત પ્રિય છે અને યુવરાજના

વિશ્વાસુ મિત્ર છે. આખું નગર તેમને માન આપે છે. તેમનું મોત આપણા બધા પર વજ્ર બનીને તૂટી પડશે. રાજા આ ત્રણે ભાઇઓને શૂળી પર....'

અને ધનશ્રી આગળ ના બોલી શકી. ત્રણેના ચહેરા ઉદાસ થઇ ગયા. દેરાણીઓએ હિંમત કરીને ધનશ્રીને પૂછ્યું—

'તો હવે આપણે શું કરવું જોઇએ ?'

'આપણા પતિઓને સમજાવવાનો તો અર્થ નથી, તેઓ તો માનશે જ નહીં. દિયરજીને જ સાવચેત કરી દેવા જોઈએ.' ધનશ્રીએ કહ્યું.

તેની વાત બધાને ગમી ગઇ. તક જોઈ ને ત્રણે ભાભીઓ એકાન્તમાં દિયરને ઘેરી વળી અને ગંભીર અવાજે કહ્યું—

'દિયરજી ! વાત હવે ઘણી આગળ વધી ગઈ છે. ત્રણે ભાઈ તમારા જીવના તરસ્યા બની ગયા છે. અમે કાનોકાન તેમને યોજના બનાવતાં સાંભળ્યા છે. તમે અમારા પર વિશ્વાસ રાખીને ખાસ સાવચેત રહેજો.'

ભાભીઓની વાત સાંભળીને ધન્ના અવાક્ બની ગયો. એટલું તો તે પણ જાણતો હતો કે તેના ભાઈ તેની ઈર્ષ્યા કરે છે.

પણ ઇર્ષ્યાની આ આગ તેનો જીવ લેવા સુધી જશે

તેની તો તેને કલ્પના પણ ન હતી.

તે પોતાના સૂવાના ઓરડામાં જઈને વિચારમગ્ન બની ગયો. તેણે વિચાર્યું :

'જ્યાં સુધી હું અહીં રહીશ, ત્યાં સુધી ભાઈઓની ઇર્ષ્યા શાન્ત થશે નહીં. મારે ઘેરથી જતા રહેવું જોઈએ. ઘરમાં શાન્તિ રાખવાનો આ જ એક માત્ર ઉપાય છે. હું જતો રહીશ તો બધું બરાબર થઈ જશે. મા, પિતાજી અને ભાભીઓને દુઃખ તો થશે; પણ થોડા દિવસમાં બધા ભૂલી જશે. મને પણ ઓછું દુઃખ તો નથી થવાનું, પણ મોહનું બંધન તોડયા વિના નહીં ચાલે.'

તેણે ઘર છોડવાનો દૃઢ નિશ્ચય કરી લીધો, વિચાર્યું.

**ઈજ્જત એને મળી જે વતનથી નીકળી ગયો.**

ધન્નાએ પોતાના મનમાં શાન્તિ ધારણ કરી અને રાત્રિના સમયની ધાર્મિક ક્રિયાઓ કરવા બેસી ગયો. આજે તેણે આ ક્રિયાઓમાં વધુ સમય વિતાવ્યો. ઘણી વાર સુધી તે આત્મ ચિંતન કરતો રહ્યો. તે પછી ઉઠીને પોતાની પથારીમાં સૂઈ ગયો.

ચાંદની શીતળ હતી, પણ ધન્ના બેચેન હતો. તેને ઊંઘ નહોતી આવતી. પાસાં બદલતાં-બદલતાં મધરાત વીતી ગઈ. ચન્દ્રમા માથા ઉપર મધ્ય આકાશમાં ચમકવા લાગ્યો હતો. ધન્નાના મનમાં એક પછી એક અનેક વિચારો ઉમટી રહ્યા હતા. ચન્દ્રમાને જોઈને તે વિચારવા

લાગ્યો—

'આ પણ યાત્રી છે. ઘર એટલે કે પૂર્વ દિશા છોડીને વિશાળ આકાશની યાત્રા કરવા નીકળી પડયો છે. સવાર સુધી યાત્રા કરતો રહેશે. દરરોજ રાત્રે તે યાત્રા કરે છે, પણ થાકતો નથી. જીવનનું બીજું નામ જ ગતિ છે. ચાલતા રહેવું એ જ તો જીવન છે.

તે બેઠો થઈ ગયો. તેણે શરીર પરનાં બધાં ઘરેણાં ઉતારી નાખ્યાં, બહાર જવા માટે યોગ્ય કપડાં પહેરી લીધાં અને ઓરડામાંથી નીકળીને દરવાજા પર આવી પહોંચ્યો. ત્યાંથી જ માતા-પિતા અને ભાભીઓને પ્રણામ કર્યા અને મનમાં ને મનમાં પ્રેમભર્યા આશીવાદ માગ્યા. તે પોતાના વિરોધી ભાઇઓને પણ ભૂલ્યો નહીં. તેણે તેમને પણ પ્રણામ કર્યા અને ઘર તરફથી મોં ફેરવી લીધું.

આખું પ્રતિષ્ઠાનપુર ચંદ્રમાની શીતળ ચાંદનીમાં નિશ્ચિંત બનીને સૂઇ ગયું હતું, પણ ધન્ના પ્રતિષ્ઠાનપુરથી જઇ રહ્યો હતો; કોઈ અજાણ મંજિલ તરફ. કયાં જવાનું છે, કયાં રોકાવાનું છે, કઈ મંજિલ છે તેને તેની કંઈ પણ ખબર ન હતી.

નગર ગયું, વન આવ્યું. ધન્ના યાત્રી બનીને ચાલ્યો જતો હતો, જયાં તેના પગ લઈ જતા હતા. તે ચાલતો જ રહ્યો, ચાલતો જ રહ્યો—થાકયા વિના, કોઈ પણ જાતના ધ્યેય કે લક્ષ વિના.

## ૭

ધન્ના આખી રાત ચાલતો રહ્યો. પરોઢિયાનું ઝાંખું અજવાળું થયું ત્યારે તણે જોયું તો હજુ સુધી તો તે ભયાનક જંગલની વચ્ચે જ હતો. તે થાકી પણ ગયો હતો.

એક પ્રાકૃતિક સરોવરના કિનારે શારીરિક ચિન્તાઓથી તે નિવૃત્ત થયો અને ધાર્મિક ક્રિયાઓ કરવા બેસી ગયો. ધર્મક્રિયાઓથી તેના તન-મનમાં એક નવી સ્ફૂર્તિ આવી ગઇ. જંગલનાં ફળ-ફૂલથી તેણે ભૂખ શાન્ત કરી, સરોવરના પાણીથી તરસ શાન્ત કરી અને આગળ ચાલવા લાગ્યો.

આ રીતે ત્રણ દિવસ સુધી તે ચાલતો રહ્યો. તે દિવસે ચાલતો અને રાત્રે કોઈ ઝાડની નીચે આરામ કરી લેતો. ત્રણ દિવસ પછી જંગલનો અંત આવ્યો.

ખેતરો દેખાવા લાગ્યાં. એક પ્રહર દિવસ વીતી ગયો હતો. તાપ પણ વધી ગયો હતો અને ધન્ના થાકી પણ ગયો હતો. એક ખેતરની નજીકમાં જ વિશાળ ઝાડના થડને ટેકવીને તે આરામ કરવા માટે બેસી ગયો. થાકેલો તો તે

હતો જ, એટલે બેઠાં-બેઠાં તેને ઊંઘ આવી ગઈ.

એ જ ખેતરમાં એક ખેડૂત હળ ચલાવી રહ્યો હતો. બપોર થવાને કારણે ખભા પર હળ મૂકીને ખેડૂત ઝાડ નીચે આવ્યો અને તેણે પોતાના ખભા પરનું હળ જમીન પર ફેંક્યું, જેના અવાજથી ધન્નાની આંખો ખૂલી ગઈ.

આંખ ખૂલતાં જ ધન્નાએ જોયું કે સામે એક ખેડૂત ઊભો હતો. ખેડૂત બપોરનું ભોજન કરવાનો વિચાર કરી રહ્યો હતો. તેણે આ સહજ, સૌમ્ય અને આકર્ષક વ્યકિતત્વવાળા મુસાફરને જોયો તો તેના હૃદયમાં અતિથીસત્કારની લાગણી ઉભરાઈ આવી. તેને આ યોગ્ય ના લાગ્યું કે તે ભોજન કરી લે અને મુસાફર ભૂખ્યો રહે.

મહેમાનને ખેડૂતે અત્યંત મધુર અવાજે ભોજનનું નિમંત્રણ આપ્યું-

'ભાઈ ! લૂખું-સૂકું ખાઈને મને આભારી કરો.'

ખેડૂતના સ્વાભાવિક પ્રેમ અને મધુર અવાજથી ધન્ના પ્રભાવિત થઈ ગયો અને બોલ્યો-

'પ્રેમથી ભરેલું લૂખું-સૂકું ભોજન પણ મોહનભોગ કરતાં પણ સ્વાદિષ્ટ લાગે છે.'

'તો પછી વાર શાની, ચાલો ભોજન શરૂ કરો.'

'એમ નહીં ભાઈ! પહેલાં મારી પાસેથી કંઈક કામ લો, પછી હું ભોજન કરીશ. કામ કર્યા વિના ભોજન કરવું યોગ્ય નથી.'

'પણ મહેમાન પાસેથી કામ લેવાનું મને પણ શોભે નહીં. ભાઈ! તમે ભોજન કરો.'

'ભૂલો છો ભાઈ! ઘેર આવનાર મહેમાન કહેવાય છે અને કર્મક્ષેત્રમાં મળનાર સહયોગી ગણાય. હું અત્યારે તમારો મહેમાન નથી. તમે મને સાથીદાર સમજો અને મારી પાસે કશું કામ કરાવીને ભોજન કરાવો.'

બિચારો ભલો-ભોળો ખેડૂત સમજી ગયો કે આ વિદ્વાન નાગરિકને તર્કમાં હરાવવો મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે. તેણે પોતાની હાર સ્વીકારીને કહ્યું.

'અહીં તમારે યોગ્ય કયું કામ છે? અહીં હળ ચલાવવું, ખેતર ખેડવું આ કામ છે. એ તમે કરી શકશો?'

'કરીશ.'

ખેડૂતે ધન્નાને ઉપરથી નીચે સુધી નીરખ્યો, પછી નવાઈ પામીને કહ્યું–

'તમે તો ઉંચા કુળના લાગો છો. કોઈ દિવસ હળ પકડ્યું છે ખરું? તમારી ઓળખાણ તો આપો ભાઈ! તમે છો કોણ?'

'ભાઇ! હું મારો શો પરિચય આપું? મને પોતાને જ યાદ નથી રહ્યું કે હું કોણ છું. બધું જ ભૂલી ગયો. ભૂતકાળ મને યાદ નથી અને ભવિષ્યની મને ખબર નથી. હું એક યાત્રી છું.'

ધન્નાની આ રહસ્યમય ભાષા ખેડૂતની બુદ્ધિ મર્યાદા બહારની. હતી તેને જોરદાર ભૂખ લાગી હતી અને મુસાફરને ખવડાવ્યા વિના ખાવું એ પોતાના કર્તવ્યથી વિપરીત સમજતો હતો, તેથી તેણે કહ્યું—

'તમે નથી જ માનતા તો પછી સામે અર્ધું ખેડેલું ખેતર પડ્યું છે, તે ખેડી નાખો.'

ધન્ના ઉઠયો. હળમાં બળદ જોતર્યા અને ખેતર ખેડવા નીકળી પડયો. તેણે ખેતરમાં બે-ચાર ચાસ જ ખેડયા હતા, ત્યાંથી જ હળની ધાર અટકી ગઈ.

ધન્નાએ બળદોને આગળ વધવા માટે ડચકાર્યા, તેણે જાતે પણ જોર લગાવ્યું, પરસેવે રેબ-ઝેબ થઈ ગયો, પણ હળ ત્યાંથી સહેજ પણ ખસ્યું નહીં. બળદ એક ડગલું પણ આગળ વધી શકયા નહીં. ખેડૂતે આ સ્થિતિ જોઈ એટલે ત્યાં જ બૂમ પાડીને કહ્યું-

'પરદેશી! રહેવા દો ભાઈ! તમે ખેતર ખેડી લીધું. એ તો અમારું જ કામ છે. તમારી હઠ પૂરી થઈ ગઈ. હવે અહીં આવી જાઓ. ભોજન કરી લો.'

પણ ધન્નાએ તો જાણે કશું સાંભળ્યું જ નહીં. એ જોર લગાવતો જ રહ્યો, પરસેવો પાડતો જ રહ્યો.

છેવટે ખેડૂતથી રહેવાયું નહીં. તે ધન્ના પાસે આવ્યો. તે ધન્નાને કંઈ કહે તે પહેલાં જ જમીન તરફ જોતાં જ

તેની આંખો અંજાઈ ગઈ. પીળી-પીળી સોનામહોરો તાપમાં વિશેષ ચમકતી હતી. ખેડૂત ક્યારેક સોનામહોર તરફ જોતો, તે ક્યારેક ધન્ના તરફ જોતો તે વિચારતો હતો-

'આ ખેતર સાત પેઢીથી મારા પૂર્વજોની પાસે છે, હું દર વર્ષે બે-બે, ત્રણ-ત્રણ પાક ઉગાડું છું. સેંકડો વખત મેં ખેતર ખેડ્યું છે, પણ હજુ સુધી ક્યારેય સોનાની એક મહોર પણ નીકળી નથી. આ બધો તો આ ભાગ્યશાળીનો જ ચમત્કાર છે.'

આ તરફ ધન્ના સોનામહોરને જોઈને સંકોચાતો હતો. તે વિચારતો હતો-

'જેટલો ધનથી દૂર ભાગું છું એટલું જ તે આવીને મને વળગે છે. આ ખેતરમાં સોનામહોરથી ભરેલા કળશ નીકળવાની શી જરૂર હતી? ઘર છોડ્યું, વૈભવ છોડ્યો, શરીરનાં ઘરેણાં પણ છોડયાં, છતાં પણ આ ધન પડછાયાની જેમ મારી પાછળ પડ્યું છે.'

તેણે વિરક્ત ભાવથી ધન તરફ જોયું અને ચાલવા લાગ્યો. ખેડૂતે તરત જ તેને રોક્યો.

'દેવ! જાઓ છો ક્યાં? મારી લૂખીસૂકી રોટલીનો તો સ્વીકાર કરો.'

'જેવી તમારી ઇચ્છા ભાઈ!'

ખેડૂત સોનામહોરથી ભરેલો કળશ ઉઠાવી લાવ્યો.

બંનેએ સાથે બેસીને ભોજન કર્યું. ભોજન બાદ ધન્ના ચાલવા લાગ્યો તો ખેડૂતે તેના પગ પકડી લીધા.

'આપનું ધન તો લેતા જાઓ.'

'ના, આ ધન મારું નથી. જેના ખેતરમાંથી તે નીકળ્યું છે, તેનું જ છે.'

'મારું હોત તો સાત પેઢીઓથી ના નીકળ્યું હોત ? આ તો તમારું જ છે. તમારા પરસેવાનું ફળ છે. ધરતી માતાએ પોતાનું કલેજું ફાડીને તમને આપ્યું છે.'

'મારી પાછળ ના પડો ભાઇ ! મને જવા દો. મારે આ સોનનું ના જોઇએ.'

'યાત્રી ! મને પાપમાં ના ઘસડો. તમારા નસીબથી મળેલું ધન સ્વીકારવું મારે માટે અયોગ્ય છે.'

'મને માફ કરો ભાઈ !' કહીને ધન્ના લાંબાં-લાંબાં ડગલાં ભરતો જંગલમાં અદૃશ્ય થઇ ગયો. બિચારો ખેડૂત તો જોતો જ રહ્યો, વિચારતો રહ્યો-

'કેટલો ત્યાગી છે આ પુરૂષ...!'

થોડી વાર પછી તેની નજર નીચે પડી તો સોનામહોરને જોઇને વિચારવા લાગ્યો-

'જે શ્રેષ્ઠ પુરૂષના નસીબથી આ ધન મળ્યું છે, તેણે જ જ્યારે તે છોડી દીધું ત્યારે તે રાખવાનો મને શો અધિકાર છે ? તો પછી આનો માલિક કોણ ? કોણ રાખશે તેને ?'

આવો વિચાર કરતાં તરત જ તેના મનમાં ધન્નાના શબ્દો આવી ગયા–

'જેનું ખેતર છે, તેનું ધન છે. તો આ ખેતર સહિત સંપૂર્ણ ભૂમિના માલિક રાજા છે. તેની જ ભૂમિ અમે ખેડીએ છીએ અને વેરાના રૂપમાં ભૂમિ ખેડવાની કિંમત ચૂકવીએ છીએ. વેરો આપીએ છીએ. વેરો પણ શું છે, જમીનનું ભાડું જ છે.'

બસ, ખેડૂતે નિર્ણય કરી લીધો અને રાજદરબારમાં જઈ પહોંચ્યો. આખો પ્રસંગ સંભળાવીને તેણે સોના-મહોરથી ભરેલો કળશ રાજાને ભેટ આપતાં કહ્યું-

'અન્નદાતા! તમે જ રાજ્યની સંપૂર્ણ ભૂમિના માલિક છો, તેથી આ ધન પણ આપનું જ છે. તમે તે લઈ લો.'

યાત્રી અને ખેડૂત બંનેના ત્યાગથી રાજા પ્રભાવિત થયો. તેણે પણ તે ધનનો સ્વીકાર કર્યો નહીં. તે બોલ્યો.

'તમારા ખેતરમાંથી નીકળ્યું છે માટે તમારું છે, તમે જ એ ધન લઈ લો.'

'ના મહારાજ! હું તે નહીં લઉં. જો મારે લેવું જ હોત તો અહીં સુધી આવત શા માટે?'

રાજા થોડી વાર માટે વિચારતો રહ્યો. પછી તેણે કહ્યું-

'ઠીક, આ ધનનો તમે સ્વીકાર કરતા નથી. હું પણ લેવા ઇચ્છતો નથી. તો તમે તેનો ઉપયોગ લોકકલ્યાણમાં કરો. જે જગ્યાએથી આ ધન નીકળ્યું છે, તેની નજીક જ યાત્રીના નામ પર ધનપુર નામનું ગામ વસાવવામાં આવે,

જ્યાં લોકોને બધા પ્રકારની સગવડો આપવામાં આવે.'

નિર્ણય પ્રમાણે ધનપુર ગામ વસાવવામાં આવ્યું અને ધરતીમાંથી મળેલા ધનનો લોકકલ્યાણમાં સદુપયોગ થઈ ગયો.

*

ધન્ના જંગલમાં ભટકતો રહ્યો, ચાલતો રહ્યો, દિશા-હીન. ચાલતાં-ચાલતાં તે નર્મદા નદીના કિનારા પર આવી પહોંચ્યો અને નદીના કિનારે-કિનારે ચાલતો રહ્યો. આખો દિવસ ચાલ્યા કરવું અને રાત્રે સૂઈ જવું, આ તેનો ક્રમ હતો.

નર્મદા કિનારાની આજુબાજુની કુદરત અત્યંત મનોહર હતી. કુદરતની શોભાનો આનંદ લેતો લેતો તે આગળ વધી રહ્યો હતો.

એક જગ્યાએ પ્રાકૃતિક સુષમા વિશેષ હતી. અધંકાર પણ ઉતરી ચૂકયો હતો. રાત્રિ વિશ્રામ માટે યોગ્ય સ્થાન જોઈ ને ધન્નાએ ત્યાં જ રોકાવાનો વિચાર કરી લીધો અને પોતાના હાથનું ઓશિકું બનાવીને ત્યાં ઝાડ નીચે જ સૂઈ ગયો.

રાત્રિના ત્રીજા પ્રહરમાં શિયાળનું 'હુઆ-હુઆ' સાંભળીને તેની ઉંઘ ઉડી ગઇ. પશુ-પક્ષીની બોલી સમજનાર ધન્ના ધ્યાનથી શિયાળના શબ્દ સાંભળવા લાગ્યો. શિયાળ મદદ માટે વારંવાર બૂમો પાડતું હતું.

ધન્ના સમજી ગયો કે કોઇ શબ નદીમાં તણાઈને આવી

રહ્યું છે, શિયાળ તેને પકડવા અશક્તિમાન છે. તેની પોતાની ભાષામાં તે બૂમો પાડી રહ્યું છે કે આ શબની જાંઘમાં પાંચ કિંમતી રત્ન છુપાયેલાં છે. કોઈ આ રત્નોને લઈ લે અને શબને મારા ભોજન માટે ત્યાં જ રાખી મૂકે.

ધન્નાના મનમાં લોભ તો નહીં પણ આતુરતા જાગૃત થઈ. તેણે વિચાર્યું,

'મારા જ્ઞાનને મારે કસોટીએ તો ચડાવવું જ જોઇએ કે હું પશુ-પક્ષીની ભાષા સાચી રીતે સમજી શકું છું કે નહીં. મારું જ્ઞાન કેટલું યથાર્થ છે તે જોઉં તો ખરો.'

આવો વિચાર કરીને તે ઉઠયો અને નદી કિનારે પહોંચ્યો. તેણે જોયું તો એક શબ તણાતું આવી રહ્યું છે. તેણે શબને નદી બહાર કાઢયું અને તેની જાંઘ તપાસી.

એક જગ્યાએ જાંઘ સીવેલી હતી. તે સમજી ગયો કે રત્ન અહીં સીવેલાં હશે. તેણે ટાંકા તોડી નાખ્યા, જાંઘ ખુલ્લી થઈ ગઈ અને તેમાંથી અત્યંત કિંમતી પાંચ રત્ન નીકળીને રેતીમાં પડયાં. આ રત્નોનો પ્રકાશ અંધકારમાં પણ ફેલાઈ ગયો. ધન્નાએ રત્ન હથેળીમાં લીધાં અને વિચારવા લાગ્યો.

'કેવા કેવા ઉપાય કરે છે લોકો ધનનું રક્ષણ કરવા માટે, છતાં પણ આ જ ધન જીવનું જોખમ બની જાય છે. આ રત્નો માટે કેટલાક લોકોએ તેની હત્યા કરી હશે. રત્ન શોધ્યાં હશે, પણ જ્યારે મળ્યાં નહીં હોય ત્યારે તેને

નદીમાં ધકેલી દીધો હશે.'

ધન્ના વિચાર કરવા લાગ્યો–

'આ રત્નોને લઉં કે ન લઉં. ના લઉં તો કોને આપું? અહીં તેનો લાભ લેનાર છે કોણ? કોઇ નથી, તો પછી નર્મદાનો પ્રસાદ માનીને હું જ શા માટે ના રાખી લઉં અને કોઇ નગરમાં પહોંચીને લોકકલ્યાણના કાર્યમાં વાપરી નાખું. આ જ ઠીક રહેશે.'

આમ વિચારીને ધન્નાએ રત્ન પોતાની પાસે રાખી લીધાં અને શબને અરક્ષિત છોડીને ઝાડ નીચે પાછો આવ્યો. શિયાળ તો લાગ જોઈને બેઠું જ હતું, તેણે પેટ ભરીને ભોજન મેળવ્યું અને 'હુઆ'નો અવાજ કરીને જાણે ધન્નાને આશીર્વાદ આપ્યા.

હવે સવાર પડવામાં ઝાઝી વાર ન હતી. ધન્નાને સૂવાનું યોગ્ય લાગ્યું નહીં. દેહ-ચિન્તાથી પરવારીને તે ધાર્મિક ક્રિયાઓ કરવા લાગ્યો.

ક્રમશઃ વિંધ્યાટવી પાર કરતો ધન્ના માળવા રાજ્યની ઉજ્જયિનીની રાજધાની નજીક આવી ગયો.

ઉજ્જયિની અત્યંત સમૃદ્ધ નગર હતું. ત્યાં દૂર દૂરથી વેપારીઓ આવતા હતા. તે વેપારનું મુખ્ય કેન્દ્ર હતું. અનેક કરોડપતિ શેઠિયાઓ ત્યાં વસતા હતા.

નગરની શોભા અનુપમ હતી અને ક્ષિપ્રા નદીના પ્રવાહે તેને વિશેષ રમણીય બનાવી દીધી હતી.

અહીંનો રાજા મહાપરાક્રમી ચંડપ્રદ્યોત હતો. તેનો ક્રોધ, મહત્વાકાંક્ષા અને પરાક્રમ આખા ભારતમાં પ્રસિદ્ધ હતાં. મહત્ત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે તેની પાસે વિશાળ લશ્કર હતું. એ જ કારણે તેનું બીજું નામ મહાસેન પણ પડી ગયું હતું.

મહાસેન ચંડપ્રદ્યોત પાસે ચાર દુર્લભ રત્ન હતાં— અનલગિરિ હાથી, લોહજંઘ દૂત, અગ્નિભીરૂ રથ અને મહાસતી શિવાદેવી.

શિવાદેવી વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ મહારાજા ચેટકની દુહિતા અને ચંડપ્રદ્યોતની મુખ્ય પટરાણી હતી. શિવાદેવી સહિત તેને આઠ પટરાણીઓ હતી. પટરાણી અંગારવતીથી ઉત્પન્ન વાસવદત્તા નામની એક અતિ સુંદર પુત્રી હતી.

ધન્નાએ જયારે રાજમહેલ અને શેઠિયાઓના ભવન પર ઉડતી ધજાઓ જોઈ તો તેને પ્રતિષ્ઠાનપુરની યાદ આવવા લાગી. તેને પ્રતિષ્ઠાનપુર છોડે લગભગ એક વર્ષ થઇ ગયું હતું. એક વર્ષથી તે મોટે ભાગે જંગલોમાં જ ભટકતો હતો. આ રખડપટ્ટીના જીવનથી તે કંટાળી પણ ગયો હતો. તેણે વિચાર્યું :

'નગરમાં જઈને હવે હું અહીં આગળ જ સ્થિર બનીને રહું.'

નગરમાં પ્રવેશ કરતા પહેલાં ધન્નાની નજર પોતાનાં

કપડાં પર પડી. તેણે જોયું તો કપડાં જૂનાં અને મેલાં થઈ ગયાં છે. આવાં કપડાથી તો નગરમાં કોઇ પાસે પણ ફરકવા દે નહીં. તે વિચારવા લાગ્યો–

'શું કરવું જોઈએ ? કપડાંની વ્યવસ્થા કેવી રીતે થઈ શકશે ?'

અચાનક તેની નજર પોતાની આંગળીઓ પર પડી. અનામિકામાં એક નાની સરખી સોનાની વીંટી ચમકી રહી હતી. તેણે વિચાર્યું-

'આ કેવી રીતે રહી ગઈ ? હું તો બધાં ઘરેણાં ઘેર જ ઉતારીને નીકળ્યો હતો. ચાલો, ઠીક જ થયું. તેનાથી કપડાંની વ્યવસ્થા થઈ જશે.'

તેણે વીંટી વેચીને કપડાં ખરીદી લીધાં અને એક ધર્મશાળામાં રોકાયો. ધર્મશાળા કોઈ જૈન શેઠ દ્વારા બનાવવામાં આવી હતી.

ધન્નાને ત્યાં મનગમતું ભોજન મળ્યું. આવું ભોજન તેને પોતાનું પ્રતિષ્ઠાનપુરનું ઘર છોડયા પછી પહેલી વાર મળ્યું હતું. અત્યાર સુધી તો મોટે ભાગે તે વનમાં ફળો ખાઈને જ ચલાવી લેતો હતો.

પેટ ભરીને ભોજન કર્યા પછી તે નગરમાં ફરવા નીકળી પડયો. તેનો વિચાર કોઇ શેઠની મદદથી ભરણ-પોષણનું સાધન શોધવાનો હતો.

નગરમાં ફરતાં ધન્નાએ જોયું તો લોકો એક જ દિશામાં જઇ રહ્યા છે. રસ્તા પર ભીડ થઇ ગઇ છે. એક નાગરિકને પૂછયું તો તેણે જણાવ્યું—

'આજે માલવ નરેશ મહાસેન ચંડપ્રદ્યોત પોતાના મહામંત્રીની પસંદગી કરવાના છે. મહામંત્રીની યોગ્યતાની કસોટી જાહેરમાં કરવામાં આવશે. તે જોવા માટે આ બધા લોકો જઈ રહ્યા છે.'

ધન્ના જાણતો હતો કે રાજાઓ જુદા-જુદા પ્રકારની કસોટીઓ રાખે છે—એકથી એક વિચિત્ર અને અદ્ભુત. તેને આતુરતા જાગી—જઈને જોવું જોઇએ, ચંડપ્રદ્યોતે કેવી કસોટી રાખી છે. તે મહામંત્રીની પસંદગી કરવાના સ્થાને પહોંચી ગયો.

એક સરોવરની નજીક લોકો ભેગા થઈ રહ્યા હતા. ત્યાં સૌથી ઉંચા સ્થાન પર એક આસન મૂકવામાં આવ્યું હતું. તેની નજીકમાં જ બીજું આસન હતું. આ બે આસનો ઉપરાંત બીજાં પણ અનેક આસનો હતાં, જેના પર સામંત વગેરે ઉચ્ચ પદાધિકારી બેઠા હતા.

થોડી વાર પછી પ્રતિહારીએ મોટેથી જાહેરાત કરીઃ

'મહારાજાધિરાજ માલવનરેશ મહાસેન ચંડપ્રદ્યોત પધારી રહ્યા છે. બધા સાવધાન થઈ જાઓ.'

લોકો સાવચેત થઈ ગયા અને સામંતોનો સમૂહ પોતાનાં આસન પરથી ઉભો થઈ ગયો. ત્યાં સુધીમાં ચંડ-

પ્રદ્યોતનો રથ આવી ચૂક્યો હતો.

તેઓ રથમાંથી ઉતર્યા, બધાનાં મસ્તક નમી ગયાં. બધાએ જય-જયકારના નાદથી આકાશ ગજવી નાખ્યું. ચંડપ્રદ્યોત ગૌરવભરી ચાલ ચાલતા પોતાના નિશ્ચિત આસન પર જઈને બિરાજ્યા.

તેમણે ચારે તરફ પોતાની નજર ફેરવી. બધાનાં ઝુકેલાં મસ્તક જોઈને તેમના ચહેરા પર અભિમાનભર્યું સ્મિત આવી ગયું. પછી પ્રતિહારીને સંકેત કર્યો. તેથી તેણે મોટા અવાજે કહ્યું—

'બધા લોકો પોતાના આસન પર બેસી જાય.'

બધા લોકો બેસી ગયા પછી ચંડપ્રદ્યોતના સંકેતથી પ્રતિહારીએ ફરીથી જાહેરાત કરી—

'હાજર રહેલા દર્શકો અને મહામંત્રીના પદની ઈચ્છાવાળા સજ્જનો! તળાવની વચ્ચે જે થાંભલો રોપવામાં આવ્યો છે, તેને પાણીમાં ઉતર્યા વિના જે પણ બાંધી દેશે, તે મહામંત્રીનું પદ શોભાવશે.'

પહેલો હરીફ આવ્યો. તેણે મહારાજને નમન કર્યું અને નજીકમાં પડેલા દોરડાના છેડાને ઉપાડીને ગાળિયો બનાવીને તળાવ તરફ ફેંક્યો. છપાક અવાજ થયો.

દોરડાનો ગાળિઓ થાંભલાને બદલે પાણીમાં પડયો હતો. તાળીઓ વગાડવામાં આવી. નિષ્ફળ હરીફ નીચું માથું રાખીને પાછો ફર્યો.

તે પછી ઘણા હરીફો એક પછી એક આવતા ગયા અને નિષ્ફળ થતા ગયા. ઘણા માણસોએ થાંભલા તરફ ગાળિયો બનાવીને ફેંકયો, તો મોટા ભાગના લોકોએ દોરડાને જ બેવડું કરીને ફેંકયું; કોઈ—કોઈએ દોરડાના છેડા પર પથ્થર બાંધીને ફેંકી જોયું, પણ બધાને તેમાં નિરાશા જ મળી. સ્તબ્ધતા છવાઈ ગઈ.

પ્રતિહારીનો અવાજ ગાજયો—

'બીજા કોઈ હરીફ છે?'

કોઇ બોલ્યું નહીં. નિસ્તબ્ધતા છવાઇ ગઈ. ચંડપ્રદ્યોતે સિંહાસનના હાથા પર હાથ પછાડીને નિરાશ અવાજે કહ્યું-

'લાગે છે કે માળવાના મહામંત્રીનું પદ ખાલી જ રહેશે. મહામંત્રીનું પદ સંભાળનાર કોઈ નથી.'

ચંડપ્રદ્યોતનો નિરાશાથી ભરેલો અવાજ સાંભળીને ધન્ના ખડખડાટ હસી પડયો. ચંડપ્રદ્યોતની સાથે-સાથે બધાની નજર તેના તરફ વળી. પ્રદ્યોતની ભ્રમર ખેંચાઈ ગઈ. તેણે ઈશારાથી ધન્નાને નજીક બોલાવ્યો અને કડક અવાજે પૂછ્યું—

'યુવાન! તમે કેમ હસ્યા?'

'આ સામાન્ય કામને મહામંત્રીના પદની યોગ્યતા માટે-ની કસોટી ગણવી, એ મજાકની વાત નથી તો બીજું શું છે?'

ચંડપ્રદ્યોત થોડી વાર સુધી તો ધન્નાને તાકીને જોઇ રહ્યો. પછી કહ્યું—

'બહુ બુદ્ધિશાળી સમજો છો તમારી જાતને ? આ થાંભલાને તમે બાંધી બતાવો.'

'એમાં શી મોટી વાત છે ? ખૂબ લાંબા-પૂરતા લાંબા દોરડાની વ્યવસ્થા કરાવી આપો.'

ધન્નાએ હસીને કહ્યું.

ઈશારો થતાં જ પૂરતું લાંબું દોરડું સેવકે લાવી આપ્યું.

ધન્નાએ દોરડાનો એક છેડો નજીકમાં રહેલા ઝાડ સાથે બાંધ્યો. તે વખતે અવાજો આવ્યા—

'ઝાડ નહીં, થાંભલો બાંધવાનો છે.'

ધન્નાએ અવાજો તરફ ધ્યાન આપ્યું નહીં. તેણે દોરડાનો બીજો છેડો પકડયો અને તળાવનું એક ચકકર ફર્યો. પછી તેણે દોરડું ખેંચી લીધું.

થાંભલો બંધાઈ ગયો. ચંડપ્રદ્યોતના ચિંતા-ભર્યા મુખ પર આનંદની રેખાઓ અંકાઈ ગઈ. હરીફોના વિભાગ તરફથી અવાજો આવ્યા—

'આ રીતે તો અમે પણ થાંભલાને બાંધી દેત.'

'તમને કોણે રોકયા હતા ?' રાજા ચંડપ્રદ્યોતે ઇશારાથી ધન્નાને પોતાની પાસે બોલાવ્યો અને નજીકના આસન પર બેસવાનો સંકેત કર્યો.

ધન્ના બેસી ગયો. રાજા ચંડપ્રદ્યોતે તેને મહામંત્રીના પદ પર નિયુક્ત કરી દીધો. તેમણે તેને મહામંત્રીને યોગ્ય

સંપૂર્ણ ચિન્હ આપ્યાં. પછી પૂછ્યું—

'કસોટીમાં સફળ નીવડીને તમે તમારી કાર્ય-કુશળતાનો પરિચય તો આપી દીધો, પણ મારી આ યોજના પાછળ જે રહસ્ય છુપાયેલું છે, તેને પણ સમજયા ?'

ધન્નાના ચહેરા પર હાસ્ય આવી ગયું. તે બોલ્યો.

'હા મહારાજ ! રાજયનું કેન્દ્ર ચારે તરફથી મજબૂત હોવું જોઇએ. બધા ઉચ્ચ પદવીધારીઓ એક સૂત્રે કેન્દ્ર સાથે બંધાયેલા રહેવા જોઇએ....'

'બસ, બસ યુવાન ! આગળ કંઇ પણ કહેવાની જરૂર નથી. હું સમજી ગયો કે તમે બુદ્ધિશાળી છો. મારી યોજનાના રહસ્યને તમે પૂરેપૂરું પામી ગયા છો.' ચંડપ્રદ્યોતે વચમાં જ વાત કાપીને કહ્યું.

ધન્ના ચૂપ થઈ ગયો. ચંડપ્રદ્યોતે જ ફરી પૂછ્યું :

'હું મારા નવનિયુકત બુદ્ધિસાગર મહામંત્રીનો પરિચય જાણવા માગું છું.'

'તેને રહસ્ય જ રહેવા દો મહારાજ ! ફકત એટલું જ જાણી લો કે મારું નામ ધનકુમાર છે અને હું શ્રેષ્ઠીપુત્ર છું.' ધન્નાના અવામાંજ ધ્રૂજારી આવી ગઇ.

'જેવી તમારી ઈચ્છા.' કહીને ચંડપ્રદ્યોત પણ ચૂપ થઇ ગયા. તેમને પણ આગ્રહ કરવાનું યોગ્ય લાગ્યું નહીં.

ધન્ના રાજકીય વિધિ પ્રમાણે મહામંત્રીના પદ પર બેઠો.

નગરના મુખ્ય રાજમાર્ગ પર તેની સવારી કાઢવામાં આવી. પ્રજાએ પોતાના મહામંત્રીને ફૂલ વરસાવી અભિનંદન આપ્યાં.

ધન્ના પોતાની વિશિષ્ટ બુદ્ધિથી રાજકીય સમસ્યાઓને ઉકેલવા લાગ્યો. ચંડપ્રદ્યોત પોતાના નવા મહામંત્રી પર ખૂબ પ્રસન્ન હતા.

એક દિવસ ચંડપ્રદ્યોત પોતાના ખાનગી મંત્રણાગૃહમાં બેસીને ધન્ના સાથે મંત્રણા કરી રહ્યા હતા. અચાનક જ તેમને કંઇક યાદ આવ્યું ને બોલ્યા :

'મહામંત્રી ! મારી પાસે વિશાળ સેના છે. તેનો ખર્ચ પણ ખૂબ આવે છે. કોઈ એવો ઉપાય શોધી કાઢો કે લશ્કરનો ઉપયોગ પણ થાય અને રાજ્યની આવક પણ વધી જાય.'

થોડી વાર વિચાર કર્યા પછી ધન્નાએ ઉપાય બતાવ્યો.

'મહારાજ ! ઉજ્જયિનીની હદ બહાર ચારે તરફ ગાઢાં જંગલ આવેલાં છે. ત્યાં લૂંટારાઓનો ત્રાસ છે, વેપારીઓ લૂંટાઈ જાય છે. જો જંગલમાં ચોકીઓ બનાવવામાં આવે તો લૂંટારાઓનો ત્રાસ તો બંધ થઈ જ જાય, સાથે સાથે લશ્કરનો ઉપયોગ પણ થશે અને વેપારીઓની નિર્વિઘ્ન આવન-જાવનથી રાજ્યની આવક પણ વધી જશે.'

'તમારું સૂચન તો ઘણું જ સરસ છે. એમ જ કરીશ.'

'અને મહારાજ ! એ રીતે આખા માળવા રાજ્યની હદ તથા જંગલ-પ્રદેશ સલામત કરી શકાય. એવાં જંગલોમાં પણ સૈનિકોની ચોકીઓ સ્થાપવી જોઇએ, જે કોઈ પણ રાજ્યની હદમાં ન આવતાં હોય. એવાં જંગલ સલામત બનવાથી વેપાર નિર્વિઘ્ન રીતે થશે અને માળવાનું આખું રાજ્ય સમૃદ્ધ બની જશે.'

'જેવો મહામંત્રી હું ઇચ્છતો હતો, તમે તેવા જ છો ધનકુમાર ! હું તમને મેળવીને અત્યંત પ્રસન્ન છું.' ચંડપ્રદ્યોતે પોતાનો આનંદ વ્યકત કર્યો.

ધન્નાનું નવું જીવન શરૂ થઈ ગયું. ભવન, દાસ-દાસી, નોકર વિગેરેની સંપૂર્ણ વ્યવસ્થા થઇ ગઈ હતી. યોગ્ય મહામંત્રીની ફરજો બજાવતાં ધન્ના સવાર-સાંજ ઘોડા પર બેસીને નગરમાં ફરવા નીકળી પડતો.

તે લોકોની વાતો સાંભળતો, તેમનાં સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિની પરિસ્થિતિનું અનુમાન કરતો. તે પછી મોટે ભાગે ઉજ્જયિનીની હદથી ઘણે દૂર સુધી નીકળી જતો.

ક્યારેક-ક્યારેક રાત્રે વેશ બદલીને નીકળી પડતો અને પ્રજાની પરિસ્થિતિથી વાકેફ રહેતો.

એવું લાગતું હતું જાણે ધન્નાના જીવનમાં સ્થિરતા આવી ગઈ.

# ૮

સવારે ધન્ના દેખાયો નહીં એટલે તેની માતા શેઠાણી શીલવતી તેના શયનખંડમાં ગઇ. ધન્નાનાં બધાં ઘરેણાં પથારી પર પડયાં હતાં. તે તો આ જોઈને સ્તબ્ધ જ બની ગઈ. ઘણી વાર સુધી તે વિચારતી રહી.

'કયાં ગયો હશે ધન્ના ?'

માતાનું હૃદય ! તેને એકદમ તો આઘાત જ લાગી ગયો. મનમાં શંકા પણ થઈ કે દરરોજના ગૃહકંકાસથી ત્રાસીને તો કયાંક નહીં જતો રહ્યો હોય ? માતાનું દિલ અધીરું થઇ ગયું, રડવું પણ આવી ગયું.

ત્રણે વહુઓએ સાસુના રડવાનો અવાજ સાંભળ્યો એટલે તે દોડતી આવી પહોંચી. પથારી પર દિયરનાં ઘરેણાં જોઇને તે બધું જ સમજી ગઈ.

તેમની આંખોમાંથી પણ આંસુની ધારા વહેવા લાગી. સાસુના રુદન-સ્વરમાં તેમનો રુદન-સ્વર પણ ભળી ગયો. ખૂબ મુશ્કેલીથી આંસુ રોકીને ડૂસકાં ભરતાં-ભરતાં ધનશ્રીએ

ત્રણે ભાઈઓના કપટની વાત જણાવીને માતા શીલવતીને કહ્યું.

'મેં જ દિયરજીને સાવચેત રહેવા માટે જણાવ્યું હતું.'

'હાય ભગવાન ! આ લોકો આવા કપૂત નીકળ્યા !' માતાના મુખમાંથી આવા શબ્દો નીકળ્યા અને વાછરડાથી વિખૂટી પડેલી ગાયની જેમ કરુણ ચીસો પાડવા લાગી. ત્રણે વહુઓ પણ મોટે-મોટેથી વિલાપ કરવાં લાગી.

ચારેના રડવાનો અવાજ શેઠ ધનસારના કાને પડયો તો તે પણ 'શું થયું ? શું થયું ?' બોલતા-બોલતા શેઠાણી પાસે આવી પહોંચ્યા. રડવાનું કારણ પૂછયું તો શીલવતીના વિલાપે આક્રંદનું રુપ લઈ લીધું. શેઠાણી પાણી વિનાની માછલીની જેમ તડપવા લાગી. તે મહાપરાણે બોલી શકી.

'હાય લાલ ! હવે કયાં શોધું તને ? કોણ જાણે કયાંય ભટકતો હશે ? અરે, મને પણ સાથે લઈ ગયો હોત તો....'

અને દુઃખના તીવ્ર આઘાતને કારણે શેઠાણી બેભાન થઈ ગઈ.

સાસુને રડતી જોઈને વહુઓ પોતાનું રુદન ભૂલી ગઈ અને સાસુને ઠંડું પાણી છાંટીને ભાનમાં લાવવાનો પ્રયત્ન કરવા લાગી.

શેઠ હજુ સુધી કંઈ સમજી શકયા ન હતા. તે

આકુળ-વ્યાકુળ બનીને આ જોઈ રહ્યા હતા. શેઠાણી ભાનમાં આવ્યાં એટલે તેમને દિલાસો આપીને શું બન્યું તે જણાવવાનો આગ્રહ કર્યો. ધર્મશીલા શેઠાણીએ પતિથી કંઈ પણ છુપાવ્યું નહીં. તેમણે ત્રણે પુત્રોના કાવતરાની વાત જણાવી દીધી.

પુત્રોના કાવતરાની વાત સાંભળીને શેઠ ધનસારનું ગંભીર હૃદય જાણે ટુકડે-ટુકડા થઈ ગયું ! લાખો-કરોડોનું નુકશાન થવા છતાં પણ જેમના મુખ પર દુઃખની એક રેખા પણ ન આવે, તેને પણ હસીને સહન કરી લે, તે શેઠ ધનસાર આ દારુણ દુઃખ સહી શકયા નહીં અને નદીના ધસમસતા પ્રવાહના જેમ તેમનાં આંસુ વહેવા લાગ્યાં.

પત્ની પતિના ખોળામાં માથું મૂકીને રડી રહી હતી અને પતિનાં આંસુ પત્નીને પલાળી રહ્યાં હતાં. દુઃખનો આવેગ એટલો બધો તીવ્ર હતો કે કોઇના મુખમાંથી એક શબ્દ પણ નીકળતો ન હતો.

બંને એટલાં બધાં વિવશ અને અવશ થઈ ગયાં હતાં કે કોઇને કંઈ કહેવાની પણ હિંમત ન રહી. તેમનું દિલ તૂટી ચૂકયું હતું, જાણે તેમનો તો જીવ જ કોઈએ ખેંચી લીધો ન હોય ! બસ, પોતાની જાતને આંસુમાં પલાળતાં રહ્યાં.

ત્રણે ભાઇઓને તેમનાં માતા-પિતા શોક-સાગરમાં ડૂબેલાં હોવાને કારણે કંઈ કહી શકયાં નહીં અને વહુઓને

લોકમર્યાદા અને પાતિવ્રત્ય આડે આવ્યું. આ કારણે તેઓ તો કંઈ વિશેષ કહી શક્યાં નહીં, પણ નગરજનો તો લાચાર નહોતા.

ધન્ના બધાને પ્રિય હતો. તેથી બધા લોકો ત્રણે ભાઈઓને ધિક્કારવા લાગ્યા. આખા નગરમાં ધન્નાની શોધ કરવામાં આવી, પણ તે ક્યાંય મળ્યો નહીં. છેવટે બધાને સંતોષ માનવો પડયો.

બધાનો તિરસ્કાર અનુભવતા હોવા છતાં પણ ત્રણે ભાઈઓ મનમાં ને મનમાં ખુશ થતા હતા. તેઓ વિચારતા હતા.

'જે કામ આપણે કરવા માગતા હતા, તે ધન્નાએ જાતે જ કરી દીધું. આપણી આંખનો કાંટો નીકળી ગયો. આપણું સૂતેલું નસીબ જાગી ગયું. હવે આપણે આ બધાને બતાવી દઈશું કે અમે પણ કંઈક છીએ.'

પુત્રના જવાથી શેઠ ધનસારને એટલું બધું દુઃખ થયું કે તેમણે દુકાને જવાનું પણ છોડી દીધું. રાત-દિવસ તેઓ પોતાના ઓરડામાં પડયા રહેતા અને લાંબા-લાંબા નિસાસા નાખ્યા કરતા.

પિતાએ દુકાન પર આવવાનું બંધ કર્યું એટલે પુત્રોની પ્રસન્નતા પણ વધી ગઈ. હવે તેમણે ખૂબ ઝડપથી અને મોટા પ્રમાણમાં કમાણી કરવાનો નિશ્ચય કરી લીધો, જેનાથી પિતાને પણ બતાવી શકે કે તેઓ પણ ધન્નાથી

વિશેષ કમાઇ શકે છે.

એક દિવસ રાજમહેલની દાસીઓ શેઠ ધનસારની દુકાન પર આવી. ત્રણે ભાઈ બેઠા હતા. દાસીઓએ સાવધાનીથી આજુબાજુ જોઇને થેલીમાથી ઘરેણાં કાઢીને તેમની સામે મૂકયાં અને વેચવાની ઈચ્છા દર્શાવી.

ઘરેણાં અત્યંત કિંમતી હતાં. ત્રણે ભાઈ સમજી ગયા કે આ ચોરીનો માલ છે. ત્રણેએ આંખના ઈશારા કર્યા અને પા-અર્ધી કિંમતમાં ઘરેણાં ખરીદી લીધાં.

આજે તેઓ ખૂબ ખુશ થઈ ગયા. મનમાં ને મનમાં તો વિચારવા લાગ્યા કે દરરોજ આવી જ રીતે માલ મળતો રહે તો આપણે પિતાજીને પણ બતાવી દઈશું કે અમે કંઈક છીએ.

પણ પાપ તો છુપાવવાનો પ્રયત્ન કરવા છતાં પણ છુપું રહેતું નથી. રાજમહેલમાં થયેલી ચોરીની વાત પ્રગટ થઈ ગઇ.

દાસીઓને ધમકાવવામાં આવી તો તેમણે પોતાનો ગુનો સ્વીકારી લીધો અને એ પણ જણાવી દીધું કે તેમણે ઘરેણાં શેઠ ધનસારના પુત્રો ધનદત્ત, ધનદેવ, ધનચન્દ્રને વેચ્યાં છે.

શેઠ ધનસારનું નામ સાંભળીને રાજા જિતશત્રુ અને યુવરાજ અરિમર્દન મૂંઝવણમાં પડી ગયા. રાજા ધન્નાના ઉપકાર નીચે દબાયેલા હતા, તેણે તેમના પુત્રને જુગારનું

વ્યસન છોડાવ્યું હતું અને તેજુન્તરી રેતમાંથી મળેલું ધન ભેટ આપ્યું હતું, જેનાથી રાજ્યનું ડગમગતું અર્થતંત્ર વ્યવસ્થિત થઈ ગયું હતું.

અરિમર્દન તો તેને પોતાનો પરમ મિત્ર જ માનતો હતો. મિત્રના પિતાને તો યુવરાજ પણ સજા કરવા ઈચ્છતો ન હતો અને ધન્નાના પિતાને રાજા પણ. તેમણે ચુપચાપ નોકર મારફત ધનસારને બોલાવડાવીને સમગ્ર હકીકત તેમને જણાવી. ધનસારનું મુખ શરમથી ઝુકી ગયું. આંસુ વહાવતાં તે બોલ્યા :

'મહારાજ! હું તો તે જ વખતે મરી ગયો હતો જ્યારે આ ત્રણ કપૂતોને કારણે મારા ધન્નાને ઘર છોડવું પડયું. તમે મને ઠીક લાગે તે સજા કરો. મારા કપૂતોનાં ખરાબ કામની સજા ભોગવવા હું તૈયાર છું.'

રાજા અને યુવરાજને ધનસાર પર દયા આવી ગઈ. તેમણે કહ્યું–

'શેઠ! તમારા પુત્રોનો ગુનો તો અક્ષમ્ય છે. રાજ્યના કાયદા પ્રમાણે તો તમારી સમગ્ર મિલકત જપ્ત કરીને તમને બધાને કેદમાં પૂરી દેવા જોઈએ. પણ ધન્નાના અમારા પરના ઉપકાર અને તમારી અત્યાર સુધીની ઈમાનદારી, પ્રામાણિકતા અને ધર્મનિષ્ઠાને નજરમાં રાખતાં એટલું જોવામાં આવશે કે તમારી આબરુને કંઈ નુકસાન ન થાય.

'જેવી મહારાજની ઈચ્છા.' ધનસારના મુખમાંથી શબ્દો

નીકળી પડયા.

'એને માટે તમે એવું કરો કે આજે જ કુટુંબ સહિત પ્રતિષ્ઠાનપુર છોડીને નીકળી જાઓ. તેનાથી તમારું માન પણ સચવાશે અને તમારી સંપત્તિને અરક્ષિત સંપત્તિ જાહેર કરીને રાજખજાનામાં જમા કરાવી દેવામાં આવશે. તેનાથી રાજ્યની મર્યાદા પણ સચવાશે.'

'આપની આજ્ઞા શિરોધાર્ય છે મહારાજ!' કહીને ધનસાર ચાલવા લાગ્યા તો રાજાએ ચેતવણી આપી.

'ધ્યાન રાખજો શેઠ! જો તમે કે તમારા કુટુંબનો કોઈ પણ સભ્ય પ્રતિષ્ઠાનપુરમાં જોવા મળશે તો ન્યાય સમક્ષ હું લાચાર બની જઈશ.'

'આપની એટલી જ કૃપા પણ ઘણી મોટી છે, મહારાજ! તમારી ઈચ્છાનું અક્ષરશ: પાલન કરીશ.'

શેઠ ધનસારે માથું નમાવીને રાજાને પ્રણામ કર્યા અને ચાલવા માંડયા.

ઘેર જઈને દુઃખી અવાજે શેઠે પત્ની અને વહુઓને પુત્રોનાં કાળાં કામ જણાવ્યાં તો બધાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

ત્રણે પુત્રોએ પણ કૃત્રિમ ઉદાસી પ્રગટ કરી. મનમાં તો તેઓ રાજકોપથી ડરી જ ગયા.

રાજાના નિર્ણય પ્રમાણે સર્વસ્વ છોડીને આખું કુટુંબ મધરાતે પ્રતિષ્ઠાનપુરમાંથી ચાલી નીકળવા માટે તૈયાર થઈ

ગયું. ત્રણે પુત્રોએ કેટલાંક રત્ન લઈ લીધાં તો પ્રામાણિકતાના પુજારી શેઠે કહ્યું–

'દુષ્ટો! હજું પણ કપટથી તમારું પેટ ભરાયું નથી. એ કારણે જ તો વન–વન ભટકવાની દશા આવી ગઈ છે, દુઃખ પણ સહેવાં પડશે. રહેવા દો એને અહીં જ. રાજાની સાથે કપટ ના કરો.'

તે વખતે તો પુત્રોએ રત્ન મૂકી દીધાં. પણ નીકળતાં નીકળતાં તેમણે કેટલાંક કિંમતી રત્નો છુપાવીને પોતાની પાસે રાખી લીધાં.

પછી બધાં નીકળી પડયાં. પ્રતિષ્ઠાનપુરની હદ વટાવીને જંગલમાં આવ્યાં. જંગલમાં તેઓ આગળ વધવા લાગ્યાં.

એક રાત્રે તેઓ જંગલમાં સૂઈ ગયાં હતાં, ત્યારે ચોર લોકો તે રત્નોને ચોરી ગયા. હવે તેમની પાસે કંઈ રહ્યું નહીં, રસ્તામાં રોકાતાં મજુરી કરતાં અજ્ઞાત પ્રેરણાવશ ઉજ્જયિની તરફ ચાલવા લાગ્યાં.

કયારેક તેમને પેટ ભરીને લૂખું–સૂકું ભોજન મળી જતું તો કયારેક તો તે પણ મળતું નહીં. કયારેક તો અડધા પેટે જ ચલાવી લેવું પડતું તો કયારેક વનનાં ફળો ખાઈને જ નભાવવું પડતું.

ચાલતાં–ચાલતાં તેઓ બધાં જ (શેઠ ધનસાર, શેઠાણી શીલવતી, ત્રણે વહુઓ અને ત્રણે પુત્રો આઠ માણસો) ઉજ્જયિનીની હદ પાસે આવી પહોંચ્યાં.

સવારનો સમય હતો. દરરોજના નિયમ પ્રમાણે મહામંત્રી ધનકુમાર ઘોડા પર બેસીને વનભ્રમણ માટે જઈ રહ્યો હતો. તેણે દૂરથી આઠ માણસોને પગે ચાલીને આવતાં જોયાં તો તેની નજર ત્યાં જ સ્થિર થઈ ગઇ.

થોડો વધુ આગળ વધ્યો તો માનવ આકાર સ્પષ્ટ દેખાયા. તેમાં ચાર પુરૂષ અને ચાર સ્ત્રીઓ છે. અંતર ઘટતું ગયું. ધન્નાએ જોયું બધાં જ મલિન, દુર્બળ અને થાકેલાં હતાં. હવે આઠે માનવોની આકૃતિ સ્પષ્ટ થઈ ગઇ.

ધન્નાએ ઓળખી લીધાં કે આ તો મારાં જ કુટુંબી છે. પણ તેમની આવી દશા! હું તો સર્વસ્વ ઘેર મૂકીને જ આવ્યો હતો. તો પછી થયું શું? આવી કપરી દશા કેવી રીતે થઈ ગઇ?

ત્યાં સુધીમાં આઠે માનવો નજીક આવી ગયાં. ધન્ના ઘોડા પરથી ઉતરીને ઝડપથી આગળ વધ્યો અને પિતાના ચરણે પડયો. ધનસાર એકદમ ચમકીને બોલી ઉઠયા:

'અરે! અરે! શ્રીમાન! આ તમે શું કરી રહ્યા છો?'

ધન્નાએ પોતાનું મસ્તક સહેજ ઉંચું કરીને કહ્યું:

'પિતાજી! શું તમે તમારા પુત્ર ધન્નાને ના ઓળખ્યો?'

'અરે ધન્ના તું!' પિતા બોલી ઉઠયા.

'બેટા ધન્ના!'

'દેવરુપ દિયર!'

'ભાઈ ધન્ના !'

એક સાથે અનેક અવાજ ગાજી ઉઠયા. આશ્ચર્ય અને આનંદનો સાગર લહેરાવા લાગ્યો. માતાએ બેટાને છાતી સાથે લગાવતાં કહ્યું-

'બેટા ! મને સાથે કેમ ના લઈ આવ્યો ? ત્યાં રડવા કકળવા શા માટે છોડી દીધી ?'

ધન્ના ચૂપ જ રહ્યો. માતાને શો જવાબ આપે ? તેણે પિતાને કહ્યું :

'પિતાજી ! તમારા સૌની આ દશા ! હું તો સ્વપ્નમાં પણ આવું ધારતો ન હતો.'

'મારા ઘરના સૂરજ ! જયારે તું જ ચાલ્યો ગયો એટલે બધી બાજુ અંધકાર જ છવાઈ ગયો.' પિતાએ આંસુ વહાવતાં કહ્યું.

સૂરજ શબ્દ સાંભળતાં જ ધન્નાની નજર પૂર્વ દિશામાં ગઈ. જોયું તો સૂર્ય ઘણો બધો ઉપર આવી ગયો હતો. તે બોલ્યો-

'પિતાજી ! તમે બધાં જ અહીં રોકાઓ. ત્યાં સુધીમાં હું તમારા સૌને માટે કપડાં લઈને આવું છું. તમારો નગર પ્રવેશ મહામંત્રીના કુટુંબીજનોના ગૌરવને અનુરૂપ જ થવો જોઈએ.'

આમ કહીને ધન્ના ઘોડા પર બેસીને ઝડપથી ચાલ્યો ગયો. તેણે ઘરેણાં-કપડાં વિગેરે લીધું અને પોતાના નોકરોને

કહ્યું—

'મારાં કુટુંબીઓ મળવા આવ્યાં છે. રથ અને પાલખીઓ લઈને તમે બધા નગરની સરહદ પર આવો.'

રાજકીય સવારી આવતા પહેલાં જ ધન્ના પોતાનાં કુટુંબીજનો પાસે પહોંચી ગયો. બધાંને નવાં અને કિંમતી વસ્ત્રાભૂષણ પહેરાવ્યાં. પૂરા રાજકીય સન્માન અને સમારોહ સહિત બધાનો નગર પ્રવેશ થયો.

સ્વાગતની ઔપચારિકતા પૂરી થયા બાદ બધાં ધન્નાને ઘેર પહોંચ્યાં. ભવ્ય અને વિશાળ ભવન હતું ધન્નાનું નિવાસસ્થાન. મોડી રાત સુધી ધન્ના બધાં કુટુંબીઓ સાથે વાત-ચીત કરતો રહ્યો. પિતાને આ વિપત્તિનું કારણ પૂછ્યું તો તેમણે આંખમાં આંસુ લાવીને બધી વાત વિગતે જણાવી દીધી. ધન્નાએ કહ્યું :

'પિતાજી ! હવે ભૂતકાળનાં દુઃખોને યાદ કરવાથી શો લાભ ? તમે બધાં જ અહીં સુખેથી રહો.'

'હા બેટા ! તારી સાથે તો સુખ જ સુખ છે. પણ તું તો જણાવ કે ઘેરથી નીકળ્યા પછી તારા પર શું વીત્યું ? અહીં સુધી કેવી રીતે આવી પહોંચ્યો અને આ ગૌરવશાળી પદ કેવી રીતે મળ્યું ?'

ધન્નાએ પોતાની યાત્રાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. શેઠ ધનસાર પોતાના નિસ્પૃહી ભાગ્યવાન પુત્રનો અહેવાલ સાંભળી સંતોષ પામ્યા. માતા અને ત્રણે વહુઓ પણ

પ્રસન્ન થઇ ગઈ.

પણ ભાઈઓ ચૂપચાપ બેઠા-બેઠા સાંભળતા રહ્યા. પોતાના કપટી સ્વભાવથી લાચાર હોવાને કારણે તેઓ ધન્નાની પ્રશંસા તો કરી જ શકતા નહોતા અને ટીકા કરવા યોગ્ય કોઈ વાત તેમને મળતી નહોતી.

સારી એવી રાત પસાર થઈ ગઈ હતી. બધાં સૂઈ ગયાં.

મહામંત્રીનાં કુટુંબીજનોનું આગમન એ એવી કોઈ સાધારણ ઘટના ન હતી કે મહાસેન ચંડપ્રદ્યોતથી તે છુપી રહે. તેમને પણ આ વાતની ખબર પડી. તેમને પણ તેમને મળવાની આતુરતા હતી.

તેઓ પણ પોતાના મહામંત્રીનો પૂરો પરિચય જાણવા માગતા હતા, જેને ધન્નાએ 'તેને રહસ્ય જ રહેવા દો' એમ કહીને છુપાવ્યું હતું.

તેમણે પોતાના ખાસ સેવકને મોકલ્યો. સેવકે આવીને શેઠ ધનસારને કહ્યું—

'મહારાજ આપને મળવા માટે ખૂબ આતુર છે. આવતી કાલનું ભોજન આપ સહકુટુંબ મહેલમાં જ લેવાની કૃપા કરો.'

ધનસારે આમંત્રણનો સ્વીકાર કર્યો. સેવક ચાલ્યો ગયો.

બીજા દિવસે જ્યારે ધનસાર સંપૂર્ણ કુટુંબ સાથે રાજ-મહેલમાં જવા માટે તૈયાર થયા ત્યારે ધન્નાએ કેટલાંક

અત્યંત કિંમતી રત્ન માતા-પિતા તથા ભાઈ-ભાભીઓને આપ્યાં અને કહ્યું—

'મહારાજને ભેટ આપજો. તેઓ પણ જાણે કે પ્રતિષ્ઠાનપુરના કરોડપતિ શેઠ ધનસાર કોઈ સામાન્ય વણિક નથી.'

બધાએ રત્ન લીધાં અને રાજકીય રથમાં બેસીને રાજમહેલમાં આવી પહોંચ્યાં. મહિલાઓ પાલખીઓમાં ગઇ અને પુરૂષો રથમાં. ચંડપ્રદ્યોત અને તેની રાણીઓએ સૌનું સ્વાગત કર્યું.

ધનસારે રત્નોની ભેટ ધરતાં કહ્યું—

'મહારાજ! અમે ગરીબ વણિક છીએ, આ તુચ્છ ભેટનો સ્વીકાર કરો.'

ભેટનો સ્વીકાર કરતાં ચંડપ્રદ્યોત બોલ્યા :

'તમે ભલે તમારી જાતને ગરીબ કહેવડાવો. પણ વાસ્તવિકતા એ છે કે તમે એવાં અણમોલ રત્ન આપ્યાં છે, જેની તુલના જ નથી.'

તે પછી બીજી વાતો પણ થઈ. ચંડપ્રદ્યોતે ધન્નાનો પૂર્ણ પરિચય મેળવી લીધો. પટરાણીઓ પણ શીલવતી તથા ત્રણે વહુઓને મળીને અને કિંમતી રત્નોની ભેટ મેળવીને ખુશ ખુશ થઈ ગઇ. શેઠની સમૃદ્ધિથી બધા પ્રભાવિત થયા. ભોજન બાદ શેઠ ધનસાર પાછા ફર્યા.

શેઠ ધનસારના સમગ્ર કુટુંબનું જીવન સુખેથી પસાર થવા લાગ્યું. ધનદત્ત, ધનદેવ અને ધનચન્દ્ર ત્રણે ભાઈ હવે

ફરીથી મસ્તીમાં દિવસો પસાર કરવા લાગ્યા. તેમનું માન અહીં વિશેષ હતું.

લોકો તો મહામંત્રીના ભાઈ સમજીને તેમનો આદર કરતા હતા, પણ તેઓ અભિમાનમાં ફૂલાતા હતા. તેમના પર અધિકારનો મદ પણ છવાઈ ગયો હતો. તેઓ કોઈ-કોઈ વખત નોકરોને પણ ઠપકારતા. કારણ વિનાનો ઠપકો નોકરોને ગમતો તો નહીં. પણ ધન્નાની સજ્જનતાને કારણે તેઓ ચૂપ રહેતા.

સમય પસાર થતો રહ્યો અને ત્રણે ભાઈઓની કુટિલતા વધતી ગઈ. તેમની ઇર્ષ્યા ફરીથી જાગી ઉઠી. તેઓ ધન્ના પર દોષારોપણ કરવાની તક શોધવા લાગ્યા.

એક દિવસ ધન્નાએ પોતાના પિતાને શબમાંથી મળેલાં પાંચ કિંમતી રત્ન બતાવ્યાં અને પૂછ્યું-

'પિતાજી! આની કિંમત કરો તો. હું જાણવા માગું છું કે મારી પરખ કેવી છે?'

ધનસાર પ્રતિષ્ઠાનપુરના પ્રતિષ્ઠિત અને ગણનાપાત્ર ઝવેરી હતા. તેમનું સમગ્ર જીવન રત્નોને પારખવામાં જ વીત્યું હતું. રત્નોને જોઇને તેઓ ચકિત થઇ ગયા. ઘણી વાર સુધી તેને આમ-તેમ ફેરવતા રહ્યા. પછી બોલ્યા-

'બેટા! આ રત્નો તો અત્યંત કિંમતી છે. આમાંનું એક જ એટલું બધું કિંમતી છે કે, આપણે આપણો જૂનો વૈભવ ફરીથી મેળવી શકીએ. આ પાંચ રત્નોથી તો આપણે

પાંચ વખત કરોડપતિ બની શકીએ. પણ તને આ કિંમતી રત્ન મળ્યાં કયાંથી ?'

ધન્ના આ પાંચ રત્ન મળવાની વાત જણાવે તે પહેલાં ત્રણ ભાઇ–ભાભીઓ અને માતા શીલવતી પણ આવી ગયાં. તેમણે પણ રત્નો જોયાં અને ચમકી ગયાં.

ધન્નાએ શબમાંથી મળેલાં આ પાંચ રત્નોનો પ્રસંગ વિગતે જણાવ્યો. તે સાંભળીને શેઠે કહ્યું–

'સાચું છે. ભાગ્યશાળી જયાં પણ જાય છે, તેને મળે જ છે. નસીબ છે તારું બેટા !'

અત્યાર સુધી ત્રણે ભાઇ ધન્નાનો વૈભવ જોઇને લજ્જિત થઈ ગયા હતા. તેઓ કંઈક દોષ તો શોધી રહ્યા હતા, પણ કોઈ તક મળતી ન હતી. આ પ્રસંગ સાંભળીને તેમને તક મળી ગઈ, તેથી તેઓ વ્યંગમાં બોલ્યા–

'વાત તો ઠીક બનાવી છે ધન્ના !'

'તમે કહેવા શું માગો છો ?' ધનસારે પૂછયું.

'શબમાંથી કોઈ દિવસ રત્ન નીકળતાં હશે ?'

'તો શું ધન્ના જૂઠું બોલે છે ?'

'અમે એવું કહેવાની હિંમત તો કેવી રીતે કરી શકીએ ? એ તો ઉજ્જયિનીનો મહામંત્રી છે.'

ધનદેવના અવાજમાં કટાક્ષ એટલો સ્પષ્ટ હતો કે ધનસારનાં ભવાં ચડી ગયાં. આવેશમાં આવીને તે બોલી ઉઠયા–

'ધનદેવ ! તું કહેવા શું માગે છે ? જે કહેવું હોય તે સ્પષ્ટ કહે.'

'પિતાજી ! સાચી વાત તો ખૂબ કડવી હોય છે. તમે તે સાંભળી શકશો નહીં.'

'તું કહે તો ખરો.'

'તમારો લાડકો સપૂત ધન્ના ઘેરથી તેની જાતે ભાગી ગયો ન હતો. તમે જ તેને ભગાડયો હતો. અમારી જીવન-ભરની કમાણીમાંથી જે ધન ભેગું થયું હતું, તેમાંથી આ પાંચ રત્ન ખરીદીને તમે ચુપચાપ તેને આપી દીધાં હતાં અને તે લઇને તે ભાગી ગયો હતો. સાચી વાત તો એ છે કે આ રત્ન અમારી કમાણીનાં છે, તેના પર અમારો અધિકાર છે.'

ધનદેવની વાતને બંને ભાઈઓએ ટેકો આપ્યો.

ત્રણે પુત્રોની આ વાત સાંભળીને શેઠ ધનસાર એકદમ સ્તબ્ધ થઇ ગયા. આ તો તેમના પર જ સ્પષ્ટ રીતે મુકાયેલો આક્ષેપ હતો. ગુસ્સે થઈ ગયા શેઠ. અપ્રામાણિકતાના જૂઠા આક્ષેપને તેઓ સહન કરી શકયા નહીં. તેઓ તો એકદમ ગર્જી ઉઠયા–

'અરે કુટિલો ! થોડી તો શરમ રાખો. તમે હંમેશાં મારું આપેલું ધન ગુમાવતા રહ્યા છો અને કમાણીનો દંભ કરો છો. મારા પર આક્ષેપ મૂકો છો, કે જેની પ્રામાણિકતાથી પ્રભાવિત થઈને મહારાજ જિતશત્રુએ તમને નગરમાંથી

બહાર નીકળી જવાની તક આપી.

'આ ધન્ના પર આક્ષેપ મૂકો છો, જેના ઉપકારોને કારણે અહીં મોજ કરો છો, નહીં તો ક્યાંય પ્રતિષ્ઠાન-પુરની કેદમાં સબડતા હોત.

'ચોર તો તમે છો, કપૂતો ! રાજાની ચોરીનો માલ તમે ખરીદ્યો હતો અને અમારી પર જૂઠો આક્ષેપ લગાવો છો ?'

'અમે તો પહેલેથી જ કહ્યું હતું, સત્ય ખૂબ કડવું હોય છે. હવે અમને જ્યારે ખબર પડી જ ગઇ છે ત્યારે આ રત્ન અમને મળી જવાં જોઈએ, નહીં તો....'

'નહીં તો શું કરશો તમે ?'

'અમે આખા નગરમાં વાત ફેલાવી દઈશું, રાજા પાસે ન્યાય માગીશું. ધન્નાનું મહામંત્રીનું પદ ઝુંટવી લેવડાવીશું અને તમારી પ્રામાણિકતા અને પ્રતિષ્ઠાને ધૂળમાં મેળવી દઈશું.'

વાત ઘણી આગળ વધી ગઇ હતી. શેઠાણી શીલવતીની આંખમાં પણ ગુસ્સો આવી ગયો હતો. ત્રણે વહુઓના હોઠ પણ ફફડવા લાગ્યા હતા. શેઠ ધનસારનો ગુસ્સો પણ હદ બહાર જવા લાગ્યો હતો. તેઓ ચીસ પાડીને બોલ્યા—

'દુષ્ટો ! દૂર થઈ જાઓ મારી નજર સામેથી.'

ત્રણે પુત્રો ઉઠયા અને જતાં-જતાં બોલ્યા-

'બૂમો પાડવાથી કંઇ વળવાનું નથી પિતાજી ! આ

રત્ન અમને મળવાં જ જોઈએ, નહીં તો પરિણામ વિચારી લેજો.'

આમ કહીને તેઓ ઓરડાની બહાર નીકળી ગયા. ધન્ના તો આ બધું જોઈ-સાંભળીને મૂઢ જેવો થઇ ગયો હતો. તે ભાઈઓને કંઈ પણ કહી શકતો ન હતો. તેની સજ્જનતા આડે આવતી હતી.

શું કહેવું-શું કરવું? તે કશો નિર્ણય કરી શકતો ન હતો. આ ત્રાસમાંથી તેને ઉગાર્યો રાજા ચંડપ્રદ્યોતના ખાસ સેવકે. તેણે આવીને કહ્યું–

'મહામંત્રી! આપને રાજાએ અત્યારે જ બોલાવ્યા છે.'

ધન્ના ઉઠયો. પિતાના ચરણને સ્પર્શ કર્યો. આંખથી જ બધાને શાંત રહેવાની વિનંતી કરી અને પ્રગટ રીતે કહ્યું–

'પિતાજી! હું મહારાજને મળીને હમણાં આવું છું.'

'જાઓ બેટા!' પિતાએ આજ્ઞા આપી.

મહામંત્રી ધનકુમારની પાછળ-પાછળ સેવક ચાલ્યો ગયો. પણ સેવકની તીક્ષ્ણ નજર આગળ કુટુંબનું આ તંગ વાતાવરણ છુપું રહ્યું નહીં, છતાં પણ તે કંઈ બોલ્યો નહીં.

ધન્નાએ રાજમહેલના એકાંત ગુપ્ત મંત્રણાખંડમાં પહોંચીને ચંડપ્રદ્યોતને પ્રણામ કર્યા. રાજાએ પણ તેનું સ્વાગત કરતાં કહ્યું–

'આવો મહામંત્રી! બેસો, ખાસ મંત્રણા કરવાની છે.'

'કહો.' બેસતાં-બેસતાં ધન્નાએ કહ્યું.

રાજા ચંડપ્રદ્યોત પોતાની યોજનાની પૂર્વભૂમિકા બાંધતાં બોલ્યા-

'મહામંત્રી! તમારી યોજના અત્યંત સફળ નીવડી. જંગલોમાં આપણા કિલ્લા અને ચોકીઓ સ્થાપવામાં આવી છે. વેપારીઓ સલામત થઈ ગયા છે, પરિણામે આવક પણ વધી ગઇ છે. તમારી વિચક્ષણ બુદ્ધિની મને ખાતરી થઈ ગઈ.'

ધન્ના સમજી ગયો કે આ કોઈ રહસ્યભરી અને ખાસ યોજનાની ભૂમિકા માત્ર છે. તે મારી પાસે કોઈ ખાસ કામ લેવા માગે છે. તેણે કહ્યું—

'આ બધું તો બરાબર છે રાજન! પણ ખાસ મંત્રણાની શી વાત છે, જેના માટે તમે મને બોલાવ્યો છે.'

'એ જ કહી રહ્યો છું, મહામંત્રી! મારી ઈચ્છા મગધ-રાજ શ્રેણિક પર આક્રમણ કરવાની છે. ઓછામાં ઓછું તેનું અર્ધું સામ્રાજય તો મેળવી જ લઉં.'

ધન્ના વિચારમાં પડી ગયો, તે વિચારવા લાગ્યો.

'ખરેખર ક્ષત્રિયો મહત્ત્વાકાંક્ષી હોય છે. પણ હદ કરતાં વધારે મહત્ત્વાકાંક્ષામાંથી જન્મેલી મૂર્ખતાથી તે મારી યોજનાનો અયોગ્ય લાભ ઉઠાવવા માગે છે. મેં તો પ્રજાના કલ્યાણ માટે અને દેશની ઉન્નતિ માટે યોજના બતાવી હતી અને આ તેનાથી નાશ કરવાની ઈચ્છા ધરાવે છે.'

મહામંત્રી ધનકુમારને વિચારમાં પડેલો જોઈને ચંડ-પ્રદ્યોતે પૂછ્યું—

'શા વિચારમાં પડી ગયા, મહામંત્રી ?'

'કોઈ પણ દેશ પર આક્રમણ કરતા પહેલાં પૂરતો વિચાર કરી લેવો જોઈએ. આપણી અને દુશ્મનની સાચી તાકાતનું મૂલ્યાંકન કરી લેવું જરૂરી છે. ક્યાંક એવું ના બની જાય કે આપણે મુશ્કેલીમાં આવી જઈએ. હું એ સમસ્યા પર વિચાર કરી રહ્યો છું.'

'ઓહ ! તો શું નિર્ણય કર્યો ?'

'મને આજની રાત વિચાર કરવાનો સમય આપો. પૂરતો વિચાર કર્યા પછી કાલે જણાવી દઈશ.'

'હા-હા, કાલે જણાવજો. આપણે ક્યાં ઉતાવળ છે ? અને કાલે પણ ના કહી શકો તો એક-બે દિવસ પછી જણાવજો. પણ એ તો નિશ્ચિત છે કે હું મગધ પર આક્રમણ તો કરીશ જ.'

'હું તો ઝડપથી જણાવીશ.'

'ઠીક ઠીક, હવે તમે આરામ કરો.' કહીને ચંડપ્રદ્યોતે ધન્નાને જવાની આજ્ઞા આપી.

ધન્ના અભિવાદન કરીને ચાલ્યો આવ્યો.

હવે ધન્નાના મગજ પર બમણો ભાર આવી ગયો. ગૃહકંકાસથી તો તે દુઃખી હતો જ, વળી ચંડપ્રદ્યોત પણ લડાઈ કરવા તૈયાર થઈ ગયો હતો.

જે હિંસા અને પરિગ્રહથી તે દૂર ભાગતો હતો, જ તે

તેની સામે આવતાં [illegible] ઘરમાં ભાઈઓ ઉપદ્રવ કરી રહ્યા-હતા અને દેશમાં ચંડપ્રદ્યોત કરવા માગતો હતો.

મોડી રાત સુધી ધન્નાને ઊંઘ ના આવી. તે આ જ વિચારોમાં મુંઝાતો રહ્યો. તે કંઈ પણ નિર્ણય કરી શકતો ન હતો.

તે વખતે મધરાતે ધનદેવીએ તેના ઓરડામાં પ્રવેશ કરીને પૂછ્યું-

'હજુ સુધી જાગો છો, દિયરજી ?'

'હા ભાભી! હું તો ચિંતિત છું, પણ તમે હજુ સુધી કેમ ઊંઘી શકયાં નથી?' ધન્નાએ જવાબ આપવાની સાથે સાથે પ્રતિપ્રશ્ન પણ કર્યો.

'મારા જાગરણનું પણ ખાસ કારણ છે, દિયરજી!'

'શું ભાઇ સાથે ઝગડો થયો ?'

'હું અબળા તો શું ઝગડો કરું પણ...' કહેતાં ધનદેવી અટકી ગઈ. જાણે કે તે કંઈક કહેવા માગતી હોવા છતાં કહી શકતી ન હોય !'

'કેમ અટકી ગયાં ભાભી! સ્પષ્ટ કહો શી વાત છે? તમે શા માટે ચિંતા કરો છો ?'

'ચિંતા તો એ જ છે દિયરજી! જયારે તમારે પ્રતિષ્ઠાન-પુર છોડવું પડયું હતું, તેનાથી પણ અત્યારે સ્થિતિ વધુ ખરાબ છે. તમારા ભાઈઓએ નિશ્ચય કર્યો છે કે તેઓ એ રત્ન લઈને જ રહેશે, પછી ભલે તેને માટે તમને...' અને

ધનદેવી આગળ ન બોલી શકી. બાકીના શબ્દો તેના મુખમાં જ રહી ગયા.

ધન્ના સમજી ગયો. તેણે કહ્યું—

'ચિંતા ના કરશો ભાભી! બધું બરાબર થઇ જશે. ભાઇઓને કંઈ પણ નહીં કરવું પડે, ઝગડાનું મૂળ જ દૂર થઇ જશે.'

'શું કરશો તમે! કયાંક એવું ના કરી બેસતા કે...'

'ના ના, ભાભી! હું એવું કંઇ પણ નહીં કરું. તમે સહેજ પણ ચિંતા ના કરશો. હું એવો ઉપાય કરીશ કે ભાઇઓને કોઈ ફરિયાદનું કારણ જ નહીં રહે. તમે હવે સૂઇ જાઓ. રાત પણ ઘણી વીતી ગઈ છે.'

ધનદેવી જતી રહી. ધન્ના વિચાર કરવા લાગ્યો.

'હવે ઉજ્જયિનીમાં રહેવું મારે માટે શકય નથી. ચંડપ્રદ્યોત જેવા અભિમાની અને યુદ્ધપ્રિય રાજા સાથે મારે બનશે નહીં. હું તેને યુદ્ધ નહીં કરવાની સલાહ આપીશ તો તે વિરુદ્ધ પડશે. શકય છે કે મારાં કુટુંબીઓને હેરાન કરે. હું જતો રહીશ તો હું પણ હિંસાના દોષમાંથી બચી જઈશ અને કુટુંબીઓ પણ સુખી થશે. હું સમગ્ર ધન અહીં મૂકી જઈશ. પિતાજીની પાસે પાંચ રત્ન તો છે જ. કદાચ ત્રણ ભાઈઓ ત્રણ રત્ન લઈ પણ લેશે તો પણ તેઓ એક જ રત્નથી કરોડપતિ શેઠ બનીને વેપાર જમાવી શકશે.'

ઘણી વાર સુધી વિચાર કર્યા બાદ ધન્નાએ ઉજ્જયિની

છોડવાનો નિર્ણય કરી લીધો. તે ઉભો થયો, બધાં ઘરેણાં ઉતારીને પથારીમાં મૂકી દીધાં અને મનથી જ બધાને પ્રણામ કરીને ચાલી નીકળ્યો

આખું નગર ઊંઘતું હતું અને ધન્ના અજ્ઞાત મંજિલ તરફ આગળ વધી રહ્યો હતો, સર્વસ્વ છોડીને. અનુપમ હતા તેના વિચાર.

પ્રતિષ્ઠાનપુરમાં નગરશેઠની પદવી છોડી દીધી તો અહીં ઉજ્જયિનીમાં તેનાથી પણ વિશેષ મહામંત્રીનું પદ છોડી દીધું. તે પણ ફક્ત એટલા માટે કે તેના ભાઈ ખુશ રહે, સુખેથી જીવન પસાર કરે, આખું કુટુંબ આનંદ અને સુખ ભોગવે.

# ૯

મહામંત્રી ધનકુમારને જવાની અનુમતિ આપ્યા પછી પણ ચંડપ્રદ્યોત બેઠો-બેઠો મગધ પર આક્રમણ કરવાની યોજના ઘડતો રહ્યો. ઘણા દિવસથી તેની નજર મગધના વૈભવ પર લાગેલી હતી. તે મગધની સમૃદ્ધિને પોતાના કાબુમાં લાવીને પોતાની મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માગતો હતો.

જો કે મગધના રાજા શ્રેણિક તેના સાઢુ હતા. વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ મહારાજ ચેટકની સાત પુત્રીઓમાંથી પાંચના લગ્ન બીજા મોટા-મોટા પ્રભાવશાળી રાજાઓ સાથે થયાં હતાં.

ચેલનાનું લગ્ન થયું હતું મગધેશ શ્રેણિકની સાથે અને શિવાદેવીનું લગ્ન માલવપતિ ચંડપ્રદ્યોત સાથે થયું હતું. આ સંબંધે બંને નજીકના સગા એટલે કે સાઢુ હતા.

પણ ચંડપ્રદ્યોત જેવો મહત્ત્વાકાંક્ષી માણસ આવા સંબંધોને ક્યાં ગણતો જ હતો? આ જ રીતે તેણે પોતાના

સાધુ વત્સરાજ શતાનીક પર આક્રમણ કરીને કૌશામ્બીમાં ઘેરાવો કર્યો હતો. વત્સરાજ શતાનીક વીરગતિ પામ્યા.

રાણી મૃગાવતીએ અત્યંત કુશળતાથી નગરનું રક્ષણ કર્યું અને છેવટે ભગવાન મહાવીરના ચરણોમાં પ્રવ્રજ્યા લઈ લીધી. આક્રમણમાં ચંડપ્રદ્યોતને નિરાશા જ મળી.

આ રીતે સ્વર્ણગુલ્લિકા દાસીને કારણે તે સિન્ધુ-સૌવીર નરેશ ઉદયનના હાથે અપમાનિત થયો.

તે છતાં પણ તેની વૃત્તિ બદલાઇ નહીં, તેણે રાજ-નીતિનો ભયંકર ખેલ ખેલવાનો નિશ્ચય કરી લીધો હતો. ધન્નાની સલાહ લેવાનું તો માત્ર બહાનું જ હતું.

વિશાળ મગધ રાજ્યની રાજધાની રાજગૃહ નગર અત્યંત શોભનીય હતું. અનેક રાજાઓથી માન પામતો, ધર્મપ્રિય અને પ્રજાપ્રેમી રાજા બિમ્બિસાર શ્રેણિકના સુશાસનમાં પ્રજા સમૃદ્ધ હતી.

શેઠિયાઓનાં ઉંચાં-ઉંચાં ભવન હતાં. શ્રેણિકે જાતે જ આ નગરને રાજધાની માટે વસાવ્યું હતું. તેથી નગરનો વસવાટ યોજનાબદ્ધ હતો. નગરમાં અનેક ઉદ્યાન હતા, જેમાં ગુણશીલક સૌથી અધિક ભાગ્યશાળી હતો, જેને ભગ-વાન મહાવીર અને બીજા શ્રમણોએ ઘણી વખત પોતાની ચરણ-રજથી પવિત્ર કર્યો હતો.

આવી સમૃદ્ધ નગરી પર ચંડપ્રદ્યોતે આક્રમણ કરી જ દીધું.

○ ○ ○

સવારે સૂર્યોદય થતાં જ રાજગૃહના નિવાસીઓએ આંખ ખોલી તો નગરને મહાસેન ચંડપ્રદ્યોતની સેનાથી ઘેરાયેલું જોઇને સ્તબ્ધ થઇ ગયા. દ્વાર-રક્ષકોએ તરત જ રાજા શ્રેણિકને સમાચાર આપીને પૂછ્યું-

'શી આજ્ઞા છે મહારાજ ? દરવાજા ખોલીએ કે નહીં !'

આ અચાનક આક્રમણથી મહારાજ શ્રેણિક પણ સ્તંબ્ધ થઇ ગયા. તેમણે કહ્યું.

'હમણાં દરવાજા ખોલશો નહીં. મારી આજ્ઞાની રાહ જુઓ.'

દ્વાર-રક્ષક ચાલ્યા ગયા. રાજા શ્રેણિકે તરત જ મંત્રીઓની સભા બોલાવી. બધા આ વિકટ અને આકસ્મિક સમસ્યા પર વિચાર કરવા લાગ્યા. સેનાપતિએ કહ્યું.

'મહારાજ ! આપ ચિંતા કરશો નહીં. મગધની સેનાએ પણ બંગડીઓ નથી પહેરી. ચંડપ્રદ્યોતને આપણે યોગ્ય બોધપાઠ શિખવાડીશું.'

બીજા મંત્રીઓએ પણ આવા જ વિચાર પ્રગટ કર્યા. મહારાજ શ્રેણિકે પણ કહ્યું.

'બરોબર છે, સેનાપતિજી ! તમે લશ્કર તૈયાર કરાવો.

આ અચાનક આવેલા હુમલાખોર સાથે તો લડવું જ પડશે.'

આ સમગ્ર વાતચીત દરમિયાન મહામંત્રી અભયકુમાર ચુપચાપ બેસી રહ્યો, તે એક શબ્દ પણ બોલ્યો નહીં. તેના મુખ પર છવાયેલી ગંભીરતા જોઈને શ્રેણિક સમજી ગયા કે તેના મગજમાં બીજી જ કોઇ યોજના ચાલી રહી છે.

તેઓ એ યોજનાને જાણવા માગતા હતા, તેથી તેઓ ઉભા થઈ ગયા. તે ઉભા થયા એટલે સભા સમાપ્ત થઇ ગઇ. સેનાપતિ લશ્કરને સુસજજ કરવા માટે અને યુદ્ધની તૈયારીઓ માટે ચાલ્યા ગયા. બીજા મંત્રીઓ પણ યુદ્ધની તૈયારીઓમાં લાગી ગયા.

મહારાજ શ્રેણિક પોતાના અંગત એકાંત ઓરડામાં આવી પહોંચ્યા. તેમની પાછળ-પાછળ અભયકુમાર પણ હતો. અભય રાજ્યનો મહામંત્રી જ નહીં, રાજા શ્રેણિકનો પુત્ર પણ હતો.

તેણે આ ગૌરવશાળી પદ પોતાની વિલક્ષણ પ્રતિભા અને અનોખી સૂઝ-સમજથી મેળવ્યું હતું. તે રાજા શ્રેણિકની પ્રથમ રાણી નંદાનો પુત્ર હતો.

નંદા ઉપરાંત બીજી પણ ઘણી રાણીઓ રાજા શ્રેણિકના રાણીવાસમાં હતી, જેમાં ચેલના, ધારિણી વિગેરે મુખ્ય હતી. અભયકુમાર ઉપરાંત રાજા શ્રેણિકને કુણિક આદિ પુત્રો પણ હતા.

શ્રેણિક પોતાના અંગત ઓરડામાં પહોંચીને એક

આસન પર બેઠા. અભયકુમારને પણ સામે પડેલા સુખાસન પર બેસવાનો સંકેત કરતાં કહ્યું.

'અભય ! રાજસભામાં આટલી વાતો થઈ, બધાએ પોત-પોતાનો અભિપ્રાય આપ્યો, પણ તું ચૂપ રહ્યો. તેનું શું કારણ ? તારો શું વિચાર છે ?'

'હું કંઈક બીજું જ વિચારતો રહ્યો.' અભયે ગંભીર અવાજે કહ્યું.

'તે તો જાણવા માગું છું.'

અભય બોલ્યો.

'મહારાજ ! હું જાણું છું કે મગધની સેના પણ કમજોર નથી. ચંડપ્રદ્યોતના દાંત ખાટા કરી નાખે તેવી છે. પણ યુદ્ધ એ તો યુદ્ધ જ છે. હજારો-લાખો સ્ત્રીઓનાં સિંદૂર ભુંસાઈ જશે. લાખો બાળકો અનાથ થઈ જશે, ખેતી બરબાદ થઈ જશે...'

'એ તો હું પણ જાણું છું.' શ્રેણિક વચ્ચે જ વાત કાપીને બોલી ઉઠયા. 'હું પોતે જ હિંસાથી દૂર રહેવા માગું છું, પણ આ અયાચિત અને આકસ્મિક યુદ્ધથી મુખ કેવી રીતે ફેરવી લેવાય ?'

'યુદ્ધથી મોં ફેરવી શકાય નહીં, પણ યુદ્ધ કર્યા વિના જ ચંડપ્રદ્યોતનું મોં ફેરવી શકાય.'

'શું એ શકય છે ?', શ્રેણિકે ચમકીને પૂછયું.

'બધું જ થઇ શકે છે, મહારાજ ! મેં એવી યોજના

વિચારી છે કે ચંડપ્રદ્યોત લડયા વિના જ ઉજ્જયિની ભાગી જશે.'

'શું વિચાર્યું છે તેં ?' શ્રેણિક આનંદથી ઝુમી ઉઠયો.

'અત્યારે કંઇ જ નહીં બતાવું, મહારાજ !'

'પિતાથી પણ છુપાવવાનું ?'

'અત્યારે હું મહામંત્રી છું અને તમે મહારાજ ! જ્યાં સુધી સફળતા મળે નહીં, ત્યાં સુધી મારે મારી યોજના ગુપ્ત રાખવી છે.'

'શું તને એવી શંકા છે કે હું તારી યોજનાને ગુપ્ત નહીં રાખી શકું ?'

'હઠ ના કરશો મહારાજ! દિવાલને પણ કાન હોય છે. તમે તો યોજના જાહેર ના કરો, પણ મહામંત્રીએ સાવચેત રહેવું જોઇએ. આપ નિશ્ચિંત બનીને આરામ કરો અને મને મારું કામ કરવા દો.'

શ્રેણિક સમજી ગયો કે અભય અત્યારે કશું જ જણાવશે નહીં, પણ તેમને પોતાના યોગ્ય પુત્ર પર પૂર્ણ વિશ્વાસ હતો. ઘણી વખત તેની બુદ્ધિ અને યોજનાનો ચમત્કાર જોઇ ચૂકયા હતા.

અભયે અસંભવ લાગતાં કાર્યો પણ સંભવિત બનાવી દીધાં હતાં, ગહન, મુશ્કેલ સમસ્યાઓને સરળ બનાવી દીધી હતી. આ બધું વિચારીને શ્રેણિક બોલ્યા.

'જાઓ મહામંત્રી ! તમારું કામ કરો, યોજના સફળ બતાવો.'

અભય માથું નમાવીને ચાલ્યો આવ્યો. તે સીધો પોતાના ઓરડામાં પહોંચ્યો. ગુપ્તચર વિભાગના અધિકારીને બોલાવ્યા અને થોડી વાર સુધી તેને પોતાની યોજના સમજાવતા રહ્યા. અધિકારી મસ્તક હલાવીને સ્વીકૃતિ આપતા રહ્યા. સંપૂર્ણ રીતે યોજના સમજાવ્યા પછી છેવટે અભયે કહ્યું–

'ભાઈ ! આ કામ આજે રાતના ત્રીજા પ્રહર પહેલાં થઇ જવું જોઈએ.'

'જરૂર થઈ જશે.' અધિકારીએ કહ્યું.

'પૂરી સાવચેતી રાખજો. કોઇને કશી ખબર ના પડવી જોઈએ.'

'ગોપનીયતા તો અમારા સ્વભાવમાં જ હોય છે મહામંત્રી ! એટલા માટે તો અમે ગુપ્તચર કહેવાઇએ છીએ. આપ નિશ્ચિંત રહો. આપની યોજના નિશ્ચિત રીતે સફળ થશે.' અધિકારીએ આત્મવિશ્વાસાભર્યા શબ્દોથી કહ્યું.

'બરાબર, તો થોડી વાર બેસો. ત્યાં સુધી હું પત્ર લખી દઉં.'

આ પ્રમાણે કહીને અભયકુમાર પત્ર લખવા બેસી ગયો. પત્ર લખીને સારી રીતે બંધ કર્યો અને પોતાની વ્યક્તિગત

ફક્ત નામની મહોર લગાવી. પત્ર અધિકારીના હાથમાં આપીને ગંભીર રીતે કહ્યું—

'ભાઈ ! તમારી કુશળતા પર મને પૂરો વિશ્વાસ છે. તેથી જ આ મહાન કામ તમને સોંપી રહ્યો છું.'

અધિકારીએ પત્ર લઈને યોગ્ય રીતે પોતાની પાસે છુપાવી દીધો અને જવા તૈયાર થયો. અભયે શુભેચ્છા પ્રગટ કરી. 'ભાઈ ! સફળ બનીને આવજો.' અધિકારીએ અભિવાદન કર્યું અને ચાલ્યો ગયો.

०

મધરાતનો સમય. અવન્તીપતિ ચંડ પ્રદ્યોતનું લશ્કર આખા દિવસના થાક પછી ઘેરી ઊંઘમાં મગ્ન છે. રક્ષકો પહેરેદારો પણ ઊંઘી રહ્યા છે.

દૂતરુપી ગુપ્તચર અધિકારીની સાથે કેટલાક ચર રાજગૃહના દરવાજાથી બહાર નીકળ્યા. વિશ્વાસુ ચર કંઇક કરવા માટે કટિબદ્ધ હતા. તે બધા આમ–તેમ વિખરાઈ ગયા. તેમનું લક્ષ્ય મુખ્ય સૈન્ય અધિકારીઓની છાવણીઓ હતું. દૂત પોતાની સાથે કેટલાક ચર લઈને સેનાપતિના શિબિર પર પહોંચ્યો. પહેરેગીરે ટકોર કરી.

'કોણ ?'

'મગધના મહામંત્રી અભયકુમારનો એક ખાસ દૂત.'

પહેરેગીરે સેનાપતિને જગાડયા. કસમયે ઉંઘ બગડવાને કારણે સેનાપતિને ગમ્યું નહીં. તેણે પૂછયું.

'કહો, મધરાતે શું કામ છે ?'

'અભયકુમારનો ખાસ સંદેશ છે.'

'બતાવો.'

'અવંતીનાથને જ કહેવાનો છે.'

આ જવાબથી સેનાપતિ ગુસ્સે થઈ ગયો. ઊંઘ પણ તૂટી અને સંદેશ પણ ના મળ્યો. તેણે ખિજાઈને પહેરેગીરને કહ્યું.

'આને મહારાજના તંબુમાં લઈ જાઓ.'

આમ કહીને તે પોતાની પથારીમાં પડયો અને નસકોરાં બોલાવવા લાગ્યો.

પહેરેગીર દૂતને પોતાની સાથે લઈને ચાલવા લાગ્યો. આટલો સમય કુશળ ગુપ્તચરો માટે પૂરતો હતો. તેમણે પોતાની જાળ એવી કુશળતાથી બિછાવી કે કોઇને કશી જ ખબર ના પડી.

પહેરેગીર અર્ધો ઉંઘમાં તો હતો જ. તેણે દૂરથી જ ચંડપ્રદ્યોતના તંબુ તરફ અંગુલિનિર્દેશ કર્યો અને પાછો ફર્યો. ચંડપ્રદ્યોતને તેના પહેરેગીરે મહામંત્રી અભયના દૂતના આગમનના સમાચાર સંભળાવ્યા તો તે ચમકી ગયો. તે બોલી ઉઠયો.

'મધરાતે દૂત ! ઠીક, મોકલો.'

દૂતે પ્રવેશ કરીને પ્રણામ કર્યા અને પત્ર કાઢીને ચંડપ્રદ્યોતના હાથમાં મૂકી દીધો. ચંડપ્રદ્યોત તેને આમ–તેમ

ફેરવીને જોવા લાગ્યો. દૂતે વિનમ્રતાથી કહ્યું—

'મહામંત્રી અભયકુમારનો ખાસ સંદેશ અવંતીનાથ! ફક્ત તમારે માટે જ છે.'

'ઠીક, તમે જાઓ.'

આ પ્રમાણે કહીને ચંડપ્રદ્યોત ધ્યાનથી પત્ર પર લાગેલી મહોર જોવા લાગ્યા. દૂત તરત જ પ્રણામ કરીને નીકળી ગયો અને ઝડપથી ચાલીને નગરના દરવાજામાંથી અંદર પ્રવેશ કરી લીધો. તે સફળતાપૂર્વક જાળ બિછાવી ચૂક્યો હતો.

ઘણી વાર સુધી ચંડપ્રદ્યોત પત્રની મુદ્રા પર જ વિચાર કરતો રહ્યો :

'અભયે પોતાની વ્યક્તિગત મુદ્રા શા માટે લગાવી હશે ? રાજકીય મુદ્રા કેમ નથી લગાવી ? આ પત્રમાં શું લખ્યું હશે ?'

અભિમાની માણસનું ચિંતન જ પોતાની જાતને ઉંચી અને બીજાને નીચા માનીને ચાલે છે. ચંડપ્રદ્યોત વિચારવા લાગ્યો.

'આમાં જરૂર સમાધાનનો સંદેશ હશે. શ્રેણિક વધુ પડતો ચતુર બનવા જાય છે. તે સમાધાન પણ કરવા માગે છે અને પોતાની મોટાઈ પણ જાળવવા માગે છે. તેથી પુત્ર પાસે વ્યક્તિગત રીતે મધરાતે આ સંદેશ મોકલાવ્યો છે.

પણ હું એમ માનવાનો નથી. અમાપ સંપત્તિ લઈને જ સંધિ કરીશ....શકય છે કે તેણે મને પાછા ફરવાની વિનંતી કરી હોય !'

અનેક પ્રકારની ધારણાઓ કરતા ચંડપ્રદ્યોતે પત્ર ખોલ્યો તો વાંચતાં જ ગભરાઈ ગયો. તે પરસેવે રેબ-ઝેબ થઇ ગયો. ચહેરા પર પરસેવાનાં ટીપાં ચમકવા લાગ્યાં. તે એક-એક શબ્દ અટકી-અટકીને વાંચતો હતો.

હવે તેનો ગભરામણ વધી ગઈ. ઘણી વાર સુધી તો કિંકર્તવ્યમૂઢ-જેવો બેસી રહ્યો. પણ બેસી રહેવાથી શું વળે ?

તેણે વિશ્વાસુ સેવકો પાસે મુખ્ય સેનાપતિના તંબુ પાછળની જમીન ખોદાવી તો સોનામહોરની પીળી ચમક જોઇને તેનો ચહેરો પીળો પડી ગયો. આ રીતે બીજા સેનાધ્યક્ષોના તંબુઓ પાસેથી પણ સોનામહોરો નીકળી તો તેના પગ નીચેની જમીન ખસવા લાગી. તેનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. તે તરત જ પોતાના તંબુમાં પાછો ફર્યો અને મહાવતને પોતાના ખાસ હાથી અનલગિરિને તૈયાર કરવાનો આદેશ આપ્યો. તેણે કહ્યું.

'મારે અત્યારે જ એક ગુપ્ત નિરીક્ષણ કરવું છે. અત્યારે જ જવું છે.'

ઝટ-પટ હાથી તૈયાર થઇ ગયો. ચંડપ્રદ્યોત હાથી પર બેઠો અને ઈશારાથી જ મહાવતને આગળ વધવાનો

ઈશારો કર્યો. લશ્કરની છાવણીથી દૂર નીકળી ગયા પછી ચંડપ્રદ્યોતે મહાવતને કહ્યું.

'બની શકે તેટલી ઝડપથી ચલાવ. મારે ઝડપથી અવંતી પહોંચવું છે.'

મહાવતીએ હાથીને બને તેટલી ઝડપે દોડાવ્યો.

ઘણો સમય પસાર થઇ ગયો છતાં ચંડપ્રદ્યોત પાછો ના ફર્યો એટલે પહેરેદારને ચિંતા થઇ. આ બાજુ રાતનો ચોથો પ્રહર પણ પૂરો થઈ ગયો.

સૈનિકો જાગી ગયા અને જાગતાની સાથે જ ચંડપ્રદ્યોતની ગેરહાજરીના સમાચાર વીજળી-વેગે લશ્કરમાં ફેલાઈ ગયા. સેનાપતિ સહિત બધા સુભટ અને સૈનિકો ગભરાઈ ગયા.

જાત-જાતની ધારણાઓ કરવામાં આવી. પણ છેવટે બધાને એમ જ લાગ્યું કે કોઇ ખાસ કારણને લીધે મહારાજ ચંડપ્રદ્યોત ભયભીત બનીને નાસી ગયા છે.

બસ, પછી તો સેના નાહિંમત બની ગઇ. બધા જ માથા પર પગ મૂકીને ભાગ્યા. કોઈનો ફેંટો રહી ગયો તો કોઇનું અંગરખું, કોઇ-કોઇનાં તો અસ્ત્ર-શસ્ત્રો પણ રહી ગયાં. હાથી અને ઘોડા બાંધવાના ખીલા પણ જમીનમાં જેમના તેમ જ રહ્યા. સવાર સુધીમાં તો તંબુઓનાં માત્ર નિશાન જ રહી ગયાં. ના કોઇ સૈનિક રહ્યો કે ના કોઈ સુભટ. બધા એક શ્વાસે અવંતી તરફ ભાગી રહ્યા હતા.

સવારે રાજગૃહના નાગરિકોએ અવંતીના લશ્કરની વેર-વિખેર થઈ ગયેલી છાવણી જોઈ તો આશ્ચર્યમાં પડી ગયા. જેટલું આશ્ચર્ય તેમને ચંડપ્રદ્યોતના આગમનનું થયું હતું, તેથી અનેક ગણું વધારે તેમના નાસી જવાથી થયું. દ્વાર-રક્ષક તરત જ રાજા શ્રેણિક પાસે પહોંચી ગયા અને તેમને જણાવ્યું.

'મહારાજ ! અવંતીપતિ ચંડપ્રદ્યોતની સેના એવી ગભરાઇને ભાગી ગઈ કે તેમનાં વસ્ત્રો અને અસ્ત્ર-શસ્ત્ર પણ રહી ગયાં છે. બધા તંબુઓ વેર-વિખેર પડયા છે. કોણ જાણે શું બન્યું ?'

'થયું હશે કંઈક, તમે લોકો જાઓ અને સાવધાન રહીને પહેરો ભરો. કંઈ ખાસ વાત હોય તો મને જણાવજો.'

આ પ્રમાણે કહીને શ્રેણિકે દ્વાર-રક્ષકોને જવાનો સંકેત કર્યો. રક્ષક જતા રહ્યા. મહારાજ શ્રેણિક ખડખડાટ હસી પડયા. તરત જ અભયને બોલાવડાવ્યો અને શાબાશી આપતાં કહ્યું.

'મહામંત્રી અભયકુમાર ! તમારી યોજના સફળ થઈ. હવે તો જણાવો કે તમે શો ચમત્કાર કર્યો હતો ?'

અભયે બધી વાત જણાવી દીધી. શ્રેણિક ફરી એક વખત ખડખડાટ હસી પડયો. લાંબો સમય સુધી હસ્યા. પછી તે ગંભીર બનીને બોલ્યો.

'અભય ! અત્યારે તો તારી યોજના સફળ થઈ ગઈ. પણ જ્યારે તેને સાચી વાતની ખબર પડશે ત્યારે તે ખૂબ ગુસ્સે થશે. બીજી કોઈ રીતે તે બદલો લેવાનો પ્રયત્ન કરશે.'

'પ્રયત્ન તો તે કરશે જ, પણ સફળ થશે કે નહીં તે કોને ખબર ? અત્યારે તો દેશ પર આવેલું સંકટ ટળી ગયું, યુદ્ધનાં કાળાં વાદળ વિખરાઈ ગયાં.' અભયે કહ્યું.

તે પછી તો અભયની હોશિયારીની ચર્ચા આખા નગરમાં ફેલાઇ ગઇ. બધા લોકો પરસ્પર તાળીઓ લઇને અભયની સફળ યોજનાની ચર્ચા કરતા અને ખુશ થતા.

૦

ચંડપ્રદ્યોતની પાછળ-પાછળ તેનું લશ્કર પણ ઉજ્જયિની આવી પહોંચ્યું. સેનાપતિ તથા બીજા બધા અધિકારીઓ ચંડપ્રદ્યોતના આ રીતે અચાનક જ કંઇ પણ કહ્યા વિના ચાલી આવવાથી વિસ્મિત હતા.

સેનાપતિ તરત જ પ્રદ્યોતની પાસે પહોંચ્યો. તે અચાનક રાજાના પાછા ફરવાનું કારણ જાણવા માગતો હતો. પણ તેણે જોયું તો ચંડાપ્રદ્યોત ગુસ્સાથી લગભગ ગાંડા જેવો થઇ ગયો હતો. સેનાપતિ સ્તબ્ધ બની ગયો. થોડી વાર સુધી વિચારતો રહ્યો. પછી હિંમત કરીને બોલ્યો.

'મહારાજ ! તમારે જો યુદ્ધ જ નહોતું કરવું તો

પછી આટલી મોટી સેના લઈને ત્યાં ગયા જ શા માટે ?'

સેનાપતિના અવાજમાં ચીડ હતી. ચંડપ્રદ્યોત તેને આગ ઝરતી આંખ વડે તાકી રહ્યો. સેનાપતિએ નજર નીચી કરી દીધી, પણ ત્યાં જ ઉભો રહ્યો, ગયો નહીં.

ચંડપ્રદ્યોત કંઈ પણ બોલ્યો નહીં એટલે સેનાપતિએ જ ફરીથી કહ્યું :

'એવું શું કારણ હતું કે તમે અચાનક જ પાછા ફરી ગયા ?'

'જાણવું છે તમારે સેનાપતિ ? હું પણ જણાવવા આતુર છું. લશ્કરના બધા ઉચ્ચ અધિકારીઓને બોલાવો. બધાને એક સાથે જ જણાવીશ.' આગ ઝરતા શબ્દોમાં ચંડપ્રદ્યોત બોલ્યો.-

સેનાપતિએ તરત જ લશ્કરના ઉચ્ચ અધિકારીઓને એકત્ર કર્યા. નાની સરખી સભા બની ગઈ. પગ પછાડતો ચંડપ્રદ્યોત આવ્યો અને પોતાના સિંહાસન પર બેસી ગયો. ગુસ્સાથી ભરેલા શબ્દોમાં તે બોલ્યો.

'તમે લોકો મારા અચાનક પાછા ફરવાનું કારણ જાણવા માગો છો. તેનું કારણ તમે જ છો, તમે બધા જ. વિશ્વાસઘાતીઓની સાથે રહીને શું મારે મારી જાતને કેદ બનાનવી ?'

વિશ્વાસઘાત શબ્દ સાંભળીને બધા મૂઢ બની ગયા, પણ સેનાપતિ સહન કરી શકયો નહીં. તે બોલી ઉઠયો–

'આટલું મોટું કલંક ના લગાવો મહારાજ ! અમારી સ્વામીભકિત પરનો આ આક્ષેપ અમે સહન કરી શકતા નથી. સાબિતિ આપો અથવા...'

'સાબિતિ જોઇએ ને તમારે લોકોને ? લો, આ પત્રને મોટેથી વાંચો, જેનાથી તમને બધાને તમારી કૃતઘ્નતાની ખબર પડે.'

આમ કહીને ચંડપ્રદ્યોતે સેનાપતિ તરફ પત્ર ફેંકયો. સેનાપતિએ પત્ર ઉપાડયો અને મોટેથી વાંચવા લાગ્યો– પત્રમાં લખ્યું હતું :

માલવરાજ ! તમને આ પત્ર હું કુટુંબીના સંબંધે લખી રહ્યો છું. ચેલના અને માળવાની પટરાણી શિવાદેવી સગી બહેનો છે, એ સંબંધે તમે મારા માસા છો. માસા અને પિતા એક સરખા આદરણીય ગણાય છે : આ પોતાપણાને કારણે જ હું આપને આ ગુપ્ત રહસ્ય જણાવી રહ્યો છું કે મગધના રાજાએ તમારા લશ્કરના અધિકારીઓને સોનામહોરો આપીને પોતાના પક્ષમાં મેળવી લીધા છે. લોભનો પ્રભાવ તો તમે જાણો જ છો. તમારા અધિકારીઓએ વચન આપ્યું છે કે યુદ્ધ શરૂ થતાં જ આપને કેદ કરી તેઓ મગધેશ સમક્ષ હાજર કરી દેશે.

રાજન ! સાબિતિ જોઇતી હોય તો તમારા અધિકારીઓના તંબુની પાછળની જમીન ખોદાવીને જોઈ લેજો. તમને ત્યાં મગધની સોનામહોરો મળી જશે.

માલવનરેશ ! હવે નિર્ણય તમારા હાથમાં છે, ઠીક લાગે તેમ કરજો. મેં સ્વજનના સંબંધે આપને સાવચેત કરી દીધા છે.

આપનો વિશ્વાસપાત્ર
અભય

નોંધ–મહેરબાની કરીને પત્ર વાંચીને સળગાવી દેજો. કોઇના હાથમાં જાય નહીં, નહીં તો મારી શી દશા થાય, તે તમે સમજી શકો છો. આને ગુપ્ત રાખવાની સાવધાનીને કારણે જ મેં આ પત્ર આપને રાતના અંધકારમાં મોકલ્યો છે.

પત્ર સાંભળીને બધા દંગ થઈ ગયા. ચારે તરફ શાંતિ છવાઈ ગઈ. કોઈ એક શબ્દ પણ બોલી શકયું નહીં. ચંડપ્રદ્યોતે શાંતિનો ભંગ કર્યો.

'સાંભળી લીધું તમારા વિશ્વાસઘાત અને કૃતઘ્નતાનું પ્રમાણ ! હવે કેમ ચૂપ થઈ ગયા તમે બધા ? સેનાપતિ ! તમે મારા પાછા ફરવાનું કારણ જાણવા માગતા હતા ને ? હવે કશું જાણવાનું બાકી છે ?'

'ઘણું બાકી છે મહારાજ ! એમ જ કહો ને કે બધું બાકી છે.'

'એટલે ? તમે કહેવા શું માગો છો ?'

'વાત તો સરળ છે. તમને દગો તો થયો, પણ તે કરનાર અમે નહીં, મગધના મહામંત્રી અભય છે.'

'તમે શું કહેવા માગો છો ?'

'મહારાજ ! તમે અભયની કપટજાળમાં ફસાઈ ગયા. તેની યોજના સફળ થઇ ગઈ.'

'ગોળ–ગોળ વાત ના કરો, જે કહેવું હોય તે સ્પષ્ટ કહો.'

'તો સ્પષ્ટ સાંભળો મહારાજ !' સેનાપતિએ કહ્યું અને બીજી બધી વાતો સ્પષ્ટ કહેવા લાગ્યો-

'મહારાજ ! રાતના અંધકારમાં તંબુની પાછળની જમીનમાં સોનામહોર દટાવવી એ કોઈ મોટું કામ નથી. સહેલાઈથી એમ કરી શકાય છે.

'તમારી સૌથી મોટી ભૂલ તો એ થઈ કે આટલી ગંભીર સમસ્યા પર તમે એકલાએ જ નિર્ણય કરી લીધો. અમે લોકો જે વર્ષોથી તમારા વિશ્વાસુ છીએ, તેના પર તમે અવિશ્વાસ કરી લીધો.

'હું પૂછી શકું મહારાજ ! તમે અમારી સ્વામિભકિતમાં કોઈ દિવસ ઉણપ જોઈ છે ખરી ? શું અમે લોકો તમારા ઈશારા માત્રથી પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર નથી રહેતા ? તો પછી તમે આવું પગલું ભરતાં પહેલાં અમારી સ્વામિભકિતને શા માટે ભુલાવી દીધી ? અમને કેમ ના પૂછયું ?'

સેનાપતિના આ હિંમતભર્યા તર્કપૂર્ણ શબ્દોથી ચંડપ્રદ્યોત પ્રભાવિત થયો. તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તે નિરાશ બનીને બોલ્યો.

'ખરેખર મારી ભૂલ થઈ. હું ઠગાઈ ગયો. જે માણસ વિશ્વાસપાત્રો પર, પોતાનાં પર વિશ્વાસ ન કરતાં મિત્રતાના

આવરણમાં ઢંકાયેલા છુપા શત્રુ પર વિશ્વાસ મૂકે છે, તે મારી જેમ નિષ્ફળ મનોરથ થાય છે, દુશ્મનની જાળમાં ફસાઈ જાય છે.

'સેનાપતિ ! મારી છાતીમાં આગ લાગી છે. હવે તો મને ત્યારે જ શાંતિ મળશે જ્યારે હું અભયને કેદીના રુપમાં જોઈશ.'

ચંડપ્રદ્યોતે હાજર રહેલા માણસોને કહ્યું :

'છે કોઈ એવો 'જે અભયને કેદી બનાવી લાવે ?'

પણ અભયને કેદ કરવો એ રમત વાત નહોતી. જેની એકલાની યોજનાએ મળવાની સમસ્ત સેના સહિત ચંડ-પ્રદ્યોતને હાર આપી હતી, પગ માથે મૂકીને ભાગવા માટે લાચાર કરી દીધા હતા, તેને કેદ કરવો એટલે કેસરી સિંહના દાંત તોડવા. કોઈએ હિંમત ન બતાવી કે આગળ વધીને પડકાર ઝીલી લે.

છેવટે ઉજ્જયિનીમાં જાહેરાત કરવામાં આવી કે અભ-યને કેદ કરી લાવનારને મોં માગ્યો પુરસ્કાર આપવામાં આવશે. આ પડકારને ઝીલી લીધો એક ગણિકાએ. ચંડપ્રદ્યોતની આજ્ઞા લઈને ગણિકા પોતાની બે સખીઓ સાથે રાજગૃહ તરફ નીકળી પડી.

*

રાજગૃહના ધર્મપ્રેમી માણસોમાં ત્રણ શ્રાવિકાઓના દાન અને સદાચારની ચર્ચા ફેલાઇ ગઈ. લોકો

આ ત્રણેથી ખૂબ પ્રભાવિત હતા. તેમનાં પેટ ભરીને વખાણ કરતા હતા.

સમ્યગ્ દર્શનનું એક અંગ છે, સાધર્મી વાત્સલ્ય. સાધર્મી વાત્સલ્યને કારણે અભયકુમાર તેમને મળવા ગયો. તેમના સદાચારથી તે ખૂબ પ્રભાવિત થયો અને જતી વખતે ભોજનનું નિમંત્રણ આપ્યું. યથાસમય ત્રણે અભય-કુમારના આવાસ પર આવી પહોંચી. ભોજન બાદ જતી વખતે આગ્રહભર્યા અવાજે તેમણે કહ્યું–

'ધર્મબંધુ! ધાર્મિક માણસો વચ્ચે ગાય-વાછરડા જેવી પ્રીતિ હોવી જોઈએ. જે રીતે અમે તમારું નિમંત્રણ સ્વીકારી લીધું તે રીતે તમે પણ અમારું નિમંત્રણ સ્વીકારો. પરસ્પર આવન-જાવન, મિલન-મુલાકાત અને ખાન-પાનથી પ્રેમ વધે છે.'

આગ્રહ કંઈક એવી રીતે કરવામાં આવ્યો કે અભયકુમાર ના પાડી શકયો નહીં. તેણે નિમંત્રણ સ્વીકારી લીધું.

યથાસમય અભયકુમાર શ્રાવિકાને ઘેર પહોંચ્યો. શ્રાવિકાએ ભોજનમાં નશીલું-મૂર્છા-ચૂર્ણ મેળવી દીધું. ભોજન બાદ અભયને ઉંઘ આવવા લાગી. શ્રાવિકાએ કહ્યું–

'ધર્મબંધુ! આપ થોડી વાર વિશ્રામ કરી લો.'

નજીકમાં પલંગ બિછાવેલો જ હતો. અભય પલંગ પર સૂઇ ગયો. થોડી જ વારમાં તે બેભાન થઈ ગયો.

શ્રાવિકાએ પહેલેથી જ બધી વ્યવસ્થા કરી રાખી હતી.

તેણે પોતાના છુપા સુભટોને બોલાવ્યા અને અભયને મજબૂત રીતે બાંધીને રથમાં મુકાવી દીધો. રથ ઉજ્જયિની તરફ તેજ ગતિથી દોડવા લાગ્યો. તેની સાથે જ બીજા રથ પણ હતા.

રથમાં આવતા આચકા અને ઠંડા પવનના સ્પર્શથી અભય ભાનમાં આવ્યો તો પોતાની સ્થિતિ જોઈને વિચારમાં પડી ગયો. થોડી વાર સુધી તે વિચારતો રહ્યો. અનુપમ મેધાવી અભય બધું સમજી ગયો. આ બંધનગ્રસ્ત દશામાં પણ તે હસીને બોલ્યો–

'તો તમે શ્રાવિકા નથી, કેમ ?'

'શ્રાવિકા નહીં, કપટશ્રાવિકા છું આર્ય ! ખરેખર તો હું ઉજ્જયિનીની ગણિકા છું અને આપને પકડવા માટે જ મેં આ બધું કર્યું છે. ગણિકાએ હસીને જણાવ્યું.

'તમને બીજું કંઈ વધારે તો નથી કહેતો, પણ ધર્મ-કપટ કરીને તમે સારું નથી કર્યું. તેનું અત્યંત ખરાબ પરિણામ તો એ આવશે કે ભવિષ્યમાં લોકો ધાર્મિક માણસોને પણ શંકાની નજરે જોયા કરશે.'

આ સાંભળતાં જ સ્મિત કરતી ગણિકા ગંભીર બની ગઇ. તેને વિચાર આવ્યો કે ધર્મઠગાઈ કરી એ યોગ્ય ન હતું, પણ બીજી જ પળે તેનો લોભ જાગી ઉઠયો. ધન પ્રાપ્તિની આશાએ તેના પર જીત મેળવી. ગણિકા તો ધનની જ દાસી હોય છે. જૂઠ–કપટ, છળ–પ્રપંચ તો તેની નસે

નસમાં હોય છે.

ગણિકાએ અભયને કેદીના રુપમાં ચંડપ્રદ્યોતના રાજ-દરબારમાં હાજર કરી દીધો. ચંડપ્રદ્યોતે અભય તરફ કટાક્ષ-પૂર્ણ નજર ફેંકી અને ગણિકાનાં વખાણ કરતાં તેને કહ્યું-

'સુંદરી, તમે બહુ મોટું કામ કર્યું છે. જે ઇચ્છા હોય તે માગી લો.'

ગણિકા વિચારવા લાગી. તેના માંગ્યા વિના જ ચંડ-પ્રદ્યોતે ઘણી બધી સોનામહોરો, રત્ન વિગેરે તેની સામે મૂકી દીધાં. હસીને અભયે કહ્યું-

'શું વિચારો છો ? પોતાના ધર્મબંધુને કેદ કરવાનું ઈનામ-ધર્મકપટનું ફળ ધનના રુપમાં લઇ લો.'

ગણિકાનું હૃદય ધ્રૂજી ગયું. મન-મગજમાં હલ-ચલ મચી ગઇ. તેણે ત્રાંસી નજરે અભયને જોયો. અભયનું મુખ એવું જ સહજ, સૌમ્ય, કોઈ પ્રકારનો તેમાં ક્ષોભ કે દુઃખ ના મળે, વિશ્વાસઘાતનો બદલો લેવાની લાગણીનું કોઈ ચિહ્ન પણ નહીં. ગણિકાના મનમાં વિચાર આવ્યો.

'પાછું આપી દઉં આ ધન. મારા ધર્મકપટ બદલ અભયની માફી માગી લઉં.'

પણ બીજી જ ક્ષણે ચંડપ્રદ્યોત સાથે નજર મળી તો તે ગભરાઇ ગઇ. તે તેના સ્વભાવથી પૂરેપૂરી પરિચિત હતી. તે અત્યંત હઠીલો અને અભિમાની હતો. તેના આપેલી વસ્તુઓ પરત કરવી એટલે આગમાં હાથ નાખવો.

ગણિકાની આંખમાં પશ્ચાત્તાપનાં આંસુ આવ્યાં. તેણે મનમાં ને મનમાં નિશ્ચય કરી લીધો.

'આ ધનને હું ઉપયોગમાં નહીં લઉં, ગરીબ-ગુરબાંને વહેંચી દઈશ અને ધર્મકપટ તો કદાપિ નહીં કરું.'

ગણિકાએ ધન લીધું અને ચંડપ્રદ્યોતને પ્રણામ કરીને નીકળી ગઇ.

ગણિકાના ગયા પછી ચંડપ્રદ્યોતે અભયને ગર્વભરી વાણીમાં કહ્યું :

'અભય ! મગધના મહામંત્રી અભયકુમાર ! આજે કેદી બનીને ઉભા છો. તમે તો અત્યંત બુદ્ધિશાળી છો. ક્યાં ગઇ તમારી બુદ્ધિ ? શું એટલો પણ ખ્યાલ નથી કે રાજાને પ્રણામ કરવામાં આવે છે ?'

'બુદ્ધિ ઠેકાણે છે માલવનરેશ ! રાજાને પ્રણામ કરવા જોઇએ. પણ જે રાજમર્યાદાનો ભંગ કરે, પોતે જ રાજ-નિયમોને તોડી નાખે, તેણે બીજા પાસે નિયમોનું પાલન કરાવવાની આશા રાખવી જોઇએ નહીં. રાજા ધર્મ-રક્ષક હોય છે, ધર્મ-ઠગ નહીં. તમે 'ધર્મરક્ષક' શબ્દને 'લજ્જિત' બનાવી દીધો છે.'

અભયના આવા હિંમતભર્યા જવાબની આશા ચંડ-પ્રદ્યોતને ન હતી. તે નિરુત્તર થઈ ગયો, પણ અભિમાની માણસ પોતાની ભૂલ કદાપિ સ્વીકારતો નથી, પણ ગુસ્સે થઈ જાય છે. ચંડપ્રદ્યોત પણ ગુસ્સામાં આવીને બોલ્યો.

'દોરડી બળી ગઈ, પણ વળ ના ગયો. કેદી બનીને રહેશો તો અક્કલ ઠેકાણે આવશે.'

અભયે હસીને કહ્યું—

'મારે શું ? જેવું રાજગૃહ, તેવી ઉજ્જયિની- ત્યાં માતાના ઘરમાં રહેતો હતો, અહીં માસીની પાસે રહીશ. ત્યાં પિતાની છત્ર-છાયા હતી, અહીં માસાની.'

ચંડપ્રદ્યોત સમજી ગયો કે અભયની સાથે કામ પાડવું મુશ્કેલ છે. છતાં પણ તેણે કહ્યું-

'ગમે તેમ હોય અભય ! પણ હવે તમે મારી મુઠ્ઠીમાં છો.'

અભય હસી પડયો.

ચંડપ્રદ્યોતે કહ્યું-

'જો કે તમે મારા કેદી છો છતાં પણ તમને હાથકડી લગાવીને કેદખાનામાં નાખવાનો નથી. ફકત તમારી ચારે તરફ કડક પહેરો રહેશે. તમે ઉજ્જયિની છોડીને જઈ શકશો નહીં'.

અભયે ફકત સ્મિત કર્યું. તે કંઈ બોલ્યો નહીં.

*

આ તરફ રાજગૃહમાં અભયના અપહરણના સમાચાર ફેલાઈ ગયા. શ્રાવિકાઓની શોધ કરવામાં આવી, પણ તેઓ કયાંય મળી નહીં. તેઓ તો ઉજ્જયિની પહોંચી ચૂકયાં હતાં. મળે પણ કયાંથી ?

શ્રેણિકે ગુપ્તચરો દ્વારા શોધ કરાવી તો ખબર પડી કે

અભય ઉજ્જયિનીમાં છે. એક વખત તો વિચાર આવી ગયો કે ચંડપ્રદ્યોત સાથે યુદ્ધ કરીને અભયને મુકત કરાવી દઉં, પણ બીજી જ ક્ષણે વિચાર બદલાઈ ગયો. વિચાર કર્યો.

'એનાથી હજારો લાખો માણસોનો સંહાર થશે અને અભયનું જીવન પણ જોખમમાં મુકાશે. અભય એટલો બુદ્ધિશાળી છે કે તે જાતે જ કોઈક ને કોઇક યુક્તિથી ભાગી આવશે.'

આમ વિચારીને શ્રેણિકે સંતોષ ધારણ કરી લીધો. પણ તેમનો તો જાણે એક હાથ જ કપાઇ ગયો. અભય જેવા બુદ્ધિશાળી મહામંત્રીના અભાવમાં તે તો જાણે પાંગળા જ થઈ ગયા.

ધનકુમાર એવો યાત્રી હતો જેને પોતાની મંજિલની પોતાને જ ખબર ન હતી. ઉજજયિનીની સરહદ પાર કરીને તે થોડે દૂર સુધી ક્ષિપ્રા નદીને કિનારે-કિનારે ચાલ્યો અને પછી પૂર્વ દિશાનો માર્ગ પકડયો.

તે આખી રાત ચાલતો રહ્યો. ઘણે દૂર નીકળી ગયો. જંગલ શરૂ થઇ ચૂકયું હતું. ધન્ના ચાલતો રહ્યો. સવારથી સાંજ સુધી ચાલવું, વનનાં ફળથી ભૂખ અને સરોવરનાં પાણીથી તરસ છિપાવી લેવી અને કોઈ વૃક્ષ નીચે સૂઈ જવું, આ તેનું કામ હતું.

માર્ગમાં કોઈ ગામ મળી જતું તો ગ્રામવાસી અતિથિ તરીકે તેનો સત્કાર કરતા. તે લોકો વધુ આગ્રહ કરતા તો બે-ચાર દિવસ રોકાઈ પણ જતો અને વળી પાછો આગળ ચાલવા લાગતો.

આ રીતે માર્ગમાં અનેક કષ્ટ સહન કરતો ધન્ના વારાણસી નગરી નજીક આવી પહોંચ્યો. વારાણસી પ્રાચીન યુગથી વિદ્યા અને કલાનું કેન્દ્ર રહી છે. પ્રત્યેક વિષયના

એક–એકથી ચડિયાતા વિદ્વાનો આ નગરીમાં નિવાસ કરે છે.

નગરની ત્રણ બાજુ ગંગા નદીથી ઘેરાયેલી છે. ચાલતાં ચાલતાં ધન્ના ગંગા-કિનારે આવી પહોંચ્યો. સાંજ પડી ગઇ હતી. અસ્તાચલ તરફ જતાં સૂર્યનાં કિરણો નદીના સ્વચ્છ પાણી પર પડી રહ્યાં હતાં. સ્વચ્છ પાણી પર જાણે સોનું વિખરાઈને પડ્યું હતું. અત્યંત સુરમ્ય દૃશ્ય હતું. તટ નિર્જન હતો. સ્નાનાર્થી દિવસના ત્રીજા પ્રહરમાં જ ચાલ્યા ગયા હતા.

એકાન્ત સુરમ્ય જગ્યા જોઈને ધન્ના ત્યાં જ રેતી પર બેસી ગયો. તેને આ જગ્યા ધાર્મિક ક્રિયાઓ માટે યોગ્ય લાગી. ઋષિ-મહર્ષિ, શ્રમણ નદી કિનારા પર જ કાયોત્સર્ગ ક્રિયાઓ કરતા હતા.

તે પણ ધાર્મિક ક્રિયાઓમાં મગ્ન બની ગયો. સૂર્યાસ્ત પછી ઠંડો પવન વહેવા લાગ્યો. ધન્નાનો થાક ઉતરી ગયો અને તેના તન મનમાં સ્ફૂર્તિ તથા પ્રસન્નતા હિલોળા લેવા લાગી.

નવકાર મંત્રનો જાપ કરતાં કરતાં તે જપ ધ્યાનમાં જ મગ્ન બની ગયો. અરિહંત સિદ્ધ પરમેષ્ઠીના ધ્યાનમાં તે એવો મગ્ન બની ગયો કે તેને સમયનું ભાન જ ન રહ્યું. તેના આવા અવિચલ અને નિષ્કામ તપને જોઈને ગંગા નદીની અધિષ્ઠાત્રી દેવીએ વિચાર્યું—

'આ પુરૂષ શરીરથી જ સુંદર છે કે આત્માથી અર્થાત્

શીલ અને સદાચારથી પણ સુંદર છે ?'

તેણે ષોડશી બાળાનું રુપ ધારણ કર્યું અને ધન્નાની સામે આવીને ઉભી રહી. પ્રેમના હાવભાવ દર્શાવીને તે મધુર અવાજે બોલી.

'આંખ ખોલો તપસ્વી ! હું દેવદુર્લભ સર્વાંગસુંદરી બાલા તમારા પર મોહિત છું. મારો સ્વીકાર કરો.'

ધન્નાએ તો જાણે કંઈ સાંભળ્યું જ નહીં. તે પોતાના ધ્યાનમાં મગ્ન બની ગયો. જ્યારે બાળાએ વારંવાર યાચના કરી ત્યારે તેનો ધ્યાનભંગ થયો.

જોયું તો સામે એક અનિંદ્ય સુંદરી બાલા ઉભી ઉભી તેની તરફ મોહક નજરે જોઈ રહી છે. તેની આંખો ખુલ્લી જોઇને બાલાએ નયન-બાણ મારીને કહ્યું.

'હું તમને સમર્પિત છું....'

બંને કાન પર હાથ દાબીને ધન્નાએ કહ્યું.

'એવું ના કહો માતેશ્વરી ! હું શ્રમણોપાસક છું. પત્ની સિવાયની બીજી બધી સ્ત્રીઓ મારી મા-બહેન જેવી છે. જો તમે માતાના રૂપમાં કોઈ આજ્ઞા આપો તો મને આપની સેવા કરવામાં ઘણો આનંદ થશે.'

ધન્નાના આ દૃઢ શબ્દોથી દેવી ખૂબ પ્રભાવિત થઇ. પોતાના વાસ્તવિક રૂપમાં આવીને તે બોલી–

'બેટા ! હું ગંગાની અધિષ્ઠાત્રી દેવી છું. લોકો મને

પવિત્ર-સલિલા કહે છે. પણ હું પોતે તો તમારા જેવા ધાર્મિક માણસોથી પવિત્ર બનું છું. હું તો હંમેશાં એવી ઈચ્છા રાખું છું કે તમારા જેવા ધાર્મિક બુદ્ધિવાળા અને સદાચારી વ્યક્તિ જે પર-સ્ત્રીને મા સમાન અને પર-ધનને માટી સમાન સમજે છે, તેઓ અહીં આવે અને મને પવિત્ર કરે.'

'માતેશ્વરી! એ તો તમારી ઉદારતા છે. બાકી હું એવા વખાણને લાયક ક્યાં છું ?' ધન્નાએ પોતાનાં વખાણથી શરમાતા કહ્યું.

'બેટા! કંઈક માગો.'

'મારી કોઇ ઈચ્છા નથી, માતેશ્વરી! તમે દર્શન આપ્યાં એ જ ઘણું છે.'

'પણ દેવદર્શન કદાપિ નિષ્ફળ નથી જતું વત્સ ! તમે કંઇક તો માગો જ.' દેવીએ આગ્રહ કર્યો.

'કેવી રીતે માગું, માતેશ્વરી! મારે તો કંઈ પણ નથી જોઈતું.'

દેવી બોલી–

'ધનકુમાર! ધન્ય છે તમને. હું તમને આ ચિંતામણિ રત્ન આપું છું. વિચાર કરવા માત્રથી એ તમારી બધી ઈચ્છાઓ પૂરી કરશે. લો, તેને મારો પ્રસાદ સમજીને રાખી લો.'

આમ કહીને દેવીએ ધન્નાને ચિંતામણિ આપ્યો અને અલોપ થઈ ગઇ. ધન્ના તો જોતો જ રહ્યો. તે મણિને જોતો

અને પોતાના ભાગ્ય પર વિચાર કરતો–

'મારું ભાગ્ય પણ કેવું છે! હું જે વૈભવથી દૂર ભાગું છું તે કોઈને કોઈ રૂપે મારી પાછળ જ આવે છે. હું તો અરિહંત સિદ્ધ ભગવાનના ધ્યાનમાં મગ્ન બેઠો હતો અને આ દેવી આ મણિ આપી ગઈ.'

થોડી વાર સુધી વિચાર–મગ્ન રહ્યા પછી ધન્નાએ મણિ પોતાના કમરપટ્ટામાં બાંધી દીધો અને રેતી પર આડો પડીને આરામ કરવા લાગ્યો. સવાર પડતાં જ ધન્ના આગળ ચાલવા લાગ્યો.

અનેક ગામ, નગર અને જંગલોને વટાવતો ધન્ના મગધની રાજધાની રાજગૃહ નજીક પહોંચી ગયો. દૂરથી વૈભારગિરિનાં શિખરો દેખાવા લાગ્યાં.

થોડો વધુ આગળ ગયો તો ઉંચી-ઉંચી અટારીઓ અને રાજમહેલ પર ફરફરતી ધજાઓ જાણે તેને આવવા માટે મૌન નિમંત્રણ આપવા લાગી.

ધન્ના ઉત્સાહથી આગળ વધ્યો. પણ નગરમાં પહોંચતાં પહેલાં જ સૂર્યાસ્ત થઈ ગયો અને અંધકાર ફેલાવા લાગ્યો. હવે આગળ વધવાનું વ્યર્થ સમજીને ધન્નાએ આમ-તેમ નજર દોડાવી. જોયું તો નજીકમાં જ એક બાગ જેવું દેખાયું. તે બાગ તરફ જ આગળ વધ્યો.

બાગમાં પહોંચ્યો તો તેને ઘણી નિરાશા થઈ. ચારે તરફ ફરીને જોયું– આખો બાગ નિર્જીવ હતો, ઝાડ–છોડ

જળાશય બધું જ સૂકું હતું. એટલે સુધી કે ઘાસ પણ ન હતું, જાણે જીવન-રસ જ સૂકાઈ ગયો હતો.

તેને આવી નિર્જન જગ્યાઓએ રાત ગાળવાની આદત તો હતી જ. તે એક ઝાડના ઠુંઠાને સહારે બેસીને રાત્રિ-કાલીન ક્રિયાઓ કરવા લાગ્યો. ધર્મ-ક્રિયાઓ કરી રહ્યા પછી એક જગ્યાએ આડો પડયો એટલે વિચારો કરવા લાગ્યો–

'કોઈ શેઠિયાએ જ્યારે આ બાગ બનાવ્યો હશે ત્યારે તે કેટલો મનોરમ હશે? પક્ષીઓ કલરવ કરતાં હશે, પ્રકૃતિ હસતી હશે, જમીન પર મખમલી ઘાસ બિછાયેલું હશે અને આજે કેવો સૂનો-સૂનો છે!

'આવી જ તો દશા માનવ-જીવનની છે. કયારેક વસંત તો કયારેક પાનખર અને પછી નિર્જીવતા. પણ આત્મા તો પુનર્જન્મ લે છે. શું આ બાગનો પુનર્જન્મ ના થઇ શકે? શું તેનું જુનું સૌંદર્ય પાછું ન આવી શકે! આવવું જ જોઈએ.

'જો રાત્રે મૂશળધાર વરસાદ પડે, જળાશય, કૂવા પાણીથી છલોછલ ભરાઈ જાય તો બાગને પુનર્જીવન મળી જાય. ને ફરીથી લીલોછમ બની જાય તો અનેક પક્ષીઓને આશ્રય મળશે, નર-નારી બગીચામાં ફરીને તન-મનનો થાક દૂર કરશે, પ્રફુલ્લિત થશે. કેટલું સુંદર એ દશ્ય હશે જ્યારે સંપૂર્ણ બાગ નવ-જીવનથી લહેરાઇ ઉઠશે.'

'સંસારમાં બધાં સુખી થાય, બધાંના જીવનમાં હરિયાળી રહે.'

આવી શુભ કામના કરતાં-કરતાં ધન્નાને ઊંઘ આવી ગઈ. ગંગાની અધિષ્ઠાત્રી દેવીએ આપેલો ચિંતામણિ તેની કમરમાં જ બાંધેલો હતો. દિવ્ય ચિંતામણિએ પોતાનો પ્રભાવ બતાવ્યો.

ઘનઘોર વરસાદ પડયો. આખા બાગનો કાયાકલ્પ થઈ ગયો, તે નવ-જીવનથી લહેરાવા લાગ્યો. સૂકા કૂવા, વાવ અને સરોવર જળથી ભરપૂર થઇ ગયાં. ઝાડનાં ઠુંઠાં પાંદડાંથી લદાઇ ગયાં, છોડ પર ફૂલો લહેરાવા લાગ્યાં. ધન્ના સૂતો જ રહ્યો અને ચમત્કાર થઈ ગયો.

ચકલીઓની ચક-ચક અને સવારનાં સૂર્ય-કિરણોના સુખદ સ્પર્શથી ધન્નાની ઊંઘ ઉડી ગઈ. અરિહન્ત સિદ્ધ ભગવાનનું ધ્યાન કરીને નવકાર મંત્ર બોલીને તેણે આંખો ખોલી તો તે દંગ જ રહી ગયો-

'આ શું ? હું તો સૂકા બગીચામાં સૂઈ ગયો હતો, આ રમણીય બગીચો કેવી રીતે બની ગયો ? આ તો સ્વપ્ન છે કે સત્ય ? આ કેવો ચમત્કાર ?'

ચમત્કાર શબ્દની સાથે જ તેને પોતાની કમરમાં બાંધેલા ચિંતામણિની યાદ આવી ગઈ.

'તો આ બધો ચિંતામણિનો ચમત્કાર છે !'

તે બધું જ સમજી ગયો. તેના મુખ પર હાસ્ય ખિલી

ઉઠયું.

સવાર પડી ચૂકયું હતું. ધન્ના ઉઠીને નગરમાં જવા તૈયાર થયો, ત્યાં જ કેટલાક લોકો તેની નજીક આવ્યા. તેમણે નમીને પ્રણામ કર્યા અને કહ્યું–

'વનદેવતા ! અમે તમારા જાગવાની જ રાહ જોતા હતા.'

'હું દેવતા નથી, હું તો તમારા જ જેવો સાધારણ માણસ છું.'

'આવો ચમત્કાર શું કોઈ સાધારણ પુરૂષ કરી શકે ખરો ? કેટલાંય વર્ષોથી સૂકો રહેલો આ બાગ એક રાતમાં હરિયાળો થઈ ગયો. તમે જરૂર દેવ છો.' એક વૃદ્ધે કહ્યું.

'તમે બધા લોકો ભ્રમમાં છો. મેં કોઇ ચમત્કાર નથી કર્યો.' ધન્ના બોલ્યો.

તર્ક-વિતર્ક કરવાનું વ્યર્થ સમજીને તે વૃદ્ધ બોલ્યો–

'અમે લોકો તો આપને કશું જ કહી શકતા નથી. આપ મહાન છો. આ બાગના માલિક પાસે સમાચાર પહોંચી ગયા છે. તેઓ આવતા જ હશે. તેઓ જ વાત કરશે. ત્યાં સુધી અમારી વિંનતી સ્વીકારીને આપ અહીં જ રોકાઓ.'

ધન્નાની ઈચ્છા તો રોકાવાની ન હતી, પણ આટલા બધા લોકોનો આગ્રહ ટાળવો પણ મુશ્કેલ હતો. તેને રોકાવું જ પડયું. થોડા સમય પછી તેમાંનો એક

બોલ્યો:

'માલિકના રથનો અવાજ આવી રહ્યો છે, તેઓ આવી ગયા.'

બધા તે તરફ જોવા લાગ્યા. બગીચાના દરવાજા પર રથ આવીને રોકાયો. રથમાંથી બગીચાના માલિક શેઠ કુસુમપાલ પોતાની પુત્રી કુસુમશ્રી સાથે ઉતર્યા. થોડી વાર સુધી તો આશ્ચર્યચકિત બનીને આ ચમત્કારને જોઇ રહ્યા. તે વખતે હાજર રહેલા માણસોએ આગળ આવીને ધન્ના તરફ સંકેત કરતાં શેઠને કહ્યું–

'શેઠ ! આ બધો ચમત્કાર તેમનો છે. તેમણે જ આજે રાત્રે અહીં આરામ લીધો હતો.'

'શેઠ કુસુમપાલે આનંદ-વિભોર બનીને ધન્નાને પ્રણામ કર્યા. કુસુમશ્રીએ પણ હાથ જોડયા. ધન્નાએ પણ પ્રણામ કર્યા. આ અકલપ્ય માનથી તે સંકોચાઈ ગયો.

કુસુમશ્રીના કપાળ પર શરમની લાલી આવી ગઇ. તેણે આંખો ઢાળી દીધી. આભાર પ્રગટ કરતાં હર્ષોન્મત્ત શેઠે ધન્નાને કહ્યું.

'મહાભાગ ! આપની મહેરબાની કે અહીં પધાર્યા. હું મારી નજરે જ જોઈ રહ્યો છું કે મારું ભાગ્ય હવે પલટાઈ રહ્યું છે. આપના આગમનથી આ મારા પૂર્વજોનો બાગ લીલો થઈ ગયો. મારું ભાગ્ય જાગી ગયું. ખરેખર જ તમે

વન દેવતા છો.'

'એમ ના કહો શેઠ! હું તો સાધારણ માનવી જ છું. આ બાગના કાયાકલ્પમાં મારો કોઈ પ્રભાવ નથી. આ બધો ધર્મનો, પુણ્યનો પ્રભાવ છે.'

'સજ્જન પુરૂષો એવા જ હોય છે. તેઓ પોતે કરેલાં કાર્યોનું શ્રેય પોતાની જાત ઉપર નથી લેતા. પણ આપ છો કોણ? આપનો પરિચય આપો. આપ વનદેવતા, વિદ્યાધર અથવા....'

'તમને કહ્યું ને, સાધારણ માનવ છું.'

'છોડો એ વાતને, મેં તમારી વાત માની લીધી, આપ સાધારણ મનુષ્ય જ છો, પણ છો અસાધારણ પુણ્યશાળી. આપના પુણ્યથી જ આ બાગમાં નવજીવન આવ્યું છે. હવે હું નગરજનોનાં મ્હેણાં ટોણાંથી તો બચી જઈશ.'

'કેવાં મ્હેણાં ટોણાં, શેઠ?' ધન્નાએ પૂછ્યું.

શેઠ કુસુમપાલ કહેવા લાગ્યા.

'મહાભાગ! આ બાગ મારા પૂર્વજોની નિશાની છે. તે કાયમ હર્યો ભર્યો રહેતો હતો. એક દિવસ જોયું તો અચાનક સૂકાઈ ગયેલો.

'એ કારણે લોકો મને કહેવા લાગ્યા કે એ તો મારા પાપનું ફળ છે. મેં તેને પુનર્જીવન આપવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ સફળ થઈ શક્યો નહીં.

'અત્યાર સુધી લોકોના મ્હેણાં-ટોણાં સહન કરતો

રહ્યો છું. આપના આવવાથી મારાં પુણ્ય પ્રગટ થયાં છે. હવે મારી ઝુંપડીને પવિત્ર કરો.'

અત્યાર સુધી કુસુમશ્રી ચુપચાપ ઉભી ઉભી વાતચીત સાંભળતી હતી. પિતાનો આગ્રહ સાંભળીને તેને ખૂબ આનંદ થયો. તેણે ઝડપથી આગળ જઇને રથનો રત્નજડિત પડદો ઉંચો કર્યો.

કુસુમપાલ શેઠ અને કુસુમશ્રીની સાથે રથમાં બેસીને ધન્ના શેઠના મહેલમાં આવ્યો. શેઠે ખૂબ આદર, સ્નેહ અને સત્કારથી ધન્નાની મહેમાનગતિ કરી. મહેમાન અને યજમાન બંને એક બીજાને મળીને ખૂબ પ્રસન્ન હતા. શેઠ તો પોતાની જાતને જ ધન્ય માનતા હતા.

કુસુમપાલે કહ્યું–

'ભદ્ર ! હવે આપ સ્નાન કરી લો. ભોજનનો સમય થઈ ગયો છે.'

ધન્ના સ્નાન આદિથી પરવારીને તૈયાર થઈ જ રહ્યો હતો ત્યાં ભોજનશાળા તરફ કંઈક હલચલ સંભળાઈ. ધન્નાએ ડોક લંબાવીને જોયું તો તે આનંદથી પુલકિત થઈ ગયો. તે ઝડપથી બહાર આવ્યો અને સફેદ વસ્ત્રધારી શ્રમણીઓને ભક્તિ ભાવથી વંદન કર્યાં.

ભગવાન મહાવીરના શ્રમણી સમુદાયની ત્રણ આર્યાઓ કુસુમપાલને ઘેર ભિક્ષાની શોધ કરતી આવી હતી. ત્રણેના શાન્ત ગંભીર મુખ પર તપ અને સાધનાનું અપૂર્વ તેજ ચમકતું હતું. તેમાંથી મુખ્ય શ્રમણીને માસોપવાસનાં

પારણાં હતાં અને બીજી બેને પાક્ષિક તપનાં.

શેઠાણી અને કુસુમશ્રી ભકિત અને બહુમાનપૂર્વક તેમને આહાર ગ્રહણ કરવાની પ્રાર્થના કરી રહ્યાં હતાં.

કુસુમપાલ પણ આવી ગયા હતા. બધાના મનમયૂર નાચી રહ્યા હતા, મુખ પ્રફુલ્લિત હતાં. કુસુમશ્રી અજ્ઞાત આનંદથી રોમાંચિત થઈ રહી હતી. તેના મુખ પર આનંદની લાગણીની આવન-જાવન કરતી હતી અને આંખમાં નાચતી પ્રસન્નતાની ચમક છુપી રહી શકતી નહોતી.

મુખ્ય શ્રમણીએ પૂછ્યું-

'આજે તમારે ત્યાં કોઈ ખાસ ઉત્સવ છે ?'

'હા મહાસતીજી મહારાજ! આજે આ ભાગ્યશાળી પુરૂષનાં પગલાં મારે ઘેર પડયાં છે.' શેઠ કુસુમપાલે ધન્ના તરફ સંકેત કરીને કહ્યું.

'ભાગ્યશાળી તો હું છું જ, એટલે જ મંગલમય શ્રમણીઓનાં મને અચાનક દર્શન થઈ ગયાં અને સુપાત્રદાનનો લાભ મળી ગયો. એનાથી વધારે સૌભાગ્ય બીજું કયું હોઈ શકે ?' ધન્નાએ પ્રસન્નભાવથી કહ્યું.

કુસુમશ્રી ત્રાંસી આંખે જોઇને હસતી મનમાં ને મનમાં ધન્નાની વાક્ચાતુરી અને ધર્મશ્રદ્ધાથી ખુશ થઇ રહી હતી.

શ્રમણી સમુદાય ભોજનની ભિક્ષા લઈને ચાલ્યો ગયો. હવે શેઠ કુસુમપાલે ધન્નાને ભોજનનો આગ્રહ કર્યો. ભોજન બાદ ધન્ના ઉપરના ઓરડામાં જઈને આરામ કરવા લાગ્યો.

એકાન્ત મળતાં શેઠાણીએ પોતાના પતિને કહ્યું-

'સ્વામી! મારા મનમાં એક વિચાર આવ્યો છે. આજ્ઞા આપો તો કહું.'

'કહો પ્રિયે! એમાં આજ્ઞા કેવી?'

'તમે પુત્રી માટે દેશ-વિદેશ ઘૂમી વળ્યા, ક્યાંય તેને લાયક વર મળ્યો નહીં. મને લાગે છે કે પુત્રીના નસીબે જ ઘેર બેઠાં વર આવી ગયો છે.'

'તમે તો મારા મનની જ વાત કહી દીધી. હું પણ તમને એ જ બાબત પૂછવાનો હતો, તે પહેલાં તમે જ બોલી ઉઠયાં.'

'તો તમને પણ પસંદ છે? તો પછી વાત-ચીત શરૂ કરો.'

'આપણને બંનેને તો પસંદ છે, પણ પુત્રીને તો પૂછી લો.'

'તેને શું પૂછવાનું?'

'કેમ શું પૂછવાનું? જિંદગી તો તેની સાથે તેને જ વિતાવવાની છે.'

શેઠાણી હસીને બોલ્યાં-

'સ્વામી! આપ પુરૂષ છો. પુત્રીના હૃદયને જેટલું મા ઓળખી શકે, એટલું પિતા ના ઓળખી શકે. જે પળથી આ યુવાને ઘરમાં પગ મૂકયો છે, ત્યારથી કુસુમશ્રીના પગ ધરતી પર નથી પડતા, ખૂબ ખુશ છે તે. જ્યારે તેના

આગમનથી જ આટલી ખુશ છે તો તેની સાથે જીવન-દોરી બંધાઈ જતાં તે કેટલી પ્રસન્ન થશે !'

'બરાબર, હું આજે જ વાત કરીશ.' શેઠે આમ કહીને વાત પૂરી કરી.

બપોર પછી ધન્ના આરામ કરીને નીચે આવ્યો. થોડી વાર સુધી શેઠ આમ-તેમ વાતો કરતા રહ્યા. પછી બોલ્યા.

'ભદ્ર ! તમે તમારો પરિચય આપ્યો નહીં, તમારો પરિચય તો આપો.'

'યાત્રી છું શેઠજી ! યાત્રીનો શો પરિચય ?'

'વાતને ઉડાવો નહીં. હું તમારી એ અટપટી વાતો માનવાનો નથી, તમે તમારા જન્મથી કયા કુળને ધન્ય કર્યું છે, તે જણાવો.' કુસુમપાલે હસીને કહ્યું.

'તો પછી સાંભળો, શ્રેષ્ઠિપુત્ર છું અને નામ છે ધનકુમાર.' ધન્નાએ જણાવ્યું.

હવે શેઠે સ્વાર્થની વાત કરી-

'ધનકુમાર ! મેં મારી બેટી કુસુસશ્રીને ખૂબ લાડ-કોડથી ઉછેરી છે. તેને બધા પ્રકારની સ્ત્રીઓને યોગ્ય વિદ્યા-કલાઓ ભણાવી છે. તમે તેની સાથે લગ્ન કરો.'

'પણ શેઠજી ! તમારો આ નિર્ણય આકસ્મિક છે. સંપૂર્ણ રીતે કુળ-શીલ જાણ્યા વિના કોઈ અજાણ્યાના હાથમાં પુત્રીનું ભાગ્ય જોડી દેવું....'

'ભદ્ર ! કુળ-શીલ તો આચાર-વ્યવહારથી જાણી શકાય

છે. મને સ્વીકૃતિ આપો.'

લગ્ન તો ભાગ્યનો ખેલ હોય છે. પતિ-પત્નીનો સંબંધ તો પાછલા જન્મમાં જ નિશ્ચિત થઇ જાય છે. આ જન્મમાં તો ફકત લૌકિક રીત-રિવાજનું જ પાલન થાય છે. ભાગ્ય-રેખા સામે તો ધન્ના પણ લાચાર હતો. તે ના પાડી શક્યો નહીં. તેણે સ્વીકૃતિ આપી દીધી. કુસુમપાલ ખુશ થઈને ધન્નાને ભેટી પડયા.

લગ્નનો શુભ દિવસ નકકી થઈ ગયો. કુસુમપાલ લગ્નની તૈયારીઓ કરવા લાગ્યા. ધન્નાએ કહ્યું-

'શેઠજી! હવે મને પણ જવાની આજ્ઞા આપો. મારે પણ તૈયારી કરવી છે.'

ધન્નાની વાત સાંભળીને શેઠ ચકિત થઈ ગયા. પણ પોતાના આશ્ચર્યને છુપાવીને બોલ્યા-

'તમારે શું કરવાનું છે? બંને પક્ષની તૈયારી તો હું કરી જ રહ્યો છું.

'ના શેઠજી! મારે ખૂબ તૈયારીઓ કરવાની છે. તમારે ઘેર જાન લઈને આવવું છે. મારું ઘર સજાવવાનું....'

'તમારું ઘર...!' શેઠ નવાઈ પામીને બોલ્યા-'ભદ્ર! તમે કહેવા શું માગો છો? હું કંઈ પણ સમજ્યો નહીં, સ્પષ્ટ જણાવો.'

'સ્પષ્ટ જ છે શેઠજી! હું મારું લગ્ન મારા મહેલમાંથી કરીશ અને લગ્ન પછી આપની પુત્રી પણ મારે ઘેર આવીને

રહેશે, નહીં કે તમારે ઘેર. આ લૌકિક રિવાજ છે અને હું તેનું પાલન કરીશ.' ધન્નાએ કહ્યું.

શેઠ કુસુમપાલ કંઈ સમજી શકયા નહીં, પણ તેઓ જાણતા હતા કે ધનકુમાર મહાપુણ્યશાળી છે અને ભાગ્ય શાળીઓના રહસ્યને કોણ જાણી શકયું છે ? તેમણે સ્વીકૃતિ આપતાં કહ્યું-

'ઠીક લાગે તેમ કરો.'

ધન્ના નગરની એકાન્ત જગ્યાએ ગયો. સુંદર અને શાંતિપૂર્ણ સ્થાન જોઈને તેણે મનમાં ને મનમાં પંચ પરમેષ્ઠીને નમન કર્યું અને ચિંતન કરવા લાગ્યો.

'સુંદર, ભવ્ય મહેલ તૈયાર થઈ જાઓ. રથ, શસ્ત્ર, દિવ્ય વસ્ત્ર, અલંકાર, નોકર-ચાકર બાગ વિગેરે પ્રગટ થઈ જાઓ.'

આવો વિચાર કરતાંની સાથે જ દિવ્ય ચિંતામણિના પ્રભાવથી બધું તૈયાર થઈ ગયું. વિશાળ સાત માળનું ભવન બની ગયું. જેમાં સુખ સગવડની બધી સામગ્રી હાજર હતી.

મહેલની જોડે આવેલા બાગમાં ફૂલો લહેરાવા લાગ્યાં, સરોવરોમાં સ્વચ્છ અને નિર્મળ પાણી ભરાઈ ગયું. હયશાળામાં ઘોડા હણહણવા લાગ્યા અને ગજશાળા હાથીઓની ગર્જનાથી ગુંજી ઉઠી, સેવકો દોડી-દોડીને કામ કરી રહ્યા હતા. રથોની હાર શોભી રહી હતી.

ધન્નાનો વરઘોડો નીકળ્યો. આખું રાજગૃહ દંગ રહી ગયું. એટલે સુધી કે તેના પુણ્યથી પ્રભાવિત થઈને નગરના મોટા–મોટા શેઠ તથા સ્વયં રાજા શ્રેણિક પણ વરઘોડામાં જોડાયા.

ધામ-ધૂમથી લગ્ન થયું. શેઠ કુસુમપાલે પોતાની શક્તિ પ્રમાણે ભરપૂર દહેજ આપી.

યથાસમય જાન વિદાય થઈ. કુસુમશ્રી પિતાને ઘેરથી પતિને ઘેર આવી ગઈ. બંને સુખેથી રહેવા લાગ્યાં.

ધન્નાનો ઘોડા પર બેસીને નગર–ભ્રમણ કરવાનો શોખ ફરીથી જાગી ઉઠયો. તે સવાર સાંજ ફરવા જતો.

હવે ધન્નાનું લગ્ન થઈ ચૂકયું હતું. જો કે ચિંતામણિના પ્રભાવથી તેને કોઈ પણ પ્રકારની સુખ સગવડનો અભાવ ન હતો, છતાં પણ તે કોઈ વેપાર કરવાનું વિચારવા લાગ્યો.

કર્મશીલ પુરુષો કદાપિ આળસુ બેસી નથી રહેતા અને ધન્ના વણિકપુત્ર હતો એટલે તેને વેપાર કરવાનું જ શ્રેષ્ઠ લાગ્યું. તે રત્ન-બજારમાં જઈ કોઈ મોકાની દુકાન શોધવા લાગ્યો.

## ૧૧

'હું મારા મનમાં કંઈક ધારું છું, જ્યારે વિધાતા કંઇક બીજું જ ધારે છે.' ધન્ના વેપાર કરવા માટે વિચારતો હતો, જયારે ભાગ્ય તેના માટે કંઈક બીજા જ તાણાવાણા ગૂંથી રહ્યું હતું. એક દિવસ તે પોતાના મહેલથી પગે ચાલતો જ રત્ન બજાર તરફ જઈ રહ્યો હતો.

આજે તે નિશ્ચય કરીને જ નીકળ્યો હતો કે, આજે હું મારે માટે એક દુકાન રાખી લઈશ. હજુ તો તે રાજ-માર્ગ પર આવ્યો હતો ત્યાં જ રાજસેવકોની જાહેરાત સંભળાઈ.

'સિંચાનક હાથી મદોન્મત્ત થઈ ગયો છે. બધા નાગરિકો સાવચેત થઇ જાય. રાજમાર્ગ પર કોઇ રહે નહીં. બધા પોતાનાં બારણાં બંધ કરી દે.'

આ જાહેરાતથી બધા ભયભીત થઈ ગયા. અનેક સુભટો સિંચાનકને કાબુમાં લેવાના વિચાર કરી રહ્યા હતા, પણ સિંચાનકનો મદ શાંત પડતો ન હતો.

ક્યારેક તે કોઇ ઝાડને ઉખાડીને ફેંકી દેતો. તો ક્યારેક કોઈ થાંભલાને ઉખાડીને આકાશમાં ઉછાળતો. આખું નગર ત્રાહિમામ ત્રાહિમામ પોકારી ઉઠયું.

રાજા શ્રેણિક અત્યંત ચિંતામાં પડી ગયા. તેઓ સિંચાનકને મારી નાખવા ઈચ્છતા ન હતા. પણ નગરજનોનું નુકસાન પણ જોઈ શકતા ન હતા. સિંચાનકનું તોફાન વધતું જતું હતું. નગરજનો આતુર હૈયે ફફડી રહ્યા હતા.

ધન્નાએ પોતાની ગજદમની વિદ્યાની કસોટી કરવાનો નિશ્ચય કરી લીધો. તેણે વિચાર્યું-

'વિદ્યા તો એ જ ગણાય કે જે યોગ્ય સમયે પરોપકારના કામમાં આવે.'

દૃઢ નિશ્ચય કરીને ધન્ના આગળ વધ્યો અને સિંચાનકને દૂરથી જ પોતાની પાછળ દોડવા માટે ઉત્તેજિત કર્યો. સિંચાનક તેની પાછળ ભાગ્યો. ધન્ના ચાલાકીથી આમતેમ ખસી જતો, ક્યારેક ગોળ ચક્કર કાપતો, ક્યારેક એકદમ પાછળની બાજુ ફરીને ભાગવા લાગતો.

આ રીતે તેણે હાથીને ખૂબ થકવી નાખ્યો. થાકીને હાથી એક ઝાડના ટેકે ઉભો રહીને ગંડસ્થળ ઝાડ સાથે ઘસવા લાગ્યો.

ધન્નાએ તકનો લાભ ઉઠાવ્યો અને પૂંછડું પકડીને

તેની પીઠ પર ચડી બેઠો. તેણે ગજદમની વિદ્યાનું સ્મરણ કરીને હાથીને હુકમ કર્યો

'સીધો ગજશાળા ચાલ.'

સિંચાનકનો મોટા ભાગનો મદ તો પહેલાં જ ઉતરી ચૂકયો હતો, અને બાકી રહેલો મદ ગજદમની વિદ્યાના પ્રભાવથી ઉતરી ગયો.

હાથી વશ થઇ ગયો. તે પાળેલી બકરીની જેમ ગજશાળા આખા 'ધન કુમારની જય'ના અવાજથી આકાશ ગજવી નાખ્યું. તરફ ચાલવા લાગ્યો. હાજર રહેલા માણસોએ નગરમાં ચર્ચા ફેલાઈ ગઈ–

'શેઠ કુસુમપાલના જમાઇ ધનકુમારે એકલા હાથે જ સિંચાનકને વશ કરી લીધો. વણિક પુત્ર હોવા છતાં કેટલો પરાક્રમી છે તે.'

સિંચાનક ગજશાળામાં જઈને ઉભો રહ્યો. હસ્તિપાલોએ તેના પગમાં સાંકળ બાંધી દીધી.

*મહારાજના આમંત્રણથી ધન્ના મહારાજ શ્રેણિક* પાસે ગયો. મહારાજ તેને ભેટી પડયા. તેની પ્રશંસા કરતાં મહારાજે કહ્યું.

'શ્રેષ્ઠિપુત્ર તમે મગધના ગૌરવને બચાવી લીધું છે. સિંચાનક સાધારણ હાથી નથી. તે આ યુગનો ઐરાવત છે.'

'મહારાજ ! એવી તેનામાં શી વિશેષતા છે ?'

ધન્નાએ પૂછ્યું.

'તેમાં ઘણી વિશેષતાઓ છે. તે માનવીની ભાષા બોલી શકતો નથી, પણ સમજે છે બધું જ.' તેને વિભંગ અવધિજ્ઞાન છે. ભૂત ભવિષ્યની વાત પણ જાણે છે. તેના જન્મની કથા પણ અદ્ભુત છે.'

'શું છે તેના જન્મની કથા, રાજન !' ધન્નાએ પૂછ્યુ.

રાજા શ્રેણિક સિંચાનકના જન્મની કથા સંભળાવવા લાગ્યા.

'રાજગૃહની પશ્ચિમ દિશાના ગાઢ જંગલમાં હાથીઓનો એક સમૂહ રહેતો હતો. તેમાં ઘણી હાથણીઓ હતી. નર ફક્ત એક જૂથપતિ જ હતો.

જૂથપતિ નર-હાથી ઈચ્છતો ન હતો કે કોઇ ગજપુત્ર મોટો થઇને તેને તેની પદવી પરથી દૂર કરે, તેથી નર-હાથી જન્મે કે તરત જ તે તેને અત્યંત ક્રૂરતાથી મારી નાખતો હતો. એક વખત એક હાથણી ગર્ભવતી થઇ તો તેણે પોતાના ભાવિ બાળકને બચાવવાનો નિશ્ચય કરી લીધો. તેણે પ્રથમથી જ ભૂમિકા રચવા માંડી.

તે ચાલવામાં લંગડાતી અને એવો દેખાવ કરતી જાણે તેના પગમાં ખૂબ દુઃખ ના થતું હોય ! તે બેસી જ રહેતી. ક્યારેક ઘણા દિવસ સુધી ગુમ થઈ જતી અને પછી લંગડાતી, દુઃખની ચીસો પાડતી જૂથમાં આવતી. જૂથપતિ તેને દુઃખી જાણીને તેની તરફ બેદરકાર થઈ ગયો.

તે જંગલની પાછળની બાજુ તપસ્વીઓનો એક આશ્રમ છે. ત્યાં તે હાથણીએ બચ્ચાને જન્મ આપ્યો. થોડા દિવસ સુધી તે હાથણી તેની પાસે જ રહી. જ્યારે તે થોડો મોટો થઇ ગયો ત્યારે તે પોતાના જૂથમાં આવીને મળી ગઇ.

આશ્રમવાસીઓના પ્રેમ-ભાવમાં તે ગજ બાળક મોટો થવા લાગ્યો. જયારે તપસ્વીઓ નદીમાં પાણી ભરવા જતા ત્યારે તે પણ તેમની સાથે જતો અને પોતાની સૂંઢમાં પાણી ભરી લાવતો. તપસ્વીઓનું જોઇને તે પણ આશ્રમની ફૂલવાડી અને ફૂલ છોડને પાણી રેડતો-સીંચતો. તેની આ ક્રિયા જોઈને આશ્રમવાસીઓએ તેનું નામ 'સિંચાનક' રાખ્યું.

સિંચાનક હવે જવાન થઇ ગયો. તે જંગલમાં નિર્વિઘ્ન ઘુમવા લાગ્યો. એક દિવસ તેનો ભેટો જૂના જૂથપતિ સાથે થઇ ગયો. બંને ટકરાયા. જુવાન સિંચાનકે ઘરડા જૂથપતિને મારી નાખ્યો.

જયારે તેને પોતાના જન્મની કથા ખબર પડી ત્યારે તેણે વિચાર્યું.

'આ રીતે કોઇ હાથણી આશ્રમમાં છુપાઈને કોઈ બીજા ગજપુત્રને જન્મ આપશે તો તે પણ મને મારી નાખશે. માટે એ આશ્રમ જ અનર્થનું મૂળ છે. તેનો નાશ કરવો જોઇએ.'

આવો વિચાર કરીને સિંચાનક તે આશ્રમનો નાશ કરવા લાગ્યો. તપસ્વીઓએ મારી પાસે આવી રક્ષણની

માગણી કરી. મેં ઘણા બધા ગજદમની વિદ્યા-વિશારદ સુભટ મોકલ્યા, પણ તેની પાસે જવાની કોઈની હિંમત ન ચાલી.

છેવટે મેં મારા પુત્ર નન્દીષેણુને મોકલ્યો. તેને જોતાં જ તે નરમ પડી ગયો. નન્દીષેણ તેને અહીં લઈ આવ્યો અને ગજશાળામાં બાંધી દીધો.

'રાજન્! નન્દીષેણમાં એવી ખાસ શકિત કઈ હતી?' ધન્નાએ પૂછ્યું.

શ્રેણિકે કહ્યું-

'એક દિવસ શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહમાં પધાર્યા ત્યારે આ જ પ્રશ્ન નન્દીષેણે તેમને પૂછ્યો હતો કે સિંચાનક કોઈ પણ જાતના પ્રયત્ન વિના તેના વશમાં કેવી રીતે આવી ગયો! તે વખતે ભગવાને જે કહ્યું તે સાંભળો.

કોઇ એક નગરમાં મુખપ્રિય નામનો ધનવાન અને કર્મકાંડી બ્રાહ્મણ રહેતો હતો. એક વખત તેણે એક લાખ બ્રાહ્મણોને ભોજન આપવાનું અનુષ્ઠાન કર્યું.

આ પ્રસંગે તેણે પોતાના નિર્ધન પડોશી ભીમ પાસે બ્રાહ્મણોને ભોજન પીરસવા માટે મદદ માગી. ભીમ એ શરતે તૈયાર થઈ ગયો કે વધેલી ભોજનસામગ્રી તેને મળવી જોઇએ. આ બ્રહ્મ ભોજન પૂરું થઇ ગયા પછી વધેલી ભોજન સામગ્રી ભીમે લઇ લીધી અને સાધુ સંન્યાસી-

ઓને વહેંચી દીધી.

બંને કાળધર્મ પામીને પરલોક સિધાવ્યા. ભીમ તો મારો પુત્ર નંદીષેણ બન્યો અને મુખપ્રિય બ્રાહ્મણ બન્યો આ સિંચાનક હાથી.

નંદીષેણને જોતાં જ તેને પૂર્વજન્મનો પ્રસંગ યાદ આવી ગયો. તેથી તેણે નંદીષેણને પ્રણામ કર્યા. અને સરળતાથી તેના વશમાં આવી ગયો.

આ સંપૂર્ણ વૃત્તાન્ત ભગવાનના મુખે સાંભળીને નંદીષેણે એ જ વખતે ભગવાનના ચરણમાં પ્રવ્રજ્યા લઇ લીધી.

સિંચાનકનો સંપૂર્ણ વૃત્તાન્ત સંભળાવીને રાજા શ્રેણિકે કહ્યું-

'શ્રેષ્ઠિપુત્ર ! તમારી અદ્ભુત વીરતાથી હું ખૂબ પ્રભાવિત છું. તમે નિયમિત રીતે રાજદરબારમાં આવ્યા કરો.'

'જેવી મહારાજની ઇચ્છા !' કહીને ધન્નાએ સ્વીકૃતિ આપી દીધી. શ્રેણિકે પણ તેને કિંમતી ભેટ અને ઇનામમાં એક હજાર ગામ આપીને વિદાય કર્યો.

આ પ્રસંગથી નગરમાં ધન્નાની કીર્તિ ફેલાઈ ગઈ. બધા લોકો તેનો આદર કરવા લાગ્યા. તે નિયમિત રીતે રાજદરબારમાં જતો અને પોતાની વિશિષ્ટ બુદ્ધિથી મુશ્કેલ સમસ્યાઓને ચપટીમાં ઉકેલી આપતો.

પોતાની વિચક્ષણ બુદ્ધિ અને અદ્ભુત વીરતાથી તેણે શ્રેણિકના રાજદરબારમાં માનનીય અને ગૌરવપૂર્ણ સ્થાન

મેળવી લીધું.

તેના ગુણોથી મુગ્ધ બનીને રાજા શ્રેણિકે વિચાર કર્યો—

'ધનકુમાર વીર, પુરુષાર્થી, ધર્માત્મા, બુદ્ધિસાગર અને સાહસિક છે. તેને મારો જમાઈ બનાવી લેવા જોઈએ.'

એક દિવસ શ્રેણિકે તેને કહ્યું

'ધનકુમાર ! તમે મારા પુત્ર અભયની ખાલી જગ્યા પૂરી દીધી છે. હું ઇચ્છું છું કે તમે મારા એક બીજા ભારને પણ હળવો કરશો.'

'આજ્ઞા આપો મહારાજ !' ધનકુમારે કહ્યું.

'આજ્ઞા નહીં', તમારી મંજૂરીની જરૂર છે. મારી તથા મારી રાણીઓની ઇચ્છા છે કે તમે મારી બેટી સોમા સાથે લગ્ન કરો.'

ધન્નાએ કહ્યું-

'મહારાજ ! એ કેવી રીતે બની શકે ? હું તો વણિક-પુત્ર છું અને વળી પરણેલો પણ છું.'

બંને બાબત મને ખબર છે. તમે તો મને મંજૂરી જ આપો.' શ્રેણિકે કહ્યું.

ધન્નાએ શ્રેણિકની ઇચ્છા સ્વીકારી લીધી. આનંદપૂર્ણ ધામધૂમથી ધન્ના રાજજમાઈ બની ગયો. રાજકુમારી સોમા સાથે તેનાં લગ્ન થઈ ગયાં. મહારાજ શ્રેણિકે તેને અનેક રથ, હાથી, ઘોડા રત્નાભૂષણ વિગેરે આપ્યાં. રાજ-જમાઇના રુપમાં ધન્નાનું ગૌરવ વધી ગયું. ધન્ના પોતાની બંને

પત્નીઓ સાથે સુખેથી રહેવા લાગ્યો.

જો કે ધન્નાના દિવસો સુખેથી પસાર થઈ રહ્યા હતા. ચિંતામણિ જેવું દેવી રત્ન તેની પાસે હતું. ભવિષ્યની પણ કોઈ ચિંતા ન હતી. તે કંઈ પણ ના કરે તો પણ તેનું જીવન મણિના પ્રભાવથી આનંદથી પસાર થઈ જતું, પણ ધન્ના નિરુદ્યમી ન હતો.

તે નિયમિત રીતે લૌકિક અને પારલૌકિક બંને કર્તવ્યોનું પાલન કરતો. દરરોજ રાજદરબારમાં જતો. રાજાને સલાહ આપવી, લોકોની સમસ્યાઓ ઉકેલવી વિગેરે કાર્યો કરતો.

રાજા શ્રેણિકને તો ધન્નાના રુપમાં બીજો અભયકુમાર જ મળી ગયો હતો. તેની વિચક્ષણ બુદ્ધિ, તીક્ષ્ણ તર્ક-શકિત, ગહન સમસ્યાઓના મૂળ સુધી પહોંચનારી બુદ્ધિથી પ્રભાવિત થઈને શ્રેણિકે તેને ન્યાયમંત્રીના પદ પર પ્રતિષ્ઠિત કરી દીધો હતો.

ન્યાયમંત્રીનું પદ રાજ્યનું સૌથી વિશેષ ગૌરવશાળી પદ ગણાય છે. ધન્ના નાગરિકો માટે દૂધ-પાણીનો ન્યાય કરનારો ઉદાર ન્યાયમંત્રી હતો. તેના ન્યાયથી બધા સંતુષ્ટ રહેતા હતા.

એક દિવસ રાજદરબારમાં આવીને એક માણસે ન્યાયનો પોકાર કર્યો–

'ન્યાયદાતા ! મારો ન્યાય કરો.'

'તમને ન્યાય મળશે. તમને કોણે અન્યાય કર્યો છે ?' દિલાસો આપતાં રાજા શ્રેણિકે પૂછ્યું.

'શેઠ ગોભદ્રે મને અન્યાય કર્યો છે, મહારાજ !'

'શેઠ ગોભદ્ર ! તેમણે તમારી સાથે શો અન્યાય કર્યો છે ? વિસ્તારથી જણાવો.'

તે માણસ કહેવા લાગ્યો-

'મહારાજ ! હું ઉજ્જયિનીનો વેપારી મણિભદ્ર છું. વેપાર કરવા આવ્યો છું. કમનસીબે મારા માલની કિંમત ઘણી થોડી ઉપજી. હું કિંમત વધવાની રાહ જોઇને રોકાઈ રહ્યો. મારી પાસેનું બધું ધન પૂરું થઇ ગયું. વેપારીઓનું દેવું વધી ગયું. પૈસા ચૂકવવાની તિથિ નજીક આવી ગઇ.

શેઠ ગોભદ્રની પાસે ઉધાર માગ્યું તો અત્યંત મુશ્કેલીથી તેણે ઉધાર આપવાનું સ્વીકાર્યું. પણ સાથે સાથે શરત મૂકી-કંઈક ગિરવે મૂકો. મારી પાસે કંઇ જ બચ્યું ન હતું, શું ગિરવે મૂકું ? મેં કહ્યું-

'મારી પાસે તો કંઈ પણ નથી, કંઇ હોત તો તમારી પાસે ઉધાર શું કરવા માગત ?'

તે વખતે ગોભદ્રે કહ્યું-

'તમારી એક આંખ ગિરવે મૂકો.'

હું તો ધ્રૂજી ઉઠયો. મેં ખૂબ કાલાવાલા કર્યા, પણ નિર્દય ગોભદ્ર માન્યો નહીં.

મહારાજ ! મારી આબરુ જતી હતી અને તમે જાણો

છો કે આબરુ વેપારીને પ્રાણથી પણ પ્યારી હોય છે. કોઈનું દેવું કે અપકીર્તિ રાખીને તે મરવા પણ ઇચ્છતો નથી. અને મરતો માણસ શું ના કરે ? મેં મારી આંખ ગિરવે મૂકીને વીસ લાખ ચાંદીની મુદ્રાઓ લીધી.

'મગધનરેશ ! આજે મારી પાસે સર્વસ્વ છે. હું શેઠ ગોભદ્રની વીસ લાખ ચાંદીની મુદ્રાઓ આપીને મારી આંખ પાછી લેવા માગું છું. મને મારી આંખ પાછી અપાવો.'

રાજા શ્રેણિક વેપારી મણિભદ્રની આ વાત સાંભળીને ચકિત થઈ ગયા. સભામાં કોઈને પણ તેની વાત પર વિશ્વાસ ના બેઠો. બધા જાણતા હતા કે શેઠ ગોભદ્ર ખૂબ પ્રામાણિક, દયાળુ અને ધર્મનિષ્ઠ છે. તેઓ આવો અમાનવીય વ્યવહાર કરી શકે નહીં.

શ્રેણિક મણિભદ્રને ઉપરથી નીચે સુધી તાકી રહ્યા. તે એક આંખે કાણો હતો. જો કે તેણે શેઠિયાઓ જેવાં કિંમતી કપડાં અને અલંકાર ધારણ કર્યા હતા, પણ તેના ચહેરા પર ખાનદાની ન હતી. એવું લાગતું હતું કે કોઈ જનમથી ગરીબ માણસને કોઈએ કિંમતી વસ્ત્રાભૂષણ પહેરાવી દીધાં છે.

શ્રેણિકને એક વિચાર તો એવો આવી ગયો કે તેને ઠપકારીને ભગાડી મૂકે, પણ એમ કરવાથી ન્યાયનું અપમાન થાય. ન્યાયની માગણી કરનાર ભલે ને ગમે તેટલો કપટી

અને જૂઠો કેમ ન હોય, તેની વાત તો સાંભળવી જ જોઇએ અને પછીથી યોગ્ય નિર્ણય આપવો જોઈએ. ન્યાયના આ મૂળ સિદ્ધાન્તને નજર સમક્ષ રાખીને શ્રેણિકે ગંભીર અવાજે કહ્યું-

'જાણો છો વાદી ! તમે કોની પર આક્ષેપ લગાવી રહ્યા છો ?'

'જાણું છું મગધસમ્રાટ ! શેઠ ગોભદ્ર પોતાની પ્રામાણિકતા અને દયાળુતા માટે જાણીતા છે. પણ એ તો તેમનું પ્રગટ રુપ જ છે. તે અંદરથી કેટલો ભયાનક છે તેનો ભંડો ફોડવા હું માગું છું. એ આંખને લગાવીને હવે હું સુનયન તો બની શકવાનો નથી, પણ હું ઇચ્છું છું કે શેઠ ગોભદ્રનું અસલ રુપ બધા જાણે, જેથી ભવિષ્યમાં કોઇ તેની કપટજાળમાં ફસાય નહીં.'

રાજા શ્રેણિક વધુ ગંભીર થઇ ગયા. આવો વાદ તો તેમણે જીવનમાં પહેલી વખત જ જોયો હતો. તેમણે ન્યાયમંત્રી ધનકુમાર તરફ જોઈને કહ્યું-

'ન્યાયમંત્રી ! આ વાદીનો ન્યાય કરો.'

ધન્ના અત્યાર સુધી ચુપચાપ બેઠો બેઠો મણિભદ્રના હાવ-ભાવનો અભ્યાસ કરી રહ્યો હતો. તેણે 'જેવી મહારાજની આજ્ઞા' કહીને પૂછયું-

'વાદી મણિભદ્ર ! શું તમે શેઠ ગોભદ્ર પાસે તમારી આંખ પાછી માગી હતી ?'

'માગી હતી ન્યાયમંત્રી ! પણ તે તો સાવ ફરી ગયો.'

'પછી તમે શું કર્યું ?'

'મેં કહ્યું- જો તમે મારી આંખ પાછી નહીં આપો તો હું મગધ સમ્રાટના દરબારમાં ફરિયાદ કરીશ...'

'પછી...?'

'પછી તો તે કરગરવા લાગ્યો. તેણે કહ્યું તમે મારી પાસેથી વીસ લાખ ચાંદીની મુદ્રાઓ લઈને વાત અહીં જ દબાવી દો. આ મામલો દરબારમાં જશે તો હું બદનામ થઈ જઈશ. મારી જીવન ભરની ધાર્મિકતા ધૂળમાં મળી જશે.'

'સોદો તો સારો હતો, વીસ લાખ મુદ્રાઓ લઈને સમાધાન કરી લેવું હતું ને ?'

'ના, ન્યાયાધ્યક્ષ ! હું તેની અમાનવતાને ખતમ કરી નાખવા માગું છું. તેથી જ મગદેશના ન્યાયાલયમાં આવ્યો છું.'

'હં...તો ગોભદ્ર પર તમારા ત્રણ આક્ષેપ છે. એક આંખ ગિરો રાખવાનું અમાનવીય કૃત્ય, બીજો ગિરો રાખેલી થાપણને પાછી ન આપીને અનીતિ કરવાનો અને ત્રીજો લાંચ આપવાનો પ્રયત્ન કરીને પોતાના કાળા કામને છુપાવવાનો.'

'હા ન્યાયમંત્રી ! તમે બિલકુલ બરાબર સમજ્યા છો.'

'ઠીક, હમણાં તમે રાહ જુઓ. હું શેઠ ગોભદ્રને

બોલાવું છું.'

મણિભદ્ર એક બાજુ ઉભો રહીને રાહ જોવા લાગ્યો. ન્યાયમંત્રી ધનકુમારે સેવકોને શેઠ ગોભદ્રને બોલાવી લાવવા મોકલી દીધા.

ગોભદ્ર શેઠ આવ્યા તો ધનકુમારે પૂછ્યું-

'શેઠ ! તમે આમને કેટલી ચાંદીની મુદ્રાઓ ઉધાર આપી હતી ?'

ગોભદ્રે મણિભદ્ર તરફ ખૂબ ધ્યાનથી જોયું અને પછી બોલ્યો-

'ન્યાયમંત્રી ! મેં તો આ ભાઈને જોયા પણ નથી, પછી ઋણ આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.'

'તો તમને એ પણ યાદ નહીં હોય કે તમે એમની આંખ ગિરો રાખી હતી.'

'કેવી વાત કરો છો તમે ? આંખ તો વળી ગિરો રખાતી હશે ? આ તો હુ જીવનમાં પહેલી વખત સાંભળી રહ્યો છું. આ બધું શું રહસ્ય છે ? મને સ્પષ્ટ જણાવો.'

મણિભદ્રે જે વાત કહી હતી તે વાત ધનકુમારે ગોભદ્રને સ્પષ્ટ રીતે જણાવી દીધી. ગોભદ્ર ચકિત થઇ ગયો અને બોલ્યો

'ન્યાયામંત્રી ! ખરેખર આ તો મારી વિરુદ્ધ કોઈ કાવતરું જ છે. મેં આ પુરુષને આજ સુધીમાં કયારેય જોયો નથી અને તે મારી ઉપર આવો ઘૃણાસ્પદ આક્ષેપ

લગાવી રહ્યો છે...'

'શેઠ ! વાદીએ પોતાની ફરિયાદ રજૂ કરી છે. તમને બચાવ કરવાની તક આપવામાં આવશે.'

ધનકુમારે ગોભદ્રને કહ્યું અને પછી મણિભદ્રને પૂછ્યું-

'મણિભદ્ર ! શેઠ ગોભદ્ર તો તમને ઓળખવાની જ ના પાડે છે. શું તમારી પાસે કોઇ સાક્ષી છે, જેમની સમક્ષ આ બધું બન્યું હોય ?'

'એક નહીં, પણ પાંચ સાક્ષી છે, ન્યાયમંત્રી !'

'તેમનાં નામ જણાવો. તેમને પણ બોલાવડાવીને સાક્ષી લેવામાં આવશે.'

મણિભદ્રે પાંચે સાક્ષીઓનાં નામ જણાવ્યાં–ભીમદાસ, ગુણપાલ, ધનચન્દ્ર, રત્નદત્ત અને કનકચન્દ્ર. પાંચે સાક્ષી રાજગૃહના પ્રતિષ્ઠિત શેઠ હતા.

પાંચેને બોલાવવામાં આવ્યા. પાંચે સાક્ષીઓએ મણિભદ્રની વાતને ટેકો આપ્યો અને ગોભદ્રને ગુનેગાર ગણાવ્યો. ગોભદ્ર આ સહન કરી શક્યો નહીં. તે ચીસ પાડી ઉઠયો–

'આ બધા જૂઠા છે ન્યાયમંત્રી ! મારી વિરૂદ્ધ કાવતરું કરી રહ્યા છે.'

'મર્યાદા રાખો શેઠ ગોભદ્ર ! આ પાંચે પ્રતિષ્ઠિત શેઠ જૂઠા કેવી રીતે હોઈ શકે ? તમે તમારાં કાળાં કામ પર ઢાંકપિછોડો કરવા માટે આ બધા પર કાવતરું કરવાનો

આક્ષેપ કરો છો.' ધનકુમારે ગંભીર અવાજે કહ્યું.

ગોભદ્ર નિરાશ થઈ ગયો અને બોલ્યો–

'ન્યાય ! ન્યાય કરો, ન્યાયમંત્રી !'

'ન્યાય જ થશે શેઠ ! નિશ્ચિંત રહો. મગધદેશના શાસનમાં ન્યાય પર કલંક નહીં લાગે, નીર-ક્ષીર ન્યાય થશે.'

'એ જ ઇચ્છું છું.' ગોભદ્રે કહ્યું.

'અમારી ઇચ્છા પણ એ જ છે.' વાદી મણિભદ્ર અને પાંચે સાક્ષીઓએ સંમતિ આપી.

બધા દરબારીઓ અને રાજા શ્રેણિક આ વિચિત્ર વાદમાં રસમગ્ન બની ગયા હતા. સાંજ પડી હતી. ધનકુમારે કહ્યું–

'અત્યારે તમે લોકો જાઓ, કાલે ન્યાય થશે.'

મણિભદ્ર સહિત પાંચે સાક્ષીઓના મુખ પર લુચ્ચું હાસ્ય પ્રગટી ગયું. તેઓ મહારાજ શ્રેણિક અને ન્યાયમંત્રીને પ્રણામ કરીને ખુશ થતા-થતા ચાલ્યા ગયા.

શેઠ ગોભદ્રે પણ પ્રણામ કર્યા અને ચિંતિત હૃદયે અને ભારે પગલે ચાલ્યા ગયા. મહારાજ શ્રેણિક પણ ઉભા થઈ ગયા. દરબારનું વિસર્જન થયું.

ધનકુમાર પોતાના મહેલમાં આવ્યો તો તેનું કાયમ હસતું મુખ ચિંતામાં ડૂબેલું હતું. શેઠપુત્રી કુસુમશ્રી અને રાજપુત્રી સોમા, બંને પતિની ચિંતાથી ચિંતિત થઈ ગઈ. મધુર શબ્દોથી પતિનું સ્વાગત કરીને તેમણે પૂછ્યું–

'નાથ ! આજે તમે ચિંતિત કેમ છો ? અમને જણાવો.'

ધન્નાએ રાજદરબારમાં આવેલા વિવાદને જણાવ્યો તો તે બંને આશ્ચર્યમાં ડૂબી ગઇ. બંનેના મુખમાંથી શબ્દો નીકળી પડયા–

'વાદી અને સાક્ષી બિલકુલ જૂઠા છે. ગોભદ્ર શેઠ કદાપિ એવું ના કરે. તેઓ બધા મળીને તેમની વિરુદ્ધ કાવતરું કરી રહ્યા છે.'

'તમે આ કેવી રીતે કહી શકો ? શું તમે ગોભદ્ર શેઠને ઓળખો છો ?' ધન્નાએ પૂછ્યું.

'ગોભદ્ર શેઠને જ નહીં, અમે તેમના આખા કુટુંબને જાણીએ છીએ. તેમના જેવું ધાર્મિક અને વિનમ્ર શેઠ–કુટુંબ રાજગૃહ તો શું આજુ–બાજુના વિસ્તારમાં પણ કોઈ નથી. આટલું ધન હોવા છતા પણ આવી ધાર્મિકતા બીજે દુર્લભ છે. ત્યાં ધન અને મણિ–કાંચન યોગ છે.'

'તમે તો એવી રીતે કહી રહ્યાં છો જાણે...'

'જાણે શું ? ગોભદ્ર શેઠની પુત્રી સુભદ્રા અમારી સખી છે. ત્રણે સાથે સાથે જ ભણ્યાં છીએ અને રમ્યાં છીએ. સાથે જ આનંદ–પ્રમોદ અને મજાક–મશ્કરી કરી છે.'

પત્નીઓની વાત સાંભળીને ધન્નાને આશા બંધાઈ કે તેને ગોભદ્ર શેઠ બાબતમાં બધું જ ખબર પડી જશે. તેણે પત્નીઓને કહ્યું–

'તો તમે મને ગોભદ્ર શેઠનો પરિચય આપો.'

કુસુમશ્રી ગોભદ્ર શેઠનો પરિચય આપવા લાગી–

'સ્વામી! શેઠ ગોભદ્ર રાજગૃહની શોભા છે. તેમની પાસે અખૂટ ધન છે. તેમનો વેપાર દૂર-દૂર સુધી ફેલાયેલો છે. પ્રમાણિકતા, દયાળુતા અને ધાર્મિકતા માટે તે દૂર-દૂર સુધી પ્રસિદ્ધ છે. તે પરોપકારી છે અને તેમના દરવાજા દાન લેનારાઓ માટે કાયમ ખુલ્લા રહે છે.

'તેમનું નવ માળનું મકાન એટલું સુંદર છે કે રાજ-મહેલની શોભા પણ તેની આગળ ઝાંખી પડે છે. તેમના ભવનનો સૌથી નીચેનો પ્રથમ માળ છીપથી, બીજો ચાંદીથી, ત્રીજો સોનાથી અને એ જ ક્રમમાં ઉપરના માળ મોતી, માણેક, હીરા વિગેરેથી જડેલા છે.

'તે પોતે ચુસ્ત જિનેન્દ્રભક્ત, ઉત્તમ શ્રાવક અને કુલીન છે. તેમની પત્ની શેઠાણી ભદ્રા સાક્ષાત લક્ષ્મી અને ખૂબ રૂપાળી છે. તેનું પાતિવ્રત્ય વખાંણવા લાયક છે. તે પણ શ્રમણોપાસિકા અને સદ્‌ગુણસંપન્ન નારી છે.

'તેણે શાલિદ (અનાજ)નાં લહેરાતાં ખેતરનું સ્વપ્ન જોઇને ગર્ભ ધારણ કર્યો અને નવ મહિના પછી પુત્રને જન્મ આપ્યો. તે વખતે જ્યોતિષીઓએ જણાવ્યું હતું કે આ પુત્ર અત્યંત રુપવાન, યશસ્વી અને એવો સૌભાગ્યશાળી થશે કે યુગોના યુગો સુધી તેની કથાઓ ગવાશે. તેનું નામ શાલિભદ્ર રાખવામાં આવ્યું.

'તે પછી તેમને સુભદ્રા નામની એક પુત્રી થઈ. તે પણ રૂપમાં અપ્સરા અને જ્ઞાનમાં સાક્ષાત સરસ્વતી છે. પાતિવ્રય

અને નારી ધર્મનું શિક્ષણ તો માતાએ તેને ગળથૂથીમાં જ ઘોળીને પિવડાવી દીધું છે.

'તે અમારી ઉંમરની જ છે અને હવે પરણવા લાયક છે. શાલિભદ્રનું લગ્ન બત્રીસ કુળવાન અને શેઠ કન્યાઓ સાથે થઈ ગયું છે. તે મહેલના નવમા માળે પોતાની પત્નીઓ સાથે ઈન્દ્ર જેવું સુખ ભોગવે છે.'

ગોભદ્ર શેઠનો પરિચય જણાવીને કુસુમશ્રીએ આગળ કહ્યું-

'સ્વામી! જે પાંચ શેઠનાં નામ તમે જણાવ્યાં છે, તેઓ પહેલાં ખૂબ સાધારણ સ્થિતિના હતા. ગોભદ્ર શેઠે જ તેમને ઋણ આપીને આગળ વધાર્યા છે. તેમની જ મહેરબાનીથી તેઓ આજે કરોડપતિ બન્યા છે. ઉપરાંત પણ કોણ જાણે કેટલાય શેઠિયાઓ પર તેઓ ઉપકાર કરી ચૂકયા છે.

'મને તો એવું લાગે છે કે તેઓ બધા મળીને ગોભદ્ર શેઠને બદનામ કરવા માગે છે. તેઓ તેમના વૈભવની ઈર્ષ્યા કરે છે અને તેમની આબરૂને ધૂળમાં મેળવવા માગે છે. તેથી તમે સારી રીતે વિચાર કરીને ન્યાય કરજો.'

કુસુમશ્રીની વાત સાંભળીને ધન્નાને ગોભદ્રના નિર્દોષ હોવાની તો ખાતરી થઈ ગઈ, પણ ન્યાયાલયમાં તેને નિર્દોષ સાબિત કરવાનું પણ જરૂરી હતું. તેને માટે કોઈ એવા પ્રમાણની, એવી યુક્તિની જરૂર હતી કે ન્યાયથી જ ગુને-ગારને સજા મળે, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય.

તે એવી જ યુક્તિ વિચારવા લાગ્યો. ખૂબ સમય સુધી વિચાર કર્યા બાદ એક યુક્તિ તેના મનમાં સૂઝી. તેણે કુસુમશ્રીને કહ્યું–

'પ્રિયે ! તમારી વાત સાચી છે, હું વિશ્વાસ કરું છું. પરંતુ ન્યાય સમક્ષ પણ ગોભદ્રને નિર્દોષ સાબિત કરવા જરૂરી છે. તેમાં તમે મને મદદ કરો.

'આજ્ઞા આપો સ્વામી ! હું તમે કહેશો તે કરવા તૈયાર છું.'

'તમે અત્યારે જ તેમના કોઈ જૂના વિશ્વાસુ નોકરને બોલાવી લાવો.'

'તેમને ઘેર તો ઘણા નોકરો છે.'

કોઈ એવા નોકરને બોલાવો જે ગોભદ્ર શેઠનો સંપૂર્ણ વિશ્વાસપાત્ર હોય.'

કુસુમશ્રી થોડી વાર સુધી વિચારતી રહી, પછી બોલી–

'સુદાસ જ તેમનો સૌથી જૂનો અને વિશ્વાસુ નોકર છે. તેને જ બોલાવડાવું છું.'

'હા, પણ આ કામ એટલું છુપી રીતે થવું જોઈએ કે ગોભદ્રને કે તેના કોઈ પણ માણસને કશી ખબર પડવી જોઇએ નહીં.'

'એમ જ થશે, સ્વામી ! આપ નિશ્ચિંત રહો.'

કુસુમશ્રીએ પોતાનો નોકર મોકલીને સુદાસને બોલાવડાવ્યો. ધન્ના થોડી વાર સુધી સુદાસને પોતાની યોજના

સમજાવતો રહ્યો. સારી રીતે યોજના સમજીને સુદાસે આશ્વાસન આપ્યું-

'આપ નિશ્ચિંત રહો, આ યોજનાની કોઈને પણ ખબર પડશે નહીં.'

સુદાસ જતો રહ્યો અને ધન્ના આરામથી સૂઈ ગયો.

બીજા દિવસે ગોભદ્ર શેઠ, કાણો મણિભદ્ર અને ભૌમદાસ, ગુણપાલ, ધનચન્દ્ર, રત્નદત્ત તથા કનકચન્દ્ર એ પાંચે સાક્ષીઓ ન્યાયાલયમાં હાજર થયા.

પોતાના પાંચે સાક્ષીઓના ભરોસે કાણો મણિભદ્ર નિશ્ચિંત હતો. તેના મુખ પર સ્મિત હતું, આંખોમાં એવી ચમક હતી, જે અચાનક મળી જતા ધનની આશામાં આવે છે.

શેઠ ગોભદ્ર એકલા જ હતા પણ તેમના મુખ પર એવો આત્મ-વિશ્વાસ અને દૃઢતા છવાયેલી હતી કે સત્યનિષ્ઠ અને નિર્દોષ માણસોના મુખ પર છવાયેલી હોય છે.

તે ઉપરાંત આજે શેઠ ગોભદ્રનો વિશ્વાસુ સેવક સુદાસ પણ આવ્યો હતો. તેને ધનકુમારે ખાસ બોલાવડાવ્યો હતો.

સમ્રાટ શ્રેણિક અને બધા હાજર રહેલા માણસો આતુર બનીને બેઠા હતા. દરબારમાં સન્નાટો છવાયેલો હતો. સન્નાટાનો ભંગ કરતાં ધનકુમારે સુદાસ તરફ સંકેત કરીને શેઠ ગોભદ્રને પૂછ્યું-

'શેઠ ગોભદ્ર ! સુદાસ સાથે તમારે શો સંબંધ છે !'

'તે મારો વિશ્વાસુ નોકર છે.' ગોભદ્રે જણાવ્યું.

'તેની સ્વામીભક્તિ અંગે તમને કોઈ શંકા તો નથી ને ?'

'ના, ન્યાયાધીશ !'

હવે ધનકુમારે સુદાસને કહ્યું-

'સુદાસ ! અહીં તમે ન્યાયાલયમાં ઉભા છો. પ્રતિજ્ઞા લો કે તમે જે કંઈ કહેશો તે સત્ય અને ન્યાયના હિતમા જ કહેશો.'

'દેવ ! આજ સુધી મેં કદાપિ અધર્મનું આચરણ કર્યું નથી. આજે પણ જે કહીશ તે સત્ય અને ન્યાયની પ્રતિષ્ઠા માટે જ કરીશ.'

'તો કહો, તમારા માલિક કેવા પ્રકારની વસ્તુઓ ગિરો રાખીને ઋણ આપે છે ?'

'ઘરેણાં, જમીન, મકાન, રત્ન વિગેરે, મૂંછના વાળ અને કયારેક-કયારેક...' સુદાસ વચ્ચે જ અટકી ગયો.

'ચૂપ કેમ થઇ ગયા, નીડર બનીને સ્પષ્ટ કહો. આ ન્યાયાલય છે. અહીં કોઈ વાત છુપાવવી જોઇએ નહીં.

'આંખો પણ....' સુદાસે અચકી અચકીને કહ્યું.

'જૂઠું ! બિલકુલ જૂઠું ! ! સુદાસ ! તું...તું પણ આ કાવતરાખોરો સાથે ભળી ગયો છે.' ગોભદ્ર ચીસ પાડી ઉઠયા.

'મર્યાદા રાખો શેઠ !' ધનકુમારે કડક બનીને કહ્યું.

શેઠ ગોભદ્ર ચૂપ થઇ ગયા, પણ સુદાસને ખૂની આંખોથી ઘુરકવા લાગ્યા. મણિભદ્ર તથા પાંચે સાક્ષીઓ ખુશ થઈ ગયા.

ધનકુમારે સુદાસને પૂછ્યું–

'સુદાસ ! તારી વાતનું પ્રમાણ છે કોઇ તારી પાસે ?'

સુદાસે એક નાની સરખી ડબ્બી ધનકુમારને આપતાં કહ્યું-

'આમાં મારી વાતની સાબિતિ છે.'

ધન્નાએ ડબ્બી ખોલીને જોઇ. તેમાં ઘણી આંખો હતી. ધનકુમારે ગંભીર બનીને કહ્યું.

'મણિભદ્ર ! તમારી વાત સાચી લાગે છે. આ પ્રમાણથી સ્પષ્ટ થાય છે કે શેઠ ગોભદ્ર આંખો પણ ગિરો રાખે છે...'

'ના, ના, ન્યાયમંત્રી ! આ બધું મારી વિરુદ્ધ ભયંકર કાવતરું છે. આ પ્રમાણ પણ બનાવટી છે.' ગોભદ્ર શેઠ વચમાં જ બોલી ઉઠયા.

'ચૂપ રહો શેઠ ! આજે ન્યાય એવો થશે કે લોકો વર્ષો સુધી યાદ કરશે.' ધનકુમારે શેઠ ગોભદ્રને ચૂપ કરી દીધા અને ધ્યાનથી ડબ્બીમાં રાખેલી આંખો જોવા લાગ્યો. તેણે મણિભદ્રને આશ્વાસન આપ્યું.

'શેઠ મણિભદ્ર ! તમને તમારી આંખ જરૂર મળશે, થોડી રાહ જુઓ.

મણિભદ્રે ઝડપથી ધનકુમારના પગ પકડી લીધા અને બોલ્યો.

'ધન્ય છે, તમારો ન્યાય. તમે ચક્રવર્તી સમ્રાટ બનશો.'

ધન્ના મનમાં ને મનમાં હસ્યો. તેણે સુદાસને કહ્યું.

'સુદાસ ! આમાં તો ઘણી આંખો છે. મણિભદ્રની આંખ કેવી રીતે ખબર પડશે ?'

'તેમની આંખની સાથે લખેલું ભોજપત્ર હશે.'

'ભોજપત્ર તો બધાં ચૂરે-ચૂરા થઇ ગયાં છે.'

'હવે શું થાય ? તમે જ કોઇ ઉપાય વિચારો.'

ધન્ના થોડી વાર સુધી વિચાર કરતો રહ્યો. રાજા શ્રેણિક અને બધા દરબારીઓ આતુરતાથી શ્વાસ રોકીને બેઠા હતા. વિવાદ એવા વળાંક પર આવી ચૂકયો હતો કે કોઇ પણ કશું જ કહી શકે તેમ ન હતું.

મણિભદ્ર અને તેના સાથીદારો આનંદથી ખીલી ઉઠયા હતા. શેઠ ગોભદ્રના ચહેરા પર એક ભાવ આવી રહ્યો હતો, અને જઈ રહ્યો હતો. આવી વિચિત્ર સ્થિતિમાં તે જીવનમાં પહેલી વખત ફસાયા હતા. તેમની સમજમાં નહોતું આવતું કે આ બધું શું બની રહ્યું છે. આ ભયંકર સંકટમાં તે મનમાં ને મનમાં નવકાર મંત્રનો જાપ કરતા હતા. એ જ તેમનો એક માત્ર આધાર હતો.

બધાની આંખો ધન્ના તરફ મંડાયેલી હતી. ધન્નાએ સેવકને આદેશ આપ્યો-

'ઝડપથી એક તીક્ષ્ણ છરી અને ત્રાજવાં લઈ આવો.'

બધી વસ્તુઓ તરત જ આવી ગઇ. ધન્નાએ મણિભદ્રને કહ્યું-

'શેઠ ! અહીં આવો. તમારી આંખ બીજી આંખો સાથે ભળી ગઈ છે, એટલે ખબર પડતી નથી. તેથી હવે તો એક જ ઉપાય છે કે તમારી બીજી આંખ આ છરી વડે કાઢી લેવામાં આવે અને ડબ્બીમાં રાખેલી આંખો સાથે મેળવીને તમારી આંખ આપી દેવામાં આવે.'

આ સાંભળીને જ મણિભદ્રની છાતી બેસી ગઇ. તે ભાગવા લાગ્યો. ત્યાં જ ધન્નાનો કડક અવાજ આવ્યો-

'પકડી લો તેને તેને તથા તેના પાંચે સાથીદારોને કેદ કરો.'

સૈનિકોએ તરત જ તે છ માણસોને પકડી લીધા. વિવાદનો રંગ બદલાઈ ચૂકયો હતો. તે છ માણસોના પ્રસન્નતાથીના ખિલેલા ચહેરા ઉદાસ થઇ ગયા. મણિભદ્રની તો કાણી આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. તે ક્ષમાની ભીખ માગવા લાગ્યો.

ધન્નાએ મણિભદ્રને પૂછ્યું—

'બોલો, તમે શેઠ ગોભદ્ર પર આવો ઘૃણાસ્પદ આક્ષેપ શા માટે મૂકયો ? તમને કોણે આમ કરવાનું કહ્યું હતું ? તમે છો કોણ ?'

આંસુ વહાવતાં મણિભદ્રે કહ્યું-

'સ્વામી ! જન્મનો ગરીબ છું, શેઠ નથી. આ પાંચે શેઠિયાઓએ મને ધનની લાલચ આપી હતી. હું લોભની કપટ જાળમાં ફસાઈ ગયો. મારી ગરીબી મારી લાચારી હતી. પેટ ભરીને અન્ન પણ મળતું ન હતું. મેં વિચાર્યું કે ધન મેળવીને આરામથી બાકીનું જીવન વિતાવીશ. આ જ મારો અપરાધ છે દેવ ! મને માફ કરો.'

'તમારે કંઈ કહેવું છે ?' ધન્નાએ પાંચે સાક્ષીઓને પૂછ્યું.

પણ એમના ચહેરા તો એવા કાળા પડી ગયા હતા કે તેઓ કંઇ પણ બોલી શકયા નહીં.

'અને શેઠ ગોભદ્ર ! તમારે ?'

'હું શું કહું ન્યાયમંત્રી ! તમારા ન્યાયનાં વખાણ કરવા માટે મારી પાસે શબ્દો જ નથી.' શેઠ ગોભદ્રે આભાર પ્રગટ કરતાં કહ્યું.

ધન્નાએ બધા દરબારીઓને સંબોધીને કહ્યું—

'આજે મગધેશની ન્યાયસભામાં જે ન્યાય થયો છે, તે બાબતમાં કોઈને ફરિયાદ તો નથી ને ?'

'ફરિયાદ કેવી, ન્યાયમંત્રી ! આવા મુશ્કેલ વિવાદનો જે રીતે તમે ન્યાય આપ્યો, તેનાથી તમારી વિચક્ષણ બુદ્ધિની અમને ખાતરી થઇ ગઈ છે.' બધા દરબારીઓએ પ્રશંસા કરતાં કહ્યું.

રાજા શ્રેણિકે ખુશ થઈને કહ્યું-

'ન્યાયમંત્રી ! ન્યાય તો થઈ ગયો. હવે આ બધાની સજા પણ નક્કી કરો.'

ધન્નાએ સજાનો નિર્ણય આપતાં કહ્યું-

'આ પાંચે શેઠિયાઓને કઠોર કેદ અને એક-એક કરોડ સોનામહોરનો દંડ-કારણ કે આ બધાએ મળીને એક ગરીબ માણસને ધનના લાલચ આપીને ફસાવ્યો અને શેઠ ગોભદ્ર વિરૂદ્ધ કપટ કર્યું. કાવતરાખોરોને કઠોર સજા મળવી જ જોઇએ.'

તે પછી મણિભદ્રને કહ્યું-

'તમે એ પ્રતિજ્ઞા કરો કે ભવિષ્યમાં કદાપિ કોઈ કાવતરામાં ભાગ નહીં લો અને તમારી સ્થિતિમાં જ સંતોષ માનશો.'

મણિભદ્રે શપથપૂર્વક પ્રતિજ્ઞા લીધી. ધન્નાએ તેને મુક્ત કરતાં કહ્યું-

'આ ગરીબ માણસ ગુનેગાર નથી. સાચો ગુનેગાર છે તેની ગરીબાઈ. ગરીબાઈથી લાચાર બનીને જ તે શેઠિયાઓની જાળમાં ફસાઇ ગયો. રાજ્યની નૈતિક ફરજ છે કે આવા નાગા-ભૂખ્યા લોકો માટે યોગ્ય વ્યવસાયની વ્યવસ્થા કરવી જોઇએ, જેથી આવા કાવતરામાં તેઓ ફસાય નહીં.'

ધન્નાના ન્યાયથી ગળગળા બનીને સમ્રાટ શ્રેણિક ધન્ય-ધન્ય બોલી ઉઠયા. આખો દરબાર જય-જયકારથી

ગાજી ઉઠયો.

રાજા શ્રેણિકે તે ગરીબ માણુસના ભરણુ-પોષણુની વ્યવસ્થા કરી દીધી. સાથે-સાથે બીજાં અનેક કામ રાજ્યમાં શરૂ કરાવી દીધાં, જ્યાં બધા ગરીબ અને બેરાજગાર લોકોના ભરણુ-પોષણુની યોગ્ય વ્યવસ્થા થઈ ગઇ.

આ અદ્ભુત અને નિષ્પક્ષ ન્યાયથી તો ધન્નાને અસાધારણુ માન મળ્યું. સર્વત્ર તેની જ ચર્ચા થવા લાગી.

બીજા દિવસે સવારે જ શેઠ ગોભદ્ર તેની પાસે પોતાની પુત્રી સુભદ્રાના સંબંધ માટે આવ્યા અને પ્રેમપૂર્વક આગ્રહ કર્યો.

રાજા શ્રેણિકને ખબર પડી તો તેમણે પણુ આગ્રહ કર્યો. સોમા અને કુસુમશ્રીએ પણુ આગ્રહ કર્યો. પત્નીઓના આગ્રહથી તો ધન્ના ચમકી જ ગયો અને બોલ્યો—

‘તમે બંને પણુ આગ્રહ કરો છો ? નવાઈની વાત છે.’

‘તેમાં નવાઇ પામવા જેવું શું છે, સ્વામી !’

‘કોઈ સ્ત્રી પોતાની શોકનું નામ પણુ સાંભળવા ઈચ્છતી નથી, અને તમે શોક લાવવા માટે આગ્રહ કરો છો.’

‘તે અમારી શોક નથી બહેન છે, સ્વામી ! અમે ત્રણે હળીમળીને રહીશું.’ બંનેએ એક અવાજે કહ્યું.

આટલા બધાની સામે એકલા ધન્નાનું શું ચાલે ? તેણે મંજૂરી આપી દીધી.

નસીબ પણ મદદ કરે છે અને માણુસ પણ કામ કરે છે. જે નસીબમાં હોય છે તે જ બને છે. સુભદ્રા વહુ બનીને જ ધન્નાના ઘરમાં આવી ગઇ.

શેઠ ગોભદ્રે ખૂબ ધામ-ધૂમથી પુત્રીનું લગ્ન કર્યું. દહેજ પણ એટલી બધી આપી કે ધન્નાનું ઘર જ ભરાઈ ગયું. રાજગૃહની પ્રજા આ લગ્ન પ્રસંગે થયેલા ઉત્સવને વર્ષો સુધી ભૂલી શકી નહીં.

સુભદ્રા, સાચા અર્થમાં સહ ધર્મચારિણી સાબિત થઈ. તે અનુપમ સુંદરી તો હતી જ, સદગુણોનો ભંડાર પણ હતી. પતિની તન–મનથી સેવા કરતી.

એવું લાગતું હતું કે જાણે હવે ધન્નાનું જીવન સ્થિર થઈ ગયું. ત્રિવેણી સમાન તેની ત્રણ પત્નીઓ હતી. ત્રણે સસરા પણ રાજગૃહના જ હતા.

ધન્નાનું જીવન સુખેથી પસાર થઈ રહ્યું હતું. સવાર સાંજ ઘોડા પર બેસીને ફરવા જવાનો તેનો શોખ પણ બરાબર ચાલતો હતો.

તે દરરોજ નગરમાં ફરવા જતો અને મોટે ભાગે તો નગરની બહાર પણ નીકળી જતો. સવાર સાંજ જંગલની શુદ્ધ હવાનું સેવન કરીને તે પાછો ફરતો.

o

# ૧૨

એક રાત્રે ધન્ના સૂતો હતો ત્યારે એકદમ તેની ઊંઘ ઉડી ગઈ. આંખ બંધ કરીને તે ઊંઘવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ ઊંઘ તો જાણે રિસાઈ જ ગઈ હતી.

તેની આંખોમાં વિતેલા જીવનના પ્રસંગો નાચવા લાગ્યા-પ્રતિષ્ઠાનપુર અને પછી અવંતીની યાદ, માતા, પિતા અને ભાભીઓનો પ્રેમ અને ફરી ભાઇઓની ઈર્ષ્યા-એક પછી એક ધન્નાના સ્મૃતિ સરોવરમાં તરંગ બનીને ઉછળે અને શાંત પડી જાય. એ જ વિચારોમાં તેને ઝોકું આવી ગયું.

થોડી જ વાર પછી એક વિચિત્ર અને દુઃખદ સ્વપ્ન જોઇને તેની ઊંઘ ઉડી ગઇ, તે ઝબકીને બેઠો થઈ ગયો. સુભદ્રા પણ જાગી ગઈ. ચમકીને તેણે પૂછયું-

'શી વાત છે સ્વામી ? બહુ બેચેન બની ગયા ? તબિયત તો બરાબર છે ને ?'

'તબિયત તો બરાબર છે, પણ એક સ્વપ્ન જોઇને જાગી ગયો છું.' ધન્નાએ આંખો ચોળતાં કહ્યું.

સુભદ્રાએ ઉઠીને ઠંડા પાણીનો ગ્લાસ ભર્યો અને

ધન્નાને આપતાં બોલી-

'ઠંડું પાણી પી લો, શાન્તિ થઇ જશે. અને પછી શાન્તિથી નવકાર મંત્રનો જાપ કરો. ખરાબ સ્વપ્નનો દોષ દૂર થઈ જશે, બધું બરાબર થઈ જશે.'

ધન્નાએ ઠંડું પાણી પી લીધું, મનને સ્થિર કરીને નવકાર મંત્રનો જાપ કર્યો અને પછી સૂઇ ગયો. પણ તેને ઊંઘ ન આવી. સ્વપ્નનું દશ્ય વારંવાર તેના મનને બેચેન કરતું રહ્યું.

સવારે પ્રાતઃવિધિ પતાવીને તે ઘોડા પર બેઠો અને દક્ષિણ દિશા તરફ વનભ્રમણ માટે નીકળી પડયો. તેને રાતનું સ્વપ્ન યાદ આવી રહ્યું હતું. માતા-પિતા, ભાઈ-ભાભી બધાં આફતમાં ફસાયાં છે. નિરાધાર ભટકી રહ્યાં છે, અત્યંત ખરાબ દશા છે. તે વિચારવા લાગ્યો-

'હું તો ઉજ્જયિનીમાં બધું મૂકીને આવ્યો છું. પાંચ રત્ન છ કરોડની કિંમતનાં છે. તેમને કશાની ખોટ તો છે નહીં...'

તે આવો વિચાર કરી જ રહ્યો હતો ત્યાં દૂરથી એક ટોળી આવતી દેખાઇ- ચાર પુરુષ હતા અને ચાર સ્ત્રીઓ. બધાં જ ચીંથરે હાલ અને દુઃખથી વ્યાપ્ત. વૃદ્ધ પુરુષ લાકડીના ટેકે ચાલતો હતો. તેને એક વૃદ્ધા સ્ત્રી સહારો આપતી હતી. યુવાન પુરુષોના માથા પર નાની-નાની પોટલીઓ હતી.

ટોળી થોડી આગળ વધી અને ધન્નાએ ધ્યાનથી જોયું

તો તેનું મન ધ્રૂજી ગયું, આંખ ફાટી ગઈ.

'અરે ! આ તો મારાં જ માતા-પિતા છે. કેટલાં દુર્બળ થઈ ગયાં છે ! કેવી ખરાબ દશા છે તેમની ! અને આ મારાં ભાઈ-ભાભીઓ છે. આ તો મારું જ કુટુંબ છે.'

ધન્ના ઘોડા પરથી ઉતરીને આગળ વધ્યો. પિતાના પગમાં પડી ગયો અને આંસુ વહાવતાં બોલ્યો-

'પિતાજી ! તમારી આ દશા? આ કેવી રીતે બન્યું ? મા ! મારી મા ! મારી પ્યારી ભાભીઓ અને ભાઈ ! તમારી બધાની આ દશા કેવી રીતે થઈ ? આવું દુઃખ કેવી રીતે આવી પડયું ?'

ધનસાર તો ધન્નાને છાતી સાથે ચાંપીને ખુશીથી રડી જ પડયો. તે કંઈ બોલી શકયો નહીં.

માતા શીલવતીએ આનંદ-દુઃખનાં મિશ્ર આંસુ વહાવતાં કહ્યું-

'અરે બેટા ધન્ના ! તું મળી ગયો એટલે અમને તો બધું જ મળી ગયું.'

ભાભીઓ અને ભાઈ પણ ખુશ અને ચકિત હતાં. ભાભીઓએ કહ્યું-

'દિયરજી ! તમે તો જ્યાં જાઓ છો ત્યાં સૌભાગ્ય અને સુખને તમારી સાથે જ લઇ જાઓ છો અને અમારે માટે તો દુર્ભાગ્ય જ મૂકી જાઓ છો'

ભાભીઓએ આંસુ વહાવતાં પોતાનું દુઃખ કહ્યું. ત્રણે ભાઈ એક બાજુ ઉભા રહીને દુઃખથી સંકોચાઈ રહ્યા હતા.

ધન્નાએ બધાને ધીરજ આપી અને રાજકીય સમ્માન સાથે પોતાના મહેલમાં લઈ આવ્યો.

કુસુમશ્રી, સોમા અને સુભદ્રા ત્રણે વહુઓએ સાસુ સસરા તથા જેઠ-જેઠાણીઓનો ચરણ-સ્પર્શ કરીને આશીર્વાદ મેળવ્યા. બધાં જ ભૂતકાળનાં દુઃખ ભૂલી ગયાં.

ધનકુમારનાં માતા-પિતા, ભાઈભાભીઓના આગમનના સમાચાર જાણીને શેઠ કુસુમપાલ, શેઠ ગોભદ્ર અને મહારાજ શ્રેણિક પોતે મળવા આવ્યા.

પોતાના વેવાઈનું ત્રણેએ દિલ ખોલીને સ્વાગત કર્યું અને કિંમતી ભેટો આપીને સન્માન પ્રગટ કર્યું. વખાણ કરતાં તેમણે કહ્યું—

'શેઠ ધનસાર! ધન્ય છે તમને કે તમે ધનકુમાર જેવા નર-રત્નને જન્મ આપ્યો. તેમની માતાના વખાણમાં અમે બીજું તો શું કહીએ, પણ ખરેખર તે રત્નગર્ભા છે.'

અનેક પ્રકારની પ્રશંસા કરીને બધા લોકો ચાલ્યા ગયા.

ધન્નાએ પોતાનાં એક હજાર ગામમાંથી સો સો ગામ ત્રણે ભાઈઓને આપી દીધાં. ત્રણે પોત પોતાની પત્નીઓ સાથે જુદા જુદા ભવનમાં સુખેથી રહેવા લાગ્યા. બધાંના દિવસો સુખેથી પસાર થવા લાગ્યા.

ધન્નાએ એક દિવસ પિતાને પૂછ્યું.-

'પિતાજી! ઉજ્જયિનીમાં એવું શું બન્યું કે જેને કારણે તમારી આવી દશા થઈ? હું તો ત્યાં બધું મૂકીને

જ આવ્યો હતો.'

'બેટા ! પુણ્યશાળી તું જ્યારે પણ અમને છોડીને જતો રહે છે ત્યારે દુર્ભાગ્ય અમારી પર તૂટી પડે છે. બેટા ! ઉજ્જ-યિની નરેશ જ્યારે રાજગૃહથી મૂર્ખ બનીને પાછા ફર્યા ત્યારે તેમનો સમગ્ર ગુસ્સો અમારા પર ઉતર્યો.

'તેણે અમારી પાસે તારી માગણી કરી. અમે તને કેવી રીતે લાવી આપીએ ? તેથી ચંડપ્રદ્યોત ગુસ્સામાં પ્રચંડ બની ગયો. તેને એ પણ ખબર પડી ગઈ કે તું ગૃહ કંકાસને કારણે ઘેરથી નીકળી ગયો છે.

'બસ, પછી તો તેના ગુસ્સાનો પાર ના રહ્યો. બધી ચીડ અમારા પર જ ઉતારી. બધી સંપત્તિ જપ્ત કરી લીધી. અમારી પર તને ભગાડી મૂકવાનો આરોપ મૂકીને દેશ નિકાલ કરી દીધાં.

'મારા લાલ ! પછી તો એ જ રફતાર ચાલી. મજુરી કરતાં, ભટકતાં રાજગૃહ આવી પહોંચ્યાં.'

આ પ્રમાણે કહેતાં કહેતાં ધનસારની આંખો વરસી પડી.

ધન્નાએ દિલાસો આપ્યો–

'હવે શોક ના કરો પિતાજી ! ભૂતકાળના ખરાબ દિવ-સોને ભૂલી જાઓ અને સુખેથી રહો.'

'હા બેટા ! તારી સાથે તો સુખ જ સુખ છે.' આમ કહીને પિતાએ પુત્રને પૂછ્યું–

'બેટા ! તારા જીવનમાં આ ચમત્કારી પરિવર્તન કેવી

રીતે આવ્યું ?'

ધન્નાએ ચિંતામણિ મળવાની ઘટના સંભળાવીને કહ્યું-

'તે પછી પિતાજી! મારી પાસે આ વૈભવ આપોઆપ જ આવવા લાગ્યો.'

'તું જાતે જ ચિંતામણિ છે, બેટા!' પિતાએ સંતોષ વ્યકત કરતાં કહ્યું.

૦ ૦ ૦

દ્વેષી અને ઉલટી બુદ્ધિવાળા માણસો જ્યાં સુધી દુઃખમાં હોય છે ત્યાં સુધી તો બરાબર રહે છે, પણ જયાં તેમને સુખ મળે છે કે તરત જ તેઓ કંઇક ને કંઈક તોફાન મચાવવા લાગે છે.

ધન્નાના ત્રણે ભાઇ ઈર્ષ્યાળુ અને દ્વેષી હતા. તેમના દિવસો સુખેથી પસાર થવા લાગ્યા એટલે તેમના મનનો કીડો સળવળવા લાગ્યો. ધન્નાની આ અભૂતપૂર્વ પ્રગતિનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કર્યો તો નગરજનો પાસેથી ખબર પડી કે એક જ રાતમાં શેઠ કુસુમપાલનો સૂકો બાગ લીલો થઈ ગયો હતો. ત્રણે ભાઇઓએ વિચાર્યું-

'આમ કેવી રીતે બની શકે? ધન્ના કોઈ દેવ તો છે નહીં એક રાતમાં ચમત્કાર કરી દે. તેનું રહસ્ય જાણવું જોઇએ.'

તેમણે આ બાબતમાં પિતાને પૂછયું તો પિતા સમજી ગયા કે આ ત્રણે ફરી કોઈ નવી મુશ્કેલી ઉભી કરશે. તેથી તેમણે ઉડાઉ જવાબ આપ્યો-

'સૂકો બાગ લીલો ગમે તે રીતે થયો હોય, તેની સાથે આપણે શો સંબંધ? આપણે તો રોટલા ખાવા સાથે સંબંધ છે, ટપટપની શી જરૂર? ધન્નાની સાથે સુખેથી રહેવા મળે છે. મને તો તેમાં જ સંતોષ છે.'

ત્રણે પુત્રો સમજી ગયા કે હવે પિતા આગળ તેમની દાળ ગળશે નહીં. તેઓ ધન્ના પાસે પહોંચી ગયા અને અત્યંત મીઠા મધુર શબ્દોમાં સૂકા બાગનું લીલા થવાનું રહસ્ય પૂછ્યું.

સરળ સ્વભાવના ધન્નાએ ચિંતામણિની પ્રાપ્તિનું રહસ્ય જણાવી દીધું. તેને શી ખબર કે હજુ પણ આ ત્રણે પોતાની વિરુદ્ધ ઝેર ઓકવાનું ચાલુ રાખશે. તેને શી ખબર કે આટલાં દુઃખ ભોગવ્યા પછી પણ તેમની બુદ્ધિ ઠેકાણે આવી નથી.

ત્રણે ભાઇઓને ધન્નાની વિરુદ્ધ એક નવું શસ્ત્ર મળી ગયું. તેઓ પિતા પાસે પહોંચી ગયા અને બોલ્યા-

'પિતાજી! ધન્નાની ઉન્નતિનું રહસ્ય હવે અમને ખબર પડી ગયું છે. આપણું કુટુંબ પેઢીઓથી કરોડપતિ રહ્યું છે, આપણા જ ઘરમાં ચિંતામણિ હતો.

'પ્રતિષ્ઠાનપુરથી નીકળતી વખતે તમે અમારાથી છુપી રીતે એ ચિંતામણિની સાથે-સાથે પાંચ અમૂલ્ય રત્ન આપ્યાં. દેખાવ માટે ધન્ના પાંચ રત્ન તો ઉજ્જયિનીમાં મૂકી આવ્યો અને ચિંતામણિ પોતાની સાથે લઈ આવ્યો.

'એ મણિ આપણા કુટુંબની મિલકત છે. અમે મોટા છીએ, માટે તે અમને મળવો જ જોઈએ. કાં તો તમે

રાજીખુશીથી તે અપાવી દો, નહીં તો અમે બીજા ઉપાય કરીને તે લેવા માટે લાચાર બની જઇશું.'

ધનસારે સમજાવવાનો પ્રયત્ન કર્યો-

'મૂર્ખાઓ ! મારી પાસે તો રત્ન પણ ન હતાં અને ચિંતામણિ પણ ન હતો. ધન્નાએ એ બધું પોતાના ભાગ્ય અને પુરુષાર્થની શકિતથી મેળવ્યું છે. મેં તો કશું જ આપ્યું નથી. હવે તો સમજો !

'ધન્નાએ આપેલાં રત્ન પણ તમારી પાસે રહેશે નહીં. દેવાધિષ્ઠિત વસ્તુઓ પાપી અને ઈર્ષ્યાળુઓ પાસે કદાપિ રહેતી નથી.

'ધન્નાએ સો-સો ગામ આપીને તમારૂં જીવન બદલી નાખ્યું છે. તેનો ઉપકાર માનો અને સુખેથી રહો. વિરોધ કરીને શા માટે વિપત્તિને આમંત્રણ આપો છો ?'

ત્રણે પુત્રો ગુસ્સાથી બોલી ઉઠયા-

'તમે તો હંમેશાં ધન્નાનો જ પક્ષ લીધો છે. અમારી વ્યાજબી વાત પણ તમે કદાપિ સાંભળવા માગતા નથી. ચિંતામણિ પર અમારો ન્યાયપૂર્ણ અધિકાર હોવા છતાં અમે ધન્નાના રોટલા પર જીવીએ, એ શું યોગ્ય છે ? અમારા કરતાં તો પશુ-પક્ષી પણ સારાં કે તે કોઈના રોટલા પર તો નથી નભતાં.'

'ધન્નાએ માનથી આપેલાં ગામની તમારે મન આ કિંમત ? તમે તેને રોટલાના ટુકડા ગણો છો ? મૂર્ખાઓ ! તમે તો માથા પર ટોપલાં ઉંચકતા હતા અને ગરીબીનું દુઃખ ભોગવતા હતા એ જ સારૂં હતું.'

'સાચી વાત તો એ છે પિતાજી ! કે જે દિવસથી ચિંતામણિ આપણા ઘરમાંથી નીકળીને ધન્નાના હાથમાં ગયો છે, તે દિવસથી આપણે સંકટો અને વિપત્તિઓમાં ડૂબેલા છીએ, જયારે ધન્ના સુખના પારણે ઝુલે છે. હવે અમે આવો અન્યાય નહીં થવા દઈએ. અમારે તો કોઇ પણ રીતે ચિંતામણિ જોઈએ.'

પિતા ધનસાર સમજી ગયા કે ત્રણેની કુબુદ્ધિથી હવે ફરીથી ખરાબ દિવસો આવશે. તેઓ ચૂપ થઈ ગયા.

ત્રણે ભાઈઓની પત્નીઓને ખબર પડી તો તેમણે પણ પોતાના પતિઓને ખૂબ ઠપકો આપ્યો, ધિક્કાર્યા, પોતાના સોગંદ ખવડાવ્યા, દૂધના સોગંદ ખવડાવ્યા પણ ત્રણે પોતાની વાતમાંથી સહેજ પણ ડગ્યા નહીં.

આ કટુરૂ સંવાદ ધન્નાના કાનમાં પણ પહોંચી ગયો. તે ફરીથી ગૃહ-ત્યાગની વાત વિચારતાં પોતાની વર્તમાન સ્થિતિ પર વિચાર કરવા લાગ્યો-

'જયારે હું પ્રતિષ્ઠાનપુર અને ઉજજયિનીથી નીકળ્યો ત્યારની સ્થિતિ જુદી હતી અને અહીં રાજગૃહની સ્થિતિ જુદી છે. ત્યાં હું એકલો હતો, અહીં ત્રણ પત્નીઓની જવાબદારી મારા ઉપર છે.

'મારા ચાલ્યા જવાથી તેઓ ખૂબ દુઃખી થશે, પણ હું હવે અહીં રહી પણ શકતો નથી. રહીશ તો ગૃહકંકાસ શાન્ત નહીં પડે. ભાઈઓ મને બદનામ કરશે. રાજગૃહમાં મારી પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે. તો પછી શું કરૂં ?'

ધન્ના વિચારતો રહ્યો. ઘણી બધી મુંઝવણને અંતે

તેણે નિર્ણય કર્યો કે રાજગૃહ છોડવું જ જોઈએ. ત્રણે પત્નીઓના પિતા અહીં છે. તે પોત-પોતાને પિયર જતી રહેશે.

ધન્નાએ એક પછી એક બધાં વસ્ત્રાભૂષણ ઉતારીને સાધારણ કપડાં પહેરી લીધાં. કમરમાં બાંધેલા ચિંતામણિને જોઇને વિચારવા લાગ્યો-

'આ અહીં જ છોડી દઉં. તેને જ કારણે તો આ બધો ઝગડો છે.'

ફરી વિચાર બદલાયો-

'એ તો ગંગાની અધિષ્ઠાત્રી દેવીનું અપમાન કહેવાય. તેણે મને વરદાન સ્વરૂપે ખૂબ આગ્રહથી આપ્યો છે. દેવાધિષ્ઠિત વસ્તુઓનો કાં તો જાતે ઉપયોગ કરવો જોઇએ અથવા એ દેવને પાછી આપી દેવી જોઇએ. એ જ રીત છે. અને એ રીતનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી.'

આ ઔચિત્યને લક્ષમાં રાખીને તેણે દિવ્ય ચિંતામણિ પોતાની કમરમાં બાંધી લીધો અને રાત્રે જ રાજગૃહથી નીકળી ગયો. રાત--ભરમાં તો તે નગરથી ઘણે દૂર જંગલમાં પહોંચી ગયો.

રોકાતો ચાલતો અને જંગલનાં ફળથી ભૂખને સંતોષતો ધન્ના વત્સ દેશની રાજધાની કૌશામ્બીમાં આવી પહોંચ્યો. યમુના નદીને કિનારે વસેલી કૌશામ્બી શોભામાં નિરાળી હતી.

તે વખતે ત્યાં રાજા સહસ્રાનીકનો પુત્ર શતાનીક રાજ્ય

કરતો હતો. શતાનીક ખૂબ પ્રજા-વત્સલ અને ધર્મનિષ્ઠ રાજા હતો.

તેની પટરાણી મૃગાવતી વૈશાલીના ગણાધ્યક્ષ મહારાજ ચેટકની સુપુત્રી હતી. મૃગાવતી રુપ અને ગુણમાં અનુપમ હતી. તેનું રુપ શચીને પણ લજ્જિત કરતું હતું. તે સતી સન્નારી હતી. મૃગાવતીને બે સંતાન હતાં. એક રાજકુમાર ઉદયન, બીજી રાજકુમારી સૌભાગ્યમંજરી.

ધન્ના નગરમાં પ્રવેશ્યો ત્યારે તેનાં કપડાં મેલાં હતાં. તે આવાં મેલાં કપડાંમાં જ નગરમાં ફરતો રહ્યો, નગરની શોભા જોતો રહ્યો. તે ફરતો-ફરતો રત્ન બજાર તરફ નીકળી ગયો. એક દુકાનમાં કેટલાંક રત્ન કાચના કબાટમાં સજાવીને રાખ્યાં હતાં. ધન્ના તે જોવા લાગ્યો. મુનીમે તેને તિરસ્કાર્યો.

'આગળ જાઓ અહીંથી. તમારા જેવા માટે અહીં શું છે?'

ધન્નાને પણ કંઈક મનોરંજન અને મજાક-મશ્કરી કરવાનું મન થયું-

'અરે ભાઈ! ઘરાકને આ રીતે તિરસ્કારો છો?'

'તમે, અને ગ્રાહક! બોલો, શું જોઈએ તમારે?' મુનીમે પણ મજાક શરૂ કરી.

'કેટલાંક સારાં અને અત્યંત કિંમતી રત્નો બતાવો તો પસંદ કરી લઈશ.'

'અરે ભાઈ! તમારા જેવા શ્રીમંતો માટે અમારી પાસે રત્નો ક્યાંથી હોય?'

શ્રીમંત શબ્દ સાંભળીને શેઠ પોતે ગાદી પરથી ઉઠીને આવ્યા, ધન્નાને ધ્યાનથી જોયો. રત્ન તો ધૂળમાં પણ છુપું રહેતું નથી. ગંદાં કપડાંમાં પણ ધન્નાનો તેજસ્વી ચહેરો છુપો રહી શકતો ન હતો. ઝવેરીએ વિચાર્યું–

'છે તો કોઇ ખાનદાન માણસ. કોઈ ખાસ કારણથી જ ગંદાં કપડાંમાં આવ્યો છે. પરદેશી લાગે છે. શકય છે કે કંઈક ખરીદે પણ ખરો.'

આવો વિચાર કરીને તેણે ખૂબ માનથી ધન્નાને આવકાર્યો—

'આવો ભદ્ર ! જે ઈચ્છા હોય તે ખરીદો.'

ધન્ના દુકાનમાં ગયો. ઝવેરીએ રત્નો બતાવ્યાં. ઝવેરી રત્નો બતાવતો રહ્યો અને ધન્ના તેના ગુણ-દોષ ગણાવતો રહ્યો. તેણે એવા-એવા ગુણ અને દોષ બતાવ્યા કે ઝવેરી દંગ રહી ગયો. તે સમજી ગયો કે આ મલિન વેશધારી યુવાન રત્નોનો અજબ પારખુ છે. તેણે મનમાં ને મનમાં વિચાર કર્યો–

'રાજા શતાનીકના અનુપમ રત્નની પરીક્ષા આના દ્વારા જ શા માટે ન કરાવવી? મને રાજાએ જાહેર કરેલું ઈનામ મળી જશે. અર્ધું તો તે મને આપશે જ અને કદાચ કશું પણ નહીં મળે તો પણ રાજાની નજરમાં તો વસી જઈશ.'

આમ વિચારીને શેઠ બોલ્યા–

'ભદ્ર ! તમે તો રત્નોના અદ્‌ભુત પારખુ છો. મારી સાથે રાજદરબારમાં ચાલો...'

'કેમ ? મારે રાજાનું શું કામ ?' ધન્નાએ વચમા જ તેને અટકાવ્યો.

'તમારે કોઈ કામ નથી, પણ રાજાને તમારું કામ છે.'

'તેમને મારું શું કામ ?'

ઝવેરીએ જણાવ્યું-

'ભદ્ર ! અમારા મહારાજ પાસે એક એવું રત્ન છે કે જેનું મૂલ્ય આજ સુધી કોઈ બતાવી શકયું નથી. મૂલ્ય તો શું તેના ગુણનું વર્ણન પણ આજ સુધી કોઈ કરી શકયું નથી..'

'નહીં કરી શકયો હોય, એમાં મારે શું ?'

'ભદ્ર ! રાજાએ બધા રત્ન-પારખુઓને પડકાર ફેંકયો છે. તમે આ પડકારને સ્વીકારીને તે રત્નના ગુણ અને મૂલ્ય બતાવી દો.

'આ તો આપણે બધા રત્ન-પારખુઓની આબરુનો સવાલ છે. તમે ગુણવાન છો, આપણી આબરુ બચાવો. રાજા પણ જુએ તો ખરા કે એક એકથી ચડિયાતા ગુણવાન માણસો આ પૃથ્વી પર મોજુદ છે.'

'ચાલો શેઠ ! જયારે રાજાએ ગુણવાન માણસોને પડકાર ફેંકયો છે તો હું ગુણવાનોની પ્રતિષ્ઠા બચાવવાનો પ્રયત્ન જરૂર કરીશ.'

ધન્નાની મંજૂરી મળવાને કારણે ઝવેરી અત્યંત ખુશ થઇ ગયો. તેને લઈને તે રાજદરબારમાં પહોંચી ગયો. પ્રણામ કરીને મહારાજને કહ્યું-

'મહારાજ ! તમે તમારું રત્ન આ ભદ્રપુરુષને બતાવો. તે તેની પરખ સારી રીતે કરીને તેના ગુણ અને કિંમત

કહેશે.'

રાજા શતાનીકે મલિન વેશધારી ધન્નાને ઉપરથી નીચે સુધી જોયો અને નાપસંદગી વ્યકત કરતાં કહ્યું-

'રહેવા દો શેઠ! હવે હું એ રત્નને મજાક બનાવવા માગતો નથી. મોટા-મોટા પારખુ આવ્યા, પણ બધા નિષ્ફળ ગયા.'

ઝવેરી સમજી ગયો કે મલિન પહેરવેશને કારણે રાજાને તેના રત્ન-પારખુ હોવાનો વિશ્વાસ આવતો નથી. તેણે આગ્રહ કર્યો-

'મહારાજ તેનો મલિન વેશ ના જોશો. તેનો વેશ જ મલિન છે, પણ બુદ્ધિ નિર્મળ છે. કપડાં સાધારણ છે, પણ તે અસાધારણ છે. એક વખત મારા કહેવાથી આપ તેને એ રત્ન જરૂર બતાવો. તેની પરખથી તમે જરૂર પ્રભાવિત થઈ જશો.'

રાજા શતાનીકને હજુ પણ વિશ્વાસ ના આવ્યો. તેણે પરીક્ષા લેવાની દૃષ્ટિથી પૂછ્યું-

'ભદ્ર યુવાન! તમે મને રત્નો બાબતમાં કંઇક માહિતી આપો. તે પછી જ હું તમને મારું દિવ્ય રત્ન બતાવીશ, કારણ કે હવે હું એવા જ પારખુને બતાવવા માગું છું, જે આ વિદ્યામાં પૂર્ણ રીતે કુશળ હોય.'

'જેવી આપની ઈચ્છા.' કહીને ધન્ના રત્નો બાબતમાં માહિતી આપવા લાગ્યો-

'મહારાજ! રત્ન-પરીક્ષક બનવા માટે ફકત પારંપરિક

અનુભવ જ નહીં, શાસ્ત્રીય જ્ઞાનની પણ જરૂર પડે છે.

'સાંભળો–હીરક, નીલમ, મોતી, માણેક, મરકત, પોખરાજ, વૈડૂર્ય, વિદ્રુમ અને ગોમેદ આ નવ રત્ન મુખ્ય છે. તેમાંથી પહેલાં પાંચ મુખ્ય રત્ન છે અને બાકીનાં ચાર ઉપરત્ન કહેવાયાં છે.

'માણેક સૂર્ય સાથે, મોતી ચન્દ્ર સાથે, વિદ્રુમ મંગળ સાથે, મરકત બુધ સાથે, પોખરાજ ગુરૂ સાથે, હીરો શુક્ર સાથે, નીલમ શનિ સાથે તથા ગોમેદ અને વૈડૂર્ય રાહુ–કેતુ સાથે સંબદ્ધ છે.

'તેના સંબદ્ધ હોવાનો અર્થ એ છે કે આ રત્નોને ધારણ કરવાથી આ નવ ગ્રહોના ઉપદ્રવની શાંતિ થાય છે. જેમ કે માણેક ધારણ કરવાથી સૂર્યનો ખરાબ પ્રભાવ પડતો નથી. એવી જ રીતે બીજાં રત્નો બાબતમાં પણ સમજવું જોઇએ. આવું મહત્ત્વ આ બધાં રત્નોનું છે.'

આ રત્નોનાં વર્ણન સાંભળીને રાજાને આશા બંધાઇ. વધુ જાણવા માટે તેણે પૂછ્યું.

'ભદ્ર ! રત્ન અને ગ્રહના સંબંધની વાત તો સામાન્ય જ્યોતિષી પણ બતાવી દે છે. રત્ન–પારખુ તો રત્નોના ગુણ દોષ બતાવે છે. હું એ જાણવા માગું છું કે શું તમે દિવ્ય ચિંતામણિ રત્ન બાબતમાં કંઇ જાણો છો ખરા ?'

દિવ્ય ચિંતામણિ રત્ન ધન્નાની પાસે હતું જ. તેની માહિતી આપવામાં તો તેને મુશ્કેલી પડે જ નહીં. તે બોલ્યો–

'મહારાજ ! દિવ્ય ચિંતામણિ સવા છટાંક (લગભગ

૭૫ ગ્રામ) વજનનો હોય છે. તેનું તેજ હીરા જેવું હોય છે, પણ તેના કરતાં અનેકગણું વધારે. તેની ખાસિયત એ છે કે આ મણિમાં ત્રણ રેખાઓ હોય છે અને જેની પાસે તે હોય છે, તેના વિચાર માત્રથી તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ જાય છે.'

હવે રાજા પ્રભાવિત થયો. તેણે પોતાનું રત્ન બતાવ્યું. ધન્ના થોડી વાર સુધી તો તેને ઉલટાવી-સુલટાવીને જોતો રહ્યો, પછી બોલ્યો-

'રાજન્ ! આ રત્નનું નામ 'સહસ્રકિરણ' છે. એટલે કે તેમાંથી એક હજાર કિરણો નીકળ્યા કરે છે. તેને ચિંતા-મણિનો નાનો ભાઇ જ સમજો.

'તેના ગુણનો પ્રભાવ એવો છે કે જે રાજાની પાસે આ રત્ન હોય છે, તેને લડાઈમાં કદાપિ હાર નથી મળતી, ભૂત-પ્રેત આદિ વ્યંતર દેવો તેને ઉપદ્રવ કરી શકતા નથી, તેનું પ્રક્ષાલિત જળ પીવાથી રોગની શાન્તિ થાય છે. આ સુખ-શાંતિ અને યશ અપાવનારું અણમોલ રત્ન છે.

'તેનું મૂલ્ય સોનામહોરમાં આંકી શકાતું નથી. તેમાં અને ચિંતામણિમાં એટલો જ તફાવત છે કે ચિંતામણિ વિચાર માત્રથી બધી ઇચ્છાઓ પૂર્ણ કરી દે છે, જ્યારે આ મણિ પ્રયત્ન કરવાથી ઇચ્છા પૂર્ણ કરે છે.'

'તમે તેના ગુણ પણ જણાવ્યા અને નામ પણ જણાવ્યું. પરંતુ તમે તમારી વાતનું પ્રમાણ આપી શકશો ?'

'પ્રમાણ તો આ રત્ન પોતે જ આપશે. આપ એક થાળમાં ચોખાના દાણા મંગાવો. આ રત્નને દાણાની

વચ્ચે મૂકવાથી પક્ષી દાણા ખાશે નહીં.'

એમ જ કરવામાં આવ્યું. થાળમાં રત્ન મૂકવાથી પક્ષીઓ સંકોચાતાં, ડરતાં દૂર બેસી રહ્યાં અને મણિને ઉપાડી લેતાં જ દાણા ખાવા લાગ્યાં. આ ક્રિયા ઘણી વખત કરવાથી ધન્નાની વાત પર રાજાને પૂર્ણ વિશ્વાસ બેસી ગયો. ધન્નાએ કહ્યું-

'રાજન્ ! આ રત્નના પ્રભાવથી જે રીતે આ પક્ષીઓ ડરીને દૂર બેસી રહ્યાં છે, તે રીતે તમારા દુશ્મનો પણ ડરીને દૂર જ રહેશે. ભૂત-પ્રેત વિગેરે પણ દૂર જ રહેશે.'

પરીક્ષા પૂરી થઈ. રાજાએ ધન્નાને પોતાની જ પાસે બેસાડીને માન આપ્યું અને પોતાની જાહેરાત પ્રમાણે પાંચસો ગામ, પાંચસો હાથી, પાંચસો ઘોડા, પાંચસો રથ તથા બીજાં કિંમતી રત્ન-આભૂષણ ભેટ આપવા લાગ્યો.

ધન્ના બોલ્યો-

'નરનાથ ! આ પુરસ્કારની લાલચમાં મેં આ રત્નની પરીક્ષા નહોતી કરી. આ શેઠજીએ મને કહ્યું કે આ રત્ન પારખવા બાબતમાં રાજાએ બધા રત્ન-પારખુઓને પડકાર ફેંક્યો છે. ગુણવાન માણસો માટે પડકારની વાત સાંભળીને હું અહીં ચાલ્યો આવ્યો. તમે તમારો પુરસ્કાર તમારી પાસે જ રાખો.'

રાજા શતાનીક ધન્નાની નિસ્પૃહતાથી વિશેષ પ્રભાવિત થયો અને બોલ્યો-

'ભદ્ર ! ગુણવાન માણસોની કદર કરવી પણ રાજાની ફરજ છે અને વળી હું મારી જાહેરાતને બદલું પણ કેવી

રીતે ? વચન આપીને ફરી જવું એ ક્ષત્રિયના સ્વભાવ અને મર્યાદા વિરૂદ્ધ છે.'

ધન્ના વિચારમાં પડી ગયો. પરંતપ શતાનીક જ ફરીથી બોલ્યો—

'ભદ્ર ! હજુ તો હું સમગ્ર પુરસ્કાર તમને આપી પણ શક્યો નથી, તે પહેલાં તમે મને વચ્ચે જ અટકાવી દીધો. આ બધા પુરસ્કારો સાથે મારી બેટી સૌભાગ્યમંજરી પણ છે, કારણ કે મારી જાહેરાતમાં એ પણ હતું કે જે આ રત્નની પરખ કરી આપશે, તેની સાથે સૌભાગ્યમંજરીનું લગ્ન થશે.'

ધન્ના વિચારવા લાગ્યો-

'ફરી બંધન આવ્યું. હું આ વૈભવથી જેટલો દૂર ભાગું છું એટલો જ તે મારી પાસે આવે છે, મને વળગે છે, પડછાયાની જેમ મારો પિછો જ છોડતો નથી.

'ખરેખર ! ભગવાનની વાણી સત્ય છે. પુણ્યશાળી માણસ જયાં જાય છે, ત્યાં પુણ્ય તેની સાથે રહે છે. રાજગૃહમાં એકલો આવ્યો, ત્રણ લગ્ન થયાં અને અહીં પણ આવતાં જ લગ્નની વાત આવી.'

ધન્નાને વિચારમગ્ન જોઈને રાજા શતાનીકે પૂછયું-

'શા વિચારમાં પડી ગયા, ભદ્ર !'

'હું પરણેલો છું રાજન્ ! ત્રણ પત્નીઓ તો પહેલેથી જ છે. આ લગ્ન કેવી રીતે કરી શકું ?'

'જેમ ત્રણ, તેમ ચાર ! આ લગ્ન તો કરવું જ પડશે અને પુરસ્કાર પણ લેવો જ પડશે.' રાજાએ આગ્રહ કર્યો.

ધન્નાએ પણ સૌભાગ્યમંજરીને સ્વીકારી લીધી. ધામધૂમથી સૌભાગ્યમંજરીનું લગ્ન તેની સાથે થઈ ગયું. હવે તે રાજ-જમાઈ હતો. તેના દિવસો સુખેથી પસાર થવા લાગ્યા.

ધાર્મિક વૃત્તિવાળા પુરુષોને સુખના દિવસોમાં પરોપકાર કરવાનું યાદ આવે છે. ધન્નાએ જોયું કે તેના શાસનમાં રહેલાં ગામની વચ્ચેની જમીન ખાલી પડી છે. તેણે વિચાર્યું-

'જો અહીં એક નગર વસાવવામાં આવે તો લોકોને ખૂબ આરામ મળે.'

તે નગરની યોજના બનાવવા લાગ્યો. યોજના બનાવતાં બનાવતાં તેને વિચાર આવ્યો કે જો નગરની પાસે એક વિશાળ સરોવર બનાવવામાં આવે તો ખેડૂતોને ખૂબ સગવડ રહે. પાણીની વ્યવસ્થા થવાથી પાકનું ઉત્પાદન વધશે, દેશ સમૃદ્ધ થશે. તેણે સરોવર બનાવવાનો નિશ્ચય કરી લીધો.

કર્મઠ માણસો યોજનાને અમલમાં મૂકવામાં વાર નથી લગાડતા. ધનપુર નામનું નગર વસવા લાગ્યું અને સરોવર ખોદાવા લાગ્યું. દૂર-દૂરથી મજૂરો આવવા લાગ્યા. ધન્ના બધાંને મજૂરી ઉપરાંત બે વખતનું ભોજન પણ આપતો હતો.

સરોવર અને નગર—રચનાનું કામ ઝડપથી આગળ વધવા લાગ્યું.

# ૧૩

આ તરફ રાજગૃહમાં સવાર પડતાં જ ધન્નાની ત્રણ પત્નીઓ—કુસુમશ્રી, સોમા અને સુભદ્રા પતિની પદવંદના કરવા માટે તેના શયન-ખંડમાં આવી. પણ ઓરડો ખાલી જોઇને ત્રણેનું કાળજું ધડકી ઉઠ્યું.

શંકિત હૃદયે તેમણે ઉપર-નીચે, બધા ખંડમાં શોધ કરી, ભવનના બગીચામાં પણ શોધી આવી, નોકરોને પણ પૂછ્યું. પણ ક્યાંય પત્તો મળ્યો નહીં.

શેઠ ધનસારને આ વાત ખબર પડી એટલે તરત જ તેમના મુખમાંથી નીકળી પડ્યું-

'બેટા ! તું ત્રીજી વખત પણ અમને છોડીને ચાલ્યો ગયો.'

સસરાના આ શબ્દ સાંભળતાં જ ત્રણે વહુઓ રડી

પડી. તેમના અવાજમાં માતા શીલવતીનો અવાજ પણ ભળી ગયો. ચારેના કરુણ વિલાપથી ભવનની દિવાલો પણ ગૂંજવા લાગી.

ધન્નાના ગૃહ-ત્યાગના સમાચાર આખા નગરમાં ફેલાઈ ગયા. બધાને ખબર પડી ગઇ કે ભાઇઓના ઝગડાને કારણે ધનકુમાર ક્યાંક ચાલ્યો ગયો.

રાજા શ્રેણિક તો ખૂબ જ દુઃખી થયા. તેમને ધનકુમારના વિદ્વેષી ભાઇઓ પર ખૂબ ગુસ્સો આવ્યો. પણ તેમને શું સજા કરવી તે નક્કી કરી શક્યા નહીં. તેઓ રાજદરબારમાં ઉદાસ બનીને બેઠા હતા. તેઓ ધન્નાના ભાઈઓને શું સજા કરવી તેનો વિચાર કરી રહ્યા હતા, ત્યાં જ ગ્રામજનોએ પોકાર કર્યો-

'અન્નદાતા ! અમને કુશાસનથી બચાવો. અમે આપની પ્રજા છીએ, અમારી રક્ષા કરો.'

'કોણ કરી રહ્યું છે તમારી પર કુશાસન ? સ્પષ્ટ જણાવો.' રાજા શ્રેણિકે સહાનુભૂતિ ભર્યા શબ્દોમાં પૂછ્યું.

ગ્રામજનોએ જણાવ્યું-

'મહારાજ ! તમે જે રાજ-જમાઇ ધનકુમારને હજાર ગામ આપ્યાં હતાં, તેમાંથી ત્રણસો ગામ તેમણે પોતાના ત્રણે ભાઇઓને આપ્યાં હતાં. અમે એ ત્રણસો ગામના મુખીઓ છીએ.

'નરનાથ ! હવે તો એ ત્રણેના અત્યાચાર એટલા બધા વધી ગયા છે કે જીવવાનું પણ મુશ્કેલ થઇ ગયું છે. આપની આજ્ઞા હોય તો અમે બીજે ક્યાંક જતા રહીએ અથવા આપ...'

'તમારે ક્યાંય જવાની જરૂર નથી. હું આજે જ મારા હાથમાં વ્યવસ્થા લઈ લઉં છું.'

ગ્રામજનોને દિલાસો આપીને રાજા શ્રેણિકે તેમને વિદાય કર્યા. પ્રજા પરના આ અત્યાચારની વાત સાંભળીને રાજાના ક્રોધાગ્નિમાં ઘી હોમાયું. તેમણે તરત જ ત્રણે ભાઇ-ઓને અપદસ્થ કરીને ગામડાંની વ્યવસ્થા પોતાના હાથમાં લઈ લીધી.

અપદસ્થ થતાં જ ત્રણે ભાઈ ગભરાઇને પિતા પાસે આવી પહોંચ્યા. ત્યાં બધા ઉદાસ હતા. પુત્રોને આવેલા જોતાં જ પિતા બોલી ઉઠયા-

'હવે તમે અહીં રહો, હું તો જઉં છું ધન્નાને શોધવા. મેં તો પહેલેથી જ કહ્યું હતું કે તેનો વિરોધ કરીને સંકટને નોતરશો નહીં, પણ તમે લોકો માન્યા જ નહીં. તમે તો કોણ જાણે કઇ માટીમાંથી જન્મ્યા છો તે વારંવાર ઠોકર ખાવા છતાં પણ સુધરતા જ નથી.'

પિતાના આ શબ્દો સાંભળીને પુત્રોના પગ નીચેની જમીન ખસવા લાગી. હવે તો તેમનું પણ રાજગૃહમાં શું બચ્યું હતું ? ગામ તો રાજા શ્રેણિકે ઝુંટવી લીધાં જ હતાં.

તેમને તો પિતા સાથે જવામાં જ પોતાનું હિત જણાયું.

અને જયારે પોતાના પતિ જઈ રહ્યા હોય તો પછી તેમની પત્નીઓ કયાં રહી શકે ? ત્રણે પુત્રોની એ ત્રણ વહુઓએ પણ જવાનો નિશ્ચય કરી લીધો. શીલવતી તો પોતાના પતિ ધનસારની પાછળ જ હતી. ધનસારે ધન્નાની ત્રણે પત્નીઓને સમજાવી–

'વહુ ! અમે તો ધન્નાને શોધવા જઈ રહ્યાં છીએ. અમે ઝડપથી પાછા ફરીશું, ત્યાં સુધી તમે તમારા પિતા પાસે જ રહો.'

કુસુમશ્રી અને સોમાએ તો વિચાર્યું કે સસરાની આજ્ઞાનું પાલન કરવું એ તેમની પ્રાથમિક ફરજ છે. તેથી તે તો માની ગઈ. ધનસારે તેમને તેમના પિતાઓને ઘેર મોકલી દીધી.

પણ સુભદ્રા તો ત્યાંથી ખસી જ નહીં. ધનસારે ફરીથી સુભદ્રાને કહ્યું—

'વહુ ! તમે પણ તમારા પિતાને ઘેર જાઓ.'

સુભદ્રાએ નમ્રતાથી દલીલ કરી–

'તમારા બધાની સેવા કરવી એ મારું પરમ કર્તવ્ય છે. તમે મને તમારી સેવાથી વંચિત ના કરો.

'તમે અમારી સાથે કયાં–કયાં ભટકશો ? જંગલમાં ખૂબ કષ્ટ ભોગવવાં પડશે. તમે સુખમાં ઉછર્યાં છો, દુઃખ સહી શકશો નહીં.'

'નારીનું શરીર જ કોમળ હોય છે, સંકલ્પ તો વજ્ર

જેવો દૃઢ હોય છે. તમારા બધાની સેવા કરવામાં મને જંગલની શૂળ પણ ફૂલ જેવી લાગશે.'

ધનસાર સમજી ગયા કે સુભદ્રા સાથે આવ્યા વિના રહેશે નહીં, તેથી તેમણે સ્વીકૃતિ આપી દીધી.

રાજગૃહથી નવ માણસોનું કુટુંબ નીકળી પડ્યું. વૃદ્ધ ધનસાર, વૃદ્ધ શીલવતી, ધનદત્ત, ધનદેવ, ધનચન્દ્ર ત્રણે ભાઈ, તેમની ત્રણે પત્નીઓ અને ગોભદ્ર શેઠની પુત્રી તથા ધન્નાની પત્ની સુભદ્રા.

૦

નસીબના ખેલ પણ વિચિત્ર હોય છે. તે એવી તોડ-જોડ કરતું હોય છે કે ચકિત થઈ જવું પડે છે. પાંચ સ્ત્રીઓની આ ટોળી ફરતી-ફરતી ધનપુર આવી પહોંચી, જ્યાં ધન્ના સરોવર બંધાવી રહ્યો હતો.

બધાને લાગ્યું કે અહીં થોડા દિવસ માટે સ્થાયી મજૂરી મળી જશે. આવો વિચાર કરીને તે બધાં પોતાનાં મૂળ નામ છુપાવીને બીજા નામથી મજૂરી કરવા લાગ્યાં. બંને વખત ભોજન ઉપરાંત તેમને દરરોજ તેર મુદ્રાઓ મળી જતી.

સુભદ્રા આખો દિવસ મજૂરી કર્યા પછી પણ રાત્રે પોતાની સાસુ અને જેઠાણીઓના પગ દબાવતી. જો કે તે કુટુંબમાં સૌથી નાની હતી, પણ તેની સેવાએ તેને મહાન બનાવી દીધી હતી.

સરોવર નિર્માણનું કામ આમ તો પ્રામાણિક નોકરો

સફળતાપૂર્વક ચલાવી રહ્યા હતા, પણ ક્યારેક-ક્યારેક ધનકુમાર પણ કાર્યનું નિરીક્ષણ કરવા નીકળી પડતો.

એક દિવસ તે આમ-તેમ ફરીને નિરીક્ષણ કરી રહ્યો હતો, તે વખતે તેની નજર ખોદકામ કરતા પોતાના વૃદ્ધ પિતા પર પડી. આ જોઇને તેનો આત્મા તડપી ઉઠયો. આમ-તેમ નજર દોડાવી તો આખું કુટુંબ જોવા મળ્યું- માતા, ભાઈ, ભાભીઓ અને સુભદ્રા પણ. તે વિચારવા લાગ્યો-

'ભાગ્યની પણ આ કેવી ક્રૂર મજાક કે આ લોકો વારંવાર વિપત્તિમાં આવી પડે છે. આ વખતે તો શેઠ ગોભદ્ર જેવા કરોડપતિની બેટી અને શાલિભદ્ર જેવા ભાઇની બહેન પણ માથા પર ટોપલું મૂકીને માટી લઈ જઇ રહી છે.'

તેની આંખમાં આંસુ આવી ગયાં. તે પોતાની જાતને ધિકકારવા લાગ્યો : હું સુખ ભોગવું અને વૃદ્ધ માતા-પિતા મજૂરી કરે !

ધન્ના અધિકારી પાસે પહોંચ્યો અને વૃદ્ધ પિતા ધનસાર તરફ સંકેત કરીને કહ્યું-

'આ તો ખૂબ વૃદ્ધ છે. આટલી મહેનતનું કામ તેમની પાસેથી લેવું યોગ્ય નથી. તેમને મજૂરોના નિરીક્ષક બનાવી દો.'

'તેમની સાથે એક વૃદ્ધા પણ છે.' અધિકારીએ જણાવ્યું.

'તેને પણ સ્ત્રી-મજૂરોની નિરીક્ષિકા તરીકે નિયુક્ત

કરી દો.'

અધિકારીએ આજ્ઞાનું પાલન કર્યું. ધનસાર અને શીલવતીનું મહેનતનું કામ બંધ થઈ ગયું. તેમણે રાજાના જમાઈનો આભાર માન્યો.

બીજા દિવસે ધન્નાએ મજૂરોને કપડાં વહેંચ્યાં અને પોતાના કુટુંબ માટે વસ્ત્રો આપતાં અધિકારીને કહ્યું-

'આ લોકો પરદેશી અને નવા લાગે છે. તેમને આ વસ્ત્રો આપી દો. તેમને જેની જરૂર હોય તે આપજો અને તેમને કહી દેજો કે ભોજન માટે મારે ઘેરથી દહીં, છાસ વિગેરે દરરોજ લઈ આવે.'

અધિકારીએ કહ્યું-

'તમારી ધારણા સાચી છે. આ લોકો પરદેશી જ છે. નવ માણસોનું આ કુટુંબ ખુલ્લામાં જ પડી રહે છે. તેમની પાસે માથું ઢાંકવા જેટલી પણ જગ્યા નથી.'

'બરાબર, તો તેમને માટે એક મકાનની વ્યવસ્થા પણ કરી દેજો.'

અધિકારીએ મકાનની વ્યવસ્થા કરી દીધી અને બધા માટે કપડાં આપીને કહ્યું-

'તમે તમારા ભોજન માટે રાજ-જમાઈને ઘેરથી દરરોજ દહીં મંગાવી લેજો, તેનાથી તમારું ભોજન સરસ બનશે.'

ધનસારે આભાર માન્યો અને આ વાત શીલવતીને જણાવી દીધી. ચારે વહુના વારા બાંધી દીધા. દરરોજ એક

વહુ ધનકુમારના ભવનમાં જતી અને દહીં લઇ આવતી.

જે દિવસે સુભદ્રા જતી ત્યારે તેને છાસ સાથે દહીં અને માખણ પણ મળતું. મેવા અને મિષ્ટાન્ન પણ આપવામાં આવતાં. ધન્નાએ સૌભાગ્યમંજરીને કહી દીધું હતું કે પરદેશી કુટુંબ માગવા આવે તો તેને છાશ વિગેરે આપતા રહેવું.

એક દિવસ ધનસારે કહ્યું-

'નાની વહુ સુભદ્રા અત્યંત નસીબદાર છે. તેના નસીબે છાસ સાથે દહીં અને માખણ પણ મળે છે. મેવા અને મિષ્ટાન્ન પણ મળે છે. જ્યારે આ મોટી ત્રણ વહુઓને ફક્ત છાસ જ મળે છે. સૌ-સૌનું નસીબ છે.

સસરાની આ વાતથી ત્રણે વહુઓને પોતાનું અપમાન થતું હોય તેમ લાગ્યું. મોં મચકોડીને તેમણે કટુ અવાજે કહ્યું-

'નસીબ નહીં, બીજું જ કંઈક છે. તમે તમારી આ નાની વહુને છાસ લેવા માટે મોકલશો નહીં, કોઇ દિવસ પસ્તાવું પડશે.'

સસરા ધનસાર તો ચૂપ રહ્યા, પણ જેઠાણીઓના શબ્દો સુભદ્રાના હૃદયને તીણી શૂળની જેમ વીંધી ગયા. આ તો સ્પષ્ટ રીતે જ તેના ચરિત્ર પર, શીલધર્મ પર આક્ષેપ હતો.

સચ્ચરિત્ર વ્યક્તિ પોતાના ચરિત્ર પરનો જૂઠો આક્ષેપ

સહન કરી શકતી નથી. તેનાથી તેને ખૂબ દુઃખ થાય છે. સુભદ્રા પણ પોતાના શીલ સ્વભાવને કારણે કંઈ કહી શકી નહીં, પણ તેને ખૂબ દુઃખ થયું. તેને આખી રાત ઊંઘ આવી નહીં.

બીજા દિવસે સુભદ્રાનો જ વારો હતો. તે ઉદાસ મુખે છાસ લેવા નીકળી. સૌભાગ્યમંજરીએ તેનું ઉદાસ મુખ જોયું તો સહાનુભૂતિ પ્રગટ કરતાં કહ્યું-

'આજે તમે ખૂબ ઉદાસ છો, તમને શું દુઃખ છે ? તમારી બહેન ગણીને મને કહો.'

સહાનુભૂતિ ભરેલા શબ્દોથી સુભદ્રાનું હૃદય ભરાઈ આવ્યું. તે બોલી—

'મારા પતિ મને છોડીને રાજગૃહથી ક્યાંક ચાલ્યા ગયા છે. તેમને શોધતાં-શોધતાં આખું કુટુંબ અહીં આગળ આવ્યું છે...'

રાજગૃહનું નામ સાંભળતાં જ અંદરના ઓરડામાં બેઠેલા ધન્નાના કાન સચેત થઈ ગયા. તે ધ્યાનથી સાંભળવા લાગ્યો.

'તો તમે રાજગૃહનાં રહેવાસી છો ? તમે લાગો છો તો ખાનદાન. કોણ છે તમારાં માતા-પિતા ?' સૌભાગ્યમંજરીએ પૂછ્યું.

'શેઠ ગોભદ્રની પુત્રી છું.'

'શેઠ ગોભદ્ર ! એ તો નહીં, જેમની સત્યવાદિતા અને પ્રામાણિકતાનો યશ ફૂલની સુવાસની જેમ ચારે તરફ ફેલા-

યેલો છે. અનેક જગ્યાએ તેમનો વેપાર ફેલાયેલો છે. કરોડપતિ શેઠ છે તે તો. તેમનો વૈભવ જગવિખ્યાત છે.'

'હા, તે શેઠ ગોભદ્ર.' સુભદ્રાએ ધીમેથી પણ સ્પષ્ટ રીતે કહ્યું.

'આવા વૈભવશાળીની પુત્રી અને આ દશામાં ?' સૌભાગ્યમંજરીના સ્વરમાં આશ્ચર્ય પ્રગટ થયું.

સુભદ્રા મૌન રહી. તે શો જવાબ આપે ? તે એમ તો કહી શકતી ન હતી કે પતિને શોધવા માટે તેણે પોતાના સુખને લાત મારી દીધી હતી અને અત્યારે માથા પર ટોપલાં ઊંચકી રહી છે.

સુભદ્રાએ આવું કંઇ કહ્યું નહીં, છતાં સૌભાગ્યમંજરી બધું જ સમજી ગઇ. તે સુભદ્રાની પતિ-ભકિતથી અત્યંત પ્રભાવિત થઇ. તેને તેના પ્રત્યે સહાનુભૂતિ થઇ. તેના મન-મગજમાં નસીબ આગળ માનવની લાચારીના ભાવ ઉમટી આવ્યા અને બોલી-

'હાય નસીબ ! તું કેવા-કેવા ખેલ બનાવે છે ? ધાર્મિક અને સુશીલ માણસો પર પણ આવાં ઘોર સંકટ ?'

'બહેન ! તમારો પાતિવ્રત્ય ધર્મ અને ત્યાગ અનુપમ છે, જે પિતાના ઘરની બધી સુખ-સગવડો અને વૈભવશાળી જીવન છોડીને પતિને શોધવા માટે મજૂરી કરી રહ્યાં છો.

'તમે વિશ્વાસ રાખો. તમારા પતિ તમને જરૂર મળશે. મને તમારા તરફ અત્યંત સહાનુભૂતિ છે. તમે તમારા પતિનું નામ જણાવો તો હું મારા પતિને કહીને નોકરો

દ્વારા તમારા પતિની શોધ કરાવું.'

ભારતીય નારીની એ મર્યાદા છે કે તે પોતાના પતિનું નામ નથી આપતી. સુભદ્રા મુંઝાઇને વિચારતી રહી. પતિનું નામ પોતાના મુખે કેવી રીતે લે? તેણે તરત જ સામો પ્રશ્ન પૂછયો–

'બહેન! ખોટું ન લગાડો તો એક વાત પૂછું?'

'પૂછો.'

'તમારા પતિનું શું નામ છે?'

'મારા પતિનું નામ તો બધા જાણે છે. આ ગામ પણ તેમના નામ પર વસ્યું છે.'

'એ તો બરાબર, પણ બહેન! તમે તમારા પતિનું પવિત્ર નામ તો જણાવો.'

'હું મારા પતિનું નામ મારા મુખે કેવી રીતે બોલી શકું?' સૌભાગ્યમંજરીએ કહ્યું.

સુભદ્રા બોલી—

'જ્યારે તમે તમારા પતિનું નામ બોલી શકતાં નથી, તો પછી હું કેવી રીતે બોલી શકું?'

'હું સમજી ગઈ, પત્ની સામાન્ય રીતે પોતાના પતિનું નામ બોલતી નથી, પણ સંકટ સમયની વાત જુદી છે. તમે આખું નામ ના બોલી શકો તો કોઇ એવો સંકેત કરો, જેનાથી હું ધારણા કરી શકું.'

'તો એટલું જ કહેવું પૂરતું છે કે મારા અને તમારા પતિનું નામ એક જેવું જ છે.' સુભદ્રાએ સંકેત આપી

દીધો.

'હું સમજી ગઈ બહેન! તમારી પતિભક્તિ જોઇને મારું મન કહે છે કે તમારા પતિ ઝડપથી મળી જશે.'

'આ આશાએ તો જીવું છું બહેન.' સુભદ્રાએ નિસાસો નાખીને કહ્યું.

અંદરના ઓરડામાં બેઠેલો ધન્ના બંનેની વાતો ધ્યાનથી સાંભળતો હતો. સુભદ્રાનો અવાજ અને તેની વાતોથી તેને ખાતરી થઈ ગઈ હતી કે આ તેની જ પત્ની છે. તે તરત જ બહાર આવ્યો અને અવાજ બદલીને તેણે સુભદ્રાને કહ્યું–

'તમે તમારી જાતને પતિવ્રતા સમજો છો, પણ પતિ–વ્રતા નારીનું જીવન તો પતિ જ હોય છે. પતિ વિના તમે જીવિત શી રીતે રહી શકયાં ?'

'એવી રીતે જેમ રાજા નળે જંગલમાં છોડી દેવા છતાં દમયંતી જીવિત રહી. શ્રી રામના વિયોગમાં સતી સીતાએ અને શ્રીપાલના વિયોગમાં સતી મૈનાસુંદરીએ પ્રાણ ટકાવી રાખ્યા હતા.

'રાજન્ ! એવી જ રીતે હું પણ પતિની પ્રતીક્ષામાં જીવિત છું. મને વિશ્વાસ છે કે મારા પતિ જરૂર મળશે. એ વિશ્વાસ અને આશાને સહારે હું જીવિત છું. આશા જ માનવનું અમર ધન છે.'

'સુંદરી ! ભાવિની આશામાં યૌવનને વ્યર્થ ગુમાવી દેવું જોઈએ નહીં. એમાં બુદ્ધિ પણ નથી. તમારી આ

કોમળ કાયા, સુકુમાર તન મજૂરી કરવા માટે સર્જાયું નથી. મારું માનો અને અહીં મારા હૃદયની આ ધનપુરની રાણી બનીને રહો.'

ધન્નાના આ શબ્દો સાંભળીને સુભદ્રાના મુખ પર ગુસ્સો આવી ગયો. તેણે પોતાનું મુખ બીજી તરફ ફેરવી લીધું. એ જ સ્થિતિમાં રહીને તે બોલી—

'રાજન્! તમારે તમારા મુખથી આવા શબ્દો બોલવા જોઇએ નહીં. તમને કંઈ ભાન પણ છે—તમે શું કહી રહ્યા છો? જે માર્ગે તમે આગળ વધવા માગો છો, તે અત્યંત ખતરનાક છે.

'શું તમે રાવણ, મણિરથ, કીચક, વિગેરેની દુર્ગતિને નથી જાણતા? પરસ્ત્રી તરફ કુદૃષ્ટિ કરવાનું તો એક બાજુ રહ્યું, પણ દુર્ભાવ કરવો એ પણ ઘોર પાપ છે, વિનાશનું કારણ છે.

'હું મારા શીલનું રક્ષણ પ્રાણના ભોગે પણ કરીશ-ભલે સૂર્ય ઠંડો પડી જાય, ચન્દ્ર આગ ઓકવા લાગે, મેઘ પાણીને બદલે પત્થરનો વરસાદ વરસાવે, પણ મારો પતિ-વ્રત ધર્મ ડગી શકે નહીં.

'પત્થર પર કમળ ઉગી શકે છે, પરંતુ હું સ્વપ્નમાં પણ પર-પુરુષનો વિચાર કરી શકું નહીં. હું તમારાં આવાં વચન સાંભળવાને પણ મહાપાપ ગણું છું.'

આ પ્રમાણે કહીને સુભદ્રાએ પોતાના કાન પર હાથ

મૂકી દીધા.

સુભદ્રાના આ દૃઢ શબ્દો સાંભળીને ધન્ના મનમાં ને મનમાં પ્રસન્ન થઇ ગયો. તેને ખાતરી થઇ ગઇ કે સુભદ્રા મહાન અને ઉત્તમ શીલવતી છે.

આ તરફ સૌભાગ્યમંજરી પણ આ વાતો સાંભળી રહી હતી. તેની આંખોમાં પતિ પ્રત્યે રોષ અને ક્રોધ ઉભરાઈ આવ્યો. તેને સુભદ્રાને કહેલાં પતિનાં વચનો પર ખૂબ દુઃખ થયું.

જે રીતે પતિ પોતાની પત્નીની ચરિત્રહીનતાને સહન કરી શકતો નથી, એ રીતે સ્ત્રીને પણ પતિની ઉચ્છુંખલતા ગમતી નથી. તે પણ સહન કરી શકતી નથી કે તેનો પતિ કોઇ પર-સ્ત્રી પર નજર ઉંચી કરીને જુએ. તે મનમાં ને મનમાં વિચારવા લાગી-

'મારા પતિ તો અત્યંત ઉંચા પ્રકારના ચરિત્રવાળા છે. હંમેશાં સદાચારનું પાલન કરે છે. એમના ગુણ તો આદર્શ છે. લોકો તેમની પાસેથી પ્રેરણા લે છે. તેમની ઉદારતા, દયાળુતા ધર્મનિષ્ઠતા, ન્યાયનિપુણતાની આબરુ આખા નગરમાં જાહેર છે. છતાં પણ તેમનું આવું વિપરીત આચરણ! સતી નારી તરફ આવા વિચાર! આજે તેમને શું થઇ ગયું છે?' તેમની પાસે આવી અપેક્ષા તો મેં સ્વપ્નમાં પણ રાખી ન હતી.'

તેના મનમાં એક વિચાર આવ્યો-

'તેમને તિરસ્કારું, ના પાડું. ઠપકો આપું.'

આવા વિચારને કારણે સૌભાગ્યમંજરીની આંખમાં ગુસ્સાની રતાશ છવાઇ ગઇ. પણ તરત જ તેને બીજો વિચાર આવ્યો :

'બીજી સ્ત્રી સમક્ષ પતિને કડવાં વચન કહેવાં તેમનું અપમાન કરવું એ પણ યોગ્ય નથી. એ તો મારા શીલ અને પત્ની–ધર્મની મર્યાદા વિરુદ્ધ છે. જોઉં તો ખરી કે પતિદેવ આગળ શું કરે છે. તેમની હિંમત કેટલી આગળ વધી શકે છે? જ્યારે મર્યાદા ઓળંગવા લાગશે ત્યારે ટકોર કરીશ, આડી આવીશ, મધુર શબ્દોથી સમજાવી દઈશ.'

સૌભાગ્યમંજરીની આંખ અને ચહેરા પર આવન–જાવન કરતા આ મનોભાવ ધન્નાથી છુપા રહી શકયા નહીં. પણ તેણે તે તરફ ખાસ ધ્યાન આપ્યું નહીં. પોતાનો અવાજ બદલીને જ તેણે સુભદ્રાને પૂછયું-

'ઠીક, તમે તમારા શીલધર્મ પર અડગ જ રહેજો, પણ એ તો જણાવો કે તમે કયા નગરનાં નિવાસી છો? તમારાં માતા–પિતા કોણ છે? તમારા ભાઈનું નામ શું છે? તમારા પતિનું નામ શું છે?'

ધન્નાના આ બદલાયેલા વલણથી સુભદ્રાનો ગુસ્સો ઘટી ગયો. શરમથી દબાયેલી આંખ અને નીચી નજર રાખીને તેણે જણાવ્યું-

'રાજન્! હું રાજગૃહ નગરની રહેવાસી છું. મારા પિતા શેઠ ગોભદ્ર છે અને ભાઇ શાલિભદ્ર. મારા પતિનું નામ તમારા નામ જેવું જ છે. ઉંમર પણ તમારા જેટલી

જ હશે. બસ, તફાવત એટલો છે કે તેઓ વણિક-પુત્ર છે અને તમે આ નગરના રાજા છો.'

'જ્યારે નામ, રુપ, ઉંમર વિગેરે બધું એક જેવું જ છે તો બાકી શું રહી ગયું ?' ધન્નાએ હસીને પૂછ્યું.

'આ બાબત તો સંસારમાં અનેક વ્યકિતઓમાં પણ મળી જાય છે. પણ એ વાતો મળી જવાથી કોઇ કોઈનો પતિ અથવા કોઈ કોઈની પત્ની બની જતી નથી.'

'તો પછી બીજું શું મળવું જોઈએ ?'

સુભદ્રાએ શુષ્ક અવાજે કહ્યું-

'આપ કહેવા શું માગો છો ? સ્પષ્ટ કહો.'

'એ જ કે તમને કેવી રીતે વિશ્વાસ બેસે કે હું તમારો પતિ છું ?'

હવે સુભદ્રા ચમકી. તેણે કહ્યું -

'કેટલાક પ્રસંગો એવા હોય છે કે કોઈ વ્યકિત-વિશેષના જીવનમાં જ બને છે. જો તે પ્રસંગો...'

'હું તમને તે પ્રસંગો જેમના તેમ સંભળાવું તો વિશ્વાસ આવશે ?' ધન્નાએ વચમાં જ વાત કાપીને પૂછ્યું.

સુભદ્રા ચૂપ થઈ ગઇ. ધન્નાએ પ્રતિષ્ઠાનપુરથી શરૂ કરીને રાજગૃહ સુધી આવ્યો ત્યાં સુધીની અને પોતાના ત્રણ લગ્નોના પ્રસંગની વાત ટૂંકમાં સંભળાવીને પૂછ્યું-

'હવે તો વિશ્વાસ બેઠો ને ?'

'આ પ્રસંગો તો કોઈ પણ સાંભળીને જણાવી શકે.' સુભદ્રાએ ફરીથી પોતાનો અવિશ્વાસ પ્રગટ કર્યો.

'તમે જ કોઈ એવી વાત પૂછો જેનાથી તમને વિશ્વાસ આવે.'

'મારા પતિના ડાબા પગમાં પદ્મ હતું.' સુભદ્રાએ કહ્યું.

આ સાંભળતાં જ ધન્નાએ પોતાનો ડાબો પગ આગળ ધરીને કહ્યું-

'લો, જોઇ લો.'

સુભદ્રાએ ગંભીરતા પૂર્વક જોયું. તેની શંકા દૂર થઇ ગઈ અને હૃદય ધડકવા લાગ્યું. હવે ધન્ના બોલ્યો-

'અને સાંભળો, તમે અહીં જે નામ આપો છો, તે તમારૂં અસલ નામ નથી. તમારૂં નામ છે સુભદ્રા અને હજુ ગુપ્ત વાત સાંભળવા માગતાં હો તો, જે વાત ફક્ત મારી અને તમારી જ વચ્ચે થઈ હતી, જે ત્રીજું કોઇ પણ જાણતું નથી, તો તે પણ સાંભળી લો.'

આ પ્રમાણે કહીને ધન્નાએ એવી જ એક ગુપ્ત વાત સાંકેતિક ભાષામાં જણાવી દીધી, હવે સુભદ્રાને વિશ્વાસ બેસી ગયો. પતિનું મુખ દર્શન થતાં જ તે રોમાંચિત થઈ ગઇ.

બસ, પછી તો શું, પતિનાં ચરણમાં માથું મૂકી દીધું. પતિના પગ આનંદનાં આંસુથી ધોવા લાગી. થોડા સમય પછી જયારે આનંદનો આવેગ ઘટી ગયો ત્યારે મીઠો ઠપકો આપવા લાગી-

'સ્વામી ! અમે આટલા દિવસ દુઃખ ભોગવતાં રહ્યાં

અને તમે છુપાઈને બેસી રહ્યા, મોજ ઉડાડયા કરી? તમને વિચાર પણ ના આવ્યો કે જેનો હાથ પકડીને લાવ્યા, તેની કાળજી પણ લેવી જોઈએ.

'લોકો કહે છે કે પુરુષ ભ્રમર જેવા હોય છે. તે વાત તમે સાચી પાડી. નવી સુંદર રાણી મળી ગઈ એટલે મને ભૂલી જ ગયા ?'

પત્નીને બે હાથથી પકડીને ઉઠાડતાં ધન્ના બોલ્યો–

'એવી વાત નથી સુભદ્રા ! તને યાદ તો ત્યારે કરું જ્યારે એક ક્ષણ પણ ભૂલ્યો હોઉં. તું તારું સ્વર્ગ જેવું પિયર છોડીને મારી શોધ કરતી અહીં આવી, મજૂરી કરી. મારા હૃદયમાં તારા માટેનું માન વધી ગયું....'

'છતાં પણ મને મળ્યા નહીં.'

'ના, ના, એમ નથી. મને હમણાં જ ખબર પડી કે તું અહીં છે. જો પહેલેથી ખબર હોત તો જરૂર મળત.' ધન્નાએ સુભદ્રાને આશ્વાસન આપ્યું.

સૌભાગ્યમંજરી પોતાના પતિ ધન્ના અને સુભદ્રાની વાતચીત ધ્યાનથી સાંભળી રહી હતી. તેને ખબર પડી ગઈ કે તે પોતાના પતિની પહેલી પત્ની છે. તેણે તરત જ ઉઠીને તેને માન આપ્યું અને પોતાની મોટી બહેન ગણીને સન્માન કર્યું.

સૌભાગ્યમંજરીનો હાર્દિક પ્રેમ મળતાં સુભદ્રાની આંખો ફરીથી આનંદાશ્રુથી છલકાઈ ગઈ. સૌભાગ્યમંજરી હસીને બોલી–

'બહેન ! આ રડવાનો નહીં, પણ હસવાનો સમય છે. પતિ મળી ગયા. તમારી સાધના સફળ થઈ.'

સુભદ્રાનાં આંસુ અટકી ગયા. તે બોલી–

'હજુ કંઈક ખૂટે છે.'

'હવે શી ખોટ રહી ગઈ ?' સૌભાગ્યમંજરીએ પૂછ્યું.

'આપણા સાસુ–સસરા અને જેઠ જેઠાણીઓને લઇ આવું. જ્યાં સુધી તેઓ મજૂરી કરતાં રહે, ત્યાં સુધી મારી સાધના કેવી રીતે સફળ ગણાય ?'

'તારે ક્યાંય જવાનું નથી, સુભદ્રા ! તેઓ એમની જાતે જ અહીં આવી જશે.' ધન્નાએ કહ્યું.

ધન્નાનો સંકેત મળતાં સૌભાગ્યમંજરી સુભદ્રાને પોતાની સાથે લઈ ગઈ. દાસીઓએ તેને સ્નાન કરાવ્યું અને શૃંગાર કરીને સુભદ્રાને શણગારી દીધી.

સૌભાગ્યમંજરીને ધન્નાના વિગત જીવનનો પરિચય સુભદ્રા પાસેથી મળી ગયો.

o o o o

આ તરફ ઘણી વાર સુધી સુભદ્રા છાસ લઈને આવી નહીં એટલે ધનસારને ચિંતા થઈ. તેમણે પુત્રો અને વહુઓને કહ્યું–

'આટલો સમય તો સુભદ્રાને ક્યારેય લાગતો ન હતો. આજે કોણ જાણે શું થયું હશે ? હજુ સુધી આવી નહીં. આ રાજા પણ અત્યંત દયાળુ અને સારો છે. તે તો તેને

રો કે જ નહીં.'

'અમને તો પહેલેથી જ શંકા હતી, રહી પડી હશે ત્યાં. છાસ સાથે દહીં અને માખણ મળતું હતું તે તો આ યોજનાબદ્ધ કાવતરાનો એક ભાગ જ હતો.' ત્રણે પુત્રોએ કહ્યું.

ધનસારે ગુસ્સે થઈને કહ્યું-

'તમે આટલા સમજદાર ક્યારથી થઈ ગયા? તમે તો સદાને માટે કામ બગાડતા જ રહ્યા છો. હવે માટી ખોદવી પડે છે એટલે નીતિની વાતો યાદ આવે છે. તમે અહીં જ બેસી રહો. હું જાઉં છું.'

ધનસારને જતા જોઇને ત્રણે વહુઓ બોલી-

'તમે અહીં રહો, અમે જઈએ છીએ. અમે સ્ત્રીઓ છીએ, એટલે ઘરની અંદર ઘુસી જઇશું અને સુભદ્રાને કાઢી લાવીશું. તમે પુરુષ છો, ઘરની અંદર ઘુસી શકો નહીં.'

અને ધનશ્રી, ધનચન્દ્રા, ધનદેવી ત્રણે નીકળી પડી. ત્રણે ગુસ્સે થયેલી હતી. ધન્નાના મહેલના દરવાજે પહોચતાં જ બૂમો પાડવા લાગી. ધન્નાએ દ્વારપાલને પ્રથમથી જ શિખવાડી રાખ્યું હતું, તેથી તેણે ધમકાવીને કહી દીધું-

'જેની વસ્તુ હતી, તેને મળી ગઈ. હવે તે ક્યાંય આવશે નહીં. તમે લોકો ચુપચાપ પાછાં જતાં રહો.'

પિતા ધનસાર અનુભવી હતા. તેમણે આ સમસ્યા પર દીર્ઘદૃષ્ટિથી વિચાર કર્યો અને પુત્રોને શાંત કરતાં

બોલ્યા-

'પુત્રો ! ગુસ્સાથી બનતું કામ પણ બગડી જાય છે. આપણે પરદેશમાં છીએ અને અત્યારે આપણી વહુ પણ તેના કબ્જામાં છે. તેથી સમજી વિચારીને કામ લેવું જોઇએ.'

'તમે ડહાપણની વાત કરતા જ રહેશો અને આપણી આબરુ લુંટાઇ જશે.'

'એમ નહીં થાય. આપણે બધાં જ જઈએ છીએ. આપણી પરિસ્થિતિ ગામના આબરૂદાર લોકોને જણાવીશું અને તેમનું દબાણ લાવીને સુભદ્રાને પાછી લઇ આવીશું. આપણે ભલે ગરીબ છીએ, પણ આબરૂદાર છીએ.'

ધનસારની આ વાત બધાને ગમી ગઈ. આઠે માણસો ધન્નાના ભવન તરફ ચાલવા લાગ્યાં. ધનદત્ત, ધનદેવ, ધનચન્દ્ર ત્રણે ભાઈઓએ બૂમો પાડીને ગામના પંચને ભેગું કરી દીધું. ધનસારે આંખમાં આંસુ સાથે પોતાની સમસ્યા જણાવી.

પંચોએ કહ્યું-

'એમ તો બની શકે નહીં. રાજ જમાઇ તો અત્યંત સદાચારી અને ધાર્મિક છે. કોઈને કોઇ વાત તો હશે જ. છતાં, અમે બધા તમારી સાથે આવીએ છીએ.'

બધા ધન્નાના ભવન પર આવી પહોંચ્યા. ધન્નાએ સેવક દ્વારા પંચોને પોતાના સ્વાગત ખંડમાં બોલાવ્યા. પંચોએ ધનસાર વિગેરે આઠે માણસોને બહાર રોકાવાનું કહ્યું અને તેઓ સ્વાગતખંડમાં ગયા. ધનસાર વિગેરે બહાર જ રહ્યા.

પંચોએ ઓરડામાં પ્રવેશતાં જ કહ્યું-

'રાજન ! અમે તો તમને આવા નહોતા સમજતા. તળાવ પર કામ કરનારી મજૂરણને ઘરમાં બેસાડી દેવી શું યોગ્ય છે ?'

ધન્નાએ કાન પર હાથ દાબીને કહ્યું-

'આવું સાંભળવું પણ મારે માટે પાપ છે. જે મજૂરણની વાત તમે કરો છો, તે મજૂરણ નહીં પણ મારા હૃદયની રાણી છે. ચાંદની ચન્દ્રથી દૂર કેવી રીતે રહી શકે ? તે મને આવી મળી.'

તે પછી ધન્નાએ પંચોને ધીમા અવાજે કહ્યું-

'આ મારો કૌટુંબિક મામલો છે. તમે ચુપચાપ પોત પોતાને ઘેર જાઓ અને મારા હાથે કોઇ ખોટું કામ થાય એવી આશા સ્વપ્નમાં પણ રાખશો નહીં.'

ધન્નાની વાત સાંભળીને પંચોને વિશ્વાસ બેસી ગયો. તેઓ હસતા હસતા જતા રહ્યા.

તેમના હાસ્યથી એ આઠેના શરીરમાં જાણે આગ લાગી ગઈ. તેઓ ફરી બૂમો પાડવા લાગ્યા, અપશબ્દ બોલવા લાગ્યા. સેવકે આવીને સમજાવ્યા

'આમ બૂમો પાડવાથી કોઈ લાભ થવાનો નથી. આ તમારાં માતા-પિતા વૃદ્ધ છે, અનુભવી છે. તેમને અંદર મોકલો. જો તે સ્ત્રી તેમની સાથે પાછી આવશે તો ઠીક છે, તો તમે લોકો તેને લઇ જજો.'

સેવકની વાત સાંભળીને ધનસાર અને શીલવતી અંદર ગયાં. ધન્નાએ માતા પિતાને ચરણસ્પર્શ કર્યા. પુત્રને જોઇને તો તે ખુશ થઇ ગયાં. પિતાએ કહ્યું-

'બેટા ! મારી સાથે પણ આવું નાટક કર્યું ?'

'હજુ તો વધારે કરવું પડશે.' કહીને ધન્ના ચાલ્યો ગયો.

શીલવતી પોતાની નવી વહુને જોઇને ખુશ થઈ ગઈ. બંને વહુઓએ સાસુના ચરણ-સ્પર્શ કર્યા. સાસુએ આશીર્વાદથી તેમની ઝોળી ભરી દીધી.

ત્રણે બેસીને વાતો કરવા લાગી. ધનસાર બીજા ઓરડામાં જતા રહ્યા. તેઓ ધન્નાના નસીબ અને પોતાના બાકીના ત્રણ પુત્રોના કુબુદ્ધિ પર વિચાર કરવા લાગ્યા.

માતા પિતા બહાર ન આવ્યાં એટલે ત્રણે વહુઓ જોઈએ તો ખરાં શું વાત છે; એવો વિચાર કરીને અંદર ગઈ. પણ તે અંદર ગઇ તો અંદર જ રહી ગઇ, પાછી ન ફરી.

હવે તો ત્રણે ભાઇઓ મુંઝાયા. ત્રણેએ અંદર-અંદર ચર્ચા કરી-

'આ તો જે અંદર જાય છે, તેને કેદ કરી લે છે. હવે આપણે અંદર જવું જોઈએ નહીં, પણ આ અન્યાયની ફરિયાદ કૌશામ્બીનરેશ શતાનીકને કરવી જોઇએ. તેઓ જ તેને યોગ્ય સજા કરશે.'

ચુપચાપ ત્રણે ઊઠીને ચાલવા માંડયા. તેમણે કૌશામ્બીના રાજા શતાનીકના રાજ-દરબારમાં આવીને ફરિયાદ કરી. ત્રણેએ રડતાં-રડતાં બધી વાત જણાવી. શતાનીક ગુસ્સે થઇ ગયા, અને બોલ્યા-

'આવો અન્યાય મારા જીવતાં તો નહીં થવા દઉં. હું હમણાં જ દૂત મોકલીને પરિસ્થિતિની તપાસ કરાવું છું. તમે લોકો નિશ્ચિંત રહો.'

આશ્વાસન આપીને શતાનીકે દૂત મોકલ્યો. શીઘ્રગામી દૂતે જઇને ધન્નાને કડક શબ્દોમાં રાજાનો સંદેશ સંભળાવ્યો-

'મહારાજની આજ્ઞા છે કે તમે તરત જ છ પરદેશીઓને માન સહિત છોડી દો, નહીં તો કડક કાર્યવાહી કરવી પડશે.'

દૂતના કઠોર શબ્દો ધન્નાને ખટકી ગયા. તેણે પણ કડક અવાજે જવાબ આપ્યો-

'દૂત ! આ મારો અંગત મામલો છે. રાજાએ તેમાં દખલ કરવાની જરૂર નથી. આવી ધમકીઓ કોઇ બીજાને આપે. જો તેમને તેમની શકિતનું અભિમાન હોય તો હું તેને ચુર-ચુર કરી નાખીશ.'

આ કડવા જવાબને વિશેષ કડવો બનાવીને દૂતે મહારાજ શતાનીકને સંભળાવ્યો. મહારાજનું તો રોમ-રોમ કંપવા લાગ્યું. 'ચોર કોટવાળને દંડે !' એના જેવું થયું. એક તો અપરાધ કર્યો અને ઉપરથી આંખો કાઢે છે ? તેમણે

સેનાપતિને લશ્કર તૈયાર કરવાની આજ્ઞા આપી.

સૈન્ય તૈયાર થઈને આવી ગયું. બંને બાજુનાં સૈન્ય તૈયાર થઇને કૌશામ્બી અને ધનપુરની વચ્ચે આવીને ઉભાં રહ્યાં. યુદ્ધનો હુકમ આપવાની જ વાર હતી.

વિચક્ષણ મંત્રી ચુપચાપ અત્યાર સુધી આ બધું જોઈ રહ્યો હતો. તેણે વિચાર્યું કે સસરા જમાઈ વચ્ચેના યુદ્ધમાં જીત અને હાર બંને વ્યર્થ છે. હું રાજાને સમજાવું, જો સમજી જાય તો સારી વાત છે. રાજાની પાસે આવીને તે બોલ્યો-

'મહારાજ! આજ્ઞા આપો તો હું પણ કંઇક કહું.'

'જરૂર કહો મંત્રીશ્વર!'

'મારી વાત પર ગંભીરતાથી વિચાર કરો, મહારાજ! આ યુદ્ધ તમે કોની સામે કરવા માગો છો? તમારા જમાઈની સામે ને? શું તમારી જ લાડકી પુત્રીને વિધવા બનાવવા માટે તમારી તલવાર ઉંચકાશે? કદાચ તમારી હાર થશે તો પણ કેટલી અપકીર્તિ થશે કે પરંતપ શતાનીક પોતાના જમાઇથી હારી ગયા.'

'રાજાની તલવાનું કામ ન્યાયની સ્થાપના કરવાનું અને પીડિતોનું રક્ષણ કરવાનું છે. એ કર્તવ્ય પહેલું છે અને સગાઈ સંબંધ પછી.'

'હું તમને કર્તવ્યથી વિમુખ કરવા માગતો નથી. હું

પણ ન્યાય ઇચ્છું છું, પણ તમે જમાઇને બોલાવીને તેમની વાત પણ સાંભળી લો. એક પક્ષની વાત સાંભળીને નિર્ણય કરવો એ ન્યાય નથી.'

'પણ તેણે તો દૂતને કઠોર જવાબ આપી દીધો, હવે શી આશા રાખી શકાય?'

'દૂતની વાત અલગ છે. તેણે પણ કડવા શબ્દોમાં જ સંદેશ આપ્યો હશે. જો આપની આજ્ઞા હોય તો હું જાતે તપાસ કરું.'

'પણ તમે જમાઈનો આટલો બધો પક્ષ શા માટે લો છો? કારણ શું છે?'

'રાજન! એનું કારણ છે જમાઈની સચ્ચરિત્રતા અને ધાર્મિકતા. તેમનું અત્યાર સુધીનું આચરણ અનુકરણીય રહ્યું છે.

'એક વખત માની લેવામાં આવે કે તેમણે તે મજુરણને ઘરમાં કેદ કરી દીધી, પણ પેલાં વૃદ્ધ પુરૂષ અને વૃદ્ધ સ્ત્રીનું શું કરશે? તેમને કેદ કરવાનો શો હેતુ હોય? આ લોકોની ત્રણે પત્નીઓને શા માટે કેદ કરી?

'અને કદાચ એ પણ માની લેવામાં આવે કે આજે કેદ કરવાનું ભૂત તેમના પર સવાર થઈ ગયું છે, તો પછી આ ત્રણને શા માટે કેદ ના કર્યા? તેમને શા માટે છુટ્ટા રાખ્યા? શું એટલા માટે કે આ લોકો આપની પાસે આવીને તેમની ફરિયાદ કરે અને તેમના અન્યાયની પોલ

ખુલી જાય ?'

મંત્રીના તર્ક સાચા હતા. રાજા તેનાથી પ્રભાવિત થયો અને બોલ્યો-

'તો તમે શું માનો છો ?'

'મારા માનવા પ્રમાણે તો કંઈક એવું રહસ્ય છે, જે કયાં તો આ લોકો જાણી શકયા નથી અથવા જણાવતા નથી. એ રહસ્ય પરનો પડદો ખુલી જશે તો કોઈને કંઈ ફરિયાદ રહેશે નહીં.'

'તો તમે પોતે જ જઈને આ રહસ્યને સમજી લાવો.' રાજા શતાનીકે આજ્ઞા આપી દીધી.

મંત્રી ત્રણે ભાઈઓને સાથે લઈને ધન્નાની પાસે ગયો. મંત્રીની ધન્ના સાથે એકાંતમાં વાતો થઈ. ધન્નાએ સંપૂર્ણ રહસ્ય સ્પષ્ટ કર્યું. હસીને મંત્રીએ કહ્યું-

'તો હવે તમારા ભાઈઓને શા માટે હેરાન કરો છો, જમાઈરાજ ?'

'તેઓ વારંવાર ઝગડો કરતા રહે છે. સમજતા જ નથી.'

ધન્નાએ ભાઇઓ તરફ જોઈને કહ્યું-

'હવે શું કરવું છે ?'

ધન્નાનો અવાજ સાંભળીને ત્રણે ભાઇ ચમકી ગયા. જાણીતો અવાજ, પરિચિત આકૃતિ. તેઓ ધન્નાને ધ્યાનથી

જોવા લાગ્યા અને પોતાના ભાઈને ઓળખી ગયા.

તેઓ દોડીને તેના પગમાં પડવા માગતા હતા, ત્યાં જ ધન્ના તેમને ભેટી પડયો. ભાઈઓની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. ખૂબ મુશ્કેલીથી બોલ્યા–

'માફ કર ધન્ના! અમે સદા તને દુઃખ જ આપ્યું છે, અમે જ વારંવાર ગૃહ કલેશ કરીને તને ઘર છોડવા માટે વિવશ કર્યો છે. અમે જ તારા અપરાધી છીએ.'

'અપરાધી કોઈ નથી, ભાઇ! આ બધા નસીબના ખેલ છે. કર્મોનું જ ચકકર છે કે આપણે વારંવાર મળીને છુટા પડીએ છીએ. તમે દુઃખી ના થશો.'

બધા આ ભ્રાતૃ મિલનને જોઇને ચકિત અને ગદ્‌ગદ થઈ ગયા.

મંત્રીએ કહ્યું-

'જમાઈરાજ! હવે મહારાજના મનનું પણ સમાધાન કરો.'

'તમે કહો તે કરવા હું તૈયાર છું.'

'તો ચાલો મારી સાથે અને મહારાજ સમક્ષ આ રહસ્ય ખુલ્લું કરો.'

'ઠીક, હું આવું છું.' ધન્નાએ કહ્યું.

મંત્રીએ પોતાની સાથે આવેલા દૂતો દ્વારા રાજા શતાનીક પાસે સંદેશો મોકલાવી દીધો કે જમાઈરાજ પોતે સ્પષ્ટીકરણ માટે રાજ દરબારમાં આવી રહ્યા છે.

આ સંદેશ સાંભળતાં જ શતાનીકે રાહતનો દમ લીધો અને લશ્કરને પાછા જવાનો આદેશ આપી દીધો. બંને પક્ષનાં સૈન્ય જતાં રહ્યાં. શતાનીક પોતાના રાજ-દરબારમાં જઈને બેઠા.

ધન્ના પોતાની માતા તથા સુભદ્રા અને સૌભાગ્ય-મંજરીને સાથે લઇને નીકળી પડયો. એ ત્રણેને તેણે રાજ-મહેલમાં મોકલ્યાં અને પોતે મંત્રીની સાથે રાજ દરબારમાં આવી ગયો. અત્યાર સુધીમાં મહારાજનો ગુસ્સો ઠંડો પડી ચૂકયો હતો. તેમણે ધન્નાને આવતાં જ પૂછ્યું-

'આ તમે શું કર્યું', જમાઈરાજ ! કોઇ પરદેશીના કુટુંબને કેદ કરી લીધું અને કોઈ મજૂર સ્રીનું હરણ કર્યું. શું આ સાચું છે?'

'વાદીએ જેમને મારાં કેદી જણાવ્યાં છે અને જે સ્રીના અપહરણનો મારા પર આક્ષેપ છે, તે બધાં રાજમહેલમાં જ છે.'

ત્યાં સુધીમાં મંત્રીએ સમગ્ર રહસ્ય સ્પષ્ટ કરી દીધું.

બધાની સામે જ મહારાજ શતાનીકે હસીને ધન્નાને કહ્યું-

'જબરા કપટી છો, જમાઈરાજ ! અત્યાર સુધી તો તમારું કુળગોત્ર છુપાવતા જ રહ્યા. પણ હું તો પહેલેથી જ જાણતો હતો કે તમે કોઇ ઉચ્ચ કુળના દીપક છો અને હવે

તો પૂરો પરિચય મેળવી જ લઇશ.'

હસી પડયો ધન્ના. શું જવાબ આપે ? કહેવા જેવું તેની પાસે હતું પણ શું ?

રાજા શતાનીકે ધન્નાના કુટુંબનું ખુલ્લા દિલે સ્વાગત કર્યું. તેઓ એ પણ જાણી ગયા કે ધન્ના સાધારણ માણસ નથી, પણ રાજગૃહના રાજા શ્રાણકના જમાઇ છે.

ધન્નાનું આખું કુટુંબ સુખેથી રહેવા લાગ્યું. ધનપુર ગામ વસી ગયું. ધન્નાનું સ્વપ્ન સાકાર બન્યું. ધન્નાએ ત્રણે ભાઇઓને વ્યવસ્થાપક બનાવી દીધા. ત્રણે ભાઇ આ અધિકાર મળવાથી ખુશ હતા.

પિતા ધનસાર પોતાના સમ્મિલિત પરિવારને જોઈને સંતુષ્ટ હતા. માતા શીલવતી પોતાની વહુઓને જોઈને ખુશ હતી.

ધન્ના અને તેના વસાવેલા નગરની પ્રસિદ્ધિ દૂર દૂર સુધી પ્રસરી ગઇ હતી.

૦

## ૧૪

એક રાત્રે ધન્ના સાત માળના ભવનની છત પર સૂતો હતો. શુક્લ પક્ષની દૂધિયા ચાંદની ધરતી પર ફેલાઈ હતી, જાણે રૂપેરી ચાદર બિછાવી ન હોય! ક્યારેક ક્યારેક કોઈ વાદળી આવીને ચંદ્રને ઢાંકવાનો પ્રયત્ન કરતી, જેમ ઇર્ષ્યાળુ માણુસો સજ્જનોની કીર્તિને ઢાંકવાનો પ્રયત્ન કરે છે. પણ સાચા અને નીડર સાધકની જેમ ચંદ્ર વાદળીઓના આવરણને ચીરીને ફરીથી હસતો પોતાની સફેદ ચાંદની ફેલાવી દેતો. ધરતી ફરી પ્રકાશિત થઈ જતી.

અચાનક ધન્નાની ઊંઘ ઉડી ગઈ અને તે થોડી વાર સુધી તો ચંદ્ર અને વાદળની આ સંતાકૂકડી જોતો રહ્યો અને આ સંતાકૂકડીથી માણસના યશ, વૈભવ, આયુ-ષ્યની આધ્યાત્મપૂર્ણ વ્યાખ્યા કરતો રહ્યો. વિચારતાં–વિચા-રતાં ધન્ના પોતાના જ ભૂતકાલીન જીવનના પ્રસંગો પર વિચાર કરવા લાગ્યો.

જીવનમાં કેટલી વાર ચડતી–પડતી જોઇ, કેટલીય વાર

ભાઈઓ સાથે કલેશ થયો. દરેક વખતે તેણે ઝગડાની શાંતિ માટે ત્યાગ કર્યો, ધન–વૈભવ બધું જ છોડી દીધું, માતા–પિતાને પણ છોડયાં, ઘર પણ છોડયું અને છોડી સ્વ–પરિણીતા સુંદરીઓને પણ.

છતાં પણ ભાઈઓની ટેવ ન બદલાઇ, વારંવાર વાદળ જેમ ચંદ્રને ઢાંકીને મલિન કરવાનો પ્રયત્ન કરે છે, ભાઈ-ઓએ પણ એવી જ અનેક દુષ્ચેષ્ટાઓ કરી છે, પણ દરેક વખતે ચંદ્ર વાદળોમાંથી નીકળી જઈને ચમકયો છે, ધન્ના પણ એવી જ રીતે ચમકતો રહ્યો છે.

ધન્ના વિચારતો રહ્યો, આકાશ તરફ જોતો રહ્યો અને પોતાના ભાઈઓના વર્તન બાબત ખિન્ન મનથી વિચાર કરતો રહ્યો.

ધન્નાને જાગેલો જોઇને સુભદ્રાની આંખ પણ ખુલી ગઈ. તેણે ઊઠીને ધન્નાને પૂછયું—

'સ્વામી! શું વાત છે? ઊંઘ નથી આવતી? કોઈ ચિન્તા છે?'

'હા, એમ જ આંખ ખુલી ગઈ. જો, સુભદ્રે! આકા-શમાં ચંદ્ર અને વાદળોની જેવી રમત ચાલી રહી છે, એવી જ રમત આપણાં જીવનમાં થઈ રહી છે, કયારેક મિલન, તો કયારેક વિરહ.

'કયારેક વાદળ ચંદ્રને દબાવી દે છે, વળી પાછો ચંદ્ર એમના પંજામાંથી છુટીને ભાગી જાય છે, વાદળ ફરી તેની

પાછળ-પાછળ દોડે છે અને ચંદ્રને ઢાંકી દે છે, ચંદ્ર ફરીથી છુટવાનો પ્રયત્ન કરે છે.'

'હા સ્વામી! એ તો દરેક માણસના જીવનનો ખેલ છે.' સુભદ્રાએ મીઠાશથી કહ્યું. તે જ વખતે સૌભાગ્યમંજરી પણ જાગી ઉઠી. તેણે જાગતાં જ પૂછ્યું—

'સ્વામી! શું ચંદ્રની જેમ તમે પણ ફરીથી ભાગી જવાનું વિચારો છો ?'

'હા, મંજરી! મને પણ કેટલીક ભૂતકાળની યાદ હેરાન કરી રહી છે. કુસુમશ્રી અને સોમા, બંને રાજગૃહમાં કયારનાં આપણી રાહ જોતાં હશે. અહીંના કોઇ સમાચાર પણ તેમને નહીં મળ્યા હોય. તેઓ અકળાતાં હશે ને ?'

સુભદ્રાએ ચમકીને પૂછ્યું—

'સ્વામી! એ તો બરાબર છે, પણ જેમ રાજગૃહમાં અમને બધાંને છોડીને ચુપચાપ ભાગી નીકળ્યા હતા, તેવું હવે ના કરશો, વારંવાર તડપાવશો નહીં. તમારે જો કયાંય જવું હોય તો તો અમને પણ સાથે જ લઈ લેજો, જેમ ચંદ્ર ચાંદનીને પોતાની સાથે જ રાખે છે ને ?'

ધન્ના હસી પડયો. સૌભાગ્યમંજરી પણ સુભદ્રાની વાત સાંભળીને હસી પડી અને બોલી—

'નાથ! બહેન સુભદ્રા સાચું તો કહી રહી છે. તમારે જ્યાં પણ જવું હોય ત્યાં અમને સાથે રાખજો. અમે

તમારી છાયા છીએ.'

અને પછી ત્રણે ઘણી વાર સુધી રાજગૃહમાં રહેલી કુસુમશ્રી અને સોમા વિગેરેની બાબતમાં વાતો કરવા લાગ્યાં. ધન્નાએ કહ્યું—

'ભાઈઓની ટેવ પણ હજુ બદલાઇ નથી. આટલું બધું બનવા છતાં તેમની ટિક-ટિક ચાલુ છે. ગઇ કાલે જ તેમણે જે કંઈ કહ્યું, તેનાથી લાગે છે કે તેમના મનમાં ઈર્ષ્યાની આગ ફરીથી સળગી ઉઠી છે. તેથી જયાં અશાન્તિ હોય ત્યાં રહેવાનું મને પસંદ નથી. હવે અહીંથી પણ છોડીને જવું જ પડશે.'

સુભદ્રાએ વાત આગળ વધારતાં કહ્યું—

'નાથ! તમારા જેવા ઉદાર અને શાંતિપ્રિયને પણ જયારે એમ લાગે છે, તો બીજાનું તો શું કહેવું....પણ આ વખતે અમને એકલાં છોડશો નહીં'....તમારી સાથે જ રાખજો....'

વાતો કરતાં–કરતાં જ ધન્નાને ફરીથી બગાસા આવવા લાગ્યાં અને પાછલી રાતના ઠંડા પવનની મધુર ટપલી-ઓથી ઊંઘ આવી ગઇ.

o

કહેવત છે કે યશ સાગરમાં સમાતો નથી. માણસનાં સારાં કાર્યોની કીર્તિ દૂર દૂર સુધી ફેલાય છે. ધન્નાએ પણ પ્રજા કલ્યાણનાં જે કામ કર્યાં, તેની સુવાસ રાજગૃહ સુધી પહોંચી ગઈ.

આ તરફ શેઠ ધનસારે પોતાની ફરજ સમજીને ધન્ના મળી જવાના સમાચાર રાજગૃહ મોકલાવી દીધા. સમાચાર મળવાથી રાજા શ્રેણિક અને શેઠ ગોભદ્ર તથા કુસુમપાલ ત્રણે આનંદથી ઝુમી ઉઠયા.

કુસુમશ્રી અને સોમાના દિલની કળીઓ ખિલી ઉઠી. તેમનાં ચિંતાભર્યાં મુખ આનંદથી ચમકી ઉઠયાં. તેમનાં હૃદય પતિને મળવા માટે આતુર હતાં, પણ સંકોચને કારણે તે પોતાની મનોકામના પ્રગટ કરી શકતી ન હતી.

તેઓ પરસ્પર વાતચીતમાં એવું જરૂર કહેતી કે બહેન સુભદ્રા ખૂબ નસીબદાર કે જે તેમને મેળવી ગઈ. અમને તો તેમનાં દર્શન પણ દુર્લભ છે. હવે તેમને સુભદ્રા સાથે ન જવાનું દુઃખ થયું. તે વિચારતી–

'જો અમે બંને પણ સસરા સાથે જ ચાલી ગઈ હોત તો આજે પતિની સેવા કરતી હોત.'

જો કે પુત્રીઓએ પોત પોતાના પિતાશ્રીઓને કંઈ કહ્યું નહીં, પણ પિતા તેમની લાગણીથી અજાણ ન હતા. તેમણે પોત પોતાના દૂત ધનપુર મોકલી દીધા. રાજા શ્રેણિકે તો દૂતોને સ્પષ્ટ આદેશ આપ્યો—

'જમાઈને સાથે લઈને જ આવજો.'

દૂતોએ પોત પોતાના માલિકોનો સંદેશ ધન્નાને આપ્યો. ધન્નાનું મન પણ હવે રાજગૃહ જવા માટે તડપી રહ્યું હતું, તેથી તે રાજસભામાં આવ્યો અને મહારાજ

શતાનીક પાસે રાજગૃહ જવાની રજા માગી.

શતાનીક એકદમ વ્યાકુળ થઇ ગયો અને બોલ્યો-

'જમાઇરાજ! તમને અહીં શાનું દુઃખ છે? કુસુમશ્રી અને સોમાને પણ અહીં બોલાવી લો અને સુખેથી રહો.'

ધન્નાએ કહ્યું-

'રાજન! પ્રશ્ન કષ્ટનો નહીં, ફરજનો છે. રાજગૃહમાં મારાં કેટલાંક એવાં કર્તવ્ય છે કે, મારે તે પૂરાં કરવાં જરૂરી છે. વળી હું મારાં માતા-પિતા અને ભાઈ-ભાભીઓને અહીં રાખીને જઉં છું. આપ મને જવાની રજા આપો.'

રાજા શતાનીકે જવાની રજા આપી અને સાથે-સાથે રથ, ઘોડા અને પૂરતા સૈનિકોની વ્યવસ્થા કરી દીધી.

વિદાય લેતી વખતે ધન્નાએ પોતાના પિતાને સમજાવ્યા-

'પિતાજી! તમે અહીં સુખેથી રહો. તમને કોઈ તકલીફ પડશે નહીં. ૫૦૦ ગામ અને ધનપુરનું શાસન તમારા હાથમાં જ છે.'

પિતા ધનસાર સમજતા હતા કે આ બધો ધન્નાના પુણ્યનો પ્રતાપ છે, તે ગયો કે બધું ગયું. પણ કર્તવ્ય આગળ તો બધાને નમવું પડે છે. તેમણે પણ રજા આપી દીધી.

બધાની વિદાય લઈને ધન્નાએ સુભદ્રા અને સૌભાગ્ય-મંજરીને સાથે લીધાં અને રાજગૃહ તરફ ચાલવા માંડ્યું.

૦

કૌશામ્બી અને રાજગૃહના માર્ગમાં લક્ષ્મીપુર નામનું નગર હતું. ત્યાંનો રાજા જિતારિ હતો. તેનો નામ પ્રમાણેના ગુણવાળો મંત્રી સુબુદ્ધિ હતો. રાજા જિતારિને તેના સીમારક્ષકોએ ધન્નાના લાવ લશ્કર સહિતના આગમનના સમાચાર મોકલાવી દીધા.

ધન્ના લક્ષ્મીપુર નગર નજીક પહોંચ્યો ત્યારે તેણે જોયું કે રાજા જિતારિ અને તેનો મંત્રી સ્વાગત કરવા તૈયાર ઉભા હતા. સ્વાગત સમારંભ સહિત જિતારિ ધન્નાને પોતાની સાથે નગરમાં લઈ ગયો. જો કે ધન્નાને રાજગૃહ પહોંચવાની ઉતાવળ હતી, પણ રાજાના પ્રેમાગ્રહને કારણે તેને ત્યાં રોકાવું પડયું.

રાજા જિતારિને ગીતિકલા નામની એક કન્યા હતી. રૂપમાં તે કિન્નરી હતી તો સંગીતમાં ગંધર્વબાલા સાથે પણ હરીફાઇ કરતી હતી. જ્યારે માણુસ તો શું પશુ પંખી પણ શ્વાસ રોકીને તેના સંગીત રૂપી અમૃતનું પાન કરવા લાગી જતા.

એક વખત ગીતિકલા સખીઓ સાથે વન વિહાર કરવા ગઇ. બાગમાં કદંબ વૃક્ષની શીતળ છાયામાં સરો-

વરની પાળ પર બેસીને તેણે વીણાવાદન કર્યું. હવાના હિલોળા સાથે સંગીતનો મધુર સ્વર વન વિભાગમાં દૂર દૂર સુધી ગુંજવા લાગ્યો.

નાગ દરમાંથી નીકળીને ઝાડીની પાછળ સંતાઈને સંગીતના તાલે ફેણ ડોલાવવા લાગ્યા. હરણાનાં ટોળાં નિર્ભય બનીને તેની આજુબાજુ આવીને બેસી ગયાં અને વીણાના અવાજ સાથે ઝુમવા લાગ્યાં.

એક ભોળી હરણી ઝુમતી ઝુમતી ગીતિકલાની બિલકુલ નજીક આવી ગઈ. જેમ બાળક માતાના ખોળામાં છુપાઈ જાય છે, તેમ તે મસ્ત હરણી ગીતિકલાના પાલવમાં મુખ છુપાવીને બેભાન જેવી બેસી ગઈ.

રાજકુમારીએ કોમળ હથેળીઓથી હરણીને થાબડી અને કુતૂહલવશ પોતાના ગળાનો મોતીનો હાર હરણીના ગળામાં પહેરાવી દીધો. રાજકુમારીનો પ્રેમ મળવાને કારણે હરણી ખુશ થઇ ગઇ અને આનંદથી નાચી ઉઠી. થોડી વાર પછી સંગીત પૂરું થયું કે તરત જ હરણી ફાળ ભરતી પોતાના ટોળા સાથે વનમાં અદૃશ્ય થઈ ગઈ.

રાજકુમારીને હવે જ ખબર પડી કે તેનો મોતીનો હાર ગયો. એટલે તે ચીસ પાડી ઉઠી:

'અરે! મારો હાર તો હરણી લઇ ગઈ. હવે શું થશે?' તેણે ખૂબ પ્રયત્ન કર્યા, સેવકોએ પણ જંગલમાં હરણીની

શોધખોળ કરી પણ તે હરણી મળી નહીં, હાર જતો રહ્યો.

હારની ચિંતાએ સંગીતનો આનંદ ઝાંખો પાડી દીધો. વળી તે પોતાની સંગીત કલાને પણ દોષ દેવા લાગી. વીણા ના વગાડી હોત તો હાર ના જાત.

ઉદાસ-નિરાશ, મ્લાનમુખી ગીતિકલા રાજમહેલમાં આવી. માતા-પિતાએ ખૂબ સમજાવી, સેવકોએ જંગલનો ખૂણે-ખૂણો શોધી કાઢયો, પણ તે હારવાળી હરણી ન મળી તે ન જ મળી. લાગણીના આવેગમાં આવીને રાજકુમારીએ પ્રતિજ્ઞા લઇ લીધી-

'જે પુરુષ પોતાની સંગીત કળાથી તે હરણીને મુગ્ધ બનાવીને મારો હાર પાછો મેળવી આપશે, તેની જ સાથે લગ્ન કરીશ.'

રાજા જિતારિએ જે દિવસે ધન્નાને જોયો, તે દિવસ થી તે તેના પ્રત્યે આકર્ષાયો. રુપ-શીલ, બુદ્ધિ વૈભવ અને વિવિધ કળાઓનું તલસ્પર્શી જ્ઞાન જોઈને રાજા અને મંત્રી સુબુદ્ધિ બંને તેને ખાસ ચાહવા લાગ્યા હતા.

રાજાના મનમાં વારંવાર એક વિચાર આવી રહ્યો હતો- કદાચ ગીતિકલાની પ્રતિજ્ઞા ધનકુમાર પૂરી કરી શકશે.

આવા વિચારથી રાજાએ એક દિવસ ધનકુમાર સમક્ષ પ્રસ્તાવ મૂકયો—

'કુમાર ! તમે કૌશામ્બીમાં રાજ-કાર્યના ગંભીર વિષયોમાં ખૂબ મગ્ન રહ્યા છો, વળી પ્રવાસ કરીને થાકયા પણ હશો. તેથી આજે આ સુંદર વાતાવરણમાં આપણે વન વિહાર માટે જઈએ. મનોરંજન પણ મળશે અને તાજગી પણ આવી જશે. ચિંતન અને વાર્તાલાપનો વિષય પણ બદલાઈ જશે.'

ધન્નાએ કહ્યું—

'એ તો સારું જ છે. મનોરંજન પણ તંદુરસ્તી માટે એક ખોરાક છે. વળી જંગલમાં તો બમણો ખોરાક મળશે, શુદ્ધ સ્વચ્છ પ્રાણવાયુ અને મુકત મનોરંજન. આપણે આજે સહકુટુંબ બાગમાં જઈશું.'

રાજા જિતારિની ઈચ્છા પાર પડી. તરત જ વન-વિહારની તૈયારી માટે આદેશ આપ્યો. સુભદ્રા, સૌભાગ્ય-મંજરી અને રાજા જિતારિ તથા મંત્રી સુબુદ્ધિનું કુટુંબ વિહાર માટે ગયાં.

તે જ સરોવરના કિનારે કદંબ વૃક્ષોની શીતળ છાયામાં સંગીત-સભાનું આયોજન કર્યું. રાજા જિતારિએ ગીતિ-કલાને પોતાની સંગીત કળા બતાવવાની પ્રેરણા આપી. ગીતિકલા સામે વીણા રાખીને બેસી ગઈ. તેણે ધન્નાને પૂછયું:-

'કહો કયો રાગ વગાડું ? શું સાંભળશો તમે ?'

'કોઈ પણ વગાડો, બધા જ રાગ સાંભળનારને મુગ્ધ

કરે છે.' ધન્નાએ કહ્યું.

ગીતિકલાએ વીણા ઉઠાવી અને તેની સખી સરસ્વતીએ મૃદંગ લીધું. તાર ઝણુઝણ્યા, મૃદંગ પર થાપ પડી. સમય બંધાઈ ગયો. બધા ભાવ-વિભોર થઈ ગયા. એટલે સુધી કે પશુ પંખી પણ મૌન બનીને સાંભળવા લાગ્યાં. બધા સંગીત-સરિતામાં મગ્ન બનીને બેભાન જેવા થઇ ગયા હતા. સંગીત અટકયું. સમય તૂટી ગયો.

ધન્નાએ પ્રશંસા કરી-

'અદ્ભુત રાજકન્યે ! તમારી કળા ઉત્તમ છે, વીણાવાદન પ્રશંસનીય છે. વધાઈ આપું છું.'

રાજા જિતારિએ ધન્નાને પડકાર આપતા હોય તેવા અર્થમાં કહ્યું-

'ધનકુમારજી ! સંગીત કલા વિશારદનું કહેવું છે કે ગીતિકલાથી સારી વીણા કોઇ વગાડી શકતું નથી.'

રાજાના અવાજમાં સ્પષ્ટ રીતે પડકાર હતો. ધન્ના તો ચૂપ રહ્યો, પણ સુભદ્રા ચૂપ રહી શકી નહીં. તેને આ પડકાર ખટકયો. તે બોલી-

'એમ નથી રાજન ! એક એકથી ચડિયાતા કલાકાર આ પૃથ્વી પર હાજર છે. બહુરત્ના વસુન્ધરા.'

'હશે, પણ હજુ સુધી મને તો કોઇ મળ્યો નથી.' રાજાના અવાજમાં ઉપેક્ષા હતી.

રાજા જિતારિના આ ઉપેક્ષાથી ભરેલા શબ્દો સહેતુક હતા. તે ધન્નાને વીણા વગાડવા માટે તૈયાર કરવા માગતો હતો, કારણ કે તેને પુત્રીના લગ્નની ચિંતા હતી. તે આ કર્તવ્ય ભારથી મુકત બનવા માગતો હતો.

રાજાની ઉપેક્ષાથી સુભદ્રા વધારે ઉત્તેજિત થઈ ગઈ. તે બોલી-

'આર્યપુત્ર એના કરતાં પણ સરસ વીણા વગાડે છે.'

રાજાએ તરત જ વાત પકડી લીધી.

'ખરેખર ! તો પછી તમે શાન્ત કેમ બેઠા છો, વગાડો ને !'

તેણે બચવાનો પ્રયત્ન કરતાં કહ્યું-

'ના મહારાજ ! કોઈ વખત એમ જ તાર ઝણઝણાવી દઉં.'

'એમ કહો કે તમે અમને તમારું વીણાવાદન સાંભળવાને લાયક ગણતા નથી. ધનકુમારજી ! અમે સંગીત કલાને ઉંડાણથી સમજતા નથી તો શું થયું, આનંદ લઈ શકીશું.'

આ શબ્દોથી ધન્ના લાચાર થઈ ગયો. તેણે વીણા ઉઠાવી. તાર ઝણઝણાવ્યા. આ અનુપમ સંગીતથી માણસ તો શું, પવન પણ સ્તબ્ધ થઈ ગયો. હરણાંની પેલી ટોળી આવી ગઈ. બધા સાંભળતા રહ્યા, કાનમાં અમૃત ઝરતું રહ્યું.

હરણીના ગળામાં મુક્તાહાર જોઇને પહેલાં તો ધન્ના ચમકયો, પછી વીણા એક બાજુ મૂકીને ધન્નાએ તેના ગળામાંથી હાર ઉતાર્યો અને બોલ્યો

'લો રાજકુમારી આ હાર.'

રાજકુમારી તો મુગ્ધ બની ગઈ હતી, તેણે કંઈ સાંભળ્યું નહીં. આંખ બંધ કરીને તે નિશ્ચલ બેસી રહી. ધન્નાએ ફરીથી કહ્યું તો તેની તંદ્રા તૂટી. શરમની લાલી તેના મુખ પર છવાઈ ગઈ. શરમથી મુખ નીચું કરીને તે બેસી રહી.

રાજા જિતારિએ પ્રસન્ન થઈને કહ્યું-

'હવે હું મારા કર્તવ્યથી મુક્ત થઈ ગયો, ગીતિકલાની પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ.'

'તમારા કહેવાનો અર્થ, મહારાજ !'

'અર્થ તો એ જ છે કે જે દરેક કુમારી કન્યાના પિતાને હોય છ. ગીતિકલાએ પ્રતિજ્ઞા કરી હતી કે જે તેને વીણાવાદનમાં હરાવશે, તેની સાથે તે લગ્ન કરશે. તેની પ્રતિજ્ઞા પૂરી થઇ અને તેનું લગ્ન તમારી સાથે કરાવીને હું કર્તવ્ય ભારથી મુક્ત બનીશ.'

ધન્નાએ સુભદ્રા તરફ જોઇને કહ્યું-

'મારા મનમાં તો આ વ્યક્તિગત સંગીત આયોજન અંગે પ્રથમથી જ ધારણા હતી, તેં જ મને ચડાવ્યો.'

'તો શું થયું, અમને એક વધારાની બહેન મળશે.' સુભદ્રાએ હસીને કહ્યું. પછી તેણે ગીતિકલાની મજાક કરતાં કહ્યું-

'કેમ, બહેન બનીને રહેશે ને ? અમને કાઢી તો નહીં મૂકે ને ?'

ગીતિકલા કંઈ બોલી નહીં. તેણે શરમાઇને પોતાનું મુખ સુભદ્રાના ખોળામાં છુપાવી દીધું. સુભદ્રા પ્રેમથી તેના વાળમાં હાથ ફેરવવા લાગી-જેમ મોટી બહેન નાની બહેનને પ્રેમ આપતી હોય.

ધન્ના બધું સમજી ગયો. તે પણ મૌન થઇ ગયો. તેણે મૂંગા જ સંમતિ આપી.

રાજા જિતારિએ વાત બદલી. તેણે પ્રધાન પુત્રી સરસ્વતીને કહ્યું-

'સરસ્વતી ! તારી સખીની પ્રતિજ્ઞા તો પૂરી થઇ ગઇ. હવે તું શા માટે પાછળ રહે છે ? તું પણ કોયડો પૂછી નાખ.'

સુભદ્રાએ પણ તેને પ્રોત્સાહિત કરી-

'હા, હા, શુભસ્ય શીઘ્રમ ! આવી તક તો કોણ જાણે ફરી આવે કે ન આવે.'

સરસ્વતીએ તીરછી આંખે સુભદ્રા તરફ જોયું અને

પછી ઉત્સાહિત બનીને કોયડો પૂછ્યો-

સુર સરિતા પર ઐસા અચરજ,
સોચ સોચકર મતિ હેરાન ।
લેકર દાન મૃત્યુ હો જાતી,
દાતા પાતા નરક મહાન ॥

ધન્નાએ તરત જ જવાબ આપ્યો-

મછુઆ દેતા દાન મીન કો,
મર જાતી માછલી નાદાન ।
દાતા પડતા ઘોર નરક મેં,
અબ ક્યોં હોગી મતિ હેરાન ॥

વાહ વાહના અવાજ ગાજી ઉઠયા, પણ રાણી ગુણાવલી આ સમસ્યા અને તેનો જવાબ બરાબર સમજી શકી નહીં. તેણે ધન્નાને કહ્યું-

'મને પણ સમજાવો, તેણે શું પૂછ્યું અને તમે શો જવાબ આપ્યો ?'

ધન્નાએ સમજાવ્યું-

'મહારાણીજી ! પ્રધાન-પુત્રીએ પૂછ્યું હતું કે ગંગા નદીમાં દાન આપવાથી લેનાર મરી જાય છે અને દાન આપનાર ભયંકર નરકમાં પડે છે, આવું આશ્ચર્ય કેમ થાય છે ?

'જવાબમાં મેં જણાવ્યું કે માછીમાર લોટનું દાન

આપે છે, એ દાનને લઇને એટલે કે લોટના લોભમાં માછલી કાંટામાં ફસાઇને મરી જાય છે અને આ હિંસાને કારણે માછીમાર ઘોર નરકમાં પડે છે.'

અર્થ સાંભળીને રાણી ગુણાવલી પણ ખૂબ પ્રભાવિત થઇ. સરસ્વતીએ બીજી સમસ્યા પૂછી.

એક વસ્તુ અનોખી ઐસી,
નાક કાનમેં રહતી દૂર,
વહી વસ્તુ ફિર નિમ્બ અમ્બ મેં,
મિલને કો હોતી મજબૂર ।।

ધન્નાએ થોડીવાર વિચાર્યું અને પછી કહ્યું –

'ક' સે 'ન' તક અધર સદા હી,
રહતે ઇક-દૂજે સે દૂર,
'પ' સે 'મ' તક મિલે તુરત હી,
મિલને કો હોતે મજબૂર ।।

વધારામાં તેણે હસીને કહ્યું-

ઈસીલિએ જબ બાબુલ ઘર સે,
પ્રિયતમ ઘર જાતી આલી !
'પિતા' ન કહકર 'તાત' પુકારે,
તાકિ ન છૂટે અધર લાલી ।।

છેલ્લી પંકિતઓ સાંભળીને તો બધા એટલા જોરથી

હસી પડયા કે સરસ્વતી શરમથી દબાઈ જ ગઇ. બધા હસી હસીને લોટ-પોટ થઇ ગયા.

થોડી વાર પછી રાજા જિતારિ અને મંત્રી સુબુદ્ધિ બંને ગંભીર થઇ ગયા. પુત્રીઓથી વિખૂટા પડવાની કલ્પનાથી જ તેમની આંખો ભીની થઈ ગઇ.

ધામધૂમથી ગીતિકલા અને સરસ્વતીનું લગ્ન ધન્ના સાથે થઇ ગયું.

હવે ધન્નાને લક્ષ્મીપુરમાં વધુ રોકાવું પડયું. તે દરરોજ રાજદરબારમાં જઇને બેસતો.

એક દિવસ રાજદરબારમાં વિચિત્ર સમસ્યા આવી. રામ, કામ, ગુણધામ અને શ્યામ નામના ચાર ભાઇઓ વચ્ચે વિવાદ હતો. તેમના પિતાએ સંપત્તિની વહેંચણી એવી રહસ્યમય રીતે કરી હતી કે પિતાના મૃત્યુ બાદ ચારે ભાઈ ઝગડવા લાગ્યા. તેમનો વિવાદ રાજદરબારમાં આવ્યો.

વિવાદનું મૂળ બતાવતાં મોટા ભાઇ રામે રાજા જિતારિને ન્યાય માટે વિનંતી કરી-

'મહારાજ! અમારા પિતા પત્રામલક શેઠ તો અત્યારે છે નહીં. તેમણે મરતી વખતે અમને ચારે ભાઈઓને પાસે બોલાવીને કહ્યું હતું:

'બેટા! મારા મૃત્યુ પછી પણ તમે ચારે હળી-મળીને રહેજો. પણ જો કોઇ કારણવશાત્ સાથે ના રહી શકો તો મેં તમારાં ચારેનાં નામ લખીને ચાર કળશ આ ખંડના

ચાર ખૂણામાં દાટી દીધા છે. તે ખોદીને પોત-પોતાના નામવાળા કળશ લઈ લેજો અને સુખેથી જીવન વિતાવજો.'

આ પછી તેઓ મૃત્યુ પામ્યા. જ્યારે અમે ચારેએ જુદા પડવાનો નિર્ણય કરીને કળશ ખોલીને જોયા તો આશ્ચર્યમાં પડી ગયા.

'પહેલો ઘડો જેના પર મારું નામ 'રામ' લખ્યું હતું તેમાં કાગળ, કલમ અને ખડિયા સિવાય કંઈ પણ નીકળ્યું નહીં.

'બીજા ઘડામાંથી માટી અને કાંકરા નીકળ્યા, જેના પર મારા નાના ભાઇ નું નામ છે.

'ત્રીજા ઘડામાં ચામડાં અને હાડકાં ભરેલાં છે, જેના પર તેનાથી નાના ભાઈ ગુણધામનું નામ છે.

'અને સૌથી નાના ભાઇ શ્યામના ઘડામાંથી ઝગમગતી આઠ કરોડ સોનામહોર નીકળી.

'રાજન્! આ રીતે અમારા પિતાજીએ અન્યાય કર્યો છે. સૌથી નાના ભાઇને સોનામહોરો અને અમને ત્રણેને કચરાપટ્ટી. અમારો ન્યાય કરો અને બધાને ધનની યોગ્ય વહેંચણી કરી આપો.'

વહેંચણીના આ વિચિત્ર ભાગ સાંભળીને મંત્રી સુબુદ્ધિની બુદ્ધિ પણ બહેર મારી ગઇ. રાજા જિતારિ પણ કંઇ સમજી શકયા નહીં. બીજા મંત્રીઓ તથા દરબારીઓએ પણ પોતાની અશકિત દર્શાવી.

ત્રણે મોટા ભાઈ નાના ભાઈની સોનામહોરમાંથી ભાગ લેવાની ઇચ્છા રાખતા હતા અને નાનો ભાઇ એક પણ સોનામહોર આપવા માગતો ન હતો. બધા પોત-પોતાની હઠ પર અડગ હતા. નાના ભાઈની દલીલ હતી-

'પિતાજીએ જે વહેંચણી કરી છે. તે જ સાચી છે, તેમાં રતીભાર પણ ફરક પડી શકે નહીં.'

જ્યારે મોટાભાઈઓ સોનામહોરની યોગ્ય વહેંચણી કરીને પિતાની ભૂલ સુધારવા માટે નિશ્ચય કરીને બેઠા હતા.

રાજા જિતારિ આ વિવાદને ઉકેલવા માગતા હતા, તેઓ નહોતા ઇચ્છતા કે ચારે ભાઇઓ વચ્ચે ઝગડો થાય. પણ જ્યારે કોઈ ઉકેલ મળ્યો નહીં ત્યારે ધન્નાને કહ્યું-

'જમાઈરાજ! તમે જ આનો ન્યાય કરો. પત્રામલક અમારા નગરના આગેવાન શેઠ હતા. અત્યંત ધાર્મિક, ન્યાયપ્રિય અને સુશ્રાવક હતા. ખબર નથી પડતી કે તેમણે આવી વહેંચણી શા માટે કરી?'

ધન્ના અત્યાર સુધી ચુપચાપ બેઠો બેઠો આ વિવાદ પર પોતાની બુદ્ધિથી વિચાર કરી રહ્યો હતો, તે બોલ્યો-

'રાજન! શેઠની વહેંચણી ન્યાયપૂર્ણ છે. પિતાએ ચારે પુત્રોને સરખું ધન આપ્યું છે. તેમની સમજણમાં ફેર છે. તેઓ પિતાની વહેંચણીના રહસ્યને સમજી શકયા નથી. તેથી જ અર્થ વગરનો વિવાદ કરી રહ્યા છે. શેઠ પત્રામલકે

તેમના રહેવાનાં ભવન અને વૈભવની બધી સામગ્રી સમાન રીતે વહેંચી છે, તો પછી તેને અન્યાય કેવી રીતે કહી શકાય ?'

'વિવાદ તો અમે પણ કરવા માગતા નથી. જો પિતાજીએ નાના ભાઈને થોડું વધારે ધન આપ્યું હોત તો અમને કોઈ વાંધો નહોતો, પણ તેઓ તો અમને કશું જ આપી ગયા નથી.' ત્રણે ભાઈઓએ કહ્યું.

'ઠીક, તમે લોકો મારા પ્રશ્નોના જવાબ આપો. હું સમજાવી દઈશ કે તમને ચારેને સરખું ધન મળ્યું છે.' ધન્નાએ કહ્યું.

ધન્નાની આ વાત સાંભળીને આખી સભા શાન્ત થઈ ગઈ. બધા આતુરતાથી જોઈ રહ્યા હતા કે ધનકુમાર કેવી રીતે આ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ આપે છે.

ધન્નાએ પહેલો પ્રશ્ન પૂછ્યો.

'તમારા પિતા શેઠ પન્નામલક કેટલી સોનામહોરના માલિક હતા ?'

'લગભગ ૩૨ કરોડ સોનામહોરના.' મોટાભાઈ રામે જવાબ આપ્યો.

'કયા કયા પ્રકારના ધંધામાં એ બધું ધન રોકાયેલું છે ?'

રામે જણાવ્યું—

'લગભગ આઠ કરોડ સોનામહોર ધંધામાં રોકેલી છે તે ઉપરાંત લેણું-દેણું, ખેતી-વાડી, જમીન અને પશુધન છે.'

'બરાબર, લેણ-દેણનું કામ તમારામાંથી કોણ સંભાળે છે ?'

'હું.' રામે કહ્યું.

'અને કામ! તમે શું કરો છો ?'

'હું ખેતી-વાડી અને જમીનની વ્યવસ્થા કરું છું.' કામે જણાવ્યું.

'અને ગુણધામ તમે ?'

'હું પશુધન સંભાળું છું.'

'અને, શ્યામ તમે ?'

ત્રણે ભાઈઓએ જણાવ્યું-

'તે હજુ નાનો છે. તે તો ખાય છે અને મોજ કરે છે. જયારે મોટો થશે ત્યારે કંઈક કરશે. હજુ તેનામાં વેપાર કરવાની કુશળતા આવી નથી.'

થોડીવાર રોકાઈને ધન્નાએ ગુણધામને પૂછયું-

'તમારા પશુધનની કિંમત કેટલી ?'

'લગભગ આઠ કરોડ સોનામહોર.'

'અને ખેતી-વાડી જમીન વિગેરેની કિંમત ?' ધન્નાએ કામને પૂછયું.

'લગભગ એટલી જ.'

'અને લેણ દેણ ?'

'બરાબર તો યાદ નથી, પણ આઠ કરોડ સોનામહોર

જેટલી ખરી જ.' રામે જણાવ્યું.

હવે ધન્નાએ સ્પષ્ટ કરતાં સમજાવ્યું.

'તમારા પિતાએ યોગ્ય વહેંચણી તો કરી છે. જેને કાગળ કલમ મળ્યાં તે લેણુ-દેણુ સંભાળે, જેને માટી અને કાંકરા મળ્યા તે જમીનનો માલિક બની ગયો, જેના કળશમાં ચામડાં અને હાડકાં નીકળ્યાં તેને પિતાએ પશુધન આપી દીધું. અને સૌથી નાનો જે કંઇ કરી શકતો ન હતો, તેને માટે રોકડ રકમ રાખી.'

આ નિર્ણય સાંભળીને આખો દરબાર ધન્ય ધન્ય બોલી ઉઠયો. ચારે ભાઈઓનાં મુખકમળ ખિલી ઉઠયાં. રાજા જિતારિ પણ પોતાના જમાઈના આ ન્યાયને સાંભળીને દંગ થઈ ગયા અને સુબુદ્ધિ મંત્રીએ પણ સ્વીકારી લીધું કે ધનકુમાર વિચક્ષણ બુદ્ધિનો છે. રાજા જિતારિએ ધન્નાનાં વખાણ કરતાં કહ્યું-

'તમે તો ચમત્કાર જ કરી દીધો જમાઇરાજ! જે વિવાદને અમે બધા મળીને ઉકેલી શકયા નહીં, તેને તમે અત્યંત સરળતાથી ઉકેલી આપ્યો.'

તે પછી સભા વિખરાઈ ગઈ. ચારે ભાઈ ખુશ થતા થતા ઘેર પહોંચ્યા. તેમના મનની કડવાશ દૂર થઈ ગઈ હતી. હવે તેમને પોતાની બહેન લક્ષ્મીના લગ્નની ચિંતા સતાવવા લાગી. ચારેએ પરસ્પર ચર્ચા કરી અને ધન્ના પાસે જઇ પહોંચ્યા. ધન્નાએ પૂછ્યું-

'શું હજુ કોઇ ફરિયાદ બાકી રહી ગઇ છે ?'

'ફરિયાદ નહીં, સમસ્યા છે.' ચારેએ કહ્યું.

'તે પણ કહો, તેને પણ ઉકેલી આપીશ.'

'તમારા પર વિશ્વાસ છે, એટલા માટે તો આવ્યા છીએ.'

'કહો તો ખરા, વચન આપું છું કે જરૂર ઉકેલી આપીશ.' આમ કહીને ધન્ના પોતાની જાતે જ વચનબદ્ધ થઇ ગયો.

હવે ચારેએ કહ્યું-

'અમારી બહેન લક્ષ્મી પરણાવવા યોગ્ય છે. તમે તો જાણો જ છો કે ડાહી બહેન એક સમસ્યા જ છે. મહેરબાની કરીને તેનો હાથ પકડીને એ સમસ્યા પણ ઉકેલી આપો.'

ધન્નાએ હસીને કહ્યું-

શ્રેષ્ઠિપુત્રો ! તમે તો ખૂબ ચતુર નીકળ્યા, તમે તો અત્યંત ચાલાકીથી મને વચનબદ્ધ કરી દીધો.'

'એ તો થોડા સમયની તમારી સંગતનો જ પ્રભાવ છે, નહીં તો અમે તો મૂર્ખ જ હતા.' ચારેએ હસીને જવાબ આપ્યો.

નસીબના લેખ કોણ ટાળી શકે છે. લક્ષ્મીનું લગ્ન પણ ધન્ના સાથે થઈ ગયું. આ ધન્નાનું સાતમું લગ્ન હતું.

આ લગ્ન પછી ધન્નાને થોડા વધુ દિવસ લક્ષ્મીપુરમાં રોકાવું પડ્યું.

આ ન્યાયથી ધન્નાની બુદ્ધિનાં વખાણ આખા લક્ષ્મીપુરમાં ગાજવા લાગ્યાં.

એક દિવસ તે પોતાના ખંડમાં બેઠો હતો, તે વખતે સવારમાં જ રાજા જિતારિ શેઠ ધનપાલ સાથે આવ્યા. શેઠ ખૂબ ગભરાયેલા હતા. ધન્નાએ બંનેનું સ્વાગત કર્યું. આસન લઈ ને રાજા જિતારિએ શેઠ ધનપાલને કહ્યું-

'તમારી સમસ્યા જણાવી દો શેઠ ધનપાલ! જમાઇરાજ કોઇ ને કોઈ રીતે તેનો માર્ગ કાઢી આપશે.'

શેઠ ધનપાલે ધન્નાના પગ પકડી લીધા અને કહ્યું-

'ધનકુમારજી! હું લુંટાઇ ગયો, બરબાદ થઈ ગયો. મને બચાવો.'

'થયું છે શું ? આખી વાત તો જણાવો.' ધન્નાએ પૂછ્યું.

'કોણ જાણે કોંઈ માયાવી ઠગ મારી ગેરહાજરીમાં મારા ઘરમાં પેસી ગયો છે. તે ઘરનો માલિક બની બેઠો છે.'

'તેમાં મુંઝાવા જેવું શું છે? તેને ઘરમાંથી હાંકી મૂકો. આ કામમાં રાજ્યના સેવકો પણ તમને મદદ કરી શકે તેમ છે.'

'એ જ તો મુંઝવણ છે ધનકુમારજી! તેના રુપ-રંગ, બોલવાની ઢબ—છબ બધું મારા જેવું જ છે, સહેજ પણ તફાવત દેખાતો નથી.'

હવે ધન્ના વિચારમાં પડી ગયો. થોડીવાર સુધી ગંભી-રતા પૂર્વક વિચારતો રહ્યો. તેને સમજાયું કે તે બીજો માણસ ચોકકસ કોઈ વિદ્યાસિદ્ધ હશે. તેણે શેઠ ધનપાલને દિલાસો આપ્યો-

'ચિંતા ના કરશો શેઠજી! આજે રાજદરબારમાં તેનો નિર્ણય થઈ જશે.'

શેઠને શાન્તિ વળી. યથાસમય રાજદરબાર ભરાયો. સૈનિકો દ્વારા પેલા બીજા શેઠને પણ બોલાવી મંગાવવામાં આવ્યા. શેઠ ધનપાલ તો પહેલેથી જ રાજદરબારમાં હાજર હતા. પેલો નકલી શેઠ પણ આવી ગયો.

આ વિચિત્ર વાદના નિર્ણયની આતુરતા હૃદયમાં ધારણ કરીને નગરના બીજા માણસો પણ આવી ગયા. ધન્નાનો સંકેત થતાં જ ધનપાલે પોતાની ફરિયાદ રજુ કરી.

'મહારાજ! હું જરૂરી કામ અંગે બીજે ગામ ગયો હતો. મારી ગેરહાજરીમાં કોણ જાણે આ માયાવી કયાંથી મારા ઘરમાં આવી ગયો અને માલિક બની બેઠો. આ કપટીને યોગ્ય સજા કરવામાં આવે અને મને મારા ઘરની માલિકી પાછી આપવામાં આવે.'

ધન્નાએ બીજા નકલી ધનપાલ તરફ જોયું તો તેણે કહ્યું-

'ન્યાયાધ્યક્ષ! હું જ અસલ ધનપાલ છું. આ માણસ

ખોટી ફરિયાદ કરે છે. તેને યોગ્ય સજા....'

અસલ ધનપાલ વચમાં જ બોલી ઉઠયો.

'આ નકલી છે, અસલ તો હું છું.'

'હું અસલ છું.'

'હું અસલ છું.'

બંને પરસ્પર ઝગડવા લાગ્યા. ધન્નાએ મોટા અવાજે કહ્યું-

'તમે લોકો નકામા ઝગડો કરો છો. અસલી-નકલીનો નિર્ણય હમણાં જ થઇ જશે.'

બંને ચૂપ થઇ ગયા. રાજદરબારમાં શાંતિ છવાઈ ગઈ. બધા આતુર હૃદયે રાહ જોવા લાગ્યા કે ધનકુમાર આ વિચિત્ર અને ગુંચવાડાભર્યા ઝગડાનો નિર્ણય કેવી રીતે કરે છે.

ધનકુમારે સેવકને આદેશ આપીને એક નાળચાવાળો લોટો મંગાવ્યો. લોકોનું આશ્ચર્ય વધી ગયું કે આ ઝગડા સાથે નાળચાવાળા લોટાને શો સંબંધ ?

સેવકે લોટો લાવીને મૂકયો. ધન્નાએ લોટો રાજદરબારની વચ્ચે મૂકીને વાદી-પ્રતિવાદી બંનેને સંબોધીને કહ્યું-

'તમે બંને સરખા રુપ-રંગ અને ઉંમરવાળા છો. અસલી નકલી અને સાચ જૂઠનો નિર્ણય ખૂબ મુશ્કેલ છે, પણ અશકય નથી.

'તમારા બંનેમાંથી જે પણ આ લોટામાં પ્રવેશ કરીને

તેના નાળચામાંથી નીકળી જશે, તે અસલી અને સાચો ગણાશે અને બીજો નકલી તથા જૂઠો ગણાશે.

'જો કે આ કામ અશક્ય જેવું લાગે છે, પરંતુ સત્યનો પ્રભાવ પણ મહાન હોય છે. સાચા લોકો જ આ પ્રકારનાં અસંભવિત કાર્યો કરી શકે છે.'

ધનકુમારના આવા શબ્દો સાંભળતાં જ અસલ ધનપાલને પરસેવો વળી ગયો, આંખો સામે અધંકાર છવાઈ ગયો. તે વિચારવા લાગ્યો કે હવે તો બધી સંપત્તિ ગઈ. તે નિરાશ થઈ ગયો.

પણ નકલી ધનપાલની આંખ ચમકી ઉઠી. તેણે વિદ્યાના બળથી પોતાનું અતિ સૂક્ષ્મ રૂપ બનાવ્યું અને લોટામાં પ્રવેશ કરીને તેના નાળચામાં થઈને બહાર નીકળી આવ્યો. પછી તરત જ પોતાનું પહેલાંના જેવું જ રૂપ ધારણ કરી લીધું. સફળતાનું તેજ તેના મુખ પર આવી ગયું.

આ અદ્ભુત દૃશ્ય જોઇને બધા ચકિત થઇ ગયા અને ધન્ના નિર્ણય પર આવી ગયો. તેણે તે નકલી ધનપાલને કહ્યું—

'તમારું રહસ્ય ખૂલી ગયું છે. તમે અસલ ધનપાલ નથી. તમે કોઈ વિદ્યાસિદ્ધ પુરૂષ છો. હવે તમે તમારા મૂળ રૂપમાં આવી જાઓ.'

તે નકલી ધનપાલ પણ સમજી ગયો કે હવે જાત છુપાવવાથી કોઈ લાભ નથી. તે પોતાના મૂળ રૂપમાં આવી ગયો. તેને જોતાં જ અસલ ધનપાલ બૂમ પાડી ઉઠયો—

'અરે ભિખારી! તું...તું....મારી સાઠ કરોડની મિલ-કત પર બેસી ગયો?'

ધન્નાએ પૂછ્યું-

'શેઠજી! શું તમે તેને જાણો છો?'

શેઠે કહ્યું-

'ખૂબ સારી રીતે. તે મારી દુકાને ભીખ માગવા આવતો હતો.'

ધન્નાએ તે ભિખારીને પૂછ્યું-

'કેમ ભાઇ! આ વાત સાચી છે?'

'હા, આ વાત બિલકુલ સાચી છે ન્યાયાધ્ક્ષ!'

ધન્નાએ કહ્યું-

'તો ભાઇ! શેઠને તમે શા માટે હેરાન કર્યા? શા માટે તમે તેની સંપત્તિના, ઘરના માલિક બની બેઠા?'

ભિખારીએ આખી વાત જણાવી-

'ન્યાયાધ્યક્ષ! આ શેઠ ખૂબ કંજૂસ છે. હું તેની પાસે દરરોજ ભીખ માગવા જતો હતો પણ તે 'સવારે આપીશ, સાંજે આપીશ' કહીને ટાળતો રહેતો. આ રીતે તેણે મને ખૂબ હેરાન કર્યો હતો.

'ના આપવું હોય તો સ્પષ્ટ રીતે ના પાડી દેવી જોઈએ. હું સંતોષ માની લેત. પણ તેણે મને એટલો બધો હેરાન કર્યો કે મેં પણ તેને બોધપાઠ શિખવાડવાનો નિર્ણય કરી લીધો.

'બે-ત્રણ દિવસ પર જ્યારે તે બીજે ગામ ગયો ત્યારે તેનું રૂપ ધારણ કરીને હું તેના ઘરમાં જઈને બેસી ગયો.

'પણ મેં તેનો પૈસો પણ મારા સ્વાર્થ માટે નથી વાપર્યો. મેં ખુલ્લા દિલે દાન કર્યું. એવા કંજૂસનું ધન હું લેવા પણ માગતો ન હતો. મારે તો તેને તેની કંજુસાઈની સજા કરવી હતી, તે મેં કરી દીધી.'

આ પ્રમાણે સાંભળતાં જ ધન્નાના મુખ પર હાસ્ય આવી ગયું. હાજર રહેલા લોકો પણ બોલી ઉઠયા.

'ત્યારે તો....અમે એમ વિચારતા હતા કે ધનપાલ આવો દાનેશ્વરી કેવી રીતે થઈ ગયો ? તે તો કદાપિ કોઈને એક પૈસો પણ આપતો ન હતો. તેનો સિદ્ધાન્ત હતો- 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે.' પણ હવે સમજાયું. પારકો માલ પોલો હાથ.'

ધન્નાએ હસીને શેઠ ધનપાલને પૂછ્યું-

'કેમ શેઠ ! શું આ બધા લોકો સાચું કહી રહ્યા છે ?'

ધનપાલનું મુખ શરમથી ઝુકી ગયું. પોતાની ભયંકર કંજુસાઈ પર તે પોતે શરમાઈ ગયો હતો. તે કંઈ પણ બોલી શકયો નહીં.

ધન્નાએ સમજાવ્યું.-

'શેઠજી ! ધનની ત્રણ જ ગતિ હોય છે-દાન, ભોગ અને નાશ. દાન સર્વશ્રેષ્ઠ ગતિ છે. તમારે આટલી બધી કંજુસાઈ

કરવી જોઈએ નહીં. પોતાની કમાણીના ધનમાંથી થોડું દાન જરૂર કરવું જોઇએ. વળી કોઈ યાચકને વારંવાર હેરાન કરવો જોઇએ નહી.

'સદ્ગૃહસ્થની ફરજ તો એ છે કે તેના બારણેથી યાચક નિરાશ બનીને પાછો ફરવો જોઇએ નહીં. જો તમે તેને આટલો બધો નિરાશ ન કર્યો હોત, હેરાન ન કર્યો હોત તો તમારે આટલું દુઃખ અને હેરાનગતિ ભોગવવવી ન પડત.'

'તમે તો મારી આંખો ખોલી નાખી. હવે હું કંજુસાઈ નહીં કરું, દાન આપવામાં તત્પર રહીશ.' શેઠ ધનપાલે આભાર માનતાં કહ્યું.

'મારો ઉદ્દેશ્ય પૂરો થઇ ગયો.' વિદ્યાસિદ્ધ યાચકે કહ્યું અને આગળ બોલ્યોઃ 'મને જવાની આજ્ઞા આપો.'

ધનકુમારે નિર્ણય આપ્યો-

'યાચક ! જો કે કપટ કરવું ખરાબ છે, સજાપાત્ર છે, છતાં તમારી ભાવના ખરાબ ન હતી, તેથી તમને માફ કરવામાં આવે છે. તમે જઈ શકો છો. પણ ભવિષ્યમાં આવી ચુકિત ના અપનાવશો.'

યાચક જતો રહ્યો. આ નિર્ણયથી લોકોને ધન્નાની બુદ્ધિ પર વિશ્વાસ બેસી ગયો. બધા તેના ન્યાયનો જય જયકાર કરવા લાગ્યા.

શેઠ ધનપાલે ધન્નાનો ખુબ આભાર માન્યો. તેની તીક્ષ્ણ બુદ્ધિથી જ તેને તેનો અધિકાર પાછો મળ્યો હતો.

તે તેની યોગ્યતા અને કુશળતાથી એટલો પ્રભાવિત થઈ ગયો કે પોતાની પુત્રી ગુણમાલાનું લગ્ન તેની સાથે કરવાનો નિર્ણય કરી લીધો. થોડી વાર રોકાઇને તે બોલ્યો–

'ધનકુમારજી ! મારી પુત્રી ગુણમાલાને યોગ્ય વર મળવો એ પણ એક સમસ્યા જ છે. તેનો પણ ઉકેલ કરી આપો.'

'તેમાં હું શું કરી શકું ? તેને તો તે જ મળશે જે તેના નસીબમાં હશે. કોઈ સુયોગ્ય શ્રેષ્ઠિપુત્ર સાથે તેનાં લગ્ન કરી દો.' ધન્નાએ કહ્યું.

'મને તો તમારા કરતાં વધુ યોગ્ય કોઇ દેખાતું જ નથી.' આ પ્રમાણે કહીને ધનપાલે રાજા જિતારિ તથા અન્ય દરબારીઓ તરફ જોયું. બધાએ ધનપાલની વાતને ટેકો આપ્યો.

સર્વસંમતિ આગળ ધન્ના લાચાર બની ગયો. તેને ગુણમાલાની સાથે આઠમું લગ્ન પણ પણ કરવું પડયું.

o

ધન્નાને ધનપુરથી નીકળી ગયે ઘણો સમય થઈ ગયો હતો, પણ હજુ સુધી તે રાજગૃહ પહોંચી શકયો ન હતો. વચ્ચે લક્ષ્મીપુર નગરમાં જ અટકી ગયો હતો.

હવે તે રાજગૃહ પહોંચવા માટે ઉતાવળો બન્યો હતો. રાજા શ્રેણિક તેની રાહ જોઈ રહ્યા હતા, વળી કુસુમશ્રી અને સોમા પણ ઘણા વખતથી વિરહ દુઃખ ભોગવતી હતી.

ધન્નાએ રાજા જિતારિ અને બીજી ત્રણે પત્નીઓના

પિતાઓ પાસેથી વિદાય લીધી. બધાએ ખૂબ દહેજ આપી. આ રીતે અપાર ધન, લશ્કર, હાથી, ઘોડા, રથ વિગેરે તથા છ પત્નીઓને લઈને ધન્ના રાજગૃહ તરફ જવા માટે નીકળી પડયો.

રાજગૃહના નગર દ્વાર પર જ રાજા શ્રેણિક, શેઠ કુસુમપાલ વિગેરેએ તેનું સ્વાગત કર્યું. સ્વાગત સમારંભ સહિત તેનો નગર-પ્રવેશ થયો.

ધન્ના પોતાના મહેલમાં રોકાયો. સોમા અને કુસુમશ્રી શરમાતી સંકોચાતી પતિની ચરણ વંદના માટે આવી. ધન્ના તેમના સંકોચનું કારણ સમજી ગયો. મધુર શબ્દોથી તેમના સંકોચનું નિવારણ કરતાં તેણે કહ્યું-

'પ્રિયે! તમે બંને નકામો સંકોચ અનુભવો છો. મને શોધવા માટે ન નીકળવાને કારણે તમારો મારા પરનો પ્રેમ ઓછો સાબિત થતો નથી. હું જાણું છું કે અહીં રહીને પણ તમે મારા સ્મરણમાં જ મગ્ન રહ્યાં છો.'

ધન્નાના હૃદયની આવી વિશાળતા જોઈને બંનેનો સંકોચ જતો રહ્યો. હવે તે આઠ સિદ્ધિઓ સમાન આઠ સ્ત્રીઓનો પતિ હતો.

આ આઠ પત્નીઓમાં સોમા, સૌભાગ્યમંજરી અને ગીતિકલા ત્રણ તો રાજકન્યાઓ હતી, સરસ્વતી મંત્રી-પુત્રી હતી અને કુસુમશ્રી, લક્ષ્મી અને ગુણમાલા ચારે શ્રેષ્ઠિ કન્યાઓ હતી. આઠે પત્નીઓ હળીમળીને રહેતી અને

પ્રેમથી પતિની સેવા કરતો.

એક દિવસ આઠે પત્નીઓ પતિ પાસે બેઠી હતી. મજાક મશ્કરી અને મનોવિનોદની વાતો ચાલી રહી હતી. એટલામાં કુસુમશ્રી અને સોમાએ પ્રસ્તાવ મૂકયો.

'આમ તો અમે આઠે બહેનોની જેમ રહીએ છીએ. બધાના પર પતિનો એક સરખો પ્રેમ છે, પણ અમારું સૂચન છે કે બહેન સુભદ્રાને પટરાણીનું પદ આપવામાં આવે.'

'મને જ શા માટે? બહેન કુસુમશ્રી સ્વામીની પહેલી પત્ની છે, તેથી તેમને જ આ પદ મળવું જોઈએ. અથવા તો પછી ક્ષત્રિય પુત્રી હોવાને કારણે બહેન સોમાને આ પદ મળવું જોઈએ.' સુભદ્રાએ સામો પ્રસ્તાવ મૂકયો.

'પહેલું લગન કે ક્ષત્રિય-કન્યા હોવાનું મહત્ત્વ નથી હોતું, મહત્ત્વ તો ત્યાગનું હોય છે. બહેન સુભદ્રાએ જે ત્યાગ કર્યો છે, તે અમારા બધાથી વિશેષ છે. તેથી આ પદની સાચી અધિકારિણી તે જ છે.'

આ બંનેની વાતને બીજી પાંચે રાણીઓએ પણ ટેકો આપ્યો છતાં પણ સુભદ્રાએ ફરીથી પોતાનો વાંધો ઉઠાવ્યો.

'બહેન કુસુમા અને સોમા! ત્યાગ તો તમારો પણ ઓછો નથી, પણ મારા કરતાં તો વધારે જ છે. મને તો થોડા દિવસ પછી જ સ્વામીનાં દર્શન થઈ ગયાં હતાં, પણ તમે બંનેએ તો આટલા દિવસ વિયોગ સહન કર્યો. પતિ

વિરહનો તાપ અગ્નિથી ઓછો નથી હોતો. તન-મન દાઝી જાય છે, વિરહિણીને શૂળોની પથારી પર સૂવું પડે છે.'

કુસુમા અને સોમા સમજી ગઈ કે સુભદ્રાને વાતોમાં હરાવવી સંભવિત નથી, તેથી પતિને કહ્યું–

'સ્વામી ! તમે જ કહો, પટરાણી પદની અધિકારિણી સુભદ્રા જ છે ને.'

ધન્નાજે આ વિવાદમાં રસ લઈ રહ્યો હતો, તે બોલ્યો.

'મારે માટે તો તમે બધાં સરખાં છો, પણ જયાં સુધી ત્યાગને સંબંધ છે, સુભદ્રાનો ત્યાગ અનુપમ છે. તે મારે માટે મજૂરણ બની. માથા પર ટોપલાં ઉંચકયાં....'

'સ્વામી ! તમે તો મને શરમાવી રહ્યા છો.' સુભદ્રાએ વચ્ચે જ વાત કાપીને સંકોચાતા કહ્યું..

પણ નિર્ણય થઇ ચૂકયો હતો. થાય પણ કેમ નહીં, સાતે પત્નીઓ અને પતિ એકમત હતા. સુભદ્રાને પટરાણી પદ, આપવાનો નિશ્ચય કરી લેવામાં આવ્યો.

પટરાણી પદની ઉજવણી કરવામાં આવી. ચંદનની ચોકી પર સુભદ્રાને બેસાડીને સુગંધિત પ્રવાહીથી સ્નાન કરાવવામાં આવ્યું. બધા નોકર ચાકરો, ઈષ્ટમિત્રો અને સંબંધીઓની હાજરીમાં સુભદ્રાને પટરાણી પદ આપવામાં આવ્યું.

પટરાણી બનવા છતાં પણ સુભદ્રાને અભિમાન આવ્યું

નહીં. તે વિશેષ નમ્ર બની ગઇ. સજ્જનો અધિકાર મેળવીને નમ્ર જ બને છે. હવે સુભદ્રા પોતાની સપત્નીઓનું વિશેષ ધ્યાન રાખતી. તેના પર ઘરની અને સામાજિક મર્યાદાની પૂર્ણ જવાબદારી આવી પડી હતી.

આઠે પત્નીઓની મદદથી ધન્ના તન મન ધન ત્રણે પ્રકારે સુખી હતો. આ સુખમાં પણ તે ધર્મને ભૂલ્યો ન હતો. ધર્મની આરાધના કરતાં કરતાં તે પોતાના જીવનને ધન્ય કરી રહ્યો હતો.

# ૧૫

ધન્ના દરરોજ શ્રેણિકના રાજદરબારમાં જતો અને રાજકારભારમાં મદદ કરતો. તેણે એક રીતે અભયની ખોટ પૂરી કરી દીધી હતી, શાસન કાર્યમાં કોઈ મુશ્કેલી ન હતી, છતાં પણ શ્રેણિકને અભયની યાદ સતાવ્યા કરતી.

પુત્ર ઉજ્જયિનીપતિ ચંડપ્રદ્યોતને ત્યાં કેદ હતો એ તેમને ખૂબ ખટકતું હતું. જો કે તેમને માહિતી મળી ગઈ હતી કે અભયને ત્યાં કોઈ દુઃખ નથી. તેની સ્થિતિ સંમાનિત કેદીની છે, છતાં પણ કેદી તો ખરો જ. પિતાનું હૃદય આ કારણે તડપી ઉઠતું.

એક દિવસ અચાનક જ અભયકુમાર રાજગૃહમાં આવી ગયો. શ્રેણિકનું હૃદય આનંદિત થઇ ઉઠયું. તેને છાતી સાથે ચાંપી લીધો.

શ્રેણિકે અભયની ગેરહાજરીમાં રાજગૃહમાં બનેલા બધા પ્રસંગો સંભળાવ્યા અને ધન્નાનો પરિચય આપતા કહ્યું-

'અભય! તારી ગેરહાજરીમાં તેમણે મને ખૂબ મદદ કરી, અને આ છે તારા બહેન સોમાના પતિ ધનકુમાર!

અત્યંત વિચક્ષણ બુદ્ધિ છે તેમની.'

અભયકુમાર અને ધન્ના એકબીજાને ભેટીને મળ્યા. બંને બુદ્ધિશાળીઓ ઘણા સમય સુધી આલિંગન બદ્ધ રહ્યા. કુશળક્ષેમ પૂછ્યા પછી ધન્નાએ કહ્યું-

'હવે જયારે તમે આવી જ ગયા છો, તો આ મહા મંત્રીનું પદ સંભાળો.'

'ના, તમે જ સંભાળો. મારે પાછા ઉજ્જયિની જવાનું છે.' અભયકુમારે કહ્યું.

ઉજ્જયિની પાછા જવાની વાત સાંભળીને રાજા શ્રેણિક ચમક્યા

'તો શું હજુ સુધી ચંડપ્રદ્યોતે તને મુક્ત નથી કર્યો? શું તું....'

'ના પિતાજી! તમારા આશીર્વાદથી હું મુક્ત બનીને આવ્યો છું. પણ સાથે-સાથે પડકાર ફેંકીને પણ આવ્યો છું. તે પડકારને સફળ કરવા જવું છે.'

'એ તો હું જાણતો હતો કે તારા બુદ્ધિબળથી તું મુક્ત થઈ જઇશ, એટલા માટે તો હું નિશ્ચિંત હતો. પણ એ તો જણાવ કે ત્યાં શો ચમત્કાર બતાવ્યો? કેવી યુક્તિ ચલાવી?'

'યુક્તિ તો કોઇ નહીં પિતાજી! થોડો સરખો બુદ્ધિનો પ્રયોગ કર્યો.'

'એ જ તો સાંભળવા આતુર છું, વિસ્તારથી જણાવો.' શ્રેણિકે આતુરતા પ્રગટ કરી.

અભયકુમારે કહેવાનું શરૂ કર્યું-

'પિતાજી ! ત્યાં પણ હું કેદી તો હતો જ નહીં, ફક્ત મારા પર એટલો અંકુશ હતો કે ઉજ્જયિની છોડીને ક્યાંય ના જઉં. હું રાજદરબારમાં બેસતો હતો અને ચંડપ્રદ્યોતની સમસ્યાઓ ઉકેલી આપતો હતો. રાજકારભારમાં યોગ્ય સલાહ પણ આપતો હતો.

'આમ હું બધી રીતે સુખી હતો. હવે તે સમસ્યાઓ સાંભળો જેના ઉકેલના પરિણામે ચંડપ્રદ્યોતને મને વરદાન-વચન આપવાં પડયાં અને છેવટે મુકત કરવો પડયો.

'એક વખત તેમનો લોહજંઘ નામનો દૂત ભરુચ ગયો હતો. ત્યાંથી પાછો ફર્યો તો ભરુચવાસીઓએ માર્ગમાં ખાવા માટે તેને કેટલાક ઝેર ભેળવેલા લાડુ આપ્યા.

જ્યારે પણ તે ખાવા બેસતો, ત્યારે તેને મૃત્યુસૂચક અપશુકન થતા.

તે ભૂખ્યો જ ચાર દિવસની મુસાફરી કરીને ઉજ્જયિની પહોંચ્યો. તેણે આ વાત દરબારમાં કહી. ચંડપ્રદ્યોતે બધા દરબારીઓને આ અપશુકનોનું રહસ્ય પૂછ્યું. પરંતુ તેમાંથી કોઈ તે રહસ્ય જણાવી શકયું નહીં. છેવટે જ્યારે મને પૂછયું ત્યારે મેં કહ્યું-

'ઉજ્જયિનીપતિ ! ભરૂચ વાળા તમારા છુપા દુશ્મન છે. તેમણે ઝેર ભેળવેલા લાડુ આપીને તમારા એક રત્ન લોહજંઘ દૂતને પૂરો કરવાની ચેષ્ટા કરી છે. પરંતુ હજુ તેનું

આયુષ્ય બાકી છે, એટલા માટે મૃત્યુસૂચક અપશુકન થયા, અને તેણે લાડુ ખાધા નહીં.'

મારા કથનની સાબિતિ માટે ચંડપ્રદ્યોતે લાડુ પાણીમાં નંખાવ્યા તો ઝેરને કારણે પાણી ભૂરૂં થઇ ગયું.

ભરૂચવાસીઓની છૂપી દુશ્મની ખબર પડી જવાના કારણે ચંડપ્રદ્યોત મારા પર ખુશ થઈ ગયો અને મને મુકત કરવા ઉપરાંત કાંઈક માગવાનું પણ કહ્યું. મેં તેનું વચન તેની પાસે થાપણ રૂપે રાખી મૂકયું.

'પિતાજી! આ પ્રસંગના થોડા દિવસ પછી ઉજ્જયિની-માં અગ્નિનો પ્રકોપ થયો. ઘણા બધા ઉપાય કરવા છતાં પણ અગ્નિ શાંત પડયો નહિ. એવું લાગતું હતું કે આખું નગર ભસ્મ થઈ જશે. છેવટે જ્યારે મને પૂછવામાં આવ્યું ત્યારે મેં જણાવ્યું—

'ભગવાન શાંતિનાથના જપ કરાવો. તેમના નામ સ્મરણથી જ બધા પ્રકારનાં દુઃખ શાંત થઇ જાય છે.'

એમ જ કરવામાં આવ્યું. અગ્નિ શાંત પડી ગયો. ચંડપ્રદ્યોતે ખુશ થઇને મને બીજું વચન આપ્યું. તે પણ મેં તેની પાસે થાપણ રૂપે રાખી મૂકયું.

તે પછી થોડોક જ સમય પસાર થયો હતો ત્યાં તો ઉજ્જયિનીમાં મહામારી ફેલાઈ ગઈ. મોટા- વૃદ્ધો, યુવાન-બાળકો ફટાફટ મરવા લાગ્યા. એકે એક ઘેરથી રડવાના

કરૂણ અવાજો આવવા લાગ્યા. મહામારીનો પ્રકોપ એટલો બધો તીવ્ર હતો કે ઉજ્જયિની સ્મશાન બની જશે તેવી શંકા થઇ ગઈ. વૈદ્ય, યાંત્રિક, માંત્રિક વિગેરેના એક પણ ઉપાય કામ લાગ્યા નહિ. ચંડપ્રદ્યોતે મને ઉપાય પૂછ્યો, એટલે મેં તેને જણાવ્યું—

શ્રીમુખે ચેટક રાજાની સાતે પુત્રીઓને સતી ગણાવી છે. મારી માસી શિવાદેવી પણ સતી સ્ત્રી છે. અને સતીઓનો પ્રભાવ તો તમે જાણો જ છો.

'જો તે સવારે સામાયિક વગેરે ધર્મક્રિયાઓ કર્યા બાદ મહેલની અગાસી ઉપર જાય અને નવકાર મંત્રનો જાપ કરીને ચારે દિશાઓમાં પોતાના હાથ વડે અભિમંત્રિત પાણી છાંટે તો તેમના શીલના દૈવી પ્રભાવ, અને પંચપરમેષ્ઠીની ભકિતના પ્રતાપથી નગરમાં ફેલાયેલો મહામારી જરૂર શાંત પડી જશે.'

'બસ, પછી તો કહેવું જ શું ? મહારાણી શિવાદેવીએ એમ જ કર્યું. મહામારીનો પ્રકોપ શાંત પડી ગયો. ખુશ થઈને રાજા ચંડપ્રદ્યોતે મને ફરીથી વરદાન માગવા માટે ખૂબ આગ્રહ કર્યો.

'હે મહારાજ ! હું ઉજ્જયિનીમાં જ આપની ઇચ્છા પ્રમાણે મરવા માગું છું. મારા માટે અગ્નિભીરુ રથના લાકડાંની ચિતા બનાવવામાં આવે. અનલગિરિ હાથી પર માસી શિવાદેવી અને તમારા ખોળામાં બેસું તથા એ

રીતે ત્રિશલામાં પ્રવેશ કરું.

મારી આ ઇચ્છાને સાંભળીને ચંડપ્રદ્યોત હસી પડયો. તેણે કહ્યું-

'અભય ! ખરેખર તું તો બુદ્ધિનો ભંડાર છે. આવું વરદાન આપવાનો અર્થ તો એ થાય કે જાતે જ મૃત્યુને પસંદ કરવું. મારા વચનને તો હું પૂરું કરી શકતો નથી, તેથી તને મુકત કરૂં છું.'

સંપૂર્ણ ઘટનાઓ સંભળાવીને અભયે પિતા શ્રેણિકને કહ્યું.

'પિતાજી ! આ રીતે હું મુકત થઈ ગયો.'

શ્રેણિક પોતાના પુત્રની અને ધન્ના પોતાના સાળા અભયકુમારની બુદ્ધિ વિચક્ષણતાથી મુગ્ધ થઈ ગયો. ઘણી વાર સુધી તેઓ તેની પ્રશંસા કરતા રહ્યા. તે પછી શ્રેણિકે તેને પૂછયું-

'જો તું મુક્ત થઈ જ ગયો છે તો પછી ઉજ્જયિની શા માટે જઈ રહ્યો છે ?'

અભયે જણાવ્યું-

'પિતાજી ! નીકળતી વખતે મેં ચંડપ્રદ્યોતને પડકાર ફેંકયો હતો કે તમે તો મને ધર્મ કપટથી બેભાન બનાવીને કેદ કર્યો હતો. પરંતુ હું તો તમને ધોળે દિવસે કેદી બનાવીને લઈ જઈશ. તમે બૂમો પાડતા જ રહેશો કે 'હું ઉજ્જયિનીનો રાજા ચંડપ્રદ્યોત છું" છતાં પણ કોઇ

તમારી મદદે આવશો નહીં'.

'પિતાજી ! આ કારણે જ હું ફરીથી ઉજ્જયિની જવા માગું છું.'

શ્રેણિકે સમજાવવાનો પ્રયત્ન કર્યો-

'અભય ! નકામું વેર વધારવાથી શો ફાયદો ? જે થયું તેને ભૂલી જા. તું ઘેર આવી ગયો, વાત પૂરી થઈ ગઈ.'

'ના પિતાજી ! વાત પૂરી નથી થઈ. ચંડપ્રદ્યોતને ધર્મ કપટની સજા તો મળવી જ જોઈએ. આ રીતે ધર્મનો દેખાવ કરીને કપટ કરવું એ તો ભયંકર પાપ છે. આ રીતે તો ખોટી પરંપરા પડી જાય. આ પરંપરાને તો તોડવી જ જોઇએ.'

શ્રેણિક સમજી ગયા કે અભય માનશે નહિ. તેથી તેમને અભયને રોકવાનું યોગ્ય લાગ્યું નહીં; છતાં પણ આટલું તો કહ્યું જ.

'ઠીક, તારી ઈચ્છા પ્રમાણે કરજે. પણ અત્યારે તો સુખેથી અહીં રહે. ઘણા વખત પછી આવ્યો છે તો થોડા દિવસ આરામ કરી લે.'

ધન્નાએ અભયને પોતાની વાત જણાવી-

'અભયકુમાર ! તમે તો ઉજ્જયિની જવાનો નિશ્ચય કરીને બેઠા છો, પણ આ મહામંત્રી પદનું શું થશે ?'

'આપ જ સંભાળો, બીજું શું થાય ?'

'પરંતુ હું તો આ પદથી મુકિત માગું છું.'

'મુકિત તો કયાંથી મળે ? આ જગતમાં તો ગમે ત્યાં રહો કર્તવ્યનું તથા સ્વજન સંબંધીઓનું બંધન છે જ.'

આમ કહીને અભય ધન્નાને ભેટી પડયો. બંને મિત્રો થઈ ગયા. સમાન ધર્મી માણસો વચ્ચે મિત્રતા થાય છે. બન્ને બુદ્ધિશાળી હતા. તેથી બન્નેનાં દિલ ખૂબ ઝડપથી મળી ગયાં.

થોડા દિવસ પછી અભયકુમારે પિતા પાસેથી આજ્ઞા લઈ લીધી અને એક વેપારીનો વેશ ધારણ કરીને ઉજ્જયિની જઇ પહોંચ્યો. તેણે પોતાનું બનાવટી નામ વિમલ રાખી એક બનાવટી ભાઈ પણ સાથે રાખી લીધો. જેનું નામ ચંડપ્રદ્યોત જાહેર કર્યું.

પરંતુ તેનો આ ભાઇ ગાંડા જેવું વર્તન કરતો. ગમે તેને મારી બેસતો કે ખરાબ શબ્દો પણ કહેતો. એટલે લાચાર બનીને વિમલ તેને બાંધી રાખતો.

વિમલની સાથે એક બનાવટી યુવાન બહેન પણ હતી. જે અત્યંત સુંદર હોવા છતાં પણ કુંવારી હતી. વિમલ હાથી, ઘોડા, ઊંટ વિગેરેનો વેપારી હતો.

આવા દેખાવ સાથે વિમલ રૂપી અભય ઉજ્જયિનીમાં વેપાર કરવા લાગ્યો. તેના ગાંડા ભાઇને જોઇને નગર જનોને

સહાનુભૂતિ થઇ આવી. તેથી તેમણે એક વૈદ્યની ઓળખાણ કરાવી.

દરરોજ બપોરના સમયે વિમલના નોકરો વિમલના ગાંડા ભાઈ ચંડપ્રદ્યોતને ખાટલા પર દોરડાથી બાંધીને વૈદ્યને ઘેર લઈ જતા. તે વખતે ગાંડો ચંડપ્રદ્યોત જોર જોરથી બૂમો પાડતો–

'હું ઉજ્જયિનીનો રાજા ચંડપ્રદ્યોત છું. આ દુષ્ટ લોકો મને બાંધીને લઈ જાય છે. મને કોઇ છોડાવો....... છોડાવો...અરે કોઇ નથી છોડાવતું, મારા સેવકો, સૈનિકો, સુભટો, મંત્રી વિગેરે ક્યાં મરી ગયા? હું બધાને ફાંસી આપી દઈશ.'

એક બે દિવસ તો લોકો માટે આ તમાશો બની રહ્યો. પછી તો બધાંએ તેને ગાંડા માણસનો બડબડાટ ગણી લીધો. કોઈ તેની તરફ નજર ઉંચી કરીને જોતો પણ નહીં.

વિમલરૂપી અભયની યોજના ચાલી રહી હતી. તેની બહેન બનેલી સુંદર યુવતી દરરોજ સાજ-સજાવટ કરીને ઝરૂખામાં બેસતી. એક દિવસ ચંડપ્રદ્યોતની નજર તેના પર પડી ગઇ. ચંડપ્રદ્યોતની મોટામાં મોટી નબળાઇ સ્ત્રી હતી. તેણે પોતાનો સંદેશ તે યુવતીને મોકલાવ્યો તો યુવતીએ જવાબ આપ્યો–

'હું તો તૈયાર છું, આવતી કાલે સવારે મારા ભાઈ જવાના છે, એટલે બપોરે મળશો તો યોગ્ય રહેશે.'

યુવતીની મંજૂરી મળતાં જ ચંડપ્રદ્યોતનાં રોમેરોમ ખીલી ઉઠયાં. બપોરે સામાન્ય વેશ ધારણ કરીને તે યુવતી પાસે જઇ પહોંચ્યો. અભયના સુભટો તો પહેલથી જ તૈયાર હતા. તેમણે ગાંડા ચંડપ્રદ્યોતની જગ્યાએ ઉજ્જયિનીપતિ ચંડપ્રદ્યોતને જ ખાટલા પર દોરડાથી કચકચાવીને બાંધી દીધો અને બજાર વચ્ચેથી તેને લઇ ચાલ્યા.

ઉજ્જયિનીપતિ ચંડપ્રદ્યોત બુમો પાડયા કરતો જ હતો પરંતુ તેને ગાંડાનો બડબડાટ સમજીને કોઈએ તેના તરફ ધ્યાન આપ્યું જ નહિ. ખરેખર કામવાસનાને વશ થયેલો મનુષ્ય ગાંડો જ હોય છે.

વિમલ રથ વિગેરે સામગ્રી સાથે નગરની સીમા પર તૈયાર જ ઉભો હતો. તેના બધા નોકરો, બહેન વગેરે પણ આવી ગયાં હતાં. રથમાં તેમણે ચંડપ્રદ્યોતને બેસાડી દીધો અને રથ રાજગૃહની દિશામાં ઝડપથી દોડવા લાગ્યો.

વિમલ-રૂપી અભયે પોતાની યોજનાની શકિતથી ઉજ્જયિની-પતિ ચંડપ્રદ્યોતને કેદીના રૂપમાં મગધના રાજા શ્રેણિકના રાજદરબારમાં લાવીને ખડો કરી દીધો.

પોતાના સાઢુને કેદી બનેલો જોઇને શ્રેણિકના હૃદયમાં લાગણી ઉભરાઇ આવી. તેણે તેનાં બંધન છોડાવી નંખાવ્યાં અને પ્રેમ-પૂર્વક સમજાવતાં કહ્યું-

'ચંડપ્રદ્યોત! કોઈના પર કારણ વિના આક્રમણ કરવું, કોઈની જમીન પડાવી લેવાની ઈચ્છા કરવી તથા પોતાની

સેના અને શકિતનું અભિમાન કરવું એ યોગ્ય નથી. તમે આ ખરાબ પ્રવૃત્તિનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરો.'

ચંડપ્રદ્યોત લજ્જિત તો થઇ જ ગયો હતો. તેથી તેણે ક્ષમા માગીને કોઈની પણ સાથે દુશ્મનાવટ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી.

શ્રેણિકે ચંડપ્રદ્યોતનું આત્મીયતા ભર્યું સ્વાગત કર્યું. ચંડપ્રદ્યોતે પણ તેનાથી પ્રભાવિત થઇને મૈત્રીનો હાથ લંબાવ્યો. પરિણામે માળવા અને મગધ મિત્ર બની ગયાં.

ચંડપ્રદ્યોત પોતાના નગરમાં ચાલ્યો ગયો.

હવે અભય અને ધન્ના શ્રેણિકની બે આંખો બની ગઇ. બધાના દિવસો સુખેથી પસાર થવા લાગ્યા.

# ૧૬

કૃતઘ્ની માણસ વીંછી જેવો હોય છે. તે પોતાના ઉપકારીને જ ડંખ મારે છે.

એક વીંછી નદીના પ્રવાહમાં તણાઇ રહ્યો હતો, તેનો જીવ સંકટમાં પડયો હતો. એક સંન્યાસીને દયા આવી ગઈ. તેણે વીંછીને બહાર કાઢયો. જયાં સુધી તે મુશ્કેલીમાં હતો ત્યાં સુધી તો તે ચૂપ રહ્યો, પરંતુ જેવો પાણીની બહાર નીકળ્યો, થોડુંક સુખ મળ્યું કે તરત જ સંન્યાસીને જ ડંખ મારી પીડા આપવા લાગ્યો.

ધન્નાના ભાઈ પણ ખરાબ સ્વભાવના અને સંકુચિત હૃદયના હતા. વીંછીના ડંખની જેમ જ તેમના દિલમાં પણ ઈર્ષાનું ઝેર ભરેલું હતું.

તે લોકો પિતા ધનસાર અને માતા શીલવતીની સાથે કૌશાંબીમાં જ રહેતા હતા. ધનપુર ગામની વ્યવસ્થા પણ તેમના હાથમાં હતી. અને પાંચસો ગામની જાગીર જુદી હતી.

ધન્નાના જતા રહ્યા પછી ત્રણે ભાઈ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવા લાગ્યા. તેમના ઈર્ષારૂપી અગ્નિથી દાઝીને જાણે તળાવ પણ સુકાઈ ગયું, વાદળાંએ પાણી આપ્યું નહીં, ખેતી સુકાઈ ગઈ અને અન્નનો એક દાણો પણ પાકયો નહીં.

આવું હોવા છતાં પણ ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ બતાવવાને બદલે તેમણે કર વધારી દીધો. બિચારા ખેડૂત કર કેવી રીતે આપી શકે? કર મળ્યો નહીં એટલે ત્રણે ભાઇ કડક બની ગયા. તેમના જુલમ વધતા જ ગયા. લાચાર બનીને ખેડૂતો ગામ છોડીને ચાલ્યા ગયા. તેમના ખરાબ વ્યવહારને કારણે સુંદર રીતે વસેલાં ગામ વેરાન થઇ ગયાં.

જયારે ખેડૂતો જ રહ્યા નહીં તો પછી કર કોણ આપે? આવક બંધ થઈ ગઈ. પરિસ્થિતિ બગડતી જોઇ એટલે ધનસારે ગુસ્સે થઇને કહ્યું-

'તમે ત્રણેએ ધન્નાની મહેનત બરબાદ કરી નાખી છે. તે તમને સર્વસ્વ આપીને ગયો હતો. અને તમે તમારા ખરાબ વ્યવહારથી બધું જ ગુમાવી દીધું. હવે કરો મહેનત-મજૂરી અને ભરો તમારું પેટ.'

ત્રણે પુત્રો પણ ગુસ્સે થઇને બોલ્યા-

'કાંઈ વાંધો નહીં, અમે ગમે ત્યાં પણ જતા રહીશું. અમારે પણ બે હાથ છે, ગમે ત્યાં પેટ ભરી લઇશું.'

'હા ! હા ! ચાલ્યા જાવ અહીંથી, ગમે ત્યાં જાવ પરંતુ હવે હું તમારી સાથે નહીં આવું અને તમારી માતા પણ નહીં આવે. તમારી પત્નીઓ પણ અહીં જ રહેશે.. તમે જાવ અને તમારા કર્મનાં ફળ ભોગવો.'

'તમારી એવી જ ઈચ્છા છે તો અમે ત્રણે ચાલ્યા જઇશું અને અમારો પુરુષાર્થ બતાવી આપીશું.'

'પુરુષાર્થ તો તમે પહેલાં પણ શો બતાવ્યો છે, જે હવે બતાવશો. લો આ વાટ ખર્ચી માટે લઈ જાવ અને તમારો પુરુષાર્થ બતાવો.'

એમ કહીને ધનસારે સોનામહોરની એક થેલી ત્રણે પુત્રો તરફ ફેંકી. ત્રણે થેલી ઉઠાવીને ચાલવા લાગ્યા.

માળવા રાજ્યની હદમાં જઇને તેમણે ખેતર ખરીદ્યાં અને ખેતી કરવા લાગ્યા. પરંતુ **'કરમ ફલય તો સબ ફલય ભીખ બંજ વ્યાપાર'** આ કમનસીબ ઈર્ષાળુ માણસોના દુર્ભાગ્યથી ત્યાં પણ વરસાદ પડયો નહીં. ત્યાં દુકાળ પડયો. ખેતરમાં અનાજ પાકવાની વાત એક બાજુ રહી પરંતુ તેમાં નાખેલાં બી પણ બળી ગયાં.

ત્રણે ભૂખે મરવા લાગ્યા. પેટની આગથી લાચાર બનીને રાજગૃહ આવી પહોંચ્યા. પેટની આગે તેમની ઈર્ષાની આગને બુઝાવી દીધી. તેમની બુદ્ધિ ઠેકાણે આવી ગઇ. ત્રણે ભાઇઓએ ધન્ના પાસે જઈને નમ્ર શબ્દોમાં કહ્યું–

'ધન્ના ! ઘણાં દુઃખો સહન કર્યા પછી અમે તને સમજી

શકયા છીએ. તું તો દેવ છે ભાઈ! હવે અમને તારી પાસે જ રહેવા દે. તને છોડીને હવે અમે કયાંય જઇશું નહીં. હવે ઝગડા પણ નહીં કરીએ. શાંતિથી રહીશું.'

આ જ તો ઇચ્છતો હતો ધન્ના! ભાઇઓનું પ્રેમપૂર્વક સ્વાગત કરીને તે બોલ્યો—

'અહીં જ રહો. આપણે બધા હળીમળીને રહીએ. તેનાથી વધારે સારી વાત બીજી કઈ હોઈ શકે? હું માતા-પિતા અને ભાભીઓને પણ અહીં બોલાવી લઇશ. આપણે બધા ભેગા મળીને માતા-પિતાની સેવા કરીશું.'

ધન્નાએ કૌશાંબીમાં દૂત મોકલીને માતા-પિતા તથા ભાભીઓને બોલાવી લીધાં. આખું કુટુંબ એક જગ્યાએ સુખેથી રહેવા લાગ્યું.

દોરડાની આવન જાવનથી પથ્થર પણ ઘસાઇ જાય છે. તેવી જ રીતે મુશ્કેલીઓનો માર ખાઇને ધન્નાના ભાઈ પણ બદલાઈ ગયા હતા. હવે તેમનાં વેર વિરોધ પણ શમી ગયાં હતાં. તેથી હવે ઘરમાં શાંતિ હતી. હવે કોઈ પણ પ્રકારનો ઝગડો હતો નહીં.

o

એક વખત રાજગૃહમાં એક કેવલજ્ઞાની મુનિ પધાર્યા. આખા નગરમાં મુનિ આગમનના સમાચાર ફેલાઈ ગયા. નગરના લોકો પ્રવચન સાંભળવા ઉમટી પડ્યા. રાજા શ્રણિક સહ-કુટુંબ ગયા. ધનસાર શેઠ પણ પોતાની પત્ની શીલવતી,

ચારે પુત્રો અને બધી પુત્રવધૂઓ સાથે ત્યાં ગયા.

કેવલજ્ઞાની મુનિએ ધર્મની ગંગા વહાવી. બધા મગ્ન થઈ ગયા. બધાએ પોત પોતાની યોગ્યતા પ્રમાણે મુનિશ્રીનો ઉપદેશ ગ્રહણ કર્યો.

પ્રવચન પૂરું થતાં જ બધા ચાલ્યા ગયા પણ શેઠ ધનસારનું કુટુંબ બેસી જ રહ્યું. બધાના ગયા પછી ધન્નાએ કેવલજ્ઞાની મુનિ સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી–

'ભગવન ! મેં પૂર્વ જન્મમાં એવાં કયાં શુભ કર્મ કર્યાં હતાં કે મને ડગલે પગલે સફળતા મળતી ગઇ અને મારા ભાઈઓને વચ્ચે વચ્ચે દુઃખ ભોગવવાં પડયાં ?'

'ધનકુમાર ! બધાં પ્રાણી પોતાનાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. કમ્મ સચ્ચા હુ પાણિણો પ્રાણીઓનાં કર્મ સાચાં જ હોય છે. તે કદાપિ અસત્ય હોતાં નથી. તમે તમારો પૂર્વ જન્મ સાંભળો. તેનાથી તમને ડગલે પગલે મળતી સફળતાનું રહસ્ય સ્પષ્ટ થઇ જશે.'

આમ કહીને કેવલજ્ઞાની મુનિ ધન્નાના પૂર્વ જન્મના પ્રસંગોનું વર્ણન કરવા લાગ્યા.

થોડા સમય પહેલાં પૈઠાણપુર ગામમાં એક વિધવા ડોસી રહેતી હતી. તેનું નામ કાત્યાન હતું. તેને દત્ત નામનો એક પુત્ર હતો. દત્ત હજુ નાનો જ હતો. પરંતુ ઘરમાં ગરીબી હતી, એટલા માટે માતા-પુત્ર બંનેને કામ કરવું પડતું હતું.

માતા લોકોનાં વાસણ સાફ કરતી, ખાંડવા દળવાનું કામ કરતી અને પુત્ર બીજા ગોવાળિયાઓની ગાય ભેંસ ચરાવવા જતો. આટલી ભયંકર મહેનત કરવા છતાં પણ તેમને ખૂબ મુશ્કેલીથી લૂખો–સૂકો રોટલો જ મળતો.

એક દિવસ કોઈ તહેવાર હતો. ઘેર ઘેર ખીર બનાવવામાં આવી હતી. ખીરમાંથી નીકળતી સુગંધથી બાળક દત્ત લલચાઇ ગયો. તેણે માતાને ખીર બનાવવા માટે કહ્યું. માતાએ આંખમાં આંસુ લાવીને પુત્રને સમજાવ્યો–

'બેટા ! ઘરની હાલત તારાથી અજાણી નથી. ખૂબ મુશ્કેલીથી લૂખો–સૂકો રોટલો ખાઈને પેટ ભરીએ છીએ તો પછી ખીર ક્યાંથી લાવું ? આપણા નસીબમાં તો સૂકો રોટલો જ છે. તેને જ ખાઇને ઠંડુ પાણી પી અને સંતોષ માન.'

પણ દત્ત નસીબને શું જાણે ? તે હઠ કરવા લાગ્યો. તેની હઠથી માતા હેરાન થઈ ગઈ. તેણે ધમકાવીને પુત્રને ચૂપ કરવાનો પ્રયત્ન કર્યો.

માતાની આવી બૂમાબૂમ સાંભળીને આજુ બાજુથી આઠ પડોશણો આવી પહોંચી. તેમણે પૂછ્યું તો ખબર પડી કે દત્ત ખીર ખાવા માટે હઠ કરી રહ્યો છે. તેમને બાળક પ્રત્યે દયા આવી. તેમણે પોતાના ઘરમાંથી ખીર બનાવવા માટેની સામગ્રી કાત્યાનને આપી અને કહ્યું કે તમારા બેટાને ખીર બનાવીને ખવડાવો.

કાત્યાને તે સ્ત્રીઓનો આભાર માન્યો અને પુત્રને માટે ખીર બનાવી. ખીર થાળીમાં પીરસીને તેણે પુત્રને કહ્યું—

'બેટા ! ઠંડી થાય એટલે ખાઈ લેજે, ત્યાં સુધીમાં હું એક કામ કરી આવું.'

આમ કહીને કાત્યાન ચાલી ગઈ અને દત્ત ખીર ઠંડી થવાની રાહ જોવા લાગ્યો.

એટલામાં જ એક મુનિ માસખમણનાં પારણાં કરવા માટે દત્તના ઘરમાં પ્રવેશ્યા. મુનિશ્રીની શાંત મુખમુદ્રા અને તપસ્યાથી તેજસ્વી બનેલું કપાળ જોઇને દત્તને એવું લાગ્યું કે જાણે ભગવાન જ તેના બારણે આવી પહોંચ્યા છે.

તેના હૃદયમાં ભકિતના ભાવ ઉભરાઈ આવ્યા. ક્ષણ માટે તો તે પોતાની ભૂખ પણ ભૂલી ગયો. અત્યંત માન પૂર્વક પરમ આનંદ અનુભવતાં તેણે થાળીની બધી ખીર મુનિશ્રીના ભિક્ષાપાત્રમાં ઠાલવી દીધી. દાન આપીને દત્ત ગળગળો થઈ ગયો. પેલી આઠ પડોશણોએ પણ આ જોયું તો તે દત્તના ભાગ્યની પ્રશંસા કરવા લાગી–

'વાહ ! કેટલો ભાગ્યશાળી છે ! ગરીબ છે, છતાં પણ નસીબ તો જુઓ કે તપસ્વી મુનિ તેને ઘેર આવ્યા. અને આ છોકરો પણ દિલનો કેટલો ઉદાર છે ? હજુ બાળક છે છતાં પોતાની ભૂખને ભૂલીને તેણે સુપાત્રદાનનો લાભ લીધો. ખરેખર તેણે પોતાનું જીવન ધન્ય કર્યું છે.'

મુનિશ્રી ભિક્ષા લઇને ચાલ્યા ગયા. દત્ત ઘણી વાર સુધો મુનિશ્રીને જતા જોઇ રહ્યો. જયારે મુનિ આંખથી અદૃશ્ય થઇ ગયા ત્યારે તેને ફરીથી ભૂખ સતાવવા લાગી. તે થાળીને ચાટવા લાગ્યો. થાળી ચાટવાથી તો ભૂખ શી રીતે શમે, પરંતુ તેના મુખ પર સુપાત્રદાનના પ્રભાવથી સંતોષ ચમકી રહ્યો હતો.

એટલામાં કાત્યાન પાછી આવી ગઈ. પુત્રના ચહેરા પર સંતોષના ભાવ જોઈને તે સમજી કે બેટાનું પેટ ભરાઈ ગયું છે.

તે જ રાત્રે દત્તે મુનિશ્રીના શાંત તેજસ્વી ચહેરાનું ચિંતન કરતાં કરતાં પ્રાણ છોડી દીધા.

પૂર્વજન્મની આ કથા સંભળાવીને કેવલજ્ઞાની મુનિએ ધન્નાને કહ્યું-

'ધનકુમાર પૂર્વજન્મમાં તમે જ દત્ત હતા. સુપાત્ર દાનને કારણે તમને આ વૈભવ તથા ડગલે પગલે સફળતા મળી છે. મુનિશ્રીના શાંત ચહેરાના ચિંતનના પરિણામે તમને દૈવી ચિંતામણી રત્ન પ્રાપ્ત થયું છે.'

થોડી વાર અટકીને પછી કેવલજ્ઞાની મુનિએ ફરીથી કહેવાની શરૂઆત કરી-

'ધનકુમાર ! સુપાત્રદાનનું ફળ તો અકલ્પ્ય છે જ, પરંતુ સાચા હૃદયથી કરેલું અનુમોદન પણ ઓછું ફળ નથી આપતું. જે આઠ પડોશણોએ તમને ખીરની સામગ્રી આપી,

અને પછી તમારા દાનને અનુમોદન આપ્યું હતું, તે જ તમારી આઠે પત્નીઓ બની છે. તેમણે માતા પિતાને ઘેર પણ વૈભવ ભોગવ્યો અને હવે તમારે ઘેર પણ બધા જ પ્રકારનાં સુખ ભોગવી રહી છે.'

પોતાનો તથા પોતાની પત્નીઓનો પૂર્વ જન્મ જાણીને ધન્નાને ખૂબ સંતોષ થયો; છતાં પણ મનમાં એક શંકા તો જાગી જ ગઈ.

'હે પ્રભુ ! આપની વાત સાચી છે, પરંતુ સર્વસ્વ હોવા છતાં પણ મારી પટરાણી સુભદ્રાને માટીના ટોપલા શા માટે ઉંચકવા પડયા?'

કેવલ જ્ઞાની મુનિએ જણાવ્યું-

'ધનકુમાર ! જીવનો ક્રિયા કલાપ અત્યંત વિચિત્ર હોય છે. તેનાં પરિણામ ક્ષણે ક્ષણે બદલાતાં રહે છે. ક્યારેક તે ધર્મ તરફ વળે છે, તો ક્યારેક અધર્મ તરફ વળે છે. ક્યારેક ક્રોધને વશ થઈ જાય છે, તો ક્યારેક અભિમાનને વશ થઈ જાય છે.

આ રીતે તમારી પત્ની સુભદ્રાએ પૂર્વજન્મમાં પોતાની એક ગરીબ સખીને અભિમાનથી કહી દીધું હતું કે 'તારે ત્યાં તો એવા કયા ખજાના ભરેલા પડયા છે? તું તો માથા પર માટીનાં ટોપલાં જ ઉંચકયા કર.'

'આ અભિમાનથી ભરેલાં કડવાં વચનનું એ ફળ મળ્યું કે સર્વસ્વ હોવા છતાં પણ તેને માથા પર માટીનાં ટોપલાં

ઉંચકવાં પડયાં. એટલા જ માટે લોકોમાં આ કહેવત જાણીતી છે કે 'મોટો કોળિયો ખાઇ લેજે, પણ મોટો બોલ ન બોલીશ.'

આ સાંભળ્યા પછી ધન્નાની જિજ્ઞાસા વધી ગઈ. હવે તેણે પોતાના ભાઇઓનો પૂર્વજન્મ પૂછયો—

'હે ભગવન ! મારા ત્રણે મોટા ભાઇઓએ એવાં કેવાં કર્મ કર્યાં હતાં કે કરોડપતિ શેઠના પુત્ર હોવા છતાં પણ તેમને આટલાં બધાં દુઃખ સહન કરવાં પડયાં.'

કેવલ જ્ઞાની મુનિ ધન્નાના ત્રણે ભાઇઓના પૂર્વજન્મનું વર્ણન કરવા લાગ્યા–

સુગ્રામ નામના એક ગામમાં ત્રણ કઠિયારા રહેતા હતા. ત્રણે ગરીબ હતા. આખો દિવસ જંગલમાં લાકડાં કાપતા અને સાંજે નગરમાં તે વેચી આવતા. આ જ તેમની આજીવિકા હતી.

એક દિવસ ત્રણેય જંગલમાં બપોરનું ભોજન કરવા બેઠા. હજુ તો તેમણે ભોજનની પોટલી ખોલી હતી ત્યાં તો કેટલાક મુનિજન ત્યાંથી પસાર થયા. ત્રણે કઠિયારાઓમાં ધર્મ કરવાની ભાવના જાગી ઊઠી.

'આપણે તો સાંજે ઘેર જઇને પણ ખાઈ લઇશું', તો પછી શા માટે આ મુનિઓને ભોજન આપીને દાનનો લાભ ન લઇએ.'

આ પ્રમાણે વિચાર કરીને ત્રણે કઠિયારાઓએ પોતાનુ

ભોજન મુનિઓને આપી દીધું.

સંજોગવશાત એવું બન્યું કે તે દિવસે સાંજે તેમને ઘેર પણ ભોજન બન્યું ન હતું. ભૂખને કારણે ત્રણેનો આત્મા કકળી રહ્યો હતો. ઘરમાં ભોજન ન બનેલું જોઇને તેઓ ગુસ્સાથી સળગી ઉઠયા. અને દાનની નિંદા કરવા લાગ્યા—

'જો મુનિઓને દાન આપવાનું પ્રત્યક્ષ ફળ ભૂખ્યા રહેવાનું જ મળતું હોય તો પછીના જન્મમાં તો કોણ જાણે કેટલાંય ખરાબ ફળ ભોગવવાં પડશે.'

આ રીતે તેમણે ચાર વખત દાનની નિંદા કરી.

કેવલ જ્ઞાનિ મુનિએ ધન્નાને કહ્યું—

'ધનકુમાર ! સુપાત્ર દાનના પરિણામે તે લોકો કરોડપતિ શેઠના પુત્રો બન્યા, પરંતુ દાનની નિંદાને કારણે તેમને દુઃખ ભોગવવાં પડયાં. તેમણે ચાર વખત નિંદા કરી એટલા માટે ચાર વખત જ તેમને મહાકષ્ટ ભોગવવું પડયું.'

કેવલજ્ઞાની મુનિએ આગળ કહ્યું—

'ધનકુમાર ! પર નિંદાથી બુદ્ધિ તો મલિન થાય જ છે, પરંતુ જ્યારે કોઈ સદાચારી, ત્યાગી કે તપસ્વીની નિંદા કરવામાં આવે છે ત્યારે તે કુબુદ્ધિ બની જાય છે. તે કુબુદ્ધિને કારણે જ પ્રાણીને ભયંકર દુઃખ સહન કરવાં પડે છે. તમારા આ ત્રણે ભાઈઓ બાબતમાં પણ આમ જ બન્યું. તેમણે

પોતાની કુબુદ્ધિથી મુશ્કેલીઓને વધારે ઘેરી બનાવી દીધી.'"

આ બધું કહીને કેવલજ્ઞાની મુનિ મૌન થઇ ગયા.

આ બધુ સાંભળ્યા પછી ધન્નાના ત્રણે ભાઇઓમાં સુબુદ્ધિ જાગૃત થઇ.

તેમણે સંયમ લેવાનો નિશ્ચય કરી નાખ્યો. ઘરડાં મા બાપ તો તૈયાર બેઠાં જ હતાં. ત્રણે ભાઇઓની પત્નીઓએ પણ તેમના પતિદેવોનું અનુકરણ કર્યું.

ધન્ના તેમની ધર્મ સાધનામાં બાધક બન્યો નહીં. તેણે ખૂબ ધામધૂમથી માતાપિતા અને ભાઈ-ભાભીઓનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. આઠે માણસોએ પ્રવ્રજ્યા લઇ લીધી. કેવલજ્ઞાની મુનિ બીજે વિહાર કરી ગયા.

ધન્નાને ભોગ ભોગવવાના હજુ બાકી હતા, આ કારણે તે પ્રવ્રજ્યા લઇ શક્યો નહીં. તે ઘરમાં રહીને જ ધર્મ સાધના કરતો રહ્યો.

## ૧૭

એક દિવસ રાજા શ્રેણિક પોતાના અંગત વિશ્રામ-ખંડમાં આરામ કરી રહ્યા હતા. પાસે જ રાણી ચેલના બેઠી હતી. બંને વાર્તા-વિનોદ કરી રહ્યાં હતાં, તે જ વખતે દ્વારપાલે સમાચાર આપ્યા–

'સ્વામી! નેપાળથી રત્નકંબલના કેટલાક વેપારી આવ્યા છે, દર્શનની આજ્ઞા ચાહે છે.'

શ્રેણિકે વેપારીઓને ત્યાં જ બોલાવી લીધા. રત્નકંબલ જોયા. રત્નકંબલ અત્યંત મુલાયમ અને સુખદ હતા. રાજાએ કિંમત પૂછી તો વેપારી બોલ્યા–

'મહારાજ! આ સવા લાખ સોનામહોરનો એક છે. અમારી પાસે કુલ સોળ છે. વીસ લાખના થયા, ખરીદી લો. મગધેશ માટે વીસ લાખ સોનામહોર ખર્ચ કરવું કંઈ વિસાતમાં નથી.'

'વીસ લાખ સોનામહોર!' પ્રજાવત્સલ શ્રેણિક વિચાર કરવા લાગ્યા-'આટલી મહોરથી તો પ્રજાહિતનાં કેટલાંય

કાર્ય થઈ શકે. પ્રજા કેટલી મહેનત કરે છે! તે એટલા માટે કે હું તેમની મહેનતની કમાણી ઐશ્વર્ય માટે લુંટાવી દઉં! રાજખજાનાનું ધન પ્રજાની અમાનત છે. વ્યવસ્થાપકના રુપમાં હું તેનાથી તેમની જરૂરિયાત પૂર્ણ કરી શકું, ભોગવિલાસમાં ધન ઉડાવી શકું નહીં.'

રાજાને વિચારમગ્ન જોઇને વેપારી બોલ્યા-

'શું વિચારી રહ્યા છો રાજન! લઈ લો.'

'હમણાં જરૂર નથી.' શ્રેણિકે કહ્યું.

'આવી વસ્તુઓ તો ક્યારેક જ મળે છે. તમે ખરીદી લો. આ તો તમારા જેવા સમૃદ્ધ રાજાને અનુરુપ છે.'

'એ તો બરાબર, પણ હમણાં રત્નકંબલ ખરીદવાની ઈચ્છા નથી. ફરી ક્યારેક જોઇશું.'

રાજાના આવા જવાબથી વેપારીઓનાં મુખ ઉદાસ થઇ ગયાં. નિરાશ બનીને તેમણે રત્નકંબલ બાંધ્યા અને પ્રણામ કરીને ચાલ્યા ગયા. તેમને રાજગૃહમાં કંબલ વેચાય તેવી આશા ના રહી. નગરની સરહદ પાસેના એક વિશાળ વૃક્ષની નીચે વેપારીઓ ઉદાસ ચહેરે જઈ બેઠા.

તે વૃક્ષ પાસે એક કૂવો હતો. પનિહારીઓ પાણી ભરવા તે પનઘટ પર આવતી હતી. ભદ્રા શેઠાણીની દાસીઓ પણ પાણી ભરવા આવી. તેમના કાને વેપારીઓના આ

નિરાશાથી ભરેલા શબ્દો સંભળાયા–

'આપણે તો બહુ મોટી આશા લઈને આવ્યા હતા. સાંભળ્યું હતું કે મગધ બહુ સમૃદ્ધ રાજય છે. પણ બધી આશા નિરાશા થઈ ગઇ. 'દૂરથી ડુંગર રળિયામણા.' ખબર નહોતી કે મગધના રાજા આટલા બધા કંજુસ હશે.'

દાસીઓ મગધ-નરેશ પર થતો આ આક્ષેપ સહન કરી શકી નહીં. તે બોલી–

'ભાઈઓ! રાજગૃહ નરેશ માટે આવું કેમ બોલો છો? તેઓ તો ખૂબ ઉદાર છે. તેમના જેવા ઉદાર હૃદયના સમ્રાટ તો અત્યારે ભારતમાં બીજા કોઈ નથી.'

'હશે બહેનો! અમે નથી માનતા.' વેપારીએ એ નિરાશ અવાજે કહ્યું.

'વાત શી છે? તમે લોકો આટલા નિરાશ કેમ છો?' દાસીઓએ પૂછ્યું.

એટલે વેપારીઓએ સમસ્ત વૃત્તાન્ત સંભળાવીને કહ્યું–

'હવે તમે જ કહો કે રાજા એક રત્નકંબલ પણ ખરીદી શકયો નહીં, પછી તેને શું કહેવું?'

'બસ, આટલી જ વાત છે ને? રાજગૃહમાં એવા અનેક શેઠિયા છે, જે તમારા આ રત્નકંબલોને તરત જ ખરીદી લે.'

'જયારે નગરના રાજાએ જ ખરીદ્યા નહીં તો પછી નગરના શેઠિયાની શી આશા રાખવી?'

વેપારીઓને અત્યધિક નિરાશ થયેલા જોઇને દાસીઓએ

કહ્યું-

'તમે અમારી સાથે ચાલો તો ખરા, ના વેચાય તો કહેજો.'

દાસીઓના આગ્રહથી પણ કંબલ વેચાય તેવો વિશ્વાસ તો વેપારીઓને બેઠો નહીં, પણ એવું વિચારીને સાથે ચાલ્યા કે ચાલો જોઈ લઈએ, પાછા તો જવાનું જ છે.

સ્વામિની ભદ્રા પાસે પહોંચીને દાસીઓએ બધું કહી સંભળાવ્યું. શેઠાણી ભદ્રા આ કેવી રીતે સહન કરી શકે કે નેપાળના વેપારી મગધ અને મગધ-નરેશ માટે આવા વિચાર લઈને જાય. તેનાથી તો મગધનરેશની અપકીર્તિ જ થાય.

તે દેશ ભક્ત હતી. તેણે તરત જ નોકરને મોકલીને વેપારીઓને અંદર બોલાવ્યા. વેપારીઓએ કંબલ બતાવ્યા.

'વેપારીઓ ! કુલ કંબલ કેટલા છે ?'

'સોળ છે માતાજી !' વેપારીઓએ જણાવ્યું.

'કંબલ તો ઘણા થોડા છે. આટલાથી કેવી રીતે કામ ચાલે ? મારી વહુરાણીઓ બત્રીસ છે, દરેકને એક પણ નહીં મળે, મારે બત્રીસ કંબલ જોઈએ.'

'તમે બત્રીસ કંબલ માગો છો, પણ પહેલાં તેની કિંમત તો પૂછો-સવા લાખ સોનામહોરનો એક છે.'

'મેં કિંમત નથી પૂછી, કંબલની સંખ્યા પૂછી છે. કિંમત તો માગશો તે મળશે.'

ભદ્રા શેઠાણીના આ શબ્દો સાંભળીને વેપારીઓ સ્તબ્ધ

બની ગયા. તેમને લાગ્યું કે જાણે તે સ્વપ્ન જોઈ રહ્યા છે.

ભદ્રા શેઠાણી બોલી–

'ઠીક, બધા કંબલ અહીં મૂકી જાઓ. અને મુનીમજી પાસેથી કિંમત લઈ લો.'

રત્નકંબલને ત્યાં મૂકીને વેપારીઓ મુનીમ પાસે પહોંચ્યા. તેણે વીસ લાખ સોનામહોર આપી દીધી. વેપારીઓના ચહેરા આનંદથી ખીલી ઉઠયા.

આ તરફ રાજા શ્રેણિકે ચેલના તરફ જોયું તો તેના ઉદાસ મુખને જોઇને તેને મૂંઝવણ થઈ, પૂછયું–

'શી વાત છે રાણી? તમારું મુખકમલ કેમ કરમાઇ ગયું?'

ચેલના મૌન રહી. તેણે કંઇ પણ જવાબ આપ્યો નહીં. ચેલના રાજા શ્રેણિકની પ્રિય રાણી હતી. તે તેને દુઃખી જોઈ શકતો ન હતો. તે મનામણાં કરતાં બોલ્યો–

'કંઈ કહો તો ખરાં, તમને શાનો અભાવ છે? તમને ખુશ જોવા માટે હું ગમે તે કરી શકું.'

'બધું જ કરી શકો, પણ એક રત્નકંબલ ખરીદી શકો નહીં.' રાણી ચેલનાએ મૌન તોડયું.

'અરે, આ જ વાત છે, તો પછી તે વખતે કેમ ના કહ્યું! કંઈ વાંધો નહીં, હજુ વેપારી નગરમાં જ હશે. હું હમણાં જ બોલાવડાવીને તમારે માટે રત્નકંબલ ખરીદી લઉં છું. હવે તો ખુશ ને?'

એમ કહીને રાજા હસ્યો અને વેપારીઓને બોલાવી લાવવા માટે નોકરને મોકલી દીધો. નોકર પાછો આવ્યો અને બોલ્યો–

'અન્નદાતા ! વેપારીઓએ તો જણાવ્યું કે રત્નકંબલ તો બધા વેચાઈ ગયા. ભદ્રા શેઠાણીએ ખરીદી લીધા. તે તો બીજા સોળ માગતી હતી....તેની બત્રીસ પુત્રવધૂઓ છે ને ! હવે તો લાચારી જ છે.'

ભદ્રા શેઠાણીએ રત્નકંબલ ખરીદી લીધા એ વાત સાંભળીને શ્રેણિકને ગર્વ થયો–

'આવું સમૃદ્ધ છે મારું નગર. આવી સમૃદ્ધ છે મારી પ્રજા !'

તે પ્રગટ રીતે બોલ્યો–

'કંઈ વાંધો નહીં. તમે સવા લાખ સોનામહોર લઈ જાઓ અને ભદ્રા શેઠાણી પાસેથી એક રત્નકંબલ ખરીદી લાવો, કહેજો કે સમ્રાટે મંગાવ્યો છે.'

સેવક ગયો અને ખાલી હાથે પાછો ફર્યો. શ્રેણિકે પૂછ્યું–

'કેમ, હવે શું થયું ? શું શેઠાણી લાભ લઈને વેચવા માગે છે ?'

'ના મહારાજ ! વાત કંઈક જુદી જ છે.' સેવક બોલ્યો.
'શી વાત છે, કહે.'

સેવક કહેવા લાગ્યો-

'સમ્રાટ! ભદ્રા શેઠાણીએ જણાવ્યું કે તેણે સોળ કંબલના બત્રીસ ટુકડા કરીને પોતાની બત્રીસ વહુરાણીઓને આપી દીધા. તેમણે તેનાં પગલૂછણિયાં બનાવી દીધાં. પણ એ રત્નકંબલોનો સ્પર્શ તેમને એટલો કડક લાગ્યો કે તેમણે તરત તેને કચરામાં નાખી દીધા.

'હવે કચરામાંથી ઉઠાવીને આપને ટે ટુકડા કેવી રીતે આપે? એ તો તમારું અપમાન કહેવાય. આમ કહીને શેઠાણીએ પોતાની લાચારી પ્રગટ કરી.'

ચકિત થઇ ગયા સમ્રાટ! તેમને એક વખત તો વિશ્વાસ જ ના બેઠો. વિચાર આવ્યો કે કેટલો વૈભવ છે ભદ્રા શેઠાણીના પુત્ર શાલિભદ્રનો!

હું મારી પ્રિય રાણી માટે એક કંબલ ખરીદી શકયો નહીં અને તેની પત્નીઓએ વીસ લાખના કંબલ એમ જ પગ લૂછીને ફેંકી દીધા. તેમણે અભયને બોલાવીને કહ્યું-

'અભય! તમે કઈ દુનિયામાં રહો છે? જાણો છો શાલિભદ્રનો વૈભવ કેટલો છે?'

અભય ચૂપ રહ્યો. શ્રેણિક જ બોલ્યા-

'તેની પત્નીઓએ વીસ લાખની કિંમતના રત્નકંબલ પગ લૂછીને જ ફેંકી દીધા. આવા ભાગ્યશાળી પુરુષને હું મળવા માગું છું. તમે એને બોલાવી લાવો.'

અભય રથ લઇને ભદ્રા શેઠાણી પાસે ગયો અને રાજા

શ્રેણિકની ઈચ્છા તેને જણાવી. ભદ્રા મૂંઝવણમાં પડી ગઈ.

તે જાણતી હતી કે તેનો દીકરો એટલો સુકોમળ છે કે તે ઉપરથી નીચે પણ કદી આવતો નથી. તો પછી રાજમહેલ સુધી કેવી રીતે જશે ? તેણે વાત બદલીને કહ્યું-

'મહામંત્રી ! સમ્રાટ મારી ઝુંપડીને પવિત્ર કરે તો હું મારી જાતને ખૂબ ભાગ્યશાળી સમજીશ.'

અભય ભદ્રા શેઠાણીનું મંતવ્ય સમજી ગયો. તેણે આવીને સમ્રાટને નિવેદન કર્યું-

'મગધેશ ! ભદ્રા શેઠાણીએ ખૂબ આગ્રહથી તમને પોતાને ઘેર બોલાવ્યા છે. તમે કોઇ પણ સમયે ત્યાં પધારજો.'

'ઠીક છે મહામંત્રી ! હું કાલે જ ત્યાં જઈશ અને શાલિભદ્રનો વૈભવ નજરે જોઈશ.'

બીજા દિવસનું સવાર પડ્યું. રાજા શ્રેણિક અભયકુમારની સાથે ભદ્રા શેઠાણીને ઘેર જવા તૈયાર થયા. તેમણે રથમાંથી જોયું-

'રાજમહેલથી ભદ્રા શેઠાણીના ભવન સુધીનો સંપૂર્ણ માર્ગ દૈવી ફૂલોથી સજાવેલો છે. ઠેર-ઠેર દિવ્ય સ્તંભથી તોરણ બનેલાં છે. આખો રસ્તો દૈવી મણિથી ઝગમગી રહ્યો છે. શ્રેણિક ચકિત થઈ ગયા. તેમને સ્વપ્ન-લોકમાં ફરી રહ્યા હોય એવું લાગ્યું.

ભદ્રા શેઠાણીના ભવન-દ્વાર પર સમ્રાટ શ્રેણિકનો રથ ઉભો રહ્યો. ભદ્રાએ સમ્રાટનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. ભદ્રા

પોતે મહારાજ શ્રેણિકને લઇને બીજા માળ પર ગઈ. ત્યાં બધું ચાંદીનું હતું-એટલે સુધી કે દિવાલો અને તળિયું પણ. સમ્રાટ અટકી ગયા તો ભદ્રાએ કહ્યું-

'હજુ ઉપર આવો મહારાજ!'

સમ્રાટ ત્રીજા માળ પર પહોંચ્યા. બધું જ સોનાનું હતું. મહારાજ ચકિત થઇ ગયા. ભદ્રાએ કહ્યું-

'આ ખંડ તો મારા પુત્ર શાલિભદ્રના સેવકોને રહેવા માટે છે. હજુ ઉપર આવો.'

સમ્રાટને ભદ્રા પોતાના વૈભવનું પ્રદર્શન કરતી હોય તેવું લાગ્યું. તેઓ ચિડાઈ ગયા. છતાં પણ કશું બોલ્યા નહીં. ચોથા માળે પહોંચ્યા. ત્યાં ઓરડો મણિથી પ્રકાશતો હતો. આખો ખંડ ઝગમગી રહ્યો હતો.

ભદ્રાએ રાજાના મુખ પર ચીડનાં સ્પષ્ટ ચિન્હ જોયાં. તેણે તેમને બેસવાની ત્યાં જ વ્યવસ્થા કરી. એક ઉંચા સિંહાસન પર સમ્રાટ બિરાજ્યા અને તેમની જ પાસે બીજા સિંહાસન પર મહામંત્રી અભય. ભદ્રા ઉપર સાતમા માળે પુત્રને બોલાવવા ગઈ. તેણે અત્યંત મધુર અવાજે કહ્યું-

'મારા લાલ! નીચે આવો. શ્રેણિક આવ્યા છે.'

'તો તમે ખરીદી લો ને મા શ્રેણિકને. મારે નીચે આવવાની શી જરૂર છે?'

માતાએ સમજાવ્યું-

'બેટા! શ્રેણિક ખરીદવાની વસ્તુ નથી. તેઓ આપણા

નાથ છે. તેમનું સ્વાગત કરો.'

'નાથ' શબ્દ સાંભળીને શાલિભદ્રને જાણે આચકો લાગી ગયો. માતાનો આગ્રહ માનીને તે નીચે ચોથા માળ પર આવ્યો. શિષ્ટાચારવશ તેને રાજાને પ્રણામ પણ કરવા પડયા. રાજા શ્રેણિકે તેને ખૂબ પ્રેમથી પોતાના સાથે બેસાડયો અને માથા પર હાથ ફેરવવા લાગ્યો.

પણ શ્રેણિકનો મૃદુ સ્પર્શ પણ સુકુમાર શાલિભદ્રને શૂળની જેમ ખૂંચી રહ્યો હતો. તે અકળાવા લાગ્યો. શ્રેણિકે શાલિભદ્રની આ દશા જોઇને હાથ ફેરવવાનું બંધ કર્યું. શાલિભદ્ર બીજા સુખાસન પર જઈને બેઠો.

ભદ્રાએ નિવેદન કર્યું -

'નરેન્દ્ર! બપોર થવાની તૈયારીમાં છે. આપ સ્નાન કરી લો. ભોજન તૈયાર છે.'

ભદ્રાના સેવકો સાથે રાજા શ્રેણિક સ્નાન કરવા માટે ભવનની પાછળ બનેલી વાવ પર ગયા. વાવના સુગંધિત જળમાં સ્નાન કરીને રાજાનું તન-મન પ્રફુલ્લિત થઇ ગયું. દૈવી સુવાસવાળું પાણી તેણે જીવનમાં પ્રથમ વાર જ જોયું હતું. રાજા વિસ્મય-વિમુગ્ધ હતા.

તેમની આંગળી પરની વીંટી તે વાવમાં જ પડી પઈ, પણ તેમને તે ખબર પડી નહીં. જ્યારે વાવમાંથી બહાર નીકળ્યા ત્યારે આંગળી ખાલી જોઇને તેમનું મુખ ઉદાસ થઇ ગયું. તે વીંટી કંઈ કેટલાય કરોડ સોનામહોરની અને અજોડ હતી.

ભદ્રાને ખબર પડી તો તેણે વાવનું પાણી કઢાવી નાખ્યું. શ્રેણિકે જોયું તો વાવના તળિયે અનેક આભૂષણ પડયાં છે. એ ઘરેણાં આગળ તેમની વીંટી તો બિલકુલ ફિકી લાગતી હતી. તેમણે સેવકોને પૂછ્યું–

'શું આ ઘરેણાં પણ ભૂલથી પડી ગયેલાં છે ?'

સેવકોએ જણાવ્યું–

'ના મહારાજ ! આ ઘરેણાં અમારા સ્વામી શાલિભદ્રની પત્નીઓનાં ઉતરેલાં છે. તેઓ એક આભૂષણને બીજા દિવસે નથી પહેરતી, આ વાવમાં ફેંકી દે છે.'

રાજાનું આશ્ચર્ય તો હતું તેના કરતાં પણ વધી ગયું.

ભોજન કરવા બેઠો તો દિવ્ય પદાર્થોના સ્વાદ અને ગંધથી તે ચકિત થઈ ગયો.

શાલિભદ્રનો વૈભવ શ્રણિક પર સવાર થઈ ગયો. તે આશ્ચર્ય–સાગરમાં ડૂબકીઓ ખાવા લાગ્યો. તેના આશ્ચર્યનું સમાધાન કરતાં ભદ્રાએ કહ્યું–

'રાજન ! શાલિભદ્રની આવી સમૃદ્ધિનું જે રહસ્ય છે, તે હું તમને જણાવું છું. તેના પિતા શેઠ ગોભદ્રે પોતાની વૃદ્ધાવસ્થામાં શ્રમણધર્મનું પાલન કર્યું હતું.

'તેના પરિણામે કાળધર્મ પામીને તેઓ સ્વર્ગમાં દેવ બન્યા. પુત્ર પ્રત્યેના મોહને કારણે તેઓ દરરોજ તેત્રીસ તેત્રીસ પેટીઓ ભોજન, વસ્ત્ર, રત્ન, આભૂષણ વિગેરેની

દરરોજ રાત્રે મૂકી જાય છે. એક પોતાના પુત્ર માટે અને બત્રીસ પુત્રવધૂઓ માટે.

'આ જ કારણે શાલિભદ્ર અને તેની પત્નીઓ દિવ્ય પદાર્થોનો જ ઉપભોગ કરે છે. તમારા સ્વાગત માટે માર્ગની સજાવટ પણ શાલિભદ્રના પિતાએ પોતાની દિવ્ય શકિતથી જ કરી હતી.'

રાજા શ્રેણિકના આશ્ચર્યનું સમાધાન થઈ ગયું. ભદ્રા શેઠાણીને તેમણે આ દવી સ્વાગત માટે ધન્યવાદ આપ્યા. ભદ્રાએ કિંમતી ભેટ આપીને રાજા શ્રેણિક અને મહામંત્રી અભયકુમારને વિદાય કર્યા.

સમ્રાટ શ્રેણિક તો ચાલ્યા ગયા, પણ શાલિભદ્રના મગજમાંથી 'નાથ' શબ્દ નીકળી શકયો નહીં. તે વિચારવા લાગ્યો–

'મારો નાથ હું નથી. મારા ઉપર આ રાજા શ્રેણિક નાથ છે. જરૂર મારાં કર્મમાં કોઈ ઉણપ છે. મારાં સંચિત પુણ્ય થોડાં લાગે છે, એટલા માટે તો પરાધીન છું.

'વ્યર્થ છે આ વૈભવ કે જે હોવા છતાં પણ હું સ્વતંત્ર નથી, મારો નાથ હું નથી. હવે મારો નાથ મારે જ બનવું છે.'

આ રીતે શાલિભદ્રનું ચિંતન ચાલ્યા કરતું. તેની સમક્ષ સમસ્યા એ હતી કે પોતાની જાતનો નાથ બનવા માટેનો માર્ગ કોણ બતાવે ? સમય પસાર થતો રહ્યો,

પણ શાલિભદ્રની મુંઝવણ જેમની તેમ જ રહી.

તેના નસીબે રાજગૃહમાં શ્રમણ ભગવાન મહાવીરનાં પવિત્ર પગલાં પડયાં. આખું નગર ભગવાનના ઉપદેશામૃતનું પાન કરવા માટે ઉમટી પડયું. શાલિભદ્રે વિચાર કર્યો–

'સર્વજ્ઞ ભગવાન પધાર્યા છે. તેમને જ જાતનો નાથ બનવા માટેનો માર્ગ પૂછવો જોઇએ આ તકનો લાભ જરૂર લેવો જોઇએ.'

આવો વિચાર કરીને શાલિભદ્ર પણ ભગવાનની ધર્મ-સભામાં જઈ પહોંચ્યો. ધર્મબોધ પૂરો થતાં તે હાથ જોડીને ઉભો રહ્યો અને વિનમ્ર અવાજે પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી–

'દેવાધિદેવ ! આમ તો હું માનવ જીવનનાં બધા પ્રકારનાં સુખ ભોગવી રહ્યો છું. લોકો મને ભાગ્યશાળી પણ કહે છે, છતાં પણ હું સ્વાધીન નથી. મારી જાતનો નાથ બનવાનો માર્ગ બતાવો.'

ભગવાને ધીર ગંભીર વાણીમાં કહ્યું.

'શાલિભદ્ર ! સંસારમાં રહીને કોઈ પણ સ્વાધીન રહી શકતું નથી. જે દિવસે તમે આ સંસાર જાળને તોડીને નિસ્પૃહ મુનિ બની જશો, તે દિવસે તમારા જ નહીં, પણ સંસારના નાથ બની જશો.'

શાલિભદ્રને માર્ગ મળી ગયો, તેનું દુઃખ દૂર થઈ ગયું. તે પ્રવ્રજ્યા લેવાનો નિશ્ચય કરીને ઘેર આવ્યો. તેણે

માતાને કહ્યું-

'મા, હવે મને સંયમ ધારણ કરવાની રજા આપો.'

માતા ચકિત થઈ ગઇ અને બોલી-

'આ તને શું સૂઝ્યુ મારા લાલ ?'

'મા ! હવે હું પોતે જ મારી જાતનો સ્વામી બનવા માગું છું. હું નથી ઇચ્છતો કે શ્રણિક કે બીજો કોઈ મારો નાથ બને. અને આ કામ હું સાધુ બનીને જ કરી શકું છું.'

માતા સમજી ગઇ કે પુત્રને 'નાથ' શબ્દ ખટકી ગયો છે. એ જ કારણે તે શ્રમણ બનવા માગે છે. તેણે શ્રમણ જીવનનાં દુઃખોનું વર્ણન કરીને પુત્રને દીક્ષા લેતો અટકાવવાનો પ્રયત્ન કર્યો.

'બેટા ! તું અત્યંત સુકોમળ છે. અને સાધુધર્મ અત્યંત કઠોર છે. તેં કદિ જમીન પર પગ પણ નથી મૂકયો અને શ્રમણ બન્યા પછી તારે ઉઘાડા પગે તપેલી ભૂમિ પર ચાલવું પડશે, ઠંડી, ગરમી, વરસાદનાં દુઃખ સહન કરવાં પડશે, ભૂખ-તરસનું દુઃખ તને આકુળવ્યાકુળ કરી નાખશે. આટલાં સુખ વચ્ચે ઉછરેલો તું આવાં ભયંકર દુઃખો કેવી રીતે સહન કરી શકશે ? ના મારા લાલ ! શ્રમણ ધર્મનું પાલન કરવાનું તારે માટે શકય નથી.'

'મા ! મારૂં શરીર જ સુકુમાર છે, મન તો વજ્ર કરતાં પણ કઠોર છે. તું મને રજા આપ. હું ખાતરી આપું છું કે

શ્રમણ ધર્મનું નિર્દોષ પાલન કરીશ.'

માતા સમજી ગઈ કે પુત્ર સમજાવવાથી માનશે નહીં. તેણે કહ્યું-

'ઠીક બેટા ! તું નથી જ માનતો તો એમ કર કે દરરોજ એક-એક પત્નીનો ત્યાગ કર. જો તને લાગે કે તું આ કામ-ભોગથી વિરકત થઈ શકે છે તો પછી સંયમ ધારણ કરી લેજે.'

માતાએ વિચાર કર્યો-

'આ રીતે સંયમ ધારણ કરવાનો મારા પુત્રનો ક્ષણિક આવેશ દૂર થઈ જશે અને પુત્રનું મન ફરીથી સંસારમાં મગ્ન બની જશે.'

જ્યારે પુત્ર વિચારતો હતો-

'બત્રીસ દિવસની જ તો વાત છે. માતાની વાતનું પણ માન રાખું.'

તેથી તે દરરોજ એક એક પત્નીનો ત્યાગ કરવા લાગ્યો. પત્નીઓએ આ દશા જોઇ તો તેને રિઝવવા માટે અનેક પ્રયત્ન કરવા લાગી. રડી કકળી, કાલા-વાલા કર્યા, પણ શાલિભદ્ર તો જાણે પથ્થર બની ગયો હતો. તેનું હૃદય પિગળ્યું નહીં. તે પોતાના સંકલ્પમાંથી ડગી ગયો નહીં.

માતા ભદ્રાએ પોતાની બેટી સુભદ્રાને બોલાવડાવી અને તેને બધી વાત કરી. બહેને પણ ભાઈને ખૂબ

સમજાવ્યો, પણ ભાઈ પર કોઈ અસર ના થઈ. નિરાશ બનીને સુભદ્રા પોતાને ઘેર પાછી ફરી. ભાઇની પ્રવ્રજ્યાના વિચારથી તેનું મુખકમલ ઉદાસ થઈ ગયું.

સવાર પડી. ધન્નાના સ્નાનનો સમય થઇ ગયો. આઠે પત્નીઓ તેને પોતાના હાથે જ સ્નાન કરાવતી હતી. પટરાણી સુભદ્રા પીઠ પર ચંદન-કપૂર મિશ્રિત શીતળતા આપનારો પદાર્થ લગાવતી હતી.

ધન્નાની પીઠ પર ગરમ પાણીનું એક ટીપું પડ્યું. ધન્નાએ ચમકીને સુભદ્રાના મુખ તરફ જોયું. તેની આંખો આંસુઓથી ભરેલી હતી. પતિને પોતાના તરફ નીરખતા જોઇને સુભદ્રાની આંખમાંથી ટપ-ટપ આંસુ પડવા લાગ્યાં. ધન્નાએ પૂછ્યું.

'સુભદ્રે ! તું રડે છે ? શું દુઃખ છે તને ?'

સુભદ્રા ધ્રૂસકે ચડી ગઈ. તે મુશ્કેલીથી બોલી-

'સ્વામી ! મારો ભાઈ શાલિભદ્ર છે...'

'હા, હા, શું થયું છે તેને ?' ધન્નાએ પૂછ્યું.

'તેણે શ્રમણધર્મ ધારણ કરવાનો નિશ્ચય કરી લીધો છે. તે દરરોજ પોતાની એક-એક પત્નીનો ત્યાગ કરી રહ્યો છે. બધાનો ત્યાગ કરી લીધા પછી તરત જ પ્રવ્રજ્યા લઇ લેશે.'

સુભદ્રાની વાત સાંભળીને ધન્ના ખૂબ જોરથી હસી પડયો. સુભદ્રા પતિના હાસ્યથી ચકિત થઇ ગઈ અને

બોલી-

'તેમાં હસવા જેવું શું છે, સ્વામી ?'

ધન્ના હસવાનું રોકીને બોલ્યો-

'હસવાની વાત તો છે જ સુભદ્રા ! તારો ભાઈ અત્યંત કાયર અને ઢચુપચુ લાગે છે. ત્યાગ તો કંઈ આવી રીતે થતા હશે ? જેનો નિશ્ચય અડગ હોય છે, તે લોકો તો એકદમ બધાં બંધન તોડીને પોતાના માર્ગે નીકળી પડે છે.'

ભાઇને માટે કાયર શબ્દ સાંભળ્યો તો સુભદ્રાને તે તીર જેવો લાગ્યો. ગરમ લોઢી પર પાણીનાં ટીપાની જેમ તેનાં આંસુ સુકાઈ ગયાં. તે કટાક્ષમાં બોલી-

'સ્વામી ! બીજાને કાયર કહેવો એ તો સહેલી વાત છે. પણ જાતે કરવાનું અત્યંત મુશ્કેલ છે. કાયર તો સંસાર છોડવાનો વિચાર પણ કરી શકતા નથી.'

જાણે કોઇએ હથોડી ના મારી દીધી હોય ! ધન્નાની અંતર ચેતના તેનાથી જાગૃત થઈ ગઈ. તેની મોહનિદ્રા ઉડી ગઈ. ધર્મવીરનું વીરત્વ જાગી ઉઠયું. ધન્નાએ એક ક્ષણમાં જ સંસાર છોડવાનો નિર્ણય કરી લીધો. તે અચાનક જ ચોકડીમાંથી ઉભો થઈ ગયો. તે ગંભીર અવાજે બોલ્યો-

'સુભદ્રે ! તારો મારા પર બહુ મોટો ઉપકાર થયો. તેં મને સૂતેલાને જગાડી દીધો. સાંભળ, આ જ ક્ષણથી મેં સંસારનો ત્યાગ કરીને શ્રમણધર્મ ધારણ કરવાનો નિશ્ચય

કરી લીધો છે. આજથી તમે સૌ મારી બહેનો છો.'

સુભદ્રા સહિત આઠે પત્નીઓ સ્તબ્ધ બની ગઇ. તેમની આંખ સામે અંધકાર છવાઈ ગયો. બધી જ રડવા લાગી. ડૂસકાં ભરતાં સુભદ્રાએ કહ્યું–

'નાની સરખી વાતમાં ખોટું લગાડીને આવો કઠોર નિર્ણય ના કરશો સ્વામી! અમારું બધાંનું શું થશે? તમે જ અમારા આધાર છો.'

'સંસારમાં કોઇ કોઈનો આધાર નથી હોતું, બહેન સુભદ્રા! પ્રત્યેક પ્રાણી પોતાનાં જ કર્મોનું ફળ ભોગવે છે.'

અને આમ કહીને ધન્ના નીકળી ગયો. તેના આગળ વધતા પગ પાછા ફર્યાં નહીં.

ધર્મવીર ધન્ના શાલિભદ્રના ભવન પર પહોંચ્યો. ભદ્રા શેઠાણીએ જમાઇને જોયો તો ખુશ થઈ ગઇ અને બોલી–

'જમાઈરાજ! તમે જ સમજાવો શાલિભદ્રને, તે સંયમ લેવાની હઠ પકડીને બેઠો છે.'

'સમજાવવા જ તો આવ્યો છું.' કહીને ધન્ના ઉપર ગયો. શાલિભદ્રે બનેવીનું સ્વાગત કરતાં બેસવાનું કહ્યું. ધન્નાએ ઉભા–ઉભા જ કહ્યું–

'આ કેવું નાટક છે શાલિભદ્ર! જો ત્યાગ જ કરવો હોય તો એક જ ઝટકે બધાં મોહબંધન તોડી નાખો અને

જો ઘરમાં જ રહેવું હોય તો પછી આ નાટકને બંધ કરી દો.'

'સંયમ લેવાનો નિશ્ચય તો મારો પાકો છે.' શાલિભદ્રે કહ્યું.

'તો વિલંબ શાને ? ચાલો અત્યારે જ મારી સાથે.'

અને ધર્મવીર ધન્નાની સાથે જ શાલિભદ્ર પણ ખટ-ખટ સીડી ઉતરતો નીચે આવી ગયો. ભદ્રા શેઠાણીનું તો હૃદય જ કંપી ઊઠયું. તે અધીર બનીને આંસુ સારવા લાગી, વિલાપ કરવા લાગી.

એટલામાં જ ધન્નાની આઠ પત્નીઓ પણ આવી ગઈ. તેમણે સંયમ લેવાનો નિશ્ચય કરી લીધો હતો. ભદ્રા બધાંને પ્રવ્રજ્યા લેવા માટે તૈયાર થયેલાં જોઇને સમજી ગઇ કે હવે તેમને રોકવાનું અશકય છે. તેણે તેને મંગલમય અભિનિષ્ક્રમણ માનીને પોતાનાં આંસુ લૂછી નાખ્યાં.

ધન્ના અને શાલિભદ્રના ત્યાગની ચર્ચા આખા નગરમાં ફેલાઇ ગઈ. રાજા શ્રેણિકે સાંભળ્યું તો તે પોતે શાલિભદ્રના ભવન પર આવ્યા અને જાહેરાત કરી–

'બધા મહાભાગ્યશાળી દીક્ષાર્થીઓનો રાજકીય ઉત્સવ થશે.'

ખૂબ ધામધૂમથી બધાનો રાજકીય ઉત્સવ થયો. માર્ગની બંને તરફ ઉભેલાં સ્ત્રી–પુરુષોએ જય–જયકાર કર્યો.

બધા ગુણશીલક ઉદ્યાનમાં પહોંચ્યા. ભદ્રાએ શ્રમણ

ભગવાન મહાવીરને પ્રાર્થના કરી-

'પ્રભુ ! હું આપનાં ચરણમાં મારો પુત્ર તથા જમાઈ બંનેને સમર્પિત કરું છું, તેમનું કલ્યાણ કરો.'

બધાએ સંયમધર્મ ધારણ કરી લીધો. સુભદ્રા આદિ આઠે સ્ત્રીઓ સાધ્વી સંઘમાં ભળી ગઈ.

ધર્મવીર ધન્નાએ પોતાના ગૃહસ્થ જીવનની યાત્રા પૂરી કરી. સાધુ જીવનનો યાત્રી હતો ધન્ના. હવે તે મોક્ષની યાત્રા કરી રહ્યો હતો. તેના પગ મુક્તિ તરફ આગળ વધી રહ્યા હતા.

o

બાર વર્ષ પછી શ્રમણ ભગવાન મહાવીર ફરીથી રાજગૃહમાં પધાર્યા. સાથે મુનિ ધન્ના અને મુનિ શાલિભદ્ર પણ હતા. બાર વર્ષની કઠોર સાધનાથી તેમનું શરીર માત્ર હાડપિંજર જ રહ્યું હતું, પણ તેમના તપનું તેજ વધી ગયું હતું. બંને મુનિ વ્રતનાં પારણાં માટે નગર તરફ જવા લાગ્યા તો સર્વજ્ઞ ભગવાને કહ્યું-

'મુનિઓ ! આજે તમારા વ્રતનાં પારણાં શાલિભદ્રની માતાએ આપેલી ભિક્ષા દ્વારા થશે.'

બંને મુનિ પ્રભુને પ્રણામ કરીને નીકળી પડ્યા. જ્યારે તેઓ ભદ્રા શેઠાણીના બારણે પહોંચ્યા ત્યારે શેઠાણી ભગવાનની ધર્મસભામાં જવા ઉતાવળી હતી. તે વહુઓને કહી રહી હતી-

'હજુ તમે તૈયાર નથી થયાં ? જલદી ચાલો. ભગવાન મહાવીર આવ્યા છે. તેમની સાથે જ તમારા પૂર્વના પતિ મુનિ છે. ધન્ના મુનિ પણ છે. તે બંનેનાં દર્શન પણ ત્યાં થશે.'

આ અધીરાઈ અને ઉતાવળમાં તેણે મુનિઓ તરફ ધ્યાન આપ્યું નહીં. બંને મુનિ આગળ ચાલ્યા ગયા.

થોડે દૂર આગળ જતાં તેમને એક વૃદ્ધા મળી. તેના માથા પર દહીંની માટલી હતી. મુનિઓને જોઈ ને ભરવાડણ શ્રદ્ધાથી અભિભૂત થઈ ગઈ. તેણે મુનિઓને વંદન કરીને દહીં સ્વીકારવા માટે આગ્રહ કર્યો. બંને મુનિઓએ વૃદ્ધ ભરવાડણના દહીંનો સ્વીકાર કર્યો.

બંને મુનિ વીર પ્રભુની પાસે જવા પાછા ફરવા લાગ્યા. શાલિભદ્ર મુનિને આતુરતા જાગી આશ્ચર્ય-ચકિત બનીને મુનિ શાલિભદ્રે ધન્ના મુનિને કહ્યું–

'આર્ય ! ભગવાનનાં વચન અસત્ય તો સાબિત થાય નહીં. તો પછી આમ કેમ થયું ? માતા પાસેથી તો ભિક્ષા મળી જ નહીં. એક ભરવાડણે દહીં આપ્યું.'

'આ રહસ્યને તો ભગવાન પોતે જ સ્પષ્ટ કરી શકે.' ધન્ના મુનિએ જવાબ આપ્યો.

બંને મુનિ પ્રભુની ધર્મસભામાં પહોંચી ગયા. અંતર્યામી ભગવાને બંને મુનિઓના મનમાં ઉઠેલી શંકાને જાણી લીધી. તેમણે સહજ ગંભીર વાણીમાં કહ્યું–

'મુનિ શાલિભદ્ર ! તમારા મનમાં જાગેલી શંકા નિર્મૂળ

છે. જે ભરવાડણે તમને દહીંની ભિક્ષા આપી હતી, તે તમારા પૂર્વ જન્મની માતા છે.'

'પૂર્વ જન્મની વાત સાંભળીને શાલિભદ્ર મુનિને પોતાનો પૂર્વ જન્મ જાણવાની ઈચ્છા થઈ. તેમણે કહ્યું-

'પ્રભો! મારો પૂર્વ જન્મ કેવો હતો? તે વૃદ્ધા મારી માતા કેવી રીતે? કૃપા કરી તે મને વિસ્તારથી મસજાવો.'

ભગવાન મહાવીર મુનિ શાલિભદ્રનો પૂર્વ જન્મ કહેવા લાગ્યા—

રાજગૃહ નગરની નજીક જ શાલિ નામનું ગામ છે. ત્યાં પશુધનથી સમૃદ્ધ એક ભરવાડ રહેતો હતો. ઘરમાં ફક્ત ત્રણ માનવો જ હતાં-એક પોતે, બીજી પત્ની ધન્યા અને ત્રીજો તેનો પુત્ર સંગમ.

સંગમની નાની ઉંમરમાં જ કાળ-પ્રભાવથી ભરવાડનું મૃત્યુ થયું. ધન્યા વિધવા થઇ ગઇ અને સંગમ અનાથ થઈ ગયો. આટલેથી વાત અટકી નહીં. દુર્દૈવના પ્રકોપથી ધન્યા-નું પશુધન પણ નાશ પામ્યું, ગાયો મરી ગઈ.

હવે ધન્યાને ખાવાના પણ સાંસા પડવા લાગ્યા. ગામમાં તેને મહેનત-મજૂરી પણ મળી નહીં. લાચાર બનીને પોતાના પુત્ર સંગમને લઇને તે રાજગૃહ ચાલી આવી.

અહીં માતા-પુત્ર બંને કામ કરવા લાગ્યાં. ધન્યા શેઠિયાઓને ઘેર કામ કરતી અને પુત્ર તે શેઠિયાઓનાં પશુઓ ચરાવતો. બંનેની મહેનતથી લૂખી-સૂકી રોટીથી

તેમનું પોષણ થવા લાગ્યું.

એક વખત કોઈ તહેવાર આવ્યો. ઘેર-ઘેર ખીર બનવા લાગી. બાળક સંગમે પણ ખીર ખાવાની ઈચ્છા પ્રગટ કરી. માતાએ પોતાની લાચારી જણાવી, પણ પુત્રે હઠ પકડી.

ઘણી વાર સુધી ધન્યા પોતાના પુત્રને સમજાવતી રહી, પણ પુત્ર માન્યો નહીં. છેવટે ખિજાઈને ધન્યાએ સંગમને એક તમાચો મારી દીધો. સંગમ જોર-જોરથી રડવા લાગ્યો.

તેના રૂદનને સાંભળીને શેઠાણીઓ આવી પહોંચી. ધન્યાને પૂછ્યું-

'આજે તહેવારના દિવસે તમે સંગમને શા માટે મારો છો?'

'બહેનો! એ ખીર ખાવાની હઠ લઈને બેઠો છે. હું ખીર ક્યાંથી લાવું? તેના નસીબમાં ખીર છે જ ક્યાં? જો ખીર ખાવાનું તેના નસીબમાં હોત તો તેના પિતા જ શા માટે...' કહેતાં કહેતાં ધન્ના દુઃખી થઈ ગઈ. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

શેઠાણીઓને લાગ્યું કે ભૂલ તેમની જ છે. તેમણે સહાનુભૂતિ પ્રગટ કરતાં કહ્યું-

'ધન્યા! ભૂલ તો અમારી જ છે. અમારે પહેલેથી જ તને ખીરનો સામાન આપવો જોઈતો હતો. અમને તમારા બંનેનો ખ્યાલ જ ના રહ્યો. અમે પહેલેથી જ સામગ્રી આપી હોત તો સંગમને નકામો માર ના ખાવો

પડત.

'સ્વામીની ફરજ છે કે પોતાના આશ્રિતોની બધી જરૂરિયાતો માગ્યા વિના જ પૂરી કરે. ઠીક, તો અમે સામગ્રી મોકલીએ છીએ. તું સંગમને ખીર બનાવીને ખવડાવજે.'

શેઠાણીઓએ ખીરની સામગ્રી મોકલાવી દીધી. ધન્યાની માતાએ ખીર બનાવી. હાંડીમાંથી ખીર થાળીમાં પીરસી અને સંગમને કહ્યું-

'બેટા ! ઠંડી થાય ત્યારે ખાઇ લેજે. ત્યાં સુધીમાં હું તારે માટે કૂવા પરથી ઠંડું પાણી ભરી લાવું.'

આમ કહીને ધન્યા ઘડો લઇને પનઘટ તરફ ચાલવા માંડી. સંગમ પંખો લઈને બેસી ગયો અને હવા નાખવા લાગ્યો, જેથી ખીર ઠંડી થઈ જાય.

હજુ તો તે ખીર ઠંડી કરી જ રહ્યો હતો ત્યાં જ તેને એક શ્રમણ આવતા દેખાયા. તરત જ તે પંખો નીચે મૂકીને મુનિને ખીર લેવાની પ્રાર્થના કરવા લાગ્યો. સંગમનો શ્રદ્ધાભાવ જાગૃત થઇ ગયો. તેણે ખૂબ ભક્તિભાવ પૂર્વક થાળીની બધી ખીર મુનિના પાત્રમાં ઠાલવી દીધી. મુનિ નિર્દોષ આહાર લઇને ચાલ્યા.

ધન્યા પાણી ભરીને લાવી ત્યારે સંગમ થાળી ચાટી રહ્યો હતો. તે સમજી કે તેનો બેટો હજુ ભૂખ્યો છે. માતા વિચારવા લાગી-

'કેટલી અભાગી છું હું! મારા બેટાને પેટ ભરીને ભોજન પણ આપી શકતી નથી.'

સંગમે ઠંડું પાણી પીધું અને સૂઈ ગયો.

રાત્રે સંગમના પેટમાં તીવ્ર દર્દ ઉપડ્યું. ધન્યા આખી રાત તેની પાસે બેસીને તેની સેવા કરતી રહી. પણ સવાર થતાં સુધીમાં તો શુભ ભાવમાં મગ્ન એવા સંગમે પ્રાણ ત્યાગી દીધો. છેવટની આશા પણ ખતમ થઈ ગઇ. તેના ઘરનો દીપક હોલવાઈ ગયો. એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો.

ભગવાને કહ્યું- 'મુનિ શાલિભદ્ર! તમે જ એ સંગમના જીવ છો. તમે ગોભદ્ર શેઠને ઘેર ભદ્રાની કૂખે આવીને જન્મ લીધો. સુપાત્રદાનના પરિણામે તમને ઋદ્ધિ સમૃદ્ધિ પ્રાપ્ત થઇ. આજે જે વૃદ્ધ ભરવાડણે તમને દહીંની ભિક્ષા આપી, તે તમારા પૂર્વ જન્મની માતા ધન્યા જ હતી.'

શાલિભદ્ર અને ધન્નાના મનનું સમાધાન થઈ ગયું.

હવે મુનિ શાલિભદ્રનું ચિંતન દાનના ફળ પર ચાલવા લાગ્યું-

'થોડા સરખા સુપાત્રદાનનું એવું ફળ મળ્યું કે માનવ જીવનમાં જ દેવોની જેમ સુખ ભોગવ્યું. નગર નરેશ શ્રેણિક જેવા પણ મારો વૈભવ જોવા આવ્યા. કેટલો સુકુમાર હું હતો કે તેમની પાસે પણ હું બેસી રહી શકયો નહીં, અકળાવા લાગ્યો હતો.'

'સુકુમાર' શબ્દે તેના ચિંતનની દિશા બદલી નાખી. તેનું ધ્યાન પોતાના શરીર તરફ ગયું. જોયું તો તે અત્યંત સુકાઇ ગયું છે. સુકાઈને કાંટા જેવું બની ગયું છે. એકા-એક આત્મામાં શુદ્ધ ભાવ જાગૃત થયા–

'અહો ! હવે આ શરીરની સ્થિતિનું કોઇ ઠેકાણું નથી. કોણ જાણે કયારે કાળનું આમંત્રણ આવે! મારે ઝડપથી સંલેખના–સંથારા કરી લેવો જોઈએ.'

ધન્ના મુનિને પણ પોતાનો પૂર્વ જન્મ યાદ આવી ગયો હતો. તે તો આ પહેલાં જ કેવલ જ્ઞાની મુનિ પાસે પોતાનો પૂર્વ જન્મ સાંભળી ચૂકયો હતો. દાનના ફળ પર વિચાર કરતાં–કરતાં, તેની વિચારધારા પણ શરીરની કૃશતા અને અસ્થિરતા પર આવીને અટકી ગઈ હતી. તેણે પણ સંલેખના–સંથારાનો વિચાર કરી લીધો હતો.

બંને મુનિઓએ ભગવાનને નિવેદન કર્યું–

'પ્રભો ! અમારાં શરીર ક્ષીણ થઈ ચૂકયાં છે. જીવનનો અંત નજીક દેખાઈ રહ્યો છે. અમને અંતિમ સંલેખના–સંથારાની આજ્ઞા આપો.'

ભગવાને આજ્ઞા આપી દીધી. બંને મુનિઓએ ભગ-વાનને પ્રણામ કર્યા અને સમસ્ત શ્રમણ સંઘને, સર્વ જીવોને ક્ષમાપના કરી વૈભારગિરિ પર્વત તરફ નીકળી પડયા. ત્યાં પહોંચીને અલગ–અલગ પથ્થર પર બેસીને તથા ઉપવાસ–વ્રત ધારણ કરીને ધ્યાનમાં મગ્ન થઈ ગયા.

આ તરફ પોતની બત્રીસે પુત્રવધૂઓને સાથે લઈને ભદ્રા શેઠાણી ભગવાનની ધર્મસભામાં આવી. તેણે બધા શ્રમણો તરફ ધ્યાનથી જોયું, પણ તેને ધન્ના મુનિ અને શાલિભદ્ર મુનિ બંને મુનિમાંથી એક પણ મુનિ જોવા ન મળ્યા. છેવટે ભગવાનને પૂછ્યું—

'ભગવાન! બાર વર્ષ પહેલાં મેં મારા પુત્ર અને જમાઈને આપનાં ચરણમાં સમર્પિત કર્યા હતા. તે મુનિ-યુગલ ક્યાંય દેખાતું નથી.'

ભગવાને કહ્યું–

'ભદ્રે! તમે તો એમને ભૂલી ગયાં. આજે તેઓ બંને તમારા દ્વારે ભિક્ષા માટે આવ્યા હતા. તમે તેમને ઓળખ્યા પણ નહીં.'

ભદ્રા વ્યાકુળ થઇ ગઇ અને બોલી—

'હું મારી આળસ પર લજ્જિત છું ભગવન્! પણ હવે હું તેમનાં દર્શન માટે ખૂબ આતુર છું.'

'તે બંને ધર્મવીર મારી મંજુરીથી વૈભરગિરિ પર તપ સાધનામાં મસ્ત છે.' ભગવાને જણાવ્યું.

આ સાંભળતાં જ ભદ્રા અધીરી બની ગઈ. તે મુનિનાં દર્શન માટે નીકળી પડી. રાજા શ્રેણિક પણ બંને મુનિનાં દર્શન માટે ઉત્સુક હતા. ભગવાનને પ્રણામ કરીને તે પણ નીકળી પડયા.

વૈભારગિરિ પર પહોંચીને ભદ્રાએ મુનિ યુગલનું તપથી

ક્ષીણ શરીર જોયું તો મોહવશ બની ગઈ. તે વિલાપ કરવા લાગી—

'અરે બેટા ! એક વખત આંખ ખોલીને મારી તરફ તો જુઓ. બાર વર્ષ પછી મળ્યો છે, કંઈ વાત તો કર. આજે તને ના ઓળખી શકી તો તું એટલો બધો નારાજ થઇ ગયો કે મારી સાથે બોલતો પણ નથી.'

મુનિરૂપ તો પોતાના ધ્યાનમાં મગ્ન રહ્યા, તેમણે કંઇ પણ કહ્યું નહીં. પણ મહારાજ શ્રેણિકે ભદ્રા શેઠાણીને સમજાવી—

'ભદ્રે ! આ મોહને છોડી દો. તમારા વિલાપથી તેમના તપમાં વિઘ્ન ના નાખો. તેમને આત્મ-કલ્યાણ કરવા દો. તેમને સ્વ-સ્વરૂપ ઉપલબ્ધ થવા દો. તમે તો આવા પુત્ર અને જમાઇને મેળવીને ધન્ય થઈ ગયાં છો.'

શ્રેણિકની સમજાવટથી ભદ્રા શેઠાણીનો મોહાવેગ શાન્ત થઈ ગયો. મુનિદ્વયને વંદન કરીને શ્રેણિક અને ભદ્રા બંને વિદાય થયાં.

o

ધન્ના મુનિ અને શાલિભદ્ર મુનિ બંને મુનિઓનો ઉપવાસ મહિનાઓ સુધી ચાલતો રહ્યો. એક મહિનાના ઉપવાસ પછી મુનિ ધન્નાને નિર્વાણ પદ પ્રાપ્ત થયું અને શાલિભદ્ર સર્વાર્થ સિદ્ધમાં દેવ બન્યા. ધન્નાની આઠે પત્ની-

ઓને દેવલોક પ્રાપ્ત થયો. ભદ્રા શેઠાણી પણ ઉપવાસ કરીને દેવલોકમાં જન્મી.

સફળ યાત્રી હતો ધન્ના. તેણે પોતાના ધનકુમાર નામને સાર્થક કરી દીધું. જીવન ભર ભાઈઓ પર ઉપકાર કર્યો, ખૂબ વૈભવ મેળવ્યો, ગૃહસ્થ જીવન પણ ધર્મ પૂર્વક પસાર કર્યું. તેની ત્યાગ વૃત્તિ અને ધર્મભાવનાને પરિણામે જ તેને ચિંતામણિ જેવું દૈવી રત્ન પ્રાપ્ત થયું હતું.

ધન્ના-ધનકુમારનું સાંસારિક જીવન પણ સરળ રહ્યું અને શ્રમણ જીવન તેનાથી પણ વધુ સફળ. તેણે માનવ-જીવનનું ચરમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્ત કર્યો.

સમાપ્ત

## શ્રી લક્ષ્મી પુસ્તક ભંડારના લોકપ્રિય પ્રકાશનો

| | | |
|---|---|---|
| વીર અંબડ | ઉપાધ્યાય શ્રી પુષ્કર મૂનિજી | ૩૦-૦૦ |
| સતી પદ્મિની | ,, | ૩૦-૦૦ |
| વીરાંગદ સુમિત્ર | ,, | ૩૦-૦૦ |
| માન ભંગ | ,, | ૩૦-૦૦ |
| કર્મરેખા | ,, | ૩૦-૦૦ |
| મહાસતી મદનરેખા | ,, | ૨૫-૦૦ |
| રાજકુમાર મહાબલ | ,, | ૨૫-૦૦ |
| પુણ્યનો પ્રભાવ | ,, | ૨૫-૦૦ |
| નારી નરથી આગળ | ,, | ૨૫-૦૦ |
| બુદ્ધિનો ચમત્કાર | ,, | ૨૩-૦૦ |
| રેતીનું ઘર | પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ | ૨૫-૦૦ |
| દેવ અને દાનવ | ચંદ્રકાન્ત અમીન | ૩૧-૦૦ |
| ભમ્મરિયા કૂવાને કાંઠડે | કાળુભાઈ પટેલ | ૨૧-૦૦ |
| ચલ-અચલ ૧-૨ | હસિત બૂચ | ૪૩-૦૦ |
| શ્વાસે શ્વાસે પાયલ | તુષાર પરીખ | ૧૨-૦૦ |
| આંસુનાં અજવાળાં | યશવંત કડીકર | ૧૫-૦૦ |
| ચાર દિવસની ચાંદની | જિતેન્દ્ર કંસારા | ૨૫-૦૦ |
| ચંચલ અરેરે ચંચલ | ,, | ૨૫-૦૦ |
| દિલ એક નારીનું | નાનુભાઈ નાયક | ૩૫-૦૦ |
| ડાકુરાણી હસીના | વીરેશ તીરકર | ૨૧-૦૦ |
| પ્રીત કરી તે રણમાં | ,, | ૨૫-૦૦ |
| ફુલ કોઈ ખીલે કોઈ કરમાય | અશ્વિનકુમાર વ્યાસ | ૨૫-૦૦ |
| આલમની અજાયબીઓ | છોટાલાલ માનસિંગ કામદાર | ૩૦-૦૦ |
| એનઘેન દીવાઘેન | શિવમ સુંદરમ | ૨૧-૦૦ |
| વાત કહીશુ પહોર | ,, | ૨૧-૦૦ |
| ટારઝન ૧-૨ | ધીરેન ગુર્જર | ૫૫-૦૦ |
| ચૌહાણ સમ્રાટ પૃથ્વીરાજ ૧-૨ | નૌ. સાહિત્ય વિલાસી | ૫૦-૦૦ |

તમામ પુસ્તકો મળવાનું મુખ્ય સ્થળ

**શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીમાર્ગ, અમદાવાદ.**